BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## બી.એ. ઓનર્સ
## દ્વિતીય વર્ષ સેમેસ્ટર - 4
## BBA-VAC-407
## ડૉ.બાબાસાહેબ આંબેડકરનું જીવનચરિત્ર



B.A. (HONS)

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.
અસ્તુ!

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

## લેખક


ડૉ. પી. જી. સોલંકી — બી–1, મેઘદુત ટેનામેન્ટ, માર્કેટ યાર્ડ પાછળ, કલોલ, જી–ગાંધીનગર– 382721

ડૉ. પી. એ. પરમાર — C-બી, ધર્મભુમિ સોસાયટી,જી.ઈ.બી.ની પાછળ, મહેસાણા–384001


## પરામર્શક (વિષય)


ડૉ. પી. જી. જયોતિકર — 21, આનંદવિહાર સોસાયટી, દાણીલિમડા, અમદાવાદ – 28


## પરામર્શક (ભાષા)


ડૉ. પી. જી. સોલંકી — બી–1, મેઘદુત ટેનામેન્ટ, માર્કેટ યાર્ડ પાછળ, કલોલ, જી–ગાંધીનગર– 382721

ડૉ. પી. એ. પરમાર — C-બી, ધર્મભુમિ સોસાયટી,જી.ઈ.પી.ની પાછળ, મહેસાણા–384001


## સંયોજન સહાય


1] શ્રી કે. એ. પોટા — કુલસચિવશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી.ટેકનિકલ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે, એસ.જી.હાઈવે, સોલા,અમદાવાદ–60

2] શ્રી દિલિપભાઈ કાતરિયા — વ્યાખ્યાતા (ઈતિહાસ) ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી.ટેકનિકલ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે, એસ.જી.હાઈવે, સોલા,અમદાવાદ–60



પુનઃ મુદ્રણ - 2026

**પ્રકાશક**

કુલસચિવ,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે, એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ–60
Email : feedback.baou.org Website : www.baou.org



@ સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**BBA-VAC-407**

# ડૉ.બાબાસાહેબ આંબેડકરનું જીવન ચરિત્ર

**(Biography of Dr. Babasaheb Ambedkar)**

વિભાગ

# 3

## ડૉ. આંબેડકર અને નવમાનવવાદ


એકમ –1
ડૉ. આંબેડકર અને માનવવાદ 03

એકમ –2
ડૉ. આંબેડકર અને મહિલા સશક્તિકરણ 10

એકમ– 3
ડૉ. આંબેડકર અને સમાજવાદ 15

એકમ – 4
ડૉ. આંબેડકર અને લોકશાહી 20

એકમ – 5
ડૉ. આંબેડકર અને માનવ અધિકાર 25

# વિભાગીય પરિચયઃ ડૉ.આંબેડકર અને નવ માનવવાદઃ ડૉ.આંબેડકરના માનવીય દ્રષ્ટિકોણના આધારપર

**પરિચય**

ડૉ. આંબેડકર અને નવ માનવવાદ નામના આ વિભાગમાં ડૉ.આંબેડકરના માનવીય દૃષ્ટિકોણના આધારપર ડૉ.આંબેડકર અને માનવવાદ નામના પ્રથમ એકમથી શરૂ કરી ડૉ.આંબેડકરના મહિલા સશક્તિકરણ,સમાજવાદ,,લોકશાહી અને માનવ અધિકાર અંગેના વિચારો રજૂ કરવામાં આવ્યા છે.

એકમ-૧ માં ડૉ.આંબેડકરની માનવવાદી વિચારધારાને સામાજિક, આર્થિક,રાજકીય,શૈક્ષણિક,ધાર્મિક,નૈતિક,વૈધાનિક અને રાષ્ટ્રિય દ્રષ્ટિએ તપાસવામાં આવી છે. જેમાં વિદ્વાનોએ રજૂ કરેલી માનવવાદની વ્યાખ્યાઓ પણ આપવામાં આવી છે.

ડૉ.આંબેડકર અને મહિલાસશક્તિકરણ નામના બીજા એકમમાં મહિલાઓને મતાધિકારનું પ્રદાન,પ્રસૂતિના સમયે મળતી રજાઓ,કુટુંબકલ્યાણ-નિયોજન, કન્યાકેળવણી,સમાજમાંથી કુરિવાજો દૂર કરવાની હિમાયત,દેહવિક્રય જેવા અનિષ્ટો તરફ અણગમો,મહિલાઓના ઉત્થાનમાટે અવિસ્મરણીય રહે તેવું કાર્ય-હિન્દુ કોડ બીલ વગેરે માટે ડૉ.આંબેડકરે કરેલ સંવિધાનિક જોગવાઈઓ વિશે વિચાર કરવામાં આવ્યો છે.અને મહિલાઓના સર્વાંગસ વિકાસપર ભાર મૂકવામાં આવ્યો છે.

એકમ-૩ માં ડૉ.આંબેડકરના સમાજવાદ અંગેના વિચારો પ્રસ્તૂત કર્યા છે.જેમાં રાજકીય આઝાદી ની સાથે-સાથે સામાજિક આઝાદી વિશે તમે વિગતવાર માહિતી મેળવી શકશો.

એકમ-૪ માં ડૉ.આંબેડકરના લોકશાહી અંગેના વિચારો પ્રસ્તુત કર્યા છે.બંધારણના ઘડવૈયા ડૉ.આંબેડકરને જ્યારે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવાની તક મળી ત્યારે તેમણે સંવિધાનમાં અનુચ્છેદ ૩૨૬ દાખલ કરીને ૧૮ વર્ષની વયના ભારતના કોઈપણ નાગરિકને મત આપવાનો અધિકાર આપીને લોકશાહીની નીવ મજબૂત કરી છે. તેનો વિસ્તૃત પરિચય મેળવી શકશો.અને ભારતની લોકશાહીથી વાકેફ થશો.

છેલ્લે એકમ-૫ માં ડૉ.આંબેડકરે બક્ષેલા માનવ અધિકારોની ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી છે.માનવઅધિકારો માનવીના જીવન સાથે વણાઈ ગયા છે. માનવી એક સામજિક પ્રાણી છે તે સમાજમાં સ્વમાનભેર ઉન્નત મસ્તકે જીવીશકે તે માટે બંધારણમાં વિશેષ જોગવાઈઓ કરેલી છે તેવા માનવ અધિકારોના યોધ્ધા,પુરસ્કર્તા અને અન્યાય તેમજ શોષણ સામે આજીવન સઘર્ષ કરનાર વિદ્રોહી નેતા તરીકે ઓળખાતા ડૉ.આંબેડકરની માનવ અધિકાર અંગેની વિચારધારા આપની સમક્ષ પ્રસ્તત કરી છે.

આમ,આ પાંચ પ્રકરણોમાં ડૉ.આંબેડકરના માનવીય દ્રષ્ટિકોણને રજૂ કરી માનવ-માનવ પ્રત્યે પ્રેમ,દયા,કરૂણા પ્રગટ કરવામાટેનો નમ્ર પ્રયાસ કર્યો છે.

# એકમ ૧ ડૉ. આંબેડકર અને માનવવાદ

રૂપરેખા

૧.૧ ઉદ્દેશો
૧.૨ પ્રસ્તાવના
૧.૩ માનવવાદ દર્શન
૧.૪ સામાજિક માનવવાદ
૧.૫ આર્થિક માનવવાદ
૧.૬ રાજકીય માનવવાદ
૧.૭ શૈક્ષણિક માનવવાદ
૧.૮ ધાર્મિક માનવવાદ
૧.૯ નૈતિક માનવવાદ
૧.૧૦ વૈધાનિક માનવવાદ
૧.૧૧ રાષ્ટ્રીય માનવવાદ
૧.૧૨ સારાંશ
૧.૧૩ કેટલાક ઉપયોગી પુસ્તકો

## ઉદ્દેશો

આ એકમમાં આપણે ડૉ. બાબાસાહેબ આંબેડકરના માનવવાદ વિશેના વિચારો રજૂ કરવાના છીએ. એટલું જ નહીં તેમની માનવવાદી વિચારધારા કયા કયા ક્ષેત્રોમાં વિકાસ પામી હતી તેની પણ વિગતે ચર્ચા કરીશુ. માનવમાત્રનું કલ્યાણ થાય તે માટે ડૉ.બાબાસાહેબ આંબેડકર હર હંમેશ ચિંતન અને મનન કરતા રહયા છે. અને તેના પરિપાક રૂપે આ પ્રકરણમાં આપણે ડૉ. આંબેડકરના માનવવાદ વિશેના સિધ્ધાંતો અને ધારણાઓ વિશે વિગતે પરિચય મેળવીશું. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ---
ડૉ. આબેડકરની માનવવાદી વિચારધારાનો આસ્વાદ માણી શકશો.

- સામાજિક દ્રષ્ટિએ
- આર્થિક દ્રષ્ટિએ
- રાજકીય દ્રષ્ટિએ
- શૈક્ષણિક દ્રષ્ટિએ
- ધાર્મિક દ્રષ્ટિએ
- નૈતિક દ્રષ્ટિએ
- વૈધાનિક દ્રષ્ટિએ
- રાષ્ટ્રીય દ્રષ્ટિએ

- માનવ-માનવ પ્રત્યે પ્રેમ, કારુણ્ય અને દયા ભાવના કેળવી શકશો.
- સમાજના છેવાડાના માનવીના ઉત્થાન માટે ચિંતનશીલ બનશો.

## ૧.૨ પ્રસ્તાવના

આધુનિક યુગમાં ડૉ. આંબેડકરને માનવવાદી ચિંતક તરીકે વાસ્તવિક રીતે ઓળખવામાં આવી રહયા છે. તેમનું સામાજિક, આર્થિક અને રાજકીય ચિંતન અકિંચન, ગરીબ, બેઘર, લાચાર, વેઠિયા, છેવાડાના માનવીઓના હિત અને કલ્યાણ માટે ઉદભવ્યું, વિકસ્યું અને પરિણામ લક્ષી બની રહયું.

માનવવાદી વિચારધારાના અગ્રેસર તરીકે આજે એમનું નામ આદરથી દેશની સમાજશાસ્ત્ર, ઈતિહાસ, રાજકારણ અને કાનૂન જેવી વિદ્યાશાખાઓમાં લેવામાં આવે છે. જે તેમના વિચારોમાં રહેલા સામર્થ્યને બળવત્તર બનાવે છે, ઉપયોગીતા દર્શક બનાવે છે અને વ્યવહારુ પણ બનાવે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે સ્વાનુભવ દ્વારા સર્વાનુભવ સુધી પહોંચવાની ગતિને માનવ માત્રના કલ્યાણ અર્થે રજૂ કરીને આખરે તો "હું માનવી માનવ થાઉ તોય ઘણું છે." એ ન્યાયે માનવતાને જ સૌથી વધુ મહત્વ આપ્યું છે. અને એ દ્વારા માનવીના સર્વાંગી વિકાસ માટેના માત્ર વિચારોજ નહી પરંતુ વ્યવહારુ ઉપાયો પણ દર્શાવ્યા છે. જેમાં માનવ માનવ પ્રત્યે દયા-ભાવના, કારુણ્ય, પ્રેમ, યોગ્ય વર્તન, સમતા, બંધુતા અને સ્વતંત્રતાની ભાવના ઉપર ભાર મુકવામાં આવ્યો છે. સમાજના ગરીબ, બેઘર, લાચાર, વંચિત, વેઠીયા, અછૂત, અશિક્ષિત અને છેવાડાના માનવીના ઉત્થાન માટે માનવ માનવ વચ્ચેના સંબંધોને સ્નેહ અને સદ્ભાવનાનો સ્પર્શ મળે એજ ડૉ.આંબેડકરના માનવવાદનો સંદેશ છે.

ડૉ. આંબેડકરની માનવવાદી વિચારધારા કયા કયા ક્ષેત્રોમાં વિકાસ પામી હતી તેની ચર્ચા કરતા પહેલાં માનવવાદ તેના સિધ્ધાંતો અને ધારણા વિશે થોડોક ખ્યાલ મેળવવો જરૂરી લાગે છે.

## ૧.૩ માનવવાદ દર્શન

માનવવાદી એ તત્ત્વદાર્શનિક ખ્યાલ છે. માનવવાદ એ સશક્ત કહી શકાય તેવો દાર્શનિક વિચાર છે. જેમાં માનવ માનવ પ્રત્યે કારુણ્ય,દયા, ભાવના, પ્રેમ, વર્તન, પરિવર્તન જેવા લક્ષણો અભિપ્રેત થયેલા જોઈ શકાય છે. તેમાં ઐહિક, ઈશ્વરિક અને દુન્યવી ધારણાઓનું દર્શન હોય છે. એક માનવ નિ:સહાય, બેબસ અને લાચાર માનવીની જિંદગી સુખી સમ્પન્ન બનાવવા માટે કેવા વિચારો ધરાવે છે. અને તેને પરિપૂર્ણ પર્યાયવાદમાં પલટવા માટે કેવું અમલીકરણ કરે છે તેના ઉપર જ અવલંબે છે. આ દ્રષ્ટિએ જોતાં ડૉ. આંબેડકર કોરા ચિંતક ન હતા. માત્ર ચિંતાઓ કરીને જ બેસી રહેવાનો અભિગમ ધરાવતા ન હતા. પરંતુ પોતે જે વિચારોની કલ્પના કરી હોય તેને અમલમાં મૂકવા માટે તેઓ એક યોધ્ધાની જેમ ઝઝૂમતા રહેતા અને આખરે તેઓ પરિણામ લાવીને જ જંપતા હતા એટલે કે તેઓ ભાવનાશીલ, આદર્શવાદી, કરૂણાવર્તી, ધૈર્યશીલ અને મીલીટન્ટ(Militant) એમ મિશ્ર સ્વભાવના મહાપુરુષ હતા. તેમના વિચારોનો મુલાધાર જ્ઞાન હતો. તેથી જ મધુ લિમયે જેવા ચિંતકે તેમને "જ્ઞાનમાર્ગી બંડખોર" તરીકે ઓળખાવ્યા છે. જેમાં તેમનો માનવવાદ ભારોભાર પ્રગટ થાય છે. તેમના જ્ઞાનમાં માનવવાદની ચિંતનાત્મક ધારા વહે છે.

માનવવાદ માણસ અને સબંધોની વ્યવસ્થાનું ચિંતન અને વ્યવસ્થા છે.માનવવાદ માણસોને તાત્ત્વિક ઉલઝનમાં મૂકતો નથી. પરંતુ તેને અલગ રાખી તાત્કાલિક કલ્યાણ પ્રત્યે અધિક ધ્યાન આપે છે. મનુષ્ય તેની સ્થિતિ,સમસ્યા, સમાધાન અને ઉલઝન વગેરે માનવવાદના પ્રમુખ લક્ષણો છે. અને તે માનવક્ષેત્રમાં સક્રિય રહેવા માટેનો પ્રયાસ કરે છે. ડૉ. આંબેડકરે છેવાડાના માનવીના ઉત્થાન માટે ચિંતન કર્યું અને સમાજમાં તેને સુયોગ્ય સ્થાન મળે તે માટે અપૂર્વ સંઘર્ષ કર્યો.

વિદ્વાનોના મંતવ્યો મુજબ માનવવાદ એક દર્શન છે અને તે એક વિચાર તંત્ર પણ છે. એટલું જ નહીં તે એક શક્તિશાળી આંદોલન પણ છે. જેનો હરદમ પ્રયાસ માનવ ઉત્થાન માટેનો જ હોય છે. જોકે વિવિધ દેશ- પ્રદેશની પરિસ્થિતિ મુજબ તેમાં બદલાવ આવતા પણ હોય છે અને તેની અભિવ્યક્તિના સ્વરૂપમાં પણ ફેર હોય છે. તેથી વિદ્વાનોએ તેની વ્યાખ્યા જુદી જુદી રીતે કરી છે. ભારતમાં એમ. એન. રોયનો સર્જનાત્મક માનવવાદ, જવાહરલાલ નહેરુ અને લોહિયા પ્રેરિત જનતાંત્રીક માનવવાદ, પંડિત દિનદયાલ ઉપાધ્યાયનો સમગ્ર માનવવાદ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરનો સામાજિક માનવવાદ જાણીતો છે.

## ૧.૪ ડૉ. આંબેડકર અને સામાજિક માનવવાદ

માનવવાદના જે વિભિન્ન સ્વરૂપો ભારતના પરિપ્રેક્ષ્યમાં આપણે જોયા તે પછી હવે ડૉ. આંબેડકરના સામાજિક માનવવાદ તરફ એક અવલોકન કરવું પડશે. ડૉ. આંબેડકરના સામાજિક માનવવાદનું મૂળ ભારતની વિષયમ સામાજિક સ્થિતિમાં રહેલું જોઈ શકાય છે. ભારતની સામાજિક વ્યવસ્થા એજ તેનું ઉદ્ભવ સ્થાન છે. જોકે ડૉ. આંબેડકર ભારતીય સમાજ વ્યવસ્થાની તદ્દન નીચેના સ્તરની અછૂત જાતિમાં જન્મ્યા તેથી આ દલીત વર્ગોનું ઉત્પીડન એમનાથી જોઈ શકાયુ નહીં. એંઠવાડ, ગંદવાડ, અને મંદવાડ જેવા ત્રિદોષ માહોલમાં જીવનયાપન
કરતા અછૂત વર્ગોની દયાજનક હાલત, પિડન અને તડપન તેમનાથી જોઈ શકાઈ નહીં. પરિણામે તેમણે પોતાના અધ્યયન માટેનું કેન્દ્ર બિન્દુ સમાજના છેવાડાના માનવીઓને જ બનાવ્યાં.

હિન્દુ સમાજવ્યવસ્થાની સંકીર્ણ અને સંકુચિત અવગણનાનો ભોગ બનેલા અને સામાજિક ગુલામીની જંજીરોમાં જકડાયેલો માનવસમૂદાય એ ડૉ. આંબેડકરની વિચારધારાનો મુખ્ય આધાર હતો. આ સમાજ અશિક્ષા, અજ્ઞાન અને અન્યાયના વમળમાં ફસાયેલો હતો. અંધશ્રધ્ધાના કૂપમંડૂકમાં એ ડૂબેલો હતો. જેને પ્રકાશ આપવાનો હતો. એ પ્રકાશ એટલે જ્ઞાનનો પ્રકાશ. એ પ્રકાશ એટલે શિક્ષણનો પ્રકાશ. તેમનામાં પવિત્રતા, પ્રકાશ અને પ્રેમના ત્રિગુણોનું સિંચન કરવાનું હતું. અનેક પ્રકારના સામાજિક ચિત્ર-વિચિત્ર નિયમોથી બંધનગ્રસ્ત અછૂત સમાજને સામાજિક ગુલામીમાંથી મુકત કરાવી તેને ઊંચે ઉઠાવવાનો હતો. એ કઠોર જંજીરો તોડવી ખરેખર તો મુશ્કેલ હતી અને તે પણ આઝાદી મેળવવાના આંદોલનો દરમિયાન એટલે લોઢાના ચણા ચાવવા જેટલું કઠિન અને મહામુશ્કેલ કાર્ય હતું સામાજિક કઠોર નિયમો એ અછૂતોને પંગુ, પદ્દલિત અને ગુલામ બનાવી રાખ્યા હતા. પરિણામે તેઓ ઈશ્વરીય નિયમો ઉપર કુઠુરાઘાત કરવા લાગ્યાં તેમણે સમતા, બંધુત્વ અને સ્વતંત્રતાની ભાવનાનો વિકાસ કરવા ઉપર ભાર મૂકીને સામાજિક માનવવાદને વધારે ગતિશીલ બનાવ્યો.

## ૧.૫ આર્થિક માનવવાદ

ડૉ. આંબેડકર સામાજિક માનવવાદની જેમ આર્થિક સ્વાતંત્ર્યને પણ પ્રાધાન્ય આપે છે.તેથી તેમનો આર્થિક માનવવાદ અહી જોવા મળે છે. આર્થિક માનવવાદ સૌને સારુ ભૌતિક તેમજ આર્થિક જીવન જીવવાની પ્રેરણા આપે છે.આર્થિક રીતે અછૂતવર્ગો ઘણા જ કમજોર હતા. તેમના જીવનમાં કોઈ જ ધંધાનો વિકાસ થઈ શકયો ન હતો. અથવા તો ધંધા-રોજગારની તમામ તકો તેમની પાસેથી છીનવી લેવામાં આવી હતી. તેથી આ સમાજ કોઈ ઉન્નત વ્યવસાય કરી શકે તેમ હતો જ નહીં. તેમને યોગ્ય તક મળે તેમનું આર્થિક જીવન યશસ્વી બને એ ડૉ.આંબેડકરના આર્થિક માનવવાદનો આધાર છે. ધન સંપત્તિ તેમને મળવી જોઈએ.સમાજમાં અછૂતવર્ગો સન્માનનિય સ્થાન મેળવી શકે અને યોગ્ય ધનસંપત્તિ પ્રાપ્ત કરી શકે તો જ તેમનાં જીવનમાં નવી આશા જન્મે.સુચારૂ આર્થિક આજીવિકા દ્વારા અછૂત વર્ગો ધન પ્રાપ્ત કરે ભ્રષ્ટાચારકે અયોગ્ય રસ્તે નહીં પણ પૂરો પરિશ્રમ કરીને સંપત્તિ પ્રાપ્ત કરે. તેથી તેમણે બંધારણમાં મિલકત ધરાવવાના મૂળભૂત અધિકારની પણ જોગવાઈ કરી . આમ, આર્થિક માનવવાદમાં કમજોર વર્ગોનુ કલ્યાણ સ્પષ્ટ જણાય છે.

**"તમારી પ્રગતિ ચકાસો". સ્વાધ્યાય -૧**

<u>**નોંધઃ-**</u> (૧) તમારા જવાબો માટે પ્રશ્નની નીચે આપેલી જગાનો ઉપયોગ કરો.

(૧) વિદ્વાનોએ રજૂ કરેલી માનવવાદની વ્યાખ્યાઓ જણાવો.

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

(૨) ડૉ. આંબેડકરના મતે સામાજિક માનવવાદનું મૂળ શામાં રહેલુ છે. ?

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

(૩) સામાજિક માનવવાદમાં ડૉ. આંબેડકર કઈ શાસન વ્યવસ્થામાં વિશ્વાસ કરે છે. ?

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

(૪) કયા ચિંતકે આંબેડકરને જ્ઞાનમાર્ગી બંડખોર તરીકે ઓળખાવ્યા છે. ?

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

(૫) ડૉ. આંબેડકરે તેમના અધ્યયન માટેનું કેન્દ્રબિંદુ સમાજના છેવાડાના માનવીઓને જ કેમ બનાવ્યા?

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

(૬) સામાજિક માનવવાદને વધારે ગતીશીલ બનાવવા ડૉ. આંબેડકરે કઈ ત્રણ બાબતો પર ભાર મૂકયો ?

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

(૭) આર્થિક માનવવાદ કઈ પ્રેરણા પૂરી પાડે છે. ?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

(૮) બંધારણમાં મિલકત ધરાવવાના મૂળભૂત અધિકારની જોગવાઈ શા માટે કરવામાં આવી છે. ?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## ૧.૬ રાજકીય માનવવાદ

રાજકીય માનવવાદમાં ડૉ. આંબેડકર લોકશાહી શાસન વ્યવસ્થામાં વિશ્વાસ કરે છે. લોકશાહી શાસન વ્યવસ્થામાં નાગરિકોને સમાન અધિકારો પ્રદાન થાય છે. ડૉ. આંબેડકરની માન્યતા છે કે જનતાંત્રિક વ્યવસ્થામાં "એક વ્યકિત, એક મૂલ્ય" નો સિધ્ધાંત અનિવાર્ય છે. એ આદર્શને વ્યવહારિક સ્વરૂપે માનવામાં આવે તો એકાધિકાર, સર્વસત્તાવાદ, વંશપરંપરાગત શાસનનો નિષેધ કરવામાં આવે છે.

રાજનૈતિક પક્ષો બંધારણની પવિત્રતાને શીરોમાન્ય ગણે છે. દેશમાં બંધારણ જ સર્વોપરિ હોઈ બંધારણના ઔચિત્યનો ભંગ કરવા કોઈ જ રાજકીયપક્ષ સહમત હોતો નથી. સંવિધાનિક વ્યવસ્થાથી જ સામાજિક, રાજકીય, શૈક્ષણિક અને આર્થિક પરિવર્તન આવે છે.

સંવિધાનિક જોગવાઈઓનુસાર પુખ્તવય મતાધિકાર રાજકીય માનવવાદને પ્રભાવિત કરે છે. પુખ્તવયની કોઈપણ જ્ઞાતિ, સમાજ, દલ, પક્ષ, કોમની વયસ્ક વ્યકિત બૌધ્ધિક દ્રષ્ટિએ સક્ષમ હોય છે. તેથી લોકશાહી ઢબે તે પોતાના જનપ્રતિનીધિને ચૂંટીને ધારાગૃહ-લોકસભાગૃહમાં મોકલી આપે છે. અને તે બાબત લોકશાહી વ્યવસ્થા તંત્રમાં જ શકય બને. આ દ્રષ્ટિએ ડૉ. આંબેડકરનો રાજકીય માનવવાદ વિકાસ પામ્યો છે. જે પક્ષ સત્તાધિન બને છે તે લોકશાહીતંત્રમાં વંચિતો, નબળા વર્ગોના સંરક્ષકની ભૂમિકા ભજવે છે. આ વર્ગોના કલ્યાણ તેમજ ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકે છે. પરિણામે ગરીબોની ઉન્નતિ નો રાહ સુનિશ્ચિત અને ચોક્કસ બને છે. આપણા સંવિધાનમાં આ વર્ગો માટેની અનેક કાનૂની જોગવાઈઓ દાખલ કરીને સામાજિક ન્યાયના સિધ્ધાંતને વધુ દ્રઢિભૂત બનાવ્યો છે.

## ૧.૭ શૈક્ષણિક માનવવાદ

ડૉ. આંબેડકરનો શૈક્ષણિક માનવવાદ ઉચ્ચ શૈક્ષણિક ખ્યાલો સાથે સંકળાયેલો છે. છેક પ્રાચીન સમયથી શૂદ્રો, પછાતવર્ગો, આદિવાસીઓ અને અસ્પૃશ્ય દલિતવર્ગો માટે શિક્ષણના દ્વાર સદંતર બંધ જ હતાં. એટલે સુધી કે પ્રગતિશીલ કહી શકાય તેવી બ્રિટીશ સરકાર પણ આ વર્ગો માટે શિક્ષણની વ્યવસ્થા કરવામાં નિષ્ફળ રહી હતી. આમ તમામ સ્તરેથી બંધ થયેલાં શિક્ષણનાં સઘળાં દરવાજા ખોલવામાં ડૉ.આંબેડકરની ભૂમિકા મહત્વની રહી છે. ૧૯૧૯ થી ૧૯૪૭ સુધી તેઓ આ ધ્યેય માટે અવિરત સંઘર્ષરત રહયા હતા. જયારે આઝાદી પછી ભારતનું નૂતન બંધારણ ઘડવાની તેમને તક મળી ત્યારે તેમણે આ બાબતે સંવિધાનમાં વૈધાનિક જોગવાઈઓ આમેજ કરીને સઘળા વંચિત વર્ગો માટે કાનૂની વ્યવસ્થા દાખલ કરી. તેમનું મંતવ્ય હતું કે શિક્ષણ સર્વ માટે સુલભ હોવું જોઈએ અને તે બિન ખર્ચાળ તેમજ સસ્તું પણ હોવું જરૂરી છે. જ્ઞાન એ બેધારી તલવાર સમાન હોવાથી તે રક્ષણ કરે છે. માટે જ્ઞાનનાં દ્વાર સમાજમાં સૌને માટે ઉઘડવાં જોઈએ. જ્ઞાન થકી સમાજમાંથી અંધવિશ્વાસ વગેરે દૂર થાય છે. અંધકારનું નિરસન થાય છે. અને સમાજમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાય છે. શૈક્ષણિક સંસ્થાઓનો એવી રીતે વિકાસ થવો જોઈએ કે તે માનવવાદને ઉત્તેજન આપે. સમાજમાં એવા પ્રકારની વ્યવસ્થા નિર્મિત થાય કે જેમાં છૂત-અછૂત ,ઊંચ-નીચ, જાતિ-કોમ, સંપ્રદાય વગેરેના ભેદભાવ નાબૂદ થવા જોઈએ. એટલું જ નહીં દેશની તમામ શૈક્ષણિક સંસ્થાઓ સંવિધાનના કાનૂનો મુજબ ચાલવી જોઈએ.

## ૧.૮ ધાર્મિક માનવવાદ

દરેક માનવીને સંવિધાનમાં ધાર્મિક સ્વાતંત્ર્યનો હક પ્રદાન કરીને ડૉ. આંબેડકરે ધાર્મિક માનવવાદને પણ પ્રભાવિત કર્યો છે. ધર્મમાં કોઈ ઊંચ નથી કે કોઈ નીચ નથી. ધર્મ માનવીને પ્રેમ, સત્કાર અને આદરની ભાવના શીખવાડે છે. પ્રત્યેક ધર્મ પ્રત્યે સદ્‌ભાવના વ્યકત કરવી જોઈએ. દલિત વર્ગોને હિંદુ

ધર્મએ સામાજિક બંધનગ્રસ્ત બનાવી દીધા હતા. ધાર્મિક પ્રતિબંધનો લાદીને દલિતો, આદિવાસીઓ તથા પછાત વર્ગોને હિંદુ ધર્મએ પંગુ બનાવી વિકાસના સઘળાં ક્ષેત્રો તેમને માટે બંધ કરી દીધા હતા. સામાજિક દ્રષ્ટિએ દલિતવર્ગોને કશી જ સ્વતંત્રતા ન હતી. તેથી કોઈ પણ વ્યક્તિ પોતાની ઈચ્છા પ્રમાણે ગમે તે ધર્મ પાળી શકે તે પ્રકારની છૂટ સંવિધાન અંતર્ગત પ્રદાન કરવામાં ડૉ. આંબેડકરનો ફાળો અવિસ્મરણીય છે. ડૉ. આંબેડકરનું માનવું હતું કે દરેક ધર્મશાસ્ત્રો માનવ-સર્જિત છે. ઈશ્વર સર્જિત નથી. ધર્મશાસ્ત્રોનો અભ્યાસ સૌ કોઈ કરી શકે છે. પરંતુ તેને ઈશ્વર સર્જિત પવિત્ર તથા અકાપ્ય જાહેર કરવા માનવીય સ્વતંત્રતાની ભાવનાને કુંઠિત કરેછે. અતઃતેની સમીક્ષાની પણ એટલી જ જરૂરિયાત છે. ધર્મ માનવીના જીવનનું અનિવાર્ય અંગ જરૂર છે. પરંતુ ધર્મના નામે ચાલતા પાખંડ-ઉત્પીડન કે ઢોંગ-ધતીંગ અયોગ્ય છે. આમ, ડૉ. આંબેડકરનો ધાર્મિક માનવવાદ વ્યક્તિને ધાર્મિક સ્વાતંત્ર્યની છૂટ આપે છે. ધર્મમાં પેસી ગયેલા ઢોંગ,ધતીંગ, પાખંડને પડકારે છે.

**"તમારી પ્રગતિ ચકાસા", સ્વાધ્યાય - ૨**

(૧) જન તાંત્રિક વ્યવસ્થામાં કયો સિધ્ધાંત અનિવાર્ય છે. ?

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

(૨) સત્તાધિન પક્ષોએ ધારાગૃહ, લોકસભામાં કયાં કાર્યો કરવાના હોય છે ?

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

(૩) શિક્ષણ માટે ડૉ. આંબેડકરે કેવી કાનૂની વ્યવસ્થા કરી ?

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

(૪) ધર્મ માનવીને શું શીખવે છે ?

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

(૫) ઈચ્છા મુજબ ધર્મ પાળવાની છૂટ સંવિધાનમાં કેમ આપવામાં આવી ?

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

(૬) બાબા સાહેબે ધર્મમાં કઈ બાબતોને અયોગ્ય ગણાવી છે ?

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

## ૧.૯ નૈતિક માનવવાદ

સામાજિક માનવવાદની અંતરનિહિત ડૉ. આંબેડકર નૈતિક માનવવાદને પણ આવકારે છે. માણસ કોઈપણ ધર્મનું ભલે પાલન કરતો હોય પરંતુ તેનું નૈતિક અધઃપતન ન થવું જોઈએ. ધર્મની સાથે સાથે જ નૈતિક ઉચ્ચતા ચાલે છે. તેઓ હંમેશાં શીખામણ આપતા કે શીલ એટલે કે ચારિત્ર્યનું અધઃપતન થાય છે ત્યારે રાષ્ટ્રનું પણ અધઃપતન થાય છે. તેથી શીલનું રક્ષણ કરવું જોઈએ. જયાં ચારિત્ર્યનું હનન થાય છે ત્યાં નૈતિક અધઃપતન પણ થાય જ છે. તેથી ભારતીય સમાજ વ્યવસ્થામાં નૈતિકતાની દરેક સ્તરે જરૂરીયાતને માન્ય રાખી શિક્ષણ, સમાજ, રાજકારણ, ધર્મકારણ વગેરેમાં નૈતિક મૂલ્યોને જ વધુ મહત્વ

ડૉ.આંબેડકર અને
નવમાનવવાદ
ડૉ.આંબેડકરના માનવીય
દ્રષ્ટિકોણના આધારપર

આપે છે. નૈતિકતાનું પતન ન થવા ઉપર ભાર મૂકે છે.

## ૧.૧૦ વૈધાનિક માનવવાદ

ભારતીય સંવિધાનમાં કાયદા સમક્ષ સૌને સમાનતાની તક પ્રદાન કરીને ડૉ. આંબેડકર વૈધાનિક એટલે કે કાનૂની માનવવાદને સ્વીકારે છે. દેશનો કોઈપણ નાગરિક કાનૂની દ્રષ્ટિએ સમાન જ છે. કાયદા મુજબ સૌને સમાન ન્યાય મળવો જોઈએ. ધર્મ, જાતિ, લીંગ, મહિલા સમૂદાય એ સૌને માટે કાનૂની પ્રક્રિયા સમાન અને સરળ હોવી જોઈએ. જે વર્ગો કચડાયેલા છે તેમને પણ ધારાગૃહમાં વિધાયકો તરીકે સમાન પ્રતિનિધિત્વ મળવું જોઈએ. કોઈપણ વ્યક્તિ અન્યાયનો શિકાર ન બને એ પ્રકારની ન્યાય વ્યવસ્થા ઉપર ડૉ. આંબેડકર ભાર મૂકે છે. અસ્પૃશ્યતા નાબૂદ કરવાની જોગવાઈ કરીને ડૉ. આંબેડકરે સંવિધાન દ્વારા અસ્પૃશ્ય વર્ગોને કાયદા સમક્ષ સમાનતા પ્રદાન કરી છે. આમ કાનૂની યા વૈધાનિક માનવવાદ અહીં દ્રષ્ટિગોચર થાય છે.દેશમાં કાર્યરત કાનૂની મફત સલાહ અને સહાય કેન્દ્રો ડૉ.આંબેડકરની કાનૂની માનવવાદની વૈચારિક ધારાનું પરિણામ કહીં શકાય.

## ૧.૧૧ રાષ્ટ્રીય માનવવાદ

બાબા સાહેબ આંબેડકરનો માનવવાદ રાષ્ટ્રીયતાને પણ સ્પર્શે છે. રાષ્ટ્રીય દ્રષ્ટિથી મનમાં રાષ્ટ્રીય ભાવના ઉજાગર થશે અને પ્રત્યેક ભારતવાસીમાં બંધુત્ત્વની ભાવના જાગી ઉઠશે ત્યારે જ રાષ્ટ્રીય એકતા પ્રસ્થાપિત થશે. ઊંચ, નીચ, જાતિ, રંગ, લીંગ, કોમના ભેદભાવ બાજુ ઉપર મૂકીને નાગરિકો જો ભાઈચારાની ભાવનાથી ખભેખભા મિલાવીને એક સાથે સંલગ્ન થશે તો ભારત દેશ જરૂરથી મજબૂત બનશે અને રાષ્ટ્રીય એકતા બળવાન બનશે. આપણું બંધારણ શાંતિ, સદ્ભાવ અને સહઅસ્તિત્ત્વનો સ્વીકાર કરે છે. તેથી રાષ્ટ્રની પ્રગતિ અવશ્ય થશે. પ્રત્યેક નાગરિક સારા માન-સન્માનનો અધિકારી છે. દરેક નાગરિકનું જીવન શાંતિથી પ્રસાર થાય તેવું તેઓ ઈચ્છે છે.રાષ્ટ્રમાં જો શાંતિ હશે તો વિજ્ઞાન, ટેક્નોલોજી, ઉદ્યોગો, કૃષિ વગેરેનો વિકાસ થશે. નાના-મોટા ઉદ્યોગો વિકાસ પામશે. નાના લઘુ ઉદ્યોગો તેમજ ઘરેલું ઉદ્યોગોની પ્રગતિ થશે. આર્થિક રીતે દેશ સધ્ધર અને સ્વનિર્ભર બનશે. આર્થિક પ્રગિત સધાશે. દેશના GDP નો આંક ઊંચો આવશે.રાષ્ટ્રવાસીઓ એકતા, અખંડિતતા અને ભાતૃભાવ તથા પ્રેમથી એકસંપ રહેશે તો બંધુત્ત્વનો વિકાસ થશે. માનવ ગરીમાની પ્રગતિ થશે.

આમ, ડૉ. આંબેડકર અને માનવવાદનો અભ્યાસ કરીએ તો સામાજિક માનવવાદથી રાષ્ટ્રીય માનવવાદ સુધી તેમનું ચિંતન વિસ્તરે છે. અને રાષ્ટ્રીય માનવવાદમાં વિલિન થાય છે.

**"તમારી પ્રગતિ ચકાસો", સ્વાધ્યાય-૩**

(૧) રાષ્ટ્રીય અધ:પતન કયારે થાય છે ? તેને રોકવા શું કરવું જોઈએ.?

..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

(૨) ડૉ. આંબેડકર કેવી ન્યાય વ્યવસ્થા પર ભાર મૂકે છે. ? એ માટે કેવી કાનૂની વ્યવસ્થા હોવી જોઈએ. ? ..............................................................................

..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

(૩) રાષ્ટ્રીય એકતાને વધુ બળવાન બનાવવા શું કરવું જોઈએ.?

..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

(૪) રાષ્ટ્રની આર્થિક પ્રગતિ કયારે શકય બનશે. ?

..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

(૫) માનવ ગરીમાનો વિકાસ ક્યારે થશે ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## ૧.૧૨ સારાંશ

આ એકમ વાંચીને તમે ડૉ. આંબેડકરના માનવવાદ અંગેના સ્પષ્ટ અભિપ્રાયો જાણી શકયા. તેમના લખાણમાં જે આક્રોશ છે તેનું મુખ્ય કારણ એ છે કે ડૉ. આંબેડકર પોતેજ ભારતીય સમાજ વ્યવસ્થામાં જેને નિમ્નસ્તરની અછૂત જાતિ તરીકે ઓળખવામાં આવે છે તેમાં જન્મ્યા હતા. "પ્રસૂતિની પીડા વાંઝણી સ્ત્રી શું જાણ" ? એ કહેવત મુજબ તેમણે એંઠવાડ, ગંદવાડ અને મંદવાડ જેવા ત્રિદોષ માહોલમાં જીવન વિતાવતા અછૂત વર્ગોની દયાજનક હાલત, ઉત્પીડન અને તડપનને ખૂબજ નજીકથી જોઈ છે. તેથી જ તેમણે પોતાના અધ્યયન માટેનું કેન્દ્રબિંદુ સમાજના છેવાડાના માનવીઓને બનાવ્યા છે. સામાજિક કઠોર નિયમોએ અછૂતોને હજારો વર્ષોથી પંગુ, પદ્દદલિત અને ગુલામ બનાવી રાખ્યા હતા. એક માનવ બીજા માનવને કૂતરા કરતાં પણ બદ્દતર જીવન જીવવા મજબૂર કરે તેનાથી મોટી દુઃખદ બાબત બીજી કઈ હોઈ શકે ? ડૉ. આંબેડકરે બંધનગ્રસ્ત અછૂત સમાજને સામાજિક ગુલામીની જંજીરોમાંથી મુક્તિ અપાવી સમતા, બંધુતા અને સ્વતંત્રતાની ભાવનાનો વિકાસ કરવા પર ભાર મૂકી સામાજિક માનવવાદને ગતિશીલ બનાવ્યો છે.

આર્થિક રીતે અછૂત વર્ગો ખૂબજ ગરીબ હતા. ધંધા રોજગારીની તમામ તકો તેમની પાસેથી છીનવી લેવામાં આવી હતી. તેથી આ સમાજ નિઃસહાય અને બેબસ જીંદગી જીવતો હતો. ડૉ. આંબેડકરે દરેક વ્યક્તિ માટે બંધારણમાં મિલકત ધરાવવાના મૂળભૂત અધિકારોની જોગવાઈ કરી આર્થિક માનવવાદને ગતીશીલ બનાવ્યો છે. જે આ એકમમાં જોયુ.

હિન્દુ સમાજે પ્રાચીન સમયથી શૂદ્રો, પછાત વર્ગો વગેરે માટે શિક્ષણના ક્ષેત્રો બંધ કરી દીધા હતા. ડૉ. આંબેડકરે સંવિધાનમાં કાનૂની જોગવાઈઓ કરીને સર્વ માટે શિક્ષણના દ્વાર ખુલ્લા કરી આપ્યા. તેમજ ધર્મમાં છૂત અછૂતનો ભેદભાવ હતો તે દૂર કરી કોઈ પણ વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ ગમે તે ધર્મ પાળી શકે તે પ્રકારની છૂટ સંવિધાન અંતર્ગત પ્રદાન કરીને વ્યક્તિને ધાર્મિક સ્વાતંત્ર્યતાની છૂટ આપી. માણસ ભલે કોઈપણ ધર્મનું પાલન કરતો હોય પરંતુ તેનું નૈતિક અધઃપતન ન થવું જોઈએ તે બાબત પર પણ ભાર મૂકયો છે. અને છેલ્લે દરેક દેશવાસીને એકતા, અખંડિતતા, ભાતૃભાવ, પ્રેમ અને સંપથી રહી બંધુત્ત્વની ભાવના જગાડી માનવ ગરીમા જાળવવા પર ભાર મૂકી ભારત દેશને મજબૂત બનાવવાનો સંદેશ ડૉ. આંબેડકરે દેશવાસીઓને આપ્યો છે.

## ૧.૧૩ કેટલાક ઉપયોગી પુસ્તકો.


(૧) Dr. Ambedkar Life and Mission by. D.V. Keer.

(૨) B.R. Ambedkar: W.N. Kuber

(૩) Social Philosophy of Dr. Ambedkar-by Dr.D.R. Jatava

(૪) સામજિક ન્યાય- ખંડ ૧-૪ ઔર ડૉ. આંબેડકર (હિન્દી)

(૫) બંધારણના ઘડવૈયા- પી.એ. પરમાર

(૬) ડૉ.આંબેડકર એક ચિંતક- મધુ લિમયે (હિન્દી)

(૭) ડૉ.આંબેડકરનું શિક્ષણક્ષેત્રે પ્રદાન
પી.એ.પરમાર (લે.જીવન શિક્ષણ-૧૯૯૦)

(૮) ડૉ.આંબેડકરઃ વ્યક્તિત્વ એવં કૃતિત્ત્વ
ડૉ. ડી.આર જાટવ (હિન્દી)

## એકમ-૨ ડૉ. આંબેડકર અને મહિલા સશક્તિકરણ

રૂપરેખા :-


૨.૧ ઉદેશો
૨.૨ પ્રસ્તાવના
૨.૩ કન્યા કેળવણી (સ્ત્રીઓને આત્મસન્માનના પાઠ)
૨.૪ મહિલાઓને મતાધિકારનું પ્રદાન
૨.૫ પ્રસૂતિની રજાઓ
૨.૬ કુટુંબ કલ્યાણ-નિયોજન
૨.૭ શિક્ષણ : મુક્તિનો માર્ગ
૨.૮ કુરિવાજો દૂર કરવાની હિમાયત
૨.૯ વેશ્યાવૃત્તિ પ્રત્યે અણગમો
૨.૧૦ મહિલાઓના ઉત્થાન માટે અવિસ્મરણીય કાર્યઃ હિન્દુ કોડ બીલ
૨.૧૧ મહિલા કામદારોની ઉન્નતિ
૨.૧૨ સારાંશ
૨.૧૩ કેટલાક ઉપયોગી પુસ્તકો


## ૨.૧ ઉદેશો

આ એકમ "મહિલા સશક્તિકરણ" સાથે સંકળાયેલું છે. મહિલાઓના ઉત્થાન માટે અને તેમનો સર્વાંગી વિકાસ કરી પુરુષ સમોવડી બનાવવા માટેના દેશમાં જે પ્રયત્નો થઈ રહયા છે. તેમાં ભારતરત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરના "મહિલા સશક્તિકરણ" અંગેના વિચારો એક નવીજ દિશા પૂરી પાડશે. મહિલાઓની ઉન્નતિની જડીબુટ્ટી ડૉ.આંબેડકરે રજૂ કરેલા હિન્દુ કોડ બીલમાં રહેલી છે. જ્યાં સુધી આ એકમના ઉદેશોને લાગે વળગે છે. ત્યાં સુધી આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે -

- મહિલાઓને બંધારણમાં આપેલા અધિકારોથી વાકેફ થશો.
- મહિલાઓને પુરુષસમોવડી બનાવવાના સહિયારા પ્રયત્નો કરવા સમર્થ બનશો.
- કન્યા કેળવણીથી રાષ્ટ્રને પ્રગતિના પંથે આગળ ધપાવી શકવા સમર્થ બનશે. -સામાજિક કુરિવાજો અને વેશ્યાવૃત્તિ જેવા અનિષ્ટો સામે અવાજ ઉઠાવી શકશો.

## ૨.૨ પ્રસ્તાવના

ભારતરત્ન ડૉ.બાબા સાહેબ આંબેડકરને ભારતીય બંધારણના જનક-ઘડવૈયા તરીકે લોકો અવશ્ય યાદ કરે છે. પરંતુ ભારતીય નારીના ઉત્થાનમાં તેઓએ આપેલા યોગદાનને ખાસ યાદ કરવું જરૂરી છે.

ભારતીય નારીને સમાજમાં મોભાભર્યું સ્થાન મળે,તેમનું જીવન ઉન્નત બને તથા ભારતીય નારી શોષણથી મુક્ત બની સુશિક્ષિત બને તે માટે બાબા સાહેબ ડૉ.આંબેડકરે કરેલા પ્રયાસો સદૈવ યાદ રહેશે ભારતીય નારી ચાહે હિન્દુ,ખ્રિસ્તી,શીખ, બૌધ્ધ,જૈન, દલિત કે મુસ્લિમ કોઈ પણ સમાજમાંથી આવતી હોય બાબા સાહેબે તેમનાં કાર્યકાળ દરમિયાન નારીના ઉત્કર્ષ માટે હંમેશાં પ્રયત્નો કર્યા છે.

ભારતીય નારી સમાજમાં ઉન્નત મસ્તકે સ્વમાનભેર જીવી શકે તે માટે સ્ત્રી સમાનતા અને સ્ત્રી અધિકારોના પુરસ્કર્તા ડૉ.બાબા સાહેબ આંબેડકરે હિન્દુ કોડબીલમાં પુત્રીને પિતાની મિલકતમાં સમાન હિસ્સો, લગ્ન વિચ્છેદ, દત્તક લેવાનો અને ઉત્તરાધિકારી નિમવાનો સ્ત્રીને અધિકાર આપવા જેવી અનેક બાબતોનો સમાવેશ કર્યો હતો. પરંતુ ચુસ્ત રૂઢિવાદીઓએ આ બિલનો લોકસભામાં સખત વિરોધ કરતા તે પડતું મુકાયું . જેના કારણે સ્ત્રી સમાનતાના પ્રણેતા ડૉ. આંબેડકરે પ્રધાન તરીકેના પોતાના હોદા ઉપરથી પ્રધાન મંડળમાંથી પોતાનું રાજીનામું ધરી દીધું હતું. આમ ડૉ.બાબા સાહેબ આંબેડકરે હંમેશા દરેક સમાજ અને સમાજના દરેક વર્ગો માટે અથાક પ્રયત્નો કર્યા હતા. એમાંય જ્યારે સ્ત્રીઓના અધિકારોની વાત આવી ત્યારે તેમણે પોતાના હોદાની પણ પરવા કરી ન હતી. જો ડૉ.બાબા સાહેબ આંબેડકરે રજૂ કરેલા હિન્દુ કોડબીલનો પૂર્ણતઃ સ્વીકાર કરવામાં આવ્યો હોત તો આજે સ્ત્રીઓની સ્થિતિ કંઈક જુદી જ હોત .

આમ છતાં આ બીલ અલગ અલગ ચાર ટુકડાઓમાં હિન્દુ લગ્ન કાનૂન, હિન્દુ વારસા કાનૂન, હિન્દુ સગીર અને વાલીપણાનો કાનૂન, હિન્દુ દત્તક કાનૂન વગેરે સ્વરૂપે બાબા સાહેબના અથાગ પ્રયત્નોથી બંધારણમાં સમાવાયું. મહિલા સશક્તિકરણ અંગેના ડૉ.બાબા સાહેબ આંબેડકરના ક્રાન્તિકારી વિચારો આ પ્રકરણમાં રજૂ કરવામાં આવ્યા છે.

## ૨.૩ કન્યા કેળવણી (સ્ત્રીઓને આત્મસન્માનના પાઠ).

સમાજમાં સ્ત્રીઓને મોભાભર્યું સ્થાન મળે તથા સ્ત્રીઓ સ્વયં આત્મસન્માનથી જીવતાં શીખે તે માટે ડૉ. આંબેડકરના પ્રયાસો નોધપાત્ર રહ્યા છે. મહિલાઓની ગરીબી, દારૂણ્ય, મુશ્કેલીઓ, દુર્દશાના ખબર મળતાં જ તેઓ સ્વયં ત્યાં પહોંચી જતાં અને મહિલાઓને કોઈનાથી દબાણમાં ન રહેવા સમજાવતાં. એક વખત દક્ષિણ ભારતમાં મલબાર વિસ્તારમાં દલિત સમાજની મહિલાઓની ખરાબ દુર્દશાના સમાચાર સાભળીને તેમણે તરતજ મલબારનો પ્રવાસ ખેડયો. જ્યારે બાબાસાહેબ આ મહિલાઓને મળ્યા ત્યારે તે સમાજની મહિલાઓએ પોતાની દર્દભરી કહાની તેમને સંભળાવી અહિંની મહિલાઓને દુકાનમાં કોઈ ચીજ વસ્તુઓને સ્પર્શ કરવાની મનાઈ હતી. તેઓ સારા કપડાં પહેરી શકતી ન હતી. તેમજ જાહેરમાર્ગો ઉપર ચાલી શકતી પણ ન હતી. સ્ત્રીઓને અર્ધનગ્ન દશામાં રહેવું પડતું હતુ અને એ માટે તેમને મજબૂર કરવામાં આવતી હતી. કેટલાક ધાર્મિક ગ્રંથોએ દલિતો ઉપર પાબંધી લાદી દીધી હતી. જ્યારે અછૂત વર્ગોએ ડૉ. આંબેડકર સમક્ષ પોતાની આપવીતી કહી સંભળાવી ત્યારે તેમનું હદય દ્રવિત થઈ ગયું. ડૉ. આંબેડકરે એક સભા બોલાવી જેમાં તેમણે મહિલાઓને પોતાનાં બાળકોને શાળામાં ભણવા મોકલવા, એંઠવાડ જેવા ખોરાકો ન ખાવા, અર્ધનગ્ન ન રહેવા, લજ્જાસ્પદ જીવન ન જીવવા વગેરેનો ઉપદેશ આપ્યો. બાબા સાહેબે આપેલા આ ઉપદેશની ભારે અસર થઈ. બીજા દિવસે તમામ મહિલાઓ સ્વચ્છ, સુઘડ વસ્ત્રો પહેરી તથા પોતાના શરીરને સંપૂર્ણ રીતે ઢાંકીને ડૉ. આંબેડકરને મળવા આવી. તેમણે બાબા સાહેબને ફૂલો સમર્પિત કર્યા. આંબેડકર લગાતાર પાંચ માસ સુધી મલબાર વિસ્તારમાં પ્રચાર કરતા રહ્યાં . મલબારની સ્ત્રીઓમાં ઉત્સાહની નવી લહેર દોડવા લાગી, બાળકોને માતાઓ શાળામાં મોકલવા લાગી. આમ, સ્ત્રીઓને આત્મસન્માનથી જીવવાનો તેમણે પાઠ શીખવ્યો.

## ૨.૪ મહિલાઓને મતાધિકારનું પ્રદાન

સૌથી આંખે ઉડીને વળગે તેવી હકીકત તો એ છે કે, ભારતીય નારીને મત આપવાનો અધિકાર બંધારણની જોગવાઈ મુજબ કરવામાં આવ્યો છે. અમેરિકા જેવા પ્રગતિશીલ દેશમાં પણ નારીને મત આપવાનો કોઈ જ અધિકાર ન હતો, તે માટે અમેરિકન મહિલાઓને ઘણી ચળવળો તથા આંદોલનો કરવા પડયાં હતાં. ભારતીય નારીને મત આપવાનો અધિકાર બંધારણીય જોગવાઈ મુજબ આપવા માટેનું બાબા સાહેબનું પ્રદાન નાનુંસૂનું તો ન જ કહી શકાય.

ડૉ. ભીમરાવ આંબેડકર બહુ થોડા ભારતીય ચિંતકોમાંના એક હતા કે જેમણે સામાજિક પુનરુત્થાનમાં મહિલાઓની પ્રગતિની કલ્પના કરી હોય. લંડનની ગોળમેજી પરિષદોમાં તેમણે મહિલાઓના મતાધિકાર માટે બ્રિટીશ સરકાર સમક્ષ જોરદાર રજૂઆત કરી હતી. આ દ્રષ્ટિએ મહિલાઓની પ્રગતિ અને કલ્યાણ માટેનું તેમનું પ્રદાન અમૂલ્ય છે. તેઓ માત્ર પુરૂષો વચ્ચેની જ સમાનતાના ચાહક ન હતા, પરંતુ સ્ત્રી-પુરૂષ વચ્ચે સમાન દરજ્જો, સમાન તક અને ગૌરવના હિમાયતી હતા.

ભારતીય બંધારણ ઘડવાની જ્યારે બાબા સાહેબને તક મળી ત્યારે તેમણે હિન્દુ કોડ બીલ સહિત અનેક કાનૂનો દ્વારા સ્ત્રીઓના કલ્યાણની હંમેશાં સંસદમાં ચર્ચા અને ચિંતા કરી છે, તેમજ તે માટેના કાનૂનો કાયદા પ્રધાન તરીકે લાગૂ કરવામાં એટલી જ આતુરતા દર્શાવી છે. જે તેમના નારી ઉત્થાનના વિચારોનું પ્રતિબિંબ પાડે છે.

## ૨.૫ પ્રસૂતિની રજાઓ

મુંબઈ રાજ્યની વિધાનસભામાં ૧૯૨૭ માં જ્યારે તેઓ સભ્ય તરીકે આવ્યા ત્યારે તેમણે મુંબઈ રાજ્યની વિધાન સભામાં અંદાજપત્ર, શિક્ષણ, ગ્રામ પંચાયતો , સ્થાનિક બોર્ડ, ઉદ્યોગ અને "માતૃત્ત્વ લાભ ખરડા" ઉપર મનનીય પ્રવચનો આપ્યા છે. જેમાં સ્ત્રીઓને ગૌરવ પ્રદાન કરાવવા માટેની દલીલો આ હકીકતોને પુષ્ટિ આપે છે. મુંબઈ વિધાનસભામાં "માતૃત્ત્વ લાભ ખરડા"ને સમર્થન આપતાં તેમનાં શબ્દોમાં સ્ત્રીઓના કલ્યાણની ભાવના સ્પષ્ટ થાય છે. બાબા સાહેબ કહ્યું હતું કે :-

"રાષ્ટ્રના હિતમાં માતાને પ્રસૂતિના સમય પહેલાં અને પછી થોડો આરામ મળવો જ જોઈએ અને આ ખરડાનો સિધ્ધાંત સમગ્ર રીતે એ જ સિધ્ધાંત પર આધારિત છે.... તેથી સાહેબ, હું એમ સ્વીકારૂ છે કે આ બોજો મોટે અંશે સરકારે ઉપાડવો જોઈએ, અને હું એ હકીકત સ્વીકારવા તૈયાર છું. કારણ કે લોકોના કલ્યાણની જાળવણી એ સરકારનો મુખ્ય વિષય છે. અને તેથી દરેક દેશમાં જ્યાં માતૃત્ત્વ લાભની જોગવાઈ દાખલ કરાઈ છે ત્યાં તમને જણાશે કે માતૃત્ત્વના લાભના સંદર્ભમાં થોડીક રકમનો બોજો સરકાર ઉઠાવે છે".

બાબા સાહેબ મૂળભૂત રીતે એવું ઈચ્છતા હતા કે આ ખરડો માત્ર મુંબઈ પ્રેસીડેન્સી પૂરતો લાગુ થવો જોઈએ નહીં, પરંતુ તેનો પ્રસાર-પ્રચાર આખાયે ભારતમાં થવો જોઈ એ.

ડૉ. આંબેડકર અને નવમાનવવાદ
ડૉ. આંબેડકરના માનવીય દ્રષ્ટિકોણના આધારપર

**"તમારી પ્રગતિ ચકાસો", સ્વાધ્યાય -૧**

૧. મહિલાઓને મતાધિકારથી શો ફાયદો થયો ?

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

૨. માતૃત્ત્વ લાભ ખરડા ના સમર્થનમાં બાબા સાહેબના વિચારો સ્પષ્ટ કરો.

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

## ૨.૬ કુટુંબ કલ્યાણ-નિયોજન

બાબા સાહેબ કુટુંબ કલ્યાણ અને પરિવાર નિયોજનના પણ હિમાયતી હતા. ભારતમાં વધુ પડતી વસ્તીનો વિસ્ફોટ કે જેને નિયંત્રણમાં રાખવો આવશ્યક લાગતો હતો તેથી વસ્તી વૃધ્ધિના દરમાં નિયંત્રણ આવે તેમ તેઓ ઈચ્છતા હતા. બાબા સાહેબે એક પ્રવચનમાં કહયુ હતુ કે :-

"જીવન માટેની હાલની સખત લડત ઘણા લોકો માટે સમયસરના લગ્નને અશક્ય બનાવે છે અને તેથી તેમને ઘણા રોગો થાય છે. તેમજ ખરાબ આદતો વિકસે છે. ઘણી સ્ત્રીઓ આખી જિંદગી માટે અક્ષમ બની જાય છે. કેટલીક તો રોગીષ્ટ દશામાં બાળકને જન્મ આપવાનો હોવાથી કે વારંવાર બાળકોને જન્મ આપવાનો થવાથી મૃત્યુ પણ પામે છે. આ બધી જ આપત્તીઓનો ઉકેલ માત્ર જન્મ નિયંત્રણ જ છે. જ્યાં પણ સ્ત્રીને કોઈ પણ કારણસર બાળક ના ધરાવવાની ઈચ્છા હોય તો તેને સગર્ભા થવાનો કે બાળકને જન્મ ન આપવાનો અધિકાર હોવો જોઈએ. તે માત્ર સ્ત્રીની પસંદગી ઉપર જ છોડવું જોઈએ. બિનજરૂરી સંતાનો ઉમેરાવાથી સમાજને કોઈ જ લાભ થવાનો નથી."

## ૨.૭ કન્યા કેળવણી-શિક્ષણઃ મુક્તિનો માર્ગ

બાબા સાહેબે કન્યા કેળવણી ઉપર ખૂબજ ભાર મૂક્યો હતો એક સ્થળે તેમણે લખ્યુ હતું કે :-

"હું માનું છું કે શિક્ષણ એક માત્ર મુક્તિનો માર્ગ છે. દલિતોએ કન્યા કેળવણી ઉપર ભાર મૂકવો જોઈએ. કુટુંબમાં છોકરો શિક્ષિત હશે તો તે એકલોજ શિક્ષિત રહેશે પરંતુ દીકરી શિક્ષિત થશે તો તે રોટલા ટીપતાં-ટીપતાં પણ પોતાનાં બાળકોને ક, ખ, ગ, શીખવશે."

૧૯૪૨ માં નાગપુર ખાતે મળેલી "અખિલ ભારતીય દલિત વર્ગ મહિલા પરિષદ"ને સંબોધતાં બાબા સાહેબે એ વાત ઉપર ખાસ ભાર મૂક્યો હતો કે સ્ત્રીઓની પ્રગતિ વિના રાષ્ટ્રની પ્રગતિ થઈ શકે નહીં. તેમણે કહયુ કે :- "હું મહિલાઓના સંગઠનમાં ખૂબ શ્રધ્ધા ધરાવું છું. જો સ્ત્રીઓની પ્રગતિ થાય તો સમાજની સ્થિતિ સુધારવામાં તેઓ શું કરી શકે તે હું જાણું છું. સામજિક દૂષણો દૂર કરવામાં સ્ત્રીઓએ મહાન સેવાઓ આપી છે."

આ વખતે તેમણે દલિત મહિલાઓને સ્વચ્છ રહેવા, દૂષણોથી દૂર રહેવા, બાળકોને ભણાવવા, લઘુતાગ્રંથી દૂરકરવા તથા કુરિવાજોને તિલાંજલિ આપવા પણ શીખામણ આપી હતી.

**"તમારી પ્રગતિ ચકાસો", સ્વાધ્યાય -૨**

૧. બાળ લગ્નોથી થતા ગેરલાભ જણાવો.

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

૨. "સ્ત્રીઓની પ્રગતિ વિના રાષ્ટ્રની પ્રગતિ શકય નથી." એવુ બાબા સાહેબ કેમ માનતા હતા.?

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

૩. કન્યા કેળવણી અંગેના બાબા સાહેબના વિચારો સ્પષ્ટ કરો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## ૨.૮ કુરિવાજો દૂર કરવાની હિમાયત

વીસમી સદીના પ્રારંભના દાયકાઓમાં દલિત સમાજમાં અનેક પ્રકારના કુરિવાજો,કુરૂઢિઓ અને દૂષણો ઘર કરી ગયા હતા. બાબાસાહેબે જોયું કે દલિત સમાજમાંથી કુરિવાજો દૂર થશે તો ભવિષ્યનો સમાજ સુદ્રઢ અને સ્વચ્છ બનશે. તેથી તેમણે ૧૯૩૬ માં દલિત સમાજની મહિલાઓને લાગણી સભર વાણીમાં હ્રદય સ્પર્શી ભાવે કહયું કે, સમાજમાં શોભાસ્પદ ન હોય તેવા ગંદાવ્યવસાયો અપનાવવા જોઈએ નહીં. દરેક પ્રકારના દુરાચારોથી દૂર રહેવું જોઈએ. સારા અને સ્વચ્છ વસ્ત્રો પરિધાન કરવાથી ગામ અને સમાજમાં આવકાર મળે છે.

## ૨.૯ વેશ્યાવૃત્તિ પ્રત્યે અણગમો

અનિવાર્ય સંજોગોમાં કોઈપણ સમાજની મહિલા જાણે અજાણે વેશ્યાવૃત્તિ તરફ ધકેલાઈ જાય છે. ડૉ.બાબા સાહેબ આંબેડકર મહિલાઓમાં વેશ્યાવૃત્તિ ને ખૂબજ ખરાબ વૃત્તિ માનતા હતા. આમ છતાં મહાત્મા ગાંધીજીની જેમ જ વેશ્યાઓ પ્રત્યેનો તેમનો દ્રષ્ટિકોણ સુધારવવાદી હતો. તેઓ વેશ્યાઓ પ્રત્યે નફરત કરતા નહતા પરંતુ વેશ્યાવૃત્તિથી સમાજમાં ફેલાતી બુરાઈઓ પ્રત્યે વધારે ધૃણા કરતાહતા. તેમનું માનવું હતું કે વેશ્યાવૃત્તિ સિવાય પણ સમાજમાં આજીવિકા મેળવવાના અનેક ઉપાયો છે. વેશ્યાઓ પણ અન્ય મહિલાઓની જેમ જ સન્માનપૂર્વક પારિવારિક જીવન જીવે તેમ બાબા સાહેબ ઈચ્છતા હતા.

**"તમારી પ્રગતિ ચકાસો", સ્વાધ્યાય -૩**

૧. કુરિવાજો અને વેશ્યાવૃત્તિ અંગે બાબા સાહેબનું વલણ કેવું હતું ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## ૨.૧૦ મહિલાઓના ઉત્થાન માટે અવિસ્મરણીય કાર્ય - હિન્દુ કોડ બીલ

બાબા સાહેબ ડૉ.આંબેડકરે હિન્દુ સમાજમાં નારીનું સ્થાન પુરૂષની જેમ જ પ્રસ્થાપિત થાય તે માટે ઘણા જ અવિસ્મરણીય કાર્યો કર્યા છે. તેમના અધ્યક્ષપદે ઘડાએલા બંધારણમાં તેમણે સ્ત્રી-પુરૂષ વચ્ચેનાં ભેદને નાબૂદ કર્યો છે.બન્નેને અનુચ્છેદ ૧૪-૧૬ અનુસાર સમાન દરજ્જો પ્રદાન કરે છે.તેમણે બંધારણનાં માધ્યમ વડે જ બાળકો અને સ્ત્રીઓના ગેરકાનૂની વિક્રય,ગેરકાનૂની વેપાર ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

હિન્દુ કોડ બીલ દ્વારા કન્યા વિવાહની નિર્ધારીત ન્યુનત્તમ વય મર્યાદા, આન્તર જાતિય વિવાહ,સ્ત્રીઓને પુરૂષ સમોવડી દરજ્જો,વિધવા વિવાહ, ભરણપોષણ પ્રામકરવાનો અધિકાર,સ્ત્રીને પુત્રી,પત્નિ,માતાના સ્વરૂપે પરિવારમાં સંપત્તિ ઉપર અધિકાર,સ્ત્રીને દત્તક લેવાનો અધિકાર વગેરે જેવા અધિકારો પ્રદાન કરવામાં બાબા સાહેબ આંબેડકરની ભૂમિકા બહુજ મહત્વની રહી છે.

## ૨.૧૧ મહિલા કામદારોની ઉન્નતિ

૧૯૪૨ માં હિન્દ સરકારના મજૂર મંત્રી તરીકે ધનબાદના કોલસાની ખાણોની મુલાકાત બાબા સાહેબે લીધી. કુ.શાંન્તાભાલ રાવ કે જેઓ અખિલ હિંન્દ ટ્રેડ યુનિયના નેતા હતા તેઓ પણ આ નિરીક્ષણમાં સાથે જોડાયા. ડૉ.આંબેડકર મજૂર યુનિયનના નેતાઓ અને ભારત સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે ધરતીના પેટાળમાં ૪૦૦ફૂટ ઊંડે જ્યાં મજૂરો કોલસાની ખાણોમાં કોલસા કાપવાનું કામ કરતા હતા ત્યા ગયા. આ ઊંડી ખાણની અંદર સ્ત્રીઓ પણ મજૂરો તરીકે કામ કરતી હતી. બાબા સાહેબે એમને કેટલાક જરૂરી પ્રશ્નો પૂછ્યા. એ પછી મજૂર મંત્રી ડૉ.આંબેડકરને સાધન સજ્જ દવાખાનામાં લઈ જવામાં આવ્યાં. ત્યાં તેમણે સ્ત્રી કામદારોના સ્પેશ્યલ વોર્ડની પણ મુલાકાત લીધી હતી. મજૂરોને આપવામાં આવતા ખોરાકમાં ખાસ કરીને તેની ગુણવત્તા અને સ્વરૂપમાં બાબા સાહેબે ખૂબ રસ દાખવ્યો હતો. બીજે દિવસે તેઓ રાણીગંજ કોલસા ખાણની મુલાકાતે પહોચ્યાં ત્યાં તેમણે રક્તપિત્ત કેન્દ્ર,બાલ કલ્યાણ કેન્દ્ર વગેરેની મુલાકાત લીધી હતી. ખાણિયાઓના માંદલા તથા હાડકાંનાં રોગથી પિડાતાં બાળકોને જોઈને શારીરિક

ડૉ. આંબેડકર અને નવમાનવવાદ ડૉ. આંબેડકરના માનવીય દ્રષ્ટિકોણના આધારપર

દાકત્તરી તપાસ કરાવવા તેમણે સૂચન કર્યું. ડૉ. આંબેડકરે ખાણીયા યોજના બાળકોની નિશાળ (પ્રા. શાળા) ની પણ મુલાકાત લીધી જ્યાં નાનાં બાળકોએ તેમને ફૂલહાર કર્યાં હતા.

**"તમારી પ્રગતિ ચકાસો", સ્વાધ્યાય -૪**

૧. હિન્દુ કોડ બીલથી સ્ત્રીઓને થયેલા ફાયદા જણાવો.

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

## ૨.૧૨ સારાંશ

ડૉ.બાબા સાહેબ આંબેડકરે ભારતીય નારીના સામાજિક ઉત્થાન માટે પણ આંખે ઉડીને વળગે તેવા અથાક પ્રયાસો કર્યા છે. તેમણે ભારતીય નારીને બંધારણની જોગવાઈ મુજબ મતાધિકારનો અધિકાર આપ્યો છે. એટલું જ નહી તેમણે હિન્દુ કોડ બીલ જેવા અનેક કાનૂનો દ્વારા સ્ત્રીઓના કલ્યાણ માટેની જોગવાઈઓ કરી છે. તેમણે " માતૃત્ત્વ લાભ ખરડા" ને સમર્થન આપી સ્ત્રીઓને પ્રસૂતિના સમય પહેલાં અને પછી આરામ મળે તે માટેની રજાઓ આપવાની પણ બંધારણમાં વ્યવસ્થા કરી છે. વસ્તી વિસ્ફોટને કાબૂમાં રાખવા તેમણે કુટુંબ કલ્યાણ અને પરિવાર નિયોજનની પણ હિમાયત કરી છે. શિક્ષણ જ એક માત્ર મુકિતનો માર્ગ છે, તેમ કહી તેમણે કન્યા કેળવણી ઉપર ભાર મૂકયો છે. વળી દલિત સમાજની સ્ત્રીઓમાં ઘર કરી ગયેલા કુરિવાજો, કુરૂઢિઓ અને દૂષણોને દૂર કરવા માટે પણ આજીવન પ્રયત્નો કર્યા છે. અનિવાર્ય સંજોગોમાં કોઈપણ સમાજની સ્ત્રી જાણે અજાણે વેશ્યાવૃત્તિ તરફ ધકેલાઈ ન જાય પણ વેશ્યાવૃત્તિ સિવાયના સારા વ્યવસાયમાં આજીવિકા મેળવવા પ્રયત્નશીલ બને તે માટે સ્ત્રીઓને હાકલ કરી છે. આમ, આ પ્રકરણમાં હિન્દુ કોડ બીલ દ્વારા કન્યા વિવાહની નિર્ધારિત ન્યુનતમ વયમર્યાદા, વિધવા વિવાહ, ભરણપોષણ પ્રામ કરવાનો અધિકાર, આંતર જાતિય વિવાહ, સ્ત્રીને પુત્રી , પત્ની તથા માતા સ્વરૂપે પરિવારમાં મિલક્તનો અધિકાર, સ્ત્રીને દત્તક લેવાનો અધિકાર વગેરે અધિકારો પ્રદાન કરી મહિલાઓના ઉત્થાન માટે અવિસ્મરણીય કાર્ય કર્યું છે જે તમે જોયું.

## ૨.૧૩ કેટલાક ઉપયોગી પુસ્તકો


(૧) ડૉ. આંબેડકર સંપૂર્ણ વાઙ્ગમય
ખંડ- ૧-૨ (હિન્દી)

(૨) ડૉ. આંબેડકર વ્યક્તિત્ત્વ એવં કૃતિત્ત્વ
ડૉ. ડી.આર જાટવ (હિન્દી)

(૩) ડૉ.આંબેડકર જીવન અને કાર્ય
મૂ.લે. ધનંજય કીર , અનુ. મૂળજીભાઈ ખુમાણ

(૪) કન્યા કેળવણી અને સ્ત્રી સશક્તિકરણ
ખાસ લેખ. પી.એ.પરમાર (મહેસાણા)

(૫) ડૉ. આંબેડકરકા વિચારદર્શન (હિન્દી)
લે. ડૉ. રામગોપાલ સિંહ (મધ્યપ્રદેશ)

## એકમ -૩ ડૉ. આંબેડકર અને સમાજવાદ

રૂપરેખા :-


૩.૧ ઉદેશો

૩.૨ પ્રસ્તાવના

૩.૩ સામાજિક આઝાદી

૩.૪ સમાજવાદ તરફી ઝુકાવ

૩.૫ આર્થિક શોષણ નાબૂદી

૩.૬ રાજય સમાજવાદ

૩.૭ રાજય સમાજવાદ અને તેનો અર્થ

૩.૮ સારાંશ.

૩.૯ કેટલાક ઉપયોગી પુસ્તકો


### ૩.૧ ઉદેશો

આ એકમ ડૉ. બાબા સાહેબ આંબેડકરના સમાજવાદ અંગેના વિચારો સાથે સંકળાયેલું છે. જેમાં માત્ર રાજકીય આઝાદી જ નહીં પરંતુ સામાજિક આઝાદી અંગે તમને વિચારતા કરીશું. ડૉ. આંબેડકર સ્પષ્ટપણે માનતા હતા કે દેશને માત્ર રાજકીય આઝાદી મળવાથી સમાજવાદની સ્થાપના થશે નહીં. કારણ કે જયાં સુધી સમાજમાં રહેલા દલિતો અને પછાત વર્ગોના લોકોને સમાનતા નહી મળે ત્યાં સુધી રાજકીય આઝાદીનો કોઈ જ અર્થ સરતો નથી. એ બાબત આ એકમ દ્વારા તમારી સમક્ષ મૂકવા માંગીએ છીએ. જેથી આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે -

-રાજકીય આઝાદીની સાથે સાથે સામાજિક આઝાદી અંગે વિચારતા થશો.

-આર્થિક શોષણ નાબૂદી અને રાજય સમાજવાદ વિશેના વિચારો જાણી તેની ચર્ચા કરી શકશો.

### ૩.૨ પ્રસ્તાવના

ડૉ. આંબેડકરે સમાજવાદ અને સ્વાતંત્ર્યના વિચારો ગાંધી અને અસ્પૃશ્યોની મુકિત નામના તેમના એક પુસ્તકમાં વ્યકત કરતાં લખ્યું હતું કે, દેશને માત્ર રાજકીય આઝાદી મળવાથી સામાજવાદનું ધ્યેય હાંસલ થશે નહીં. સમાજના તળિયે રહેલાં દાસ વર્ગો એટલે કે દલિતો, આદિવાસીઓ, પછાતવર્ગોના લોકોને સમાનતા પ્રદાન કરવી પડશે જો તેમની સાથે સમાનતાનું સહચર્ય હશે તો જ લોકશાહી સરકારની સ્થાપના થશે.

ડૉ. આંબેડકર લખે છે કે, દેશની આઝાદી અને દેશમાં વસતા લોકોની આઝાદી વચ્ચેનો ભેદ ન પાડવો તે તો પોતાની જાતને અપાતી છેતરાવાની નહિં તો ગેરમાર્ગે જવાની છૂટ સમાન છે. કારણ કે સમાજ, રાષ્ટ્ર અને દેશ જેવા શબ્દો જ દ્વિઅર્થી શબ્દો નથી તો વ્યવસ્થિત આકાર વિનાના શબ્દો તો છે જ. "રાષ્ટ્ર" તે એક શબ્દ હોવા છતાંય તેનો અર્થ અનેક વર્ગો થઈ શકે તે વાતને રદિયો આપી શકાય તેમ નથી. તાત્ત્વિક દ્રષ્ટિએ રાષ્ટ્રને એક ઘટક તરીકે ગણવું શકય છે. પરંતુ સમાજશાસ્ત્રની દ્રષ્ટિએ વિચારીએ તો તેનો અનેક વર્ગો ધારણ કરતા રાષ્ટ્ર સિવાય અન્ય વિચાર જ ન થઈ શકે. અને રાષ્ટ્રની મુકિત જો ખરેખર અસ્તિત્ત્વમાં આવવાની હોય તો તે મુકિત પહેલાં તેમાં રહેલા જુદા જુદા વર્ગોની ખાસ કરીને ગુલામ વર્ગ માટેની મુકિતનું આશ્વાસન હોવું જોઈએ.

### ૩.૩ સામાજિક આઝાદી

ડૉ. આંબેડકર સ્પષ્ટ મંતવ્ય રજૂ કરે છે કે દેશને આઝાદી મળી રહે છે તે સાચી બાબત છે તેમાં કોઈનોયે કશો વિરોધ હોઈ જ ન શકે, પરંતુ રાષ્ટ્રને આઝાદી અને રાષ્ટ્રમાં વસતી પ્રજાને મળતી આઝાદી બન્ને વચ્ચે ફરક છે. રાષ્ટ્રને જયારે આઝાદી મળે છે, ત્યારે તેના શાસનનું સ્વરૂપ રાજકીય રીતે બદલાય છે. એક હાથમાંથી બીજા હાથમાં સત્તાનું હસ્તાંતરણ થાય છે. તેથી તે માત્ર રાજકીય સ્વરૂપની જ આઝાદી બની રહે છે. જયારે રાષ્ટ્રમાં વસતી પ્રજાને આઝાદીનાં કોઈ ફળ મળતાં નથી. જમીનદાર વર્ગ, ઉચ્ચ ભદ્ર વર્ગ અને તેવા અનેક માંધાતા વર્ગોના જોરજુલમ નીચે રાષ્ટ્રનો ૮૦ થી ૯૦ ટકા વર્ગ દબાયેલો છે. તે રાજકીય આઝાદીની ઝંખના કરે છે. રાષ્ટ્રની સામાજિક ધરોહરની નીચે તળિયે રહેલા આ સમાજના દાસવર્ગો એટલે કે દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાતવર્ગો કે જેમની સંખ્યા ૮૦ થી ૯૦ ટકા જેટલી છે, તેઓ પણ મુકિત ઝંખે છે. એમની દાસતાનો અને એમની ગુલામીનો અંત આઝાદીમાં આવવો જોઈએ. તેમને સમાનતા પ્રદાન કરવી જોઈએ. જો આ વર્ગો સમાનતા નહી મેળવી શકે તો રાજકીય આઝાદીનો કશો જ અર્થ સરશે નહીં.

દલિત, દાસ અને પછાતવર્ગોને સામાજિક ગુલામીમાંથી મુક્તિ અપાવવા માટે ડૉ.આંબેડકરના ચિંતનનું મૂળભૂત લક્ષ્ય હતું, જે તેમણે ક્યારેય છૂપાવ્યું નથી. તેથી તેઓ સ્વરાજ્ય કરતાં આવા કચડાયેલા વર્ગોની મુક્તિની કાયમ માટે ઝંખના કરતા. તેથી જ તેમને માટે ચલાવતા સંઘર્ષને અધિક મહત્ત્વ આપતા હતા. ડૉ. આંબેડકર હંમેશાં કહયા કરતા કે જો તેમના વ્યક્તિગત હિત અને દલિતોના હિત વચ્ચે ટકરાવ થશે તો તેઓ દેશના હિત કરતાં દલિતોના હિતને જ મહત્ત્વ આપશે. તેઓ એમ પણ માનતા કે આ સમૂદાયના ઉધ્ધાર સિવાય મારી કોઈ જ વ્યકિતગત મહત્ત્વકાંક્ષા નથી અને તે પ્રાપ્ત કરવા માટે અન્ય સમાજના કોઈ પણ વર્ગોને ક્યારેય મેં નુકશાન નથી પહોંચાડયું. મતલબ કે દલિતવર્ગોના હિતો માટે તેમણે ક્યારેય વર્ગ વિગ્રહ અથવા તો એક વર્ગની સામે બીજા વર્ગને ટકરાવવાની કોશિષ કરી નથી.

સાધારણ રીતે ડૉ. આંબેડકરની પહેચાન સામાન્ય વર્ગમાં એક મહાન બંધારણ વિદ્દ કે કાયદાશાસ્ત્રી તરીકેની જ રહી છે. અથવા તો રાજનેતા, રાજકીય મહાપુરુષ યા દલિતવર્ગોના નેતા તરીકે જ ઉપસી છે. પરંતુ તેઓના વિચારોનો બારીકાઈથી અભ્યાસ કરવામાં આવે તો તેઓ એક મહાન સમાજશાસ્ત્રી પણ હતા. જેની પાછળ તેમનું વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદું સ્પષ્ટ થાય છે. તેથી તેઓ "વૈજ્ઞાનિક સમાજવાદ" ના ચિંતક તરીકે સ્વીકૃતિ પામી રહયા છે.

ડૉ. આંબેડકર જયારે રાષ્ટ્રીય રાજનીતિમાં સક્રિય બન્યા ત્યારે તે દિવસોમાં બે પ્રકારના સમાજવાદનો ઉદય થયો હતો. એક હતો માર્કસવાદી સમાજવાદ અને બીજો હતો લોકશાહી સમાજવાદ.

## ૩.૪ સમાજવાદ તરફી ઝૂકાવ

બહુજ સુપ્રસિધ્ધ છે કે બાબા સાહેબનો જન્મ એક સાધારણ અછૂત પરિવારમાં થયો. જયારથી તેમણે પોતાના અછૂત સમાજની અમાનુષી હાલતને નજરે નિહાળી ત્યારથી તેમના મનમાં અનેક પ્રકારના વિચારો ઉદ્દભવ્યા કરતા. તેમનું મન સમાજ માટે ચિંતા કરતું અને હ્રદય દ્રવિત થઈ જતું. આ મહાન કાર્યને પાર ઉતારવા માટે તેમણે પોતે અધિક પરિશ્રમ કરી જ્ઞાન પ્રાપ્ત કર્યું. જે જ્ઞાન લાધ્યું તેના વડે તેમણે સમાજની દશા અને દિશા પરિવર્તિત કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો. પોતે ત્યાગ અને ભકિત ભાવનાથી એવું શ્રેષ્ઠ વ્યક્તિત્ત્વ પ્રાપ્ત કર્યું કે સમગ્ર ભારતનો દલિત સમાજ તેમના વ્યકિતત્ત્વથી અંજાઈ ગયો. એમનો દ્રઢ વિશ્વાસ હતો કે શોષિત અને દાસ વર્ગ "આત્મ -નિર્ભર બને", પોતાના પગ ઉપર સ્વતંત્ર રીતે ઊભો રહે અને એ રીતે સ્વતંત્ર સામાજિક જીવન જીવે. આમ જોઈએ તો ડૉ. આંબેડકરના સ્વભાવમાં ઉગ્રતા, પ્રેમ તથા કારૂણ્યનું મિશ્રણ જોવા મળે છે. તેમનામાં જ્ઞાન અને બુધ્ધિ પ્રત્યે પ્રેમ હતો. જયારે અજ્ઞાનતા, ગરીબી, નિર્ધનતા પ્રત્યે તેમને નફરત , ધૃણા અને તીવ્ર કટુતા હતી. તેમનું સ્પષ્ટ મંતવ્ય હતું કે સમતા, સમાજ અને સમાજવાદની વાત કરતાં પહેલાં લોકોની ગરીબી, નિર્ધનતા દૂર કરવી જોઈએ. તેમના હ્રદયમાં પ્રેમ અને સદ્દભાવના ઉત્પન્ન કરવી જોઈએ. તેમના મનમાં ગરીબી અને નિર્ધનતાનો સામનો કરવાની મનોવૃત્તિને બળવત્તર બનાવવી જોઈએ. નિર્ધનતા એક સામાજિક દૂષણ છે.ડૉ. આંબેડકરે સમાજવાદની વ્યાખ્યા કરતાં નિર્ધનતા ઉપર આકરા પ્રહારો કર્યા છે. દેશમાં અનેક બિમારીઓનું કારણ જ નિર્ધનતા છે. ડૉ. આંબેડકરના મંતવ્ય પ્રમાણે નિર્ધનતા અને સમાજવાદ કયારેય એક સાથે ચાલી શકતા નથી. જો સમાજવાદ આપણે ચાહતા હોઈએ તો ગરીબાઈ દૂર કરવી રહી. તેથી નિર્ધનતા અને સમાજવાદ એકબીજાના વિરોધી છે. ભારતમાં ગરીબાઈની બોલબાલા છે. નિર્ધનતા દૂર કરવા માટે જનજાગૃતિ અને જન સેવા આવશ્યક છે તેમ તેમનું માનવું હતું.

## ૩.૫ આર્થિક શોષણ નાબૂદી

ડૉ.આંબેડકરના વિચાર મુજબ આજના પ્રગતિશીલ સમાજનું મુખ્ય કાર્ય એ છે કે તેણે આર્થિક શોષણના પ્રભાવને અટકાવવો જોઈએ. અગર લોકો જો કારખાનામાં કે ખેતરોમાં મજદૂરો તરીકે કામ કરતા હોય તો શોષણ દ્વારા તેમનું ઉત્પીડન કરવું એ સમાજવાદની ભાવનાથી તદ્દન વિપરિત છે. એ બાબત રાજય અને રાજયકર્તાઓ વચ્ચે નિર્ભર છે કે ક્યાં સુધી ગરીબ જનતાને આર્થિક શોષણથી બચાવવા તથા સામાજિક અન્યાયથી સુરક્ષિત કરવા કામયાબ નીવડે છે. ડૉ. આંબેડકરે મંતવ્ય પ્રગટ કરતાં કહયું હતું કે, સમાજવાદી સમાજ માત્ર એ સમયે જ સંભવ બને છે કે જયારે રાજકર્તાઓના દિલોદિમાગમાં તેની સફળતા માટે કાર્ય કરવાની ભાવના હોય. આમ, તેઓ આર્થિક શોષણની નાબૂદી અર્થે વિચારશીલ રહયા કરતા હતા.

"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય-૧

૧. ડૉ. બાબાસાહેબના મતે સામાજિક આઝાદી એટલે શું ?

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

૨. રાજકીય આઝાદી અને સામાજિક આઝાદી વચ્ચે શો તફાવત છે. ?

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

૩. સમાજમાં સમાજવાદની સ્થાપના કરવા શું કરવું જોઈએ ?

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

૪. આર્થિક શોષણ નાબૂદી એટલે શું ?

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

## ૩.૬ રાજય -સમાજવાદ

સમાજવાદના ઉદ્ભવનો ઈતિહાસ આમ જોઈએ તો ઘણો જટીલ છે. માર્કસવાદી સમાજવાદ, સી.પી.આઈ. સમાજવાદ, પૂંજીવાદ અને સામ્યવાદ જેવી અનેક પ્રકારની વિચારધારાઓનો વિકાસ થયો.આ બધામાં ઓગણીસમી સદીની અધ વચ્ચે જર્મનીમાં એક આંદોલન શરૂ થયું તેનું ધ્યેય "રાજય સમાજવાદ " ની સ્થાપના કરવાનું હતું. રાજય દ્વારા મૌલિક સુધારાઓ કરવા માટે આ આંદોલન દરમિયાન તેણે કેટલાક સુધારાઓ સૂચવ્યા, અને તેના ઉપર જોર આપ્યું.આ આંદોલને ગરીબવર્ગોની દશા સુધારવા માટે ભારે પ્રયાસો કર્યા. તેણે સૂચવ્યું કે રાજય સરકારની એ જવાબદારી છે કે દીન-દરિદ્ર લોકોની પ્રગતિ તથા કલ્યાણ માટે તે વ્યવસ્થા કરે, કાયદાઓ ઘડે અને એ પ્રકારનું આયોજન કરે કે શોષિત વર્ગોને લાભ થાય. આમ જોઈએ તો સૈધ્ધાંતિક રીતે આ આંદોલન શુધ્ધ સમાજવાદી સ્વરૂપનું ન હતું કેમ કે તેણે નીજી સંપત્તિના અધિકારને સમાપ્ત કરવાનો પક્ષ લીધો ન હતો. રાજય-સમાજવાદ માર્કસવાદી માટે એક ન્યાયોચિત કાર્યક્રમ ન હતો. કેમકે તેનો સંબંધ સીધો શ્રમિક વર્ગો સાથે ન હતો. મધ્યમ અને બૌધ્ધિક વર્ગ સાથે અધિક હતો. આમ છતાં રાજય-સમાજવાદનું એક અનોખું મહત્વ છે. જેને ડૉ. આંબેડકર પોતાના આર્થિક કાર્યક્રમોમાં સ્થાન આપવાનું ઉચિત સમજયા હતા.

ડૉ. આંબેડકરે અંગ્રેજી ભાષામાં ભારતની બંધારણસભા સમક્ષ એક મેમોરેન્ડમ રજૂ કર્યું. જેનું નામ State and Minorities હતું. "રાજય અને અલ્પ- સંખ્યકો" નામના આ મેમોરેન્ડમમાં વ્યકત કરેલા વિચારો મુજબ ડૉ. આંબેડકરના મતે રાજય-સમાજવાદ Mix-Economy મિશ્રિત અર્થવ્યવસ્થા આધારિત છે. તેઓ ઈચ્છે છે કે જે કાર્યો મૂડીવાદીઓ નથી કરી શકતા તે કાર્યો રાજય એ કરવા જોઈએ અને જે કાર્યો મૂડીવાદીઓ કરે છે તેમાં શ્રમિકવર્ગને યથોચિત વેતન અને બોનસ મળવું જોઈએ.

આ નવી અર્થવ્યવસ્થા મુજબ ડૉ.આંબેડકર નીજી સંપત્તિના અધિકારને પૂર્ણતયા માન્યતા આપે છે. પરંતુ લાભો અંતર્ગત સીમાનિર્ધારણ કરવાનું પણ અનિવાર્ય સમજે છે. આ કાર્યને રાજય પોતાના મુખ્ય ઉદ્યોગો (Key-Indstries) ને પોતાના નિયંત્રણ હેઠળ આવરી લઈ શકે છે. ડૉ.આંબેડકર પૂંજીપતિ વર્ગને જડમૂળમાંથી નષ્ટ કરવા માંગતા ન હતા. પરંતુ તેમાં સુધારો લાવીને ધીરે-ધીરે તેઓ પોતાના હિતોને જ પ્રાથમિકતા આપી અન્ય જરૂરતમંદોને પણ કેટલીક સુવિધાઓ પ્રદાન કરે.ડૉ.આબેડકર Police-State પોલીસ રાજયના સખ્ત વિરોધી હતા. તેમનું માનવું હતું કે રાજયનું માલિકીપણું કેવળ કૃષિઉદ્યોગો અને મુખ્ય- ઉદ્યોગોમાં હોવું જોઈએ. તેઓ જીવન-વીમા વગેરેનું રાષ્ટ્રીયકરણ ઈચ્છતા હતા.તેનો સાધારણ અર્થ એવો થાય કે રાજયએ એક નિશ્ચિતમૂડી ખેતી અને ઉદ્યોગોમાં લગાવવી જોઈએ. જેનાથી

સમાજનો પરંપરાત્મક ઢાંચો જલદીથી બદલાઈ શકે. ડૉ. આંબેડકર State and Minorites માં દર્શાવે છે કે-

(૧) જે ઉદ્યોગો મુખ્ય ઉદ્યોગો છે તેને ઘોષિત કરવામાં આવે અને તે રાજયના સ્વામિત્ત્વ હેઠળ રહેશે અને તે રાજય દ્વારા ચલાવવામાં આવશે.
(૨) જે ઉદ્યોગો મુખ્ય ઉદ્યોગો નથી, પરંતુ બુનિયાદી ઉદ્યોગો છે, તે રાજયના સ્વામિત્ત્વને આધિન રહેશે. અને રાજયદ્વારા અથવા તો રાજય સ્થાપિત નિગમો દ્વારા ચલાવવામાં આવશે.
(૩) વીમો રાજયના એકાધિકારમાં જ રહેશે અને રાજય દરેક નાગરિકને વિવશ કરશે કે તેઓ પોતાની ઉંમર પ્રમાણે જીવન-વીમા પોલીસી મેળવે ; જે વિધાનમંડળ દ્વારા વિહિત કરવામાં આવે.
(૪) કૃષિ રાજય ઉદ્યોગ હશે.
(૫) રાજય-બિન સરકારી વ્યકિતઓ દ્વારા નિયંત્રિત એવા ઉદ્યોગો, વીમા અને કૃષિભૂમિમાં તેમના જીવન સંબંધી અધિકાર ચાહે સ્વામીના નાતે હોય કે પટ્ટેદાર યા બંધકદારના નાતે અર્જિત કરશે.
(૬) રાજય એમ પણ નકકી કરશે કે કયારે અને કેવી રીતે ઋણપત્ર -ધારક નગદ ભુગતાનની માંગ કરવા માટે હકકદાર રહેશે.
(૭) ફાર્મ ઉપર ખેતીવાડી સામૂહિક ફાર્મમાં કરવામાં આવશે.
(૮) ફાર્મ ઉપર ખેતીવાડી સરકાર દ્વારા નકકી કરાયેલા નિયમો-નિર્દેશો મુજબ કરવામાં આવશે.
(૯) પટ્ટેદાર ફાર્મ પર ઉચિત સ્વરૂપે ઉપજ કરવા યોગ્ય પ્રભાવ અદા કર્યા પછી જ ફાર્મની શેષ ઉપજને આપસમાં વિહિત રીતે વહેંચવામાં આવે.
(૧૦) ભૂમિ ગામના લોકોને જાતિ, લિંગ યા કોઈપણ પ્રકારના ભેદભાવ વગર વહેંચવામાં આવશે. જેથી કોઈ જમીનદાર ન રહે કોઈ પટ્ટેદાર પણ ન રહે અને ભૂમિહિન મજૂર પણ ન રહે.
(૧૧) રાજય પાણી, ખેડવા-વાવવા માટે પશુ, ઉપકરણો, સાધનો, ખાતર, બીયારણ વગેરે આપશે. સામૂહિક ફાર્મ ખેતી માટે નાણાંની સહાય કરશે અને તે માટે બંધાયેલુ રહેશે.

## ૩.૭ રાજય સમાજવાદ અને તેનો અર્થ

ભારતની બંધારણ સભા સમક્ષ એપ્રિલ-૧૯૪૭ માં રજૂ કરેલા નિવેદનમાં ડૉ. આંબેડકરે સૂચવ્યું હતું કે જયારે ભારતનું બંધારણ ઘડવામાં આવે ત્યારે રાજય સમાજવાદના સિધ્ધાંતનો તેમાં સમાવેશ થવો જોઈએ. રાજય-સમાજવાદનો સાધારણ અર્થ એવો થાય છે કે રાજય ઔદ્યોગિક તથા કૃષિવિષયક વિભાગોનું નિયંત્રણ કરીને સમાજવાદના કાર્યક્રમને અમલમાં મૂકશે. તેમના આ સિધ્ધાંતના બે મુખ્ય પાસાં જોઈ શકાય છે. (૧) ચાવીરૂપ મુખ્ય ઉદ્યોગોની માલિકી રાજયની રહેશે (૨) એવા ઉદ્યોગો ખાનગી માલિકોના નહીં રહે. આમ થવાથી અસ્પૃશ્યવર્ગો સહિતનાં પછાતવર્ગોનાં લોકોને સ્વરોજગારીની તકો ઉપલબ્ધ થશે અને ગરીબી નિર્મૂલન રાજય સરકાર યોગ્ય રીતે કરશે. ઔદ્યોગિકરણના લાભો રાજય સરકાર દ્વારા સમાજના તમામ નબળા વર્ગો સુધી પહોંચતા થશે એ તેમનો મુખ્ય સિધ્ધાંત હતો. રાજય વીમાયોજના પણ સંપૂર્ણ રીતે રાજયને હસ્તક જ રહેશે.

કૃષિક્ષેત્રને રાજયનો ઉદ્યોગ ગણવાનું મુખ્ય કારણ એ દ્રષ્ટિગોચર થાય છે કે જમીનદારી પ્રથા નાબૂદ થાય. રાજય સામૂહિક ખેતીની શરૂઆત કરશે. ખેડૂતોને ખેતીની ઉપજનો અંશરૂપ ભાગ મળશે જ પરંતુ તે માટે જરૂરી સાધનો, હળ,બળદ, ટ્રેકટર, બિયારણ, પાણી-સિંચાઈ, દવાઓ, ખાતર વગેરેની વ્યવસ્થા રાજય સરકાર કરશે. રાજય સરકાર ખેડૂતો પાસેથી ફરજિયાત વસુલ કરશે તે અનાજની વ્યાજબી ભાવે સમાનતાના ધોરણે વહેંચણી કરશે. અન્ય સરળ શબ્દોમાં કહીએ તો રાજય કૃષિ અને ઉદ્યોગો બન્નેનું અસરકારક રીતે નિયંત્રણ કરશે. આ યોજના સંપત્તિની સમાન વહેંચણીની ખાત્રી આપશે. સમાજના સઘળા વર્ગોની સુખાકારી એ રાજયની જવાબદારીનો એક ભાગ બનશે આમ છતાં રાજકીય રીતે સંસદ જેવી લોકશાહીની સંસ્થાઓ યથાવત રહેશે.

**"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય-૨**

૧. ડૉ. આંબેડકરે રાજય અને અલ્પ-સંખ્યકો નામના મેમોરેન્ડમમાં વ્યકત કરેલા વિચારો જણાવો.

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

૨. ભૂમિની વહેંચણી અંગે બાબા સાહેબ શું માનતા હતા ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. કૃષિક્ષેત્રને રાજ્યનો ઉદ્યોગ ગણવાનું મુખ્ય કારણ શું છે. ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૩.૮ સારાંશ

આ એકમમાં તમે સમાજના કચડાયેલા પીડિત અને અન્ય પછાત વર્ગોને જ્યાં સુધી સમાનતાના અધિકારો પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી દેશને મળેલી આઝાદીનો કોઈજ અર્થ રહેતો નથી, તે ડૉ. આંબેડકરના સમાજવાદ અંગેના વિચારો પરથી જાણ્યું. આ એકમમાં તમે જોયું કે દલિત, દાસ અને પછાત વર્ગોને સામાજિક ગુલામીમાંથી મુક્તિ અપાવવા માટે ડૉ. આંબેડકરે આજીવન પ્રયત્નો કર્યા છે. તેમણે દેશની આઝાદીની સાથે દલિતોની આઝાદી માટે ખૂબજ સંઘર્ષ કર્યો છે. આ માટે કયારેય તેમણે વર્ગ વિગ્રહ થવા દીધો નથી. ફક્ત લોકશાહી ઢબે દરેક સમાજને એક કરવા માટેના વિચારો જ તેમના સમાજવાદમાં જોવા મળ્યા. ડૉ. આંબેડકરે દેશમાં સમાજવાદની સ્થાપના માટે શોષિત અને દાસ વર્ગોને "આત્મ નિર્ભર બનવા" હાકલ કરી.

આ એકમમાં જણાવ્યા મુજબ તેમનું સ્પષ્ટ મંતવ્ય હતું કે સમતા, સમાજ અને સમાજવાદની વાત કરતાં પહેલાં લોકોની ગરીબી એટલે કે નિર્ધનતા દૂર કરવી જોઈએ. કારણ કે નિર્ધનતા એ એક સામાજિક દૂષણ છે. જ્યાં સુધી એ દૂર નહી થાય ત્યાં સુધી સમાજવાદની વાત કરવી એ દિવાસ્વપ્ન બરાબર છે. કારણ કે નિર્ધનતા અને સમાજવાદ એકબીજાના વિરોધી છે. ગરીબી દૂર કરવા માટેના ઉપાયોમાં ખાસ કરીને કૃષિ ઉદ્યોગો અને મુખ્ય ઉદ્યોગો તથા જીવન વીમા નિગમ વગેરેનું રાષ્ટ્રીયકરણ કરવા પર તેમણે ખાસ ભાર મૂકયો છે. ભૂમિ ગામના લોકોને જાતિ, પંથ યા કોઈપણ પ્રકારના ભેદભાવ વગર વહેંચવામાં આવે તો કોઈ પટ્ટેદાર કે જમીનદાર ન રહે અને કોઈ ભૂમિહીન મજૂર પણ ન રહે. આમ, સમાજવાદની સ્થાપના માટે ગરીબી દૂર કરવાની વાત તમે આ એકમમાં વાંચી ગયા છો.

## ૩.૯ કેટલાક ઉપયોગી પુસ્તકો

(૧) રાજ્ય ઔર અલ્પસંખ્યક-ડૉ.આંબેડકર
મેમોરેન્ડમ-૧૯૪૭ (હિન્દી)

(૨) ડૉ. આંબેડકરકા વિચારદર્શન (હિન્દી)
લે. ડૉ. રામગોપાલ સિંહ (મધ્યપ્રદેશ)

(૩) ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા
ડૉ.એ આર. દેસાઈ (૧૯૪૮)

(૪) ડૉ.આંબેડકર જીવન અને કાર્ય
મૂ.લે. ધનંજય કીર (૧૯૫૪)

(૫) ભીમરાવ આંબેડકર-ડબલ્યુ એન.કુબેર (હિન્દી)

# એકમ -૪ ડૉ. આંબેડકર અને લોકશાહી

રૂપરેખા :-

૪.૧. ઉદ્દેશો
૪.૨ પ્રસ્તાવના
૪.૩ ડૉ. આંબેડકરના મતે લોકશાહીનો અર્થ
૪.૪ સંસદીય લોકશાહી તરફ ઝૂકાવ
૪.૫ સામાજિક લોકશાહી
૪.૬ સારાંશ
૪.૭ કેટલાક ઉપયોગી પુસ્તકો

## ૪.૧ ઉદ્દેશો

આ એકમમાં તમે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના લોકશાહી અંગેના વિચારો જાણી શકશો. આ એકમમાં ખાસ નોંધનીય બાબત એ છે કે લોકશાહી શાસન વ્યવસ્થામાં અખૂટ આત્મવિશ્વાસ ધરાવતા ડૉ. આંબેડકરે પુખ્તવય મતાધિકારને લોકશાહીનું પ્રથમ પગથિયું ગણાવ્યું છે. તેમણે બ્રિટીશ સરકારે વિધાન સભાઓ માટે જે મતાધિકારના કાયદાઓ ઘડયા હતા તેનો વિરોધ કરી સંવિધાનમાં અઢાર વર્ષની વયનો કોઈપણ નાગરિક મત આપવાનો હકકદાર છે,એમ સ્પષ્ટ જણાવ્યુ છે. આ એકમના અભ્યાસ પછી તમે -

- લોકશાહી રાજય વ્યવસ્થાથી વાકેફ થશો.
- મતાધિકારનું મહત્વ સમજી શકશો.
- સામાજિક લોકશાહી અંગે વિચારતા થશો.
- લોકશાહી શાસન વ્યવસ્થાનું રક્ષણ કરવા સમર્થ બનશો.

## ૪.૨ પ્રસ્તાવના

ભારતમાં જે મહાન રાજકીય વિચારકો થઈ ગયા તે સૌ લોકશાહી રાજ્ય વ્યવસ્થામાં પ્રબળ શ્રધ્ધા ધરાવતા હતા. આ બધાજ રાજકીય વિચારકોની માફક ડૉ. બાબા સાહેબ આંબેડકરને પણ લોકશાહી રાજ્યતંત્રમાં પ્રબળ આત્મવિશ્વાસ હતો. જોકે સામ્રાજ્યવાદ, સરમુખત્યારશાહી, ફાંસીવાદ જેવા અસંખ્ય રાજનૈતિક ફાંટાઓ વિશ્વમાં વિકાસ પામ્યા હતાં તે પૈકીમાં લોકશાહી પ્રથા સૌથી ચડિયાતી સાબિત થઈ છે. કેમકે તેમાં વ્યકિત અને શાસકો ઉપર પ્રજાનો કાબૂ હોય છે. બંધારણીય ઈલાજના અધિકાર અંતર્ગત કોઈ પણ શાસક પ્રજાના પ્રતિનિધિને મતદારો પાછા બોલાવી શકે છે તે પ્રકારની વ્યવસ્થા આપણા રાજ્ય બંધારણમાં કરવામાં આવી છે. લોકશાહી રાજયવ્યવસ્થા બાબતે દેશના અન્ય નેતાઓની જેમજ ડૉ. આંબેડકર સમાન પ્રકારનો અભિપ્રાય ધરાવતા હતા. ભારતમાં પ્રાચીન સમયમાં લોકશાહીનો સુપેરે વિકાસ થયો હતો, તેમ આંબેડકરે જણાવીને વૈદિકયુગ પછી ઉન્નતિને શિખરે પહોંચેલા બૌધ્ધકાલિન ભારતમાં વિકસેલી લોકશાહી પ્રક્રિયાનો ઉલ્લેખ કર્યો હતો.

લોકશાહી અંગેના ડૉ. આંબેડકરના કેટલાક વિચારો ઈન્ડીયન સ્ટેચ્યુટરી કમિશન-(૧૯૨૮) સમક્ષ પ્રસ્તુત કરેલા મતાધિકાર આવેદનપત્રમાં જોઈ શકાય છે. આ કમિશન સમક્ષ રજૂ કરેલા રીપોર્ટમાં ડૉ. આંબેડકરે વયસ્ક (પુખ્તવય) મતાધિકારની માગણી કરી હતી. આ પહેલાં બ્રિટીશ સરકારે પસાર કરેલા ૧૯૦૯, ૧૯૧૯ અને ૧૯૩૫ ના કાયદાઓ અંતર્ગત વિધાનસભાઓ માટે જે મતાધિકાર હતો તે જમીનદારો, વેપારીઓ, નરેશ મંડળ તથા અન્ય બ્રિટીશ હિતેચ્છુઓને પ્રાપ્ત હતો, તેમજ સરકાર કેટલાક નિયુક્ત પ્રતિનિધિઓ પણ ચૂંટતી પરિણામે વિધાનસભાઓમાં બ્રિટીશ સરકારનું વર્ચસ્વ રહેતું. આ પ્રકારની ભેદભાવભરી મતદાન વ્યવસ્થા રદ કરીને તેને સ્થાને ડૉ. આંબેડકરે પુખ્તવય મતાધિકારની માગણી કરી હતી જે લોકશાહીનું પ્રથમ પગથિયું છે. એવા પ્રકારની મતદાન પધ્ધતિ ૧૯૩૫ ના કાયદાઅનુસાર ૧૯૪૭ સુધી ચાલુ રહી હતી. જ્યારે બાબા સાહેબને આઝાદી પછીનું બંધારણ ઘડવાની તક મળી ત્યારે સંવિધાનમાં અનુચ્છેદ ૩૨૬ દાખલ કરીને ૧૮ વર્ષની વયનો ભારતનો કોઈપણ નાગરિક મત આપવાને હકદાર બનાવ્યો છે. આમ, ડૉ. આંબેડકરે પુખ્તવય મતાધિકાર પ્રદાન કરીને લોકશાહીની નીંવ મજબૂત કરી છે જેનાં આજદિન સુધી મીઠાં ફળ આપણે ભોગવી રહ્યા છીએ.

## ૪.૩ બાબા સાહેબના મતે લોકશાહીનો અર્થ

લોકશાહી બાબતે ડૉ. આંબેડકરની વિચારધારા એવી હતી કે શાંતિમય રાહે કોઈ પણ પ્રશ્નનું નિવારણ આવી શકે છે અને પરિવર્તન પણ લાવી શકાય છે. તેથી તેઓ લોકશાહીને શાંતિમય પરિવર્તન

લાવવા માટેનું મજબૂત સાધન ગણતા હતા. તેમનું મંતવ્ય હતું કે લોકશાહીનો અર્થ બહુમતી દ્વારા શાસન કે લોકપ્રતિનિધિ દ્વારા ચલાવવામાં આવતી સરકાર એમ થતો નથી, પરંતુ તે માત્ર લોકશાહીની સંકુચિત અને મર્યાદિત વ્યાખ્યા માત્ર જ છે. જો લોકશાહીને સમાજ પરિવર્તન લાવવાનો રાહ સમજીશું તો જ આપણે તેનો સાચો અર્થ સમજી શકીશું તેથી સરકારની યોજનાથી ઊંચે ઊઠીને લોકશાહીનો ડૉ.આંબેડકરનો ખ્યાલ ઘણો સવિશેષ રીતે આગળ પ્રસરે છે. સરકારનું વહીવટીય સ્વરૂપ લોકશાહી મુજબનું હોય તેટલુ જ નહી પરંતુ સમાજિક અને આર્થિક સ્વરૂપની લોકશાહીની પ્રજાજનોને અનુભૂતિ થવી જોઈએ તો જ લોકશાહી સાચા અર્થમાં સફળ થાય પરંતુ આ બધું ક્યારે બને કે જ્યારે સ્વયં લોકો સ્વતંત્ર રીતે સામાજિક ઢાંચામાં પરિવર્તન લાવે.

આંબેડકરનાં મંતવ્ય મુજબ લોકશાહીનો અર્થ, "એક વ્યક્તિ એક મત" નો સિધ્ધાંત થાય છે જે સિધ્ધાંત રાજકીય સમાનતા સૂચવે છે. દેશની એક વ્યક્તિ માત્ર એક જ મત આપીને દેશની લોકશાહી શાસન વ્યવસ્થામાં પોતાનું યોગદાન આપે છે. ચૂંટણીઓ, રાજકીય પક્ષો તથા સરકારો વગેરેતો છેવટે લોકશાહીની ઔપચારિક પરંપરાઓ છે, પરંતુ રાજકીય દમન તથા અન્યાય પ્રવર્તે ત્યારે તેમાં રાજકીય લોકશાહીની તંદુરસ્ત ભાવના અભિપ્રેરિત રહેતી નથી તેથી લોકશાહીનું વિસ્તરણ માત્ર રાજકીય લોકશાહી સુધી મર્યાદિત ન રહેતાં સમાજ સુધી થવું જોઈએ. ડૉ.આંબેડ- કરના મંતવ્ય પ્રમાણે જ્યાં સુધી જ્ઞાતિ આધારિત પરિબળો હયાતી ધરાવે છે ત્યાં સુધી જ્ઞાતિવાદી રાજકીય સંગઠનો બહાર આવશે અથવા તો કોઈ પણ રાજકીય પક્ષ જ્ઞાતિવાદી સંગઠનોને મહત્વ આપશે. પરિણામે સમાજમાં અસમાનતા ફેલાશે. લઘુકક્ષાની જ્ઞાતિઓના પ્રતિનિધિઓ રાજકીય લોકશાહીથી વંચિત થઈ જશે અને જે સમાજ બહુમતિ ધરાવતો હશે તે જ્ઞાતિ સમુદાય કે સમાજના પ્રતિનિધિઓ જ ચૂંટાયા કરશે, પરિણામે અન્ય અલ્પ સમૂદાયિત જ્ઞાતિના પ્રતિનિધિઓ લોકશાહીથી વંચિત રહી જશે. એ અર્થમાં સમાજમાં બંધુત્ત્વ અને સમાનતાની ભાવના નષ્ટ થશે. ભારતમાં લોકશાહીની સફળતાનો આધાર સામાજિક લોકશાહીની સ્થાપનામાં રહેલો છે.

વસ્તુત : રીતે જોઈશું તો ડૉ.આંબેડકર પ્રજાતંત્રને વ્યાવહારિક દ્રષ્ટિએ જોતા હતા. દુનિયાના પ્રત્યેક પ્રજાતાંત્રિક દેશો સાથે મિત્રતાભર્યું વલણ હોવું જોઈએ પડોશી રાષ્ટ્રો સાથે પ્રેમનો હાથ લંબાવવાની વાત ઉપર જોર આપતાં તેમણે કહ્યું હતું કે, "પ્રજાતાંત્રિક સભ્યતાના આધારને સ્થાયી રાખવા માટે આપણે અન્ય લોકતાંત્રિક દેશો સાથે હળીમળીને ચાલવું જોઈએ." લોકતાંત્રિકની વાસ્તવિક સમસ્યાઓનું સમાધાન આપણે શોધી કાઢવું જોઈએ. માનવ અનુભવના આધાર ઉપર જ ડૉ.આંબેડકરે ભારતમાં લોકશાહી પ્રજાતંત્રને યોગ્ય ઢંગનું સ્વરૂપ આપવા ઈચ્છ્યું.

**"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય -૧**

૧. નીચેના વિધાનો વાંચી યોગ્ય શબ્દવડે ખાલી જગ્યા પૂરો.

(૧) ....................વર્ષની વયનો ભારતનો કોઈપણ નાગરિક મત આપવાને હકદાર છે.

(૨) લોકશાહીનો અર્થ .......................નો સિધ્ધાંત થાય છે.

(૩) ભારતમા લોકશાહીની સફળતાનો આધાર .................લોકશાહીની સ્થાપનામાં રહેલો છે.

૨. ડૉ. આંબેડકરે પુખ્તવય મતાધિકારની વ્યવસ્થા કેમ કરી ?

.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................

૩. જ્ઞાતિવાદી રાજકીય સંગઠનોના ભયસ્થાનો જણાવો.

.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................

૪. પ્રજાતાંત્રિક સભ્યતાના આધારને સ્થાયી રાખવા માટે શુ કરવું જોઈએ. ?

.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................

## ૪.૪ સંસદીય લોકશાહી તરફ ઝુકાવ

ડૉ. આંબેડકર એક એવા પ્રકારની લોકશાહી ઈચ્છતા હતા કે જેમાં તેનું ગઠન સંસદીય સ્વરૂપનું હોય, દુનિયામાં શાસન વ્યવસ્થા અંતર્ગત લોકશાહી ઢબે બે પ્રકારનું શાસન તંત્ર ગોઠવાય છે. એક પ્રમુખ પધ્ધતિની લોકશાહી અને બીજી સંસદીય સ્વરૂપની લોકશાહી. રાજકીય પક્ષોને સંસદીય સ્વરૂપની લોકશાહીના અસરકારક અમલ માટે પ્રોત્સાહિત કરવાના હોય છે. આ બાબત જ વિરોધપક્ષના અસ્તિત્વની ખાતરી આપે છે. સંસદીય સ્વરૂપની લોકશાહીમાં પ્રબળ વિરોધપક્ષ હોવો જરૂરી છે. સંસદીય સરકારને એક જવાબદાર સરકાર તરીકે માનવામાં આવતી હોઈ શાસકવર્ગ પર સતત દેખરેખ રાખવામાં આવતી હોવાથી વિરોધપક્ષ સરકારને નિયંત્રણમાં રાખવાની ભૂમિકા ભજવે છે. પરિણામે લોકશાહી વ્યવસ્થામાં વિશ્વાસ વ્યક્ત કરતાં ડૉ. આંબેડકરે કહ્યુ હતું કે, સંસદીય સ્વરૂપની લોકશાહી વ્યવસ્થા હોવી ખૂબ જરૂરી છે, કેમ કે તેના વગર રાજનૈતિક સંસ્થાઓ અને સામાજિક સંબધોમાં લોકતાંત્રિક ભાવનાનો વિકાસ થતો નથી. તેમના મંતવ્યાનુસાર સંસદીય સ્વરૂપની લોકશાહીથી ઉત્તમ ફળ પ્રાપ્ત થયાં છે, કેમ કે તેમાં યોગ્યતા, આત્મસન્માન, સહયોગ, આત્મ સહાયતા, સંયમ અને કર્તવ્ય જેવા સર્વોત્તમ ગુણો કરોડો લોકોના કલ્યાણ માટે પ્રબળ બને છે. અને તેની વ્યવસ્થા જો યોગ્ય હોય તો સઘળા લોકોને સમાન અવસર પ્રદાન થાય છે.

સંસદીય સ્વરૂપની લોકશાહીમાં ડૉ. આંબેડકર એટલા માટે શ્રધ્ધા ધરાવતા હતા કે, તેમાં રાષ્ટ્રીય ચરિત્રને પ્રાથમિકતા આપવામાં આવે છે. સંસદીય સરકાર એક ઉત્તમ વ્યવસ્થાની દ્યોતક છે , કેમકે તે ઈમાનદારી, શાન્તિ, સાહસ, આત્મવિશ્વાસ અને પરિશ્રમ જેવા માનવીય ગુણોને પ્રભાવિત કરે છે. આ બાબત તમને અન્ય કોઈ પ્રકારની રાજ્ય વ્યવસ્થામાં નજરે નહી પડે. એટલા માટે જ ડૉ. આંબેડકરે સંસદીય સ્વરૂપની લોકશાહીને અગત્યતા આપતાં કહ્યું કે, "જ્યારે કેટલીક એવી ક્ષણો આવે છે ત્યારે હું વિચારુંછું કે ભારતમાં જનતંત્રનું ભવિષ્ય બહુજ અંધકારમય લાગે છે. પરંતુ ક્યારેક એવી ક્ષણો પણ આવે છે ત્યારે હું અનુભવું છું કે જો આપણે ખભેખભા મિલાવીને એક સાથે ચાલીએ અને સંવિધાનિક નૈતિકતાને કાયમ રાખવાની દ્રઢ પ્રતિજ્ઞા કરીએ તો આપણે એવી પક્ષીય વ્યવસ્થા કરી શકીએ કે જેમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્ત્વની ભાવનાનુ રક્ષણ થાય."

## ૪.૫ સામાજિક લોકશાહી

ડૉ. આંબેડકરે જાતિવાદ તેમજ અન્યાયની સામે આજીવન સંઘર્ષ કર્યો કેમ કે, ભારતમાં અમુક વર્ગ માટે અમન ચમનના તમામ સાધનો હતા જ્યારે એક વિશાળવર્ગ આ પ્રકારની સુવિધાઓથી વંચિત રહી ગયો હતો. આ પ્રકારની અસમાનતાભરી સામાજિક વ્યવસ્થા સામે ડૉ. આંબેડકરે વિદ્રોહ કર્યો તેમજ દેશના કરોડો લોકોને માનવીય અધિકારો પ્રદાન કરાવવા સંઘર્ષ કર્યા. આજે વિશ્વમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ આ પ્રકારના પ્રયાસો કરી રહ્યો છે. ડૉ. આંબેડકરે ભારતના શોષિત લોકોને જાગૃત કર્યા . તેમના મનમાં ઉદ્દભવતી સન્માન અને આત્મ વિકાસની ભાવના જાગ્રત કરી, એટલું જ નહીં તેમને પોતાના અધિકારો પ્રત્યે સજાગ પણ કર્યા અને એ ઉચિત પણ કર્યું એટલા માટે કે જ્યાં લોકો અધિકાર હીન જીવન વ્યતિત કરેછે ત્યાં લોકશાહીની સફળતા દુષ્કર છે. તેમના જીવનનું મુખ્ય ધ્યેય સામાજિક લોકશાહીની સ્થાપના કરવાનું હતું.

ડૉ. આંબેડકરના મંતવ્ય મુજબ લોકશાહીની પહેલી શરત એ છે કે "લોકશાહી સમાજની સ્થાપના કરવી જોઈએ. કોઈપણ લોકશાહીમાં સામાજિક લોકશાહી નહીં હોય તો તેનું કશું જ મૂલ્ય નથી; અને વાસ્તવમાં તે ઉપયુક્ત પણ નથી. રાજનૈતિક નેતાઓએ કયારેય એવા અનુભવ નથી કર્યો કે લોકશાહી સ્વરૂપ માત્ર જ નથી, પણ આવશ્યક રીતે સમાજ-વ્યવસ્થા પણ છે." તેના સામાજિક જનતંત્રમાં પ્રત્યેક નાગરિકને પણ સન્માનયુક્ત સ્થાન છે. બધાની સુરક્ષાનો જેમાં પ્રબંધ કરાયો છે. લોકશાહીમાં એકલા કોરા રાજકીય વિચારો પણ કશાજ કામનાં નથી. તેના કરતાં વિશેષ સામાજિક સંબધો અને તેને પ્રાપ્ત કરવાનો માર્ગ પણ સારો હોવો જોઈએ. રાજનૈતિક લોકશાહી સામાજિક પીઠબળના આધાર વગર અપૂર્ણ છે. એટલા માટે જ ડૉ. આંબેડકરે રાજનૈતિક વિચારોને સામાજિક ઉદેશ્યોની સાથે સાથે સમન્વિત કરવાની કોશિષ કરી. રાજકીય લોકશાહી અને સામાજિક લોકશાહી બન્ને સાથે ચાલે છે અને તેમાં અતૂટ શ્રધ્ધા અથવા વિશ્વાસ હોવો જોઈએ.

૧૯ મી સદીમાં એક વિચાર એવો પ્રચલિત થયો કે લોકશાહીમાં દરેક વ્યક્તિને મત આપવાનો અધિકાર મળવો જોઈએ. સામાજિક લોકશાહીમાં સંકુચિત વિચાર, સામ્પ્રદાયિક્તા તથા જાતિવાદનો ત્યાગ કરવો જરૂરી છે. ડૉ. આંબેડકર કહે છે કે, પ્રથમ તો પોતાના સાથીઓ સાથે સન્માન તથા સમાનતાની મનોવૃત્તિ હોવી જાઈએ, બીજું કે સમાજ અથવા સંગઠનોએ કેટલાક કઠોર નિયમોથી મુક્ત થવું જોઈએ. એટલા માટે જ લોકશાહી જનતંત્ર અલગાવવાદ અને અકેલાપનનું વિરોધી છે, કેમકે તેના પરિણામો વિભિન્ન અધિકારોમાં જ પ્રગટ થાય છે.

ભારતમાં લોકશાહી વ્યવસ્થાને સફળતા બક્ષવા ડૉ.આંબેડકરે કેટલાક ઉપાયો પણ સૂચવ્યા હતા. લોકશાહીનો અર્થ બહુમતિનું શાસન થાય છે. પરંતુ તેનું પરિણામ બહુમતિના જુલમમાં આવવું ન જોઈએ. બહુમતિઓએ પણ કાયમ લઘુમતિઓના અભિપ્રાયો અથવા દ્રષ્ટિબિંદુઓને માન્યતા આપવી જોઈએ. ભારતમાં એક બાબત શક્ય છે કે લઘુમતિ સમાજ કાયમ રાજકીય લઘુમતિ હોય એથી એટલું જરૂરી છે કે લઘુમતિ પોતે સ્વતંત્ર,સુરક્ષિત અને સલામત છે તેમ તેને લાગવું જોઈએ. લોકશાહીનું રક્ષણ કઈ રીતે કરવુ તે વિશે આપણી બંધારણસભામાં એક પ્રવચનમાં ડૉ.આંબેડકરે કહ્યું હતું કે, "આર્થિક અને સામાજિક સમાનતાની સ્થાપના માટે સંવિધાનના સિધ્ધાંતોને જ અપનાવવામાં આવે તે આવશ્યક છે. દેશમાં જો સામાજિક અસમાનતા હશે તો વિવિધ પ્રકારના પ્રશ્નો ઉભા થશે અને તેનો નિકાલ કરવામાં જ સમય બરબાદ કરવો પડશે." આ બાબતે દેશની સ્થિતિ વિશે તેઓ બંધારણ સભામાં સતત ચિંતા વ્યક્ત કરતા રહેતા હતા. હવે જો ભારતમાં લોકશાહીની રક્ષા કરવી જ હોય તો ડૉ.આંબેડકરના મંતવ્ય મુજબ સામાજિક અને આર્થિક ઉદેશની પરિપૂર્તિ કરવી જ પડશે. અને તે બંધારણીય માર્ગે જ થવી જોઈએ લોહીયાળ (હિંસક)માર્ગે નહીં. આ માટે માત્ર રાજકીય લોકશાહીમાં સંતોષ માનીને બેસી ન રહેતાં તેને સામાજિક અને આર્થિક લોકશાહીમાં પરિવર્તિત કરવામાં ન આવે ત્યાં સુધી રાજકીય લોકશાહી ટકતી નથી. સામજિક લોકશાહી એટલે સમાનતા, સ્વતંત્રતા તથા ભ્રાતૃત્વભાવને જીવનના સિધ્ધાંત તરીકે સ્વીકારનારી જીવન દ્રષ્ટિ.

**"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય -૨**

૧. સંસદીય લોકશાહીના ફાયદા જણાવો

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

૨. લોકશાહીનું રક્ષણ કરવા શું કરવુ જોઈએ. ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

૩. લોકશાહી વ્યવસ્થાને સફળ બનાવવાના ઉપાયો જણાવો

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

૪. સામાજિક લોકશાહી એટલે શું ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## ૪.૬ સારાંશ

આ એકમ વાંચીને તમે વિશ્વમાં વિકાસ પામેલા સામ્રાજ્યવાદ, સરમુખત્યારશાહી ,ફાંસીવાદ જેવા રાજનૈતિક ફાંટાઓમાંથી ભારતીય લોકશાહી વ્યવસ્થામાં વ્યક્તિ સ્વાતંત્ર્ય અને શાસકો પર પ્રજાનું નિયંત્રણ એ બાબતથી વધુ પ્રભાવિત થયા હશો. ડૉ.આંબેડકરના મતે લોકશાહી એટલે "એક વ્યક્તિ એક મત." નો સિધ્ધાંત તમે જાણી શકયા. ભારતમાં લોકશાહીની સફળતાનો આધાર સામાજિક લોકશાહીમાં જ રહેલો છે. તેથી સમાજમાં બંધુત્ત્વ અને સમાનતાની ભાવના પ્રબળ બનાવવી જોઈએ. એટલું જ નહીં દુનિયાના પ્રત્યેક પ્રજાતાંત્રિક દેશો સાથે આપણે મિત્રતા ભર્યો વ્યવહાર રાખી હળીમળીને રહેવું જોઈએ. એ બાબત આ એકમના અભ્યાસ પછી તમે સુપેરે જાણી શકયા છો. પ્રમુખ પધ્ધતિની લોકશાહી અને સંસદીય લોકશાહીમાંથી તમે સંસદીય સ્વરૂપની લોકશાહી વ્યવસ્થાથી પ્રભાવિત થયા હશો. ટૂંકમાં આપણે જો ખભે ખભા મિલાવીને ચાલીશું તો લોકશાહી વ્યવસ્થાના ઉત્તમ ફળ સ્વરૂપે દેશમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્ત્વની ભાવના કેળવી શકીશું. એમાં શંકાને કોઈજ સ્થાન નથી.

## ૪.૭ કેટલાક ઉપયોગી પુસ્તકો

(૧) બંધારણના ઘડવૈયા- પી.એ. પરમાર
(૨) Political Philosophy of Dr. B.R. Ambedkar - Dr. D.R. Jatava
(૩) બાબા સાહેબ ડૉ. આંબેડકર ગ્રંથ-૧૭
(૪) Dr. B.R. Ambedkar : A Study in Social Democracy G.S. Lokhande
(૫) ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ડૉ. આંબેડકરની ભૂમિકા- પી.એ. પરમાર
(૬) ભારતીય સંવિધાન ઔર ડૉ. આંબેડકર એલ.આર. બાલી. (હિન્દી)

## એકમ ૫ ડૉ. આંબેડકર અને માનવઅધિકાર

રૂપરેખા :-


૫.૧ ઉદ્દેશો

૫.૨ પ્રસ્તાવના

૫.૩ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં માનવ અધિકાર

૫.૪ માનવ અધિકારની વ્યાખ્યા

૫.૫ માનવ અધિકારનું કાનૂની સ્વરૂપ

૫.૬ માનવઅધિકારનું મહત્ત્વ

૫.૭ ડૉ.આંબેડકરઃ માનવ અધિકારના યોધ્ધા

૫.૮ રાજ્ય અને અલ્પ સંખ્યક : મેમોરેન્ડમ

૫.૮.૧ સંક્ષિપ્ત વિશ્લેષણ

૫.૮.૨ લઘુમતિઓ -પછાતવર્ગો અનુ. જાતિઓ, જન-જાતિઓની માનવ અધિકારો માટે માંગ

૫.૯ ભારતીય સંવિધાનના નિર્માતા અને માનવ અધિકારોના સંરક્ષક

૫.૧૦ બંધારણમાં સમાવિષ્ટ થયેલ માનવ અધિકારો

૫.૧૦.૧ આમુખ

૫.૧૦.૨ સમાનતાનો અધિકાર

૫.૧૦.૩ સ્વાતંત્ર્યનો અધિકાર

૫.૧૦.૪ શોષણ સામેનો અધિકાર

૫.૧૦.૫ જીવન જીવવાનો અધિકાર

૫.૧૦.૬ ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર

૫.૧૦.૭ સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર

૫.૧૧ અનુ. જાતિ, જન-જાતિના માનવ અધિકારો

૫.૧૧.૧ અસ્પૃશ્યતા નાબૂદી

૫.૧૧.૨ શિક્ષણનો અધિકાર

૫.૧૧.૩ લઘુમતિઓનો અધિકાર

૫.૧૧.૪ બાળકોના માનવ અધિકારો

૫.૧૧.૫ સ્ત્રીઓ અને માનવ અધિકારો

૫.૧૧.૬ બંધારણમાં નિર્દિષ્ટ માનવ અધિકારો સંક્ષિપ્તમાં

૫.૧૨ સારાંશ

૫.૧૩ કેટલાક ઉપયોગી પુસ્તકો


## ૫.૧ ઉદ્દેશો

આ એકમમાં તમે ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણમાં માનવ માત્રને બક્ષેલા માનવ અધિકારોનો વિગતે પરિચય મેળવી શકશો. ડૉ. આંબેડકરે બંધારણમાં માનવ અધિકારોને બંધારણનો જ એક ભાગ બનાવવા અવિરત સંઘર્ષ કર્યો છે, તે જાણી શકશો. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે -

- ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં માનવ અધિકારને મૂલવી શકશો.
- માનવ અધિકારોના કાનૂની સ્વરૂપ વિશે જાણી તેનું મહત્ત્વ સમજી શકશો.
- રાજ્ય અને અલ્પ-સંખ્યક મેમોરેન્ડમમાં રજૂ કરેલા માનવ અધિકારો ની વિસ્તૃત માહિતી મેળવી શકશો.
- લઘુમતિઓ-પછાતવર્ગો, અનુ. જાતિઓ, જન-જાતિઓના માનવ અધિકારો જાણી શકશો.
- બંધારણમાં સમાવિષ્ટ માનવ અધિકારોનો આસ્વાદ માણી શકશો. જેમાં -
  - સમતાનો અધિકાર
  - સ્વાતંત્ર્યનો અધિકાર
  - શોષણ સામેનો અધિકાર
  - જીવન જીવવાનો અધિકાર
  - ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર
  - સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર
  - અનુ. જાતિ, જન-જાતિ માનવ અધિકાર

## ૫.૨ પ્રસ્તાવના

માનવ જીવન સાથે વણાઈ ગયેલા માનવ અધિકારો સમાજમાં વ્યકિતના સામાજિક ગૌરવ, માનવીય ગૌરવ અને આત્મ સન્માનને ઉજાગર કરે છે. માનવ અધિકાર સ્વયંમાં અંતર્નિહિત છે. સામાજિક નૈતિકતા, વ્યકિતગત મૂલ્ય, સામાજિક પદક્રમિત અને જન્મ, લીંગ, કોમ, જાતિ, સ્રી-પુરૂષ, બાળક, વૃધ્ધ, સરકાર, સમાજ અને દૈવી મૂલ્યો સાથે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

દરેક વ્યકિત સમાજમાં ગૌરવભેર તેમજ આત્મસન્માનથી જીવી શકે તે માટે માનવ અધિકારોને કાનૂની સ્વરૂપ આપવામાં આવ્યું છે. ડૉ. આંબેડકરે સ્પષ્ટ જણાવ્યું છે કે કાયદા સમક્ષ સૌ સમાન છે. માનવ અધિકારોના યોધ્ધા તરીકે ઓળખાતા ડૉ. આંબેડકરે આઝાદી પહેલાં માર્ચ-૧૯૪૭ માં રાજય અને અલ્પ-સંખ્યક નામે એક મેમોરેન્ડમ તૈયાર કરી બંધારણ સભા સમક્ષ રજૂ કર્યું હતું. જેમાં માનવ અધિકારોની તેમણે વિસ્તૃત છણાવટ કરી છે. જયારે તેમને બંધારણ ઘડવાની તક મળી ત્યારે માનવી ને માનવ તરીકેના અધિકારો પ્રદાન કરવા તેમણે આજીવન સંઘર્ષ કર્યો અને તેના ફળ સ્વરુપે એક ઉત્તમ પ્રકારનું લોકશાહી પધ્ધતિનું બંધારણ ભારતને પ્રાપ્ત થયું.

## ૫.૩ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં માનવ અધિકાર

માનવ અધિકારવાદીઓ માનવ અધિકારના મૂળ અને ઉદ્ભવસ્થાન રોમ અને ગ્રીસમાં હોવા માટે પ્રેરાય છે. આ વિચારધારાની સ્થાપના જેનો ઓફ વિટ્યિમે કરી હોવાનું વિનો માનતા રહયા છે. જો કે મધ્યકાળમાં થોમસ એકવીનાસ, હયુગ્રોશિયસ, મેગ્નાકાર્ટા, ઈંગ્લેન્ડમાં જહોન લૉક, ફ્રાંસમાં મોન્ટેસ્કયુ, વોલ્ટેર તથા રૂસો જેવા વિચારકોએ વિદેશની ધરતી ઉપર આ ચિંતનને અધિક વેગ આપ્યો હતો.

ઐતિહાસિક દ્રષ્ટિએ ઈ.સ. ૧૭૮૯ માં ફ્રાંસનું માનવ અધિકાર ઘોષણાપત્ર મહત્ત્વનું ગણાય છે પરંતુ દ્વિતીય વિશ્વયુધ્ધ વખતે ઉદ્ભવેલા જર્મન નાઝીવાદ તથા ઈટાલીના ફાંસીવાદે માનવ અધિકારોને વધુ ઉત્પ્રેરિત કર્યા.કેમ કે આ બન્ને નાઝીવાદ અને ફાંસીવાદ દરમિયાન માનવ અધિકારો સંબંધે કેટલીક નવી સમસ્યાઓ તથા સવાલો પેદા કર્યા હતા.

વૈશ્વિક કક્ષાએ માનવ અધિકારો વિશે ખૂબ જ ચિંતન બીજા વિશ્વયુદ્ધ (૧૯૩૯-૧૯૪૫) વખતે કરવામાં આવ્યું. દુનિયામાં માનવ અધિકારનો મુદ્દો સૌ પ્રથમ લીગ ઓફ નેશન્સની સ્થાપના વખતે ધ્યાનમાં લેવાયો હતો. પરંતુ તેમાં કોઈ કાનૂની જોગવાઈ કરવામાં આવી ન હતી. તેથી ક્રમિક રીતે આ વિચારધારાનો વિકાસ થતાં પુન : બીજા યુદ્ધ વખતે તે ચર્ચાની એરણ ઉપર આવ્યો.

અમેરિકાના રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટે ૧૯૪૧માં એક ઘોષણા કરી. જેમના પ્રવચનમાં સ્વતંત્ર્યતા, વિશ્વાસ, ભય, અને આવશ્યકતા જેવા ચાર આદર્શોને ઘોષિત કરવામાં આવ્યા. યુધ્ધોની ભયાનકતાથી ચિંતિત બનેલા વિશ્વએ ૧૦ મી ડિસેમ્બર ૧૯૪૮ ને "માનવ અધિકાર દિન" તરીકે જાહેર કર્યો. સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO) માં માનવ અધિકારના પ્રારૂપને ઘડવાનું નક્કી થયું. શ્રીમતી રૂઝવેલ્ટના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી. તેણે પ્રસ્તુત કરેલા અહેવાલનો ૧૦ મી ડિસેમ્બર-૧૯૪૮ ના રોજ સ્વીકાર કરવામાં આવતાં વિશ્વમાં આ દિવસ માનવ અધિકાર દિન તરીકે જાહેર થયો વૈશ્વિક સ્તરના આ દિવસની ઐતિહાસિક રૂપરેખા નિર્ધારિત થઈ.

## ૫.૪ માનવ અધિકારોની વ્યાખ્યા

જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં માનવ અધિકારોની વ્યાખ્યા બહુજ ભિન્ન ભિન્ન રીતે કરવામાં આવી છે. તમામ સ્રી-પુરૂષ અને બાળકોને આ અધિકાર હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ અધિકારો માનવીને ભય અને અછતમાંથી મુક્તિ અપાવે છે. જેમાં બે પ્રકારના અધિકારો અંતર્નિહિત કરવામાં આવ્યા છે. (૧) રાજકીય અને નાગરિક પ્રકારના અધિકારો (૨) આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક બાબતના અધિકારો. આમ છતાં ભારતીય બંધારણે આટલા જ માનવ અધિકારોને લક્ષમાં ન લેતાં તેનો વ્યાપ વિસ્તાર્યો છે. જગતના બધાજ બંધારણો કરતાં માનવ અધિકારોની બાબતમાં ભારતનું બંધારણ એ દ્રષ્ટિએ આગળ પડતું જણાય છે. અને તેનું શ્રેય ભારતીય બંધારણના પિતા ડૉ.બાબા સાહેબ આંબેડકરને ફાળે જાય છે.

## ૫.૫ માનવ અધિકારોનું કાનૂની સ્વરૂપ

માનવ અધિકારો એટલે એવા અધિકારો કે જેને પ્રાપ્તકરવાનો દરેક મનુષ્યને કાનૂની હક છે. અમેરિકન રાજય ક્રાન્તિ, ફ્રેન્ચ ક્રાન્તિ, રશિયન ક્રાન્તિ અને ભારતમાં ચાલેલી આઝાદીની ચળવળ તેમજ

અમેરિકામાં ગુલામી નાબુદીની ચળવળમાં તેના કાનૂની સ્વરૂપને જોવામાં આવે છે. તેના ઉપરથી એવો ખ્યાલ નિર્ધારીત થયો છે કે રાજ્યની કોઈપણ પ્રવૃત્તિમાં માનવ કેન્દ્રસ્થ હોવો જોઈએ. માનવ અધિકારોમાં એમ સ્વીકારવામાં આવ્યું છે કે માનવીય અત્યાચારોથી રાજ્યએ દૂર રહેવું જોઈએ. માનવનું કલ્યાણ એ જ રાજ્યનો ધ્યેય છે, નહીં કે તેના ઉપર દમન ગુજારવું. મતલબ કે રાજ્ય સ્વયં માનવ અધિકારોનું ઉલ્લંઘન કે ભંગ કરી શકે નહી. માનવનાં વ્યક્તિ સ્વાતંત્ર્ય તથા તેના વ્યક્તિત્વના વિકાસ માટે આ અધિકારો માન્ય રાખવામાં આવ્યા છે.

માનવ અધિકારનો ખ્યાલ આંતરરાષ્ટ્રીય કાયદાનો ભાગ છે The Universal Declaration of Human Rights, 1948 માં ઘોષણા કર્યા મુજબ વિશ્વનો કોઈપણ માનવ આ અધિકારો પૂર્ણ રીતે ભોગવવા હકદાર છે. આ કાયદો ૩૦ કલમોનો બનેલો છે. તે સમગ્ર માનવજાત ને આવરી લે છે.

## ૫.૬ માનવ અધિકારોનું મહત્વ

જે રાજ્યમાં રાજકીય શાસન વ્યવસ્થા અસ્થિર છે તેવા દેશોમાં માનવ અધિકારોનું હનન થવાનો સતત ભય રહ્યા કરે છે. જ્યાં રાજ્યમાં શાસન વ્યવસ્થામાં માનવના કલ્યાણને કેન્દ્રબિન્દુ તરીકે સ્વીકારાયો ન હોય તેવા દેશોમાં સરમુખ્ત્યારશાહી, લશ્કરશાહી અથવા તો આપખુદશાહી શાસનતંત્ર આકાર લે છે. અહીં માનવ અધિકારોનું હનન, સુખચેન દુષ્કિત, સલામતિ અને પ્રગતિનો અભાવ, દૈનિક જીવન બરબાદ અને વાણી, વિચાર તથા લેખનની અભિવ્યક્તિ ઉપર પાબંધી લાગી જાય છે. કોઈપણ માનવ પોતાના વિચારો યોગ્ય રીતે અભિવ્યક્ત કરી શકતો નથી. અખબારી સ્વાતંત્ર્યના ગળે પણ ટૂંપો દેવામાં આવે છે. શાંતિ, સલામતિ અને માનવ ગૌરવ હણાય છે. આ પ્રકારની શાસન પ્રણાલિ લોકશાહી તંત્રની નહી પણ સરમુખ્ત્યારશાહીની સર્જક બની રહે છે. તે પ્રગતિને અવરોધક તેમજ અસ્થિરતા, અંધાધૂંધીની અને નિષ્ક્રિયતાની સર્જક હોય છે. આ પ્રકારની શાસન વ્યવસ્થામાં માનવ અધિકારોનું પ્રમાણ યોગ્ય રીતે જળવાતું હોતું નથી. માનવ અધિકારાના રક્ષણ સાથે સમગ્ર સમાજનું સુખ સંકળાયેલુ છે. ભારતમાં જ્યારે સમાન નાગરિક ધારો ઘડવાની વાત બળવત્તર બની રહી છે ત્યારે અમુક દેશોમાં ઈસ્લામિક કાનૂન જેવા કોમવાદી કાયદા ઘડવાની ઘેલછા જાગી છે. તેવા દેશોમાં માનવ અધિકારોનો ભંગ થવાની શક્યતાને નકારી શકાય નહીં.

**"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય-૧**

૧. નીચેના વિધાનો વાંચી યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પુરો.

(૧) માનવ અધિકારવાદીઓ માનવ અધિકારના મૂળ અને ઉદ્ભવસ્થાન ..............અને ................માં હોવાનું માને છે.

(૨) માનવ અધિકારની વિચારધારાની સ્થાપના ...........એ કહી હોવાનું વિદ્વાનો માની રહયાં છે.

(૩) બીજા વિશ્વયુધ્ધ વખતે ઉદ્ભવેલા જર્મન.................... અને ઈટાલીના ....................વાદે માનવ અધિકારોને વધુ ઉત્પ્રેરિત કર્યા.

(૪) યુધ્ધોની ભયાનકતાથી ચિંતિત બનેલા વિશ્વએ ..............ને "માનવ અધિકાર દિન" તરીકે જાહેર કર્યો.

(૫) માનવઅધિકારો માનવીને ............... અને............. માંથી મુક્તિ અપાવે છે.

## ૫.૭ ડૉ.આંબેડકર: માનવ અધિકારોના યોધ્ધા

સામાજિક ન્યાય અને માનવ અધિકારોના સંરક્ષક એવા ડૉ. આંબેડકરનું નામ માનવ અધિકારોના યોધ્ધા તરીકે ભારત વર્ષમાં બહુજ આદર- પૂર્વક લેવામાં આવે છે. ભારતનાં ખ્યાતનામ સમાજશાસ્ત્રી ડૉ. અક્ષયકુમાર આર. દેસાઈએ એમને માનવીય અધિકારોના યોધ્ધા તરીકે ઓળખાવ્યા છે. તો ભારતની સંસદના પ્રથમ સ્પીકર ગણેશ વાસુદેવ માવલંકરના પુત્ર પ્રોફેસર પુરૂષોત્તમ માવલંકરે ડૉ.આંબેડકરને માનવ અધિકારાના પુરસ્કર્તા તરીકે નવાજ્યા છે. ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ ડૉ.આંબેડકરને અન્યાય અને શોષણ સામે આજીવન સંઘર્ષ કરનાર વિદ્રોહી નેતા તરીકે ઓળખાવતા કહ્યું હતું કે, "હું સમજુ છું કે ડૉ.આંબેડકરને હિન્દુ સમાજમાં અન્યાયપૂર્ણ વિષમતાઓ સામે વિદ્રોહ કરનાર નેતા તરીકે હંમેશાં યાદ કરવામાં આવશે. મુખ્ય બાબત તો એ છે કે તેમણે એવી સ્થિતિ સામે વિદ્રોહ કર્યો કે જેની સામે આપણે કરવો જોઈએ અને વાસ્તવિક સ્વરૂપે આપણે કયાંકને ક્યાંક એમ કર્યુ પણ છે."

આમ, માનવ અધિકારોના અપ્રતિમ યોધ્ધા તરીકે ભારતના વિદ્વાન મનીષીઓએ ડૉ.આંબેડકરનો

સ્વીકાર કર્યો છે, તેમનો આદર કર્યો છે અને ગૌરવ પણ કર્યું છે. તેઓ સદાયે સામાજિક સુધારના સમર્થક રહ્યા અને લોકોને એ અધિકારોની પ્રાપ્તિ થાય તે માટે સતત સંઘર્ષરત રહ્યા છે.

ડૉ. આંબેડકરનો માનવ અધિકારો પ્રત્યે વિશ્વાસ ભારતીય સંસ્કૃતિની વિચારધારા ઉપર આધારિત છે. તેમની વિચારધારા પ્રાશ્ચાત્યવાદી નહીં પરંતુ ભારતવાદી દ્રષ્ટિગોચર થાય છે. તેઓ પ્રત્યેક માનવીના જીવનને શુભમય બનાવવાની ઈચ્છા રાખતા હતા. કેમકે માનવ તેના આયુષ્યકાળમાં માત્ર એક જ વખત જન્મ ધારણ કરે છે. એટલે તેના જીવનકાળ દરમ્યાન કોઈ પણ માનવને તેનો વાસ્તવિક અધિકાર પ્રાપ્ત થવો જોઈએ.

ભારતમાં પંડિત જવાહરલાલ નહેરૂને માનવ અધિકારોના જાગ્રત પ્રહરી તરીકે આદર આપવામાં આવે છે. પરંતુ તેમની આ વિચારધારા ૧૯૨૯ ની આસપાસ વિકાસ પામી હતી. જ્યારે ડૉ. આંબેડકરે માનવ અધિકારોની છેક ૧૯૧૯ માં હિમાયત કરી હતી તેમ માનવાને કારણ રહે છે. ડૉ. આંબેડકરે અભિવ્યક્ત કરેલા વિચારોનો જો આપણે ઝીણવટપૂર્વક અભ્યાસ કરીશું તો આ ભેદ અવશ્ય આપણને દ્રષ્ટિગોચર થશે. આમ છતાં જેટલી ઉગ્રતાથી માનવ અધિકારોના રક્ષણ માટે ડૉ. આંબેડકરે વિદ્રોહ કર્યો તેટલી ઉગ્રતા અને વ્યગ્રતા અન્ય કોઈ ભારતીય રાજનેતાના જીવનમાં દ્રષ્ટિગોચર થતી નથી. ડૉ. આંબેડકરે માત્ર ખોખલી અને પોલી વિચારધારા વ્યક્ત કરીને સંતોષ માન્યો નથી, પરંતુ તે હાંસલ કરવા, માનવીને તે પ્રાપ્ત કરાવી આપવા સતત સંઘર્ષ કર્યો. આ સંઘર્ષ આજીવન ચાલતો જ રહ્યો- એક ચક્રની માફક.

## ૫.૮ રાજ્ય અને અલ્પસંખ્યક : મેમોરેન્ડમ

ડૉ. આંબેડકરે ભારતીય બંધારણમાં જે માનવીય અધિકારો આમેજ કર્યા છે તે પહેલાં તેમણે માર્ચ-૧૯૪૭માં રાજ્ય અને અલ્પસંખ્યક (state and minorities) નામે એક મેમોરેન્ડમ તૈયાર કર્યું. અને તે મેમોરેન્ડમ અખિલ ભારતીય અનુસૂચિત જાતિ પરિસંઘ તરફથી બંધારણ સભા સમક્ષ રજૂ કર્યું. માર્ચ -૧૯૪૭માં રજૂ કરેલા આ મેમોરેન્ડમમાં માનવ અધિકારોની ઘોષણા સ્પષ્ટ દેખાય છે. UNO એ ૧૯૪૮માં આવા માનવ અધિકારોની જાહેરાત કરી હતી. તે પહેલાં ભારતમાં ડૉ. આંબેડકર એક માત્ર નેતા હતા. આ માનવઅધિકારો ડૉ. આંબેડકરે બંધારણમાં જેમ કલમ પ્રમાણે આલેખવામાં આવે છે તેમ કલમ મુજબ લખ્યા હોવાથી ભારતીય બંધારણની તેને "બ્લ્યુ પ્રિન્ટ" કહી શકાય. જેમાં આર્થિક, રાજકીય, શૈક્ષણિક અને સામાજિક અધિકારોનો સમાવેશ થયેલો જોઈ શકાય છે.

૧. પોતાના માટે તથા પોતાની ભાવિ પેઢી માટે સંપૂર્ણ સંયુક્ત રાજ્ય, ભારતમાં સ્વશાસન તથા સુશાસન બન્ને વરદાન પ્રાપ્ત કરવાનું છે.

૨. પ્રત્યેક દેશવાસીને માટે જીવન, સ્વતંત્રતા તથા સુખ પ્રાપ્ત કરવા માટે તેમજ વાણી સ્વાતંત્ર્ય અને ધર્મ સ્વાતંત્ર્ય સંબંધી અધિકારોનું રક્ષણ કરવું.

૩. સુવિધાઓથી વંચિત વર્ગોને સારા અવસરો સુલભ કરાવીને સામાજિક, આર્થિક અને રાજનૈતિક વિષમતાઓ દૂર કરવી.

૪. પ્રત્યેક દેશવાસીને અભાવ તથા ભયથી મુક્તિ અપાવવી.

ઉપરોક્ત ઉદેશો આપણા સંયુક્ત રાજ્ય ભારતના સંવિધાનમાં દાખલ કરવામાં આવે-

(૧) નાગરિકોના મૂળભૂત અધિકાર

(૨) મૂળ અધિકારો પર આક્રમણ વિરૂધ્ધ ઉપચાર
- ન્યાયિક સંરક્ષણ
- અસમાન વ્યવહારથી સંરક્ષણ
- ભેદભાવ સામે સંરક્ષણ
- આર્થિક શોષણ સામે સંરક્ષણ

(૩) અલ્પસંખ્યકોની સુરક્ષા માટે ઉપાયો
ખંડ-૧ સાંપ્રદાયિક કાર્યપાલિકા સામે સંરક્ષણ
ખંડ-૨ સામાજિક અને શાસકીય અત્યાચારો સામે સંરક્ષણ
ખંડ-૩ સામાજિક બહિષ્કાર સામે સંરક્ષણ
ખંડ-૪ લોક પ્રયોજનો માટે, જેમાં અલ્પસંખ્યકો માટે લાભપ્રદ પ્રયોજન પણ સામેલ હોય, સંઘ અને રાજ્ય સરકારો માટે નાણાં ખર્ચવાનો પ્રાધિકાર અને પ્રતિબંધ.

(૪) અનુસૂચિત જાતિઓ માટે સંરક્ષણ
ખંડ-૧ વિધાનમંડળો તથા સ્થાનિક સ્વસંસ્થાઓમાં પ્રતિનિધિત્વનો અધિકાર.
ખંડ-૨ કાર્યપાલિકાઓમાં પ્રતિનિધિત્વનો અધિકાર.

ખંડ-૩ જાહેર નોકરીઓમાં પ્રતિનિધિત્વનો અધિકાર.

વિશેષ ઉત્તરદાયિત્વ.

ખંડ-૧ ઉચ્ચ શિક્ષણ માટે.

ખંડ-૨ અલગ વસાહતો માટે.

સુરક્ષોપાય તથા સુરક્ષોપાયની સંશોધન મંજૂરી.

ખંડ-૧ સંરક્ષણ ઉપાયો બંધારણમાં લિખિત સ્વરૂપે હોવાજોઈ એ.

ખંડ-૨ સંરક્ષણ ઉપાયોનું વારંવાર સંશોધન થવું જોઈએ.

ખંડ-૩ દેશી રાજ્યોમાં પણ અનુસૂચિત જાતિના લોકોને સંરક્ષણ મળવું જોઈએ.

ખંડ-૪ ચૂંટણી અને મતાધિકાર.

**"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય-૨**

૧. વિભાગ અ માં ભારતના વિદ્વાનમનીષીઓનાં નામ આપેલ છે. તેમણે ડૉ. આંબેડકરને કયા નામે ઓળખાવ્યા છે.તે બ વિભાગમાંથી શોધીને યોગ્ય જોડકા સાથે જોડો.

| અ- વિભાગ | બ- વિભાગ |
|---|---|
| (૧) ડૉ. અક્ષયકુમાર આર. દેસાઈ | (૧) માનવ અધિકારોના પુરસ્કર્તા |
| (૨) પ્રો. પુરુષોત્તમ માવલંકર | (૨) વિદ્રોહી નેતા |
| (૩) પંડિત જવાહરલાલ નહેરુ | (૩) માનવ અધિકારોના યોધ્ધા |

૨. ડૉ. આંબેડકરને વિદ્રોહી નેતા તરીકે કોણે ઓળખાવ્યા છે. ? અને તેમના વિશે શું કહયું છે.?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

૩. ભારતીય બંધારણની "બ્લ્યુ પ્રિન્ટ" એટલે શું ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

૪. રાજ્ય અને અલ્પ સંખ્યક મેમોરેન્ડમાં અનુસૂચિતજાતિઓને આપેલા અધિકારો વર્ણવો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

## ૫.૮.૧ સંક્ષિપ્ત વિશલેષણ

State and Minorities નામના પુસ્તક Memorandom માં ડૉ.આબેડકરે અભિવ્યક્ત કરેલા માનવ અધિકારોની અહી સમીક્ષા કરવી અત્યંત આવશ્યક છે.એટલા માટે કે આપણા બંધારણમાં જે માનવ અધિકારો સ્વીકારવામાં આવ્યા છે તે ડૉ.આંબેડકરે સ્વયં માર્ચ ૧૯૪૭ માં વ્યક્ત કર્યા હતા.તે સમયે ભારતને આઝાદી પણ મળી ન હતી. પાંચ માસ પછી આઝાદીનું પરોઢ ઊગ્યું.

જ્યારે આપણા દેશ ભારતને આઝાદી પ્રાપ્ત થવાની પાંચ માસ જેટલી વાર હતી તે પહેલાં ડૉ.આબેડકરે સમગ્ર દેશમાં સ્વરાજ્ય અને સુશાસનની કલ્પના કરી હતી. અને તે પણ બંધારણીય માર્ગે જ શક્ય બનશે તેમ જણાવ્યું હતું. દેશી રાજ્યો સહિત ભારતનું કોઈ પણ રાજ્ય સંઘ શાસનથી અલગ નહી થઈ શકે. જે રાજ્ય આકાર ધારણ કરે તેમાં તેની પ્રજા-જનતાને ઉત્તમ પ્રકારનું રહેવાનું તથા જીવન જીવવાનું પ્રદાન કરશે અથવા તો તેમાં યોગ્ય રીતે મદદરૂપ બનશે. દેશ સ્વાયત્ત રીતે કામ કરતાં કરતાં દેશમાં રહેતી પ્રજાનું બહારના આક્રમણો,ભય વગેરેથી રક્ષણ કરશે. આંતરિક વ્યવસ્થામાં શાંતિપૂર્ણ સ્થિતિ બનાવી રાખવા માટે અનેક કાયદા ઘડશે અને જનતા તથા પ્રશાસનનાં કલ્યાણ અર્થે કેટલીક ગેરંટીઓ આપશે. જેની આાશા એક આધુનિક પૂર્ણ રાજ્ય તરીકે કરવામાં આવે છે.

ભારતવર્ષમાં દરેક નાગરિક ચાહે તે દલિત હોય,લઘુમતિ હોય, પછાત વર્ગનો હોય, વનવાસી હોય કે સવર્ણ ઉચ્ચ જાતિનો હોય તે સૌને એક સમાન રીતે વાણી સ્વાતંત્ર્યનો અધિકાર, ધાર્મિક સ્વાતંત્ર્યનો

અધિકાર તથા પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે જીવન જીવવાનો અધિકાર બક્ષવામાં આવે.

દેશમાં રહેતા વંચિત વર્ગ જેવા કે દલિત વર્ગો, પછાત વર્ગો, વનવાસીઓ, ગરીબો, છેવાડાનાં માનવીઓ વગેરેને જીવનમાં સારા અવસરો પ્રદાન થાય, યોગ્ય તકો પ્રાપ્ત થાય,સામાજિક,આર્થિક, શૈક્ષણિક અને રાજકીય રીતે સમાનતા પ્રાપ્ત થાય-વિષમતાઓ દૂર થાય તે માટે રાજ્ય પ્રયત્ન કરશે.

પ્રત્યેક દેશવાસી-નાગરીકને અભાવ તેમજ ભયથી મુક્તિ અપાવવી એ દેશનું પરમ કર્તવ્ય છે. આ બધી જ કાર્યવાહી સંવિધાન અંતર્ગત જ થવી જોઈએ.

સંયુક્ત રાજ્ય ભારતમાં જન્મ ધારણ કરનાર સૌ કોઈ નાગરિકને મૂળભૂત અધિકારો નીચે દર્શાવ્યા મુજબના પ્રાપ્ત થવા જોઈએ. જેમાં -

દરજ્જો, જન્મ, જાતિ, વ્યક્તિ, પરિવાર, લીંગ, ધર્મ યા ધાર્મિક પ્રથા, રીતિ-રિવાજોથી ઉત્પન્ન થયેલી કોઈપણ પ્રકારની વિસંગતતા કે વિશેષાધિકારો સમાપ્ત થવા જોઈએ. કોઈપણ રાજ્ય એવો કોઈપણ કાયદો ઘડશે નહીં કે લાગુ પાડશે નહી જેનાથી ભારતના નાગરિકને જીવન,સ્વાધિનતા, સંપત્તિથી વંચિત કરવામાં આવે. દરેક વ્યક્તિ કાયદા સમક્ષ સમાન રહેશે અને તેને સમાન અધિકારો પ્રાપ્ત થવા જોઈએ. કોઈ પણ વર્તમાન કાયદો, નિયમ-વિનિયમ, આદેશ, પ્રથા યા વિધિ-વિધાન, નિર્વચન વગેરે દ્વારા કોઈપણ નાગરિક પ્રત્યે બળજબરી, દંડ, અત્યાચાર , નુકશાન, નિર્યોગ્યતા, અધિરોપિત કરવામાં આવતી હોય તો તેવા તમામ કાયદા બંધારણનો અમલ ચાલુ થયા પછી સમાપ્ત થઈ જશે.

જો કોઈ પણ વ્યકિતને અથવા તો દરેક વર્ગોના વ્યક્તિઓને તથા તેમની સામાજિક પરિસ્થિતિ ધ્યાનમાં રાખ્યા વગર વિહિત કારણો સિવાય નિવાસ-સુવિધાઓ, ધર્મશાળાઓ, શિક્ષણ-સંસ્થાઓ, સડકો, માર્ગો, રસ્તાઓ, શેરીઓ, કૂવા, ગલીઓ, તળાવો અન્ય જલસ્થલો, ભૂમિ, વાયુ યા જલમાં ચાલતા સાર્વજનિક વાહનો, થિયેટરો -સીનેમા અથવા લોકમનોરંજન, અભિગમન અથવા સુવિધાના અન્ય સ્થળો ઉપર ચાહે તે જનતાના ઉપયોગ માટે સમર્પિત હોય અથવા અનુરક્ષિત હોય અથવા લાયસન્સ ધારક હોય અને જો કોઈને વંચિત રાખવામાં આવશે તો દોષિત ઠરશે. દરેક નાગરિકોને જનતા દ્વારા અથવા જનતા માટે અથવા તો અનુરક્ષિત દરેક સંસ્થાઓ -સુવિધા સ્થળો અને સુખ-સુવિધાના સ્થળો ઉપર જવાનો સમાન અધિકાર રહેશે. પ્રત્યેક નાગરિકને ભારતના કોઈ પણ રાજ્યમાં વસવાટ કરવાનો અધિકાર રહેશે. લોક વ્યવસ્થા અને નૈતિકતાની વિચારણા સિવાય એવો કોઈ જ કાયદો ઘડવામાં ન આવે કે જેનાથી નાગરિકોનો નિવાસ કરવાનો અધિકાર ખતમ થઈ જાય. કોઈપણ વ્યક્તિ પાસે બળજબરી પૂર્વક મજૂરી(વેઠ) કરાવી અથવા તો તેની મરજી વિરૂધ્ધ ગુલામી કરાવી શકાશે નહીં. ભારતની સંઘ સરકાર કોઈપણ માનવ સમુદાયના ઉત્પીડનની વિરૂધ્ધ અથવા તો ભારતના કોઈપણ ભાગમાં ઉત્પન થનાર હિંસા યા આંતરિક અશાંતિ વખતે સંરક્ષણ પ્રદાન કરશે. બિન જરૂરી તપાસ તેમજ અભિગ્રહણ કરતી વખતે વ્યક્તિના શરીર, મન, મકાન, કાગળો અને ચીજ વસ્તુઓને સુરક્ષિત રાખવાના અધિકારનું ઉલ્લંઘન કરવામાં ન આવે. આ માટે ચીજ વસ્તુઓને ઉલ્લેખ કર્યા સિવાય કોર્ટ વોરંટ નહીં મોકલી શકે.

કોઈ પણ વ્યક્તિને ગાંડપણ, પાગલપન, અલ્પાયું , કારાવાસને બાદ કરતાં અન્ય કોઈપણ કારણથી મતદાન કરતા કે તેના મતદાન અધિકારથી વંચિત કરી શકાશે નહીં . અથવા તેના મતાધિકારને ઓછો કરવામાં નહીં આવે.

એવો કોઈ જ કાયદો કરવામાં ન આવે જેનાથી વાણી સ્વાતંત્ર્ય, અખબારી સ્વાતંત્ર્ય- પ્રેસ, સંસ્થા અને સભા આયોજન કરવાના સ્વાતંત્ર્ય ઉપર તરાપ પડે. આમ છતાં લોક વ્યવસ્થા અને નૈતિકતાનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે.

રાજ્ય પ્રત્યેક ભારતીય નાગરિકને અન્તઃકરણપૂર્વકની સ્વાધિનતા તથા તેને પોતાનો ધર્મ પાડવાની છૂટ અબાધિત રાખશે. આમ છતાં કોઈપણ વ્યક્તિને પોતાના ધર્મ પ્રચાર, ધર્મને માનવા લોક વ્યવસ્થા અને નૈતિકતા સ્વરૂપની સીમાઓ સુધી ધર્મ પરિર્વતન કરવાનો અધિકાર આપશે. કોઈપણ પ્રકારનું બિલ સરેન્ડર પધ્ધતિથી પસાર કરવામાં ન આવે.

કોઈપણ વ્યક્તિને કે નાગરીકને ધાર્મિક સંઘના સદસ્ય બનવા, કોઈ પણ ધર્મનું શિક્ષણ મેળવવાને અથવા કોઈપણ ધાર્મિક કૃત્ય કરતો અટકાવી શકાશે નહીં કે બાધ્ય કરી શકાશે નહીં. પૂર્વ વર્તીત ઉપબંધો મુજબ અથવતો તેને આધિન રહીને માતા પિતા અથવા પાલક બાળકની ૧૬ વર્ષની વય સુધી ધાર્મિક શિક્ષણ નિર્ધારીત કરવા માટે હકદાર રહેશે.

કોઈ પણ વ્યક્તિ પોતાની જાતિ પંથ યા ધર્મને કારણે કોઈપણ પ્રકારનો દંડ વસુલ કરશે નહીં. અને તેમ કરવાનો તેને કોઈ હક રહેશે નહીં. અથવા તો કોઈપણ વ્યક્તિને જાતિ, પંથ યા ધર્મને આધારિત નાગરિકતા પર કોઈ રોક લગાવી શકશે નહીં. રાજ્ય કોઈ પણ ધર્મને "રાજ્ય ધર્મ"તરીકે માન્ય કરી શકશે નહીં.

કોઈપણ ધર્મના લોકોને ધાર્મિક સ્વાતંત્ર્ય તેમજ સભા-સરઘસની અનુમતી આપવામાં આવશે. પ્રત્યેક ધાર્મિક સંગમ-મેળા અંગેની લાગુ કરવામાં આવતી વિધિઓ-કાનૂનની મર્યાદાઓ અંતર્ગત પોતાનું કાર્ય વિનિયમીત અને પ્રશાસિત કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. ધાર્મિક સંગઠનોને જો તેના સદસ્યો અનુદાન આપે તો તે મેળવવા હકદાર રહેશે. રાજ્ય તે માટે ઘટીત ગેરકૃત્યો માટે દંડ અથવા જુર્માના નક્કી કરશે. અને જરૂરી કાયદા ઘડશે.

ભારતની ન્યાય શક્તિ સર્વોચ્ચ અદાલત અંતર્ગત રહેશે. ઉચ્ચત્તમ ન્યાયાલય (સુપ્રિમ કોર્ટ) પીડીત વ્યક્તિના પક્ષમાં આવેદન પત્ર અનુસંધાને પરમાધિકાર-રીટ જેવી બંદી પ્રત્યક્ષીકરણ, અધિકાર પૃચ્છા પ્રતિબંધ, આદેશપત્ર અને પરમાદેશપત્ર વગેરે રીટ દાખલ કરવા માટે શક્તિશાળી રહેશે. આ પ્રકારની રીટો માટે સુપ્રિમ કોર્ટ સમગ્ર ભારતમાં સાધારણ અધિકારિતા માટેનું ન્યાયાલય રહેશે. રીટ માટેનો, આવેદનપત્ર માટેનો માનવ અધિકાર ત્યારે જ પ્રતિબંધિત કરવામાં આવશે કે જ્યારે કોઈ રાજદ્રોહ અથવા આક્રમણની સ્થિતિ વખતે લોક-સુરક્ષા માટે તે જરૂરી હોય.

**"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય -૩**

૧. ભારત વર્ષમાં દરેક નાગરિકને કયા કયા અધિકારો બક્ષવામાં આવ્યા છે. ?

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

૨. "દરેક વ્યક્તિ કાયદા સમક્ષ સમાન રહેશે" આ વિધાન સમજાવો.

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

## ૫.૮.૨ લઘુમતિઓ-પછાત વર્ગો- અનુ .જાતિઓ- જન-જાતિઓના માનવ અધિકારો માટે માંગ.

આગળ જણાવ્યા મુજબ ડૉ.આંબેડકરે સાધારણ માનવીઓ માટે કરેલા માનવ અધિકારોની માંગની ચર્ચા કરવામાં આવી.

અહીં આપણે તેમણે સમાજના છેવાડાના માનવીઓ ગરીબો, લઘુમતિ સમૂદાય, પછાત વર્ગો, દલિતો (અનુસૂચિત જાતિઓ), વનવાસીઓ (અનુસૂચિત જન-જાતિઓ) વગેરે માટે જે અધિકારોની માગણી State and Minorites માં કરી હતી તેનું વિવેચન કરીએ. ડૉ.આંબેડકર લખેછે :

સંયુક્ત રાજય ભારતના બંધારણમાં નીચે મુજબ જોગવાઈઓ હશે-૧ મંત્રી મંડળમાં જુદી જુદી લઘુમતિઓના પ્રતિનિધિઓની ચૂંટણી " એક મત" થી વિધાન મંડળના પ્રત્યેક અલ્પસંખ્યક સમુદાયના સદસ્યો દ્વારા કરવામાં આવશે.

૨ એક અધિકારીની નિમણૂંક કરવામાં આવશે કે જે અલ્પ સંખ્યકો (લઘુમતિઓ) ની કામગીરી અંગે વાર્ષિક રીપોર્ટ કરશે. જેમાં સરકારે જનતા અને સંઘ તથા રાજ્યોની સરકારોએ અલ્પસંખ્યકો સાથે કેવો વર્તાવ કર્યો છે તથા સરકારો અને તેના અધિકારીઓએ દ્વેષભાવથી યા સાંપ્રદાયિક દ્વેષભાવથી તેમનાં સંરક્ષણોનું-હકોનું ઉલ્લંઘન કરીને તેમની સાથે કેવો વર્તાવ કર્યો છે. આ રિપોર્ટ સંઘ અને રાજ્ય વિધાનસભાઓના સભાપટલ પર મૂકવામાં આવે અને સરકાર એ રિપોર્ટ ઉપર સંઘ અને રાજ્ય વિધાનસભાઓમાં ચર્ચા કરે.

**અનુસૂચિત જાતિઓના માનવ અધિકારોની માંગ**

૧ સંયુક્ત રાજ્ય ભારતના સંવિધાનમાં અનુસૂચિત જાતિઓને નીચેના અધિકારો બક્ષવામાં આવે-

અ. વિધાનસભાઓમાં પ્રતિનિધિત્વનો અધિકાર.

૧ અનુસૂચિત જાતિના લોકોને સંઘ અને રાજ્ય વિધાનસભાઓમાં ન્યૂનતમ પ્રતિનિધિત્વ આપવામાં આવે.

૨ સિન્ધ અને ઉત્તર પશ્ચિમી સીમા પ્રાંતોમાં અનુ.જાતિઓને તેમના ઉચિત અધિકારો માટે પ્રતિનિધિત્વ આપવામાં આવે.

૩ કોઈ પણ લઘુમતિને નુકશાન પહોંચાડયા સિવાય જ્યાં વિશાળ સાંપ્રદાયિક બહુમતિઓ છે ત્યાં ઉચિત સીમા રાખવી આવશ્યક છે.

૪ બહુ સંખ્યકોના હિસ્સામાં રાખવામાં આવેલા અધિ પ્રતિનિધિત્ત્વને પણ કોઈ સમૂદાયને બધું જ આપી દેવું નહીં, પરંતુ તેને સમગ્ર અલ્પ સંખ્યક જાતિઓ વચ્ચે બરોબરીના હિસ્સામાં અથવા તો-

(૧) આર્થિક સ્થિતિ

(૨) સામાજિક સ્થિતિ અને

(૩) શૈક્ષણિક પ્રગતિના અનુસંધાનમાં વહેંચવામાં આવે.

૫ વિશેષ હિતો માટે કોઈપણ પ્રતિનિધિત્ત્વ ન હોવું જોઈએ.

૬ અનુસૂચિત જાતિના લોકોને સંઘ, રાજ્યની વિધાનસભાઓમાં સંવિધાન અતર્ગત પ્રતિનિધિત્ત્વ આપવામાં આવે.

૭ અનુસુચિત જાતિના લોકોને જાહેર નોકરી (સેવાઓ) માં પુરતું પ્રતિનિધિત્ત્વ આપવામાં આવે.

અ. રાજ્ય અને સમૂહ સેવાઓ.

બ. સંઘ લોક સેવાઓ.

ક. નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ તથા સ્થાનિય પરિષદો.

ડ. સંઘ-રાજ્ય સરકાર અનુ. જાતિઓ લોકોના શિક્ષણ માટે જવાબદારી વહન કરે અને તેના બજેટમાં નાણાંકીય જોગવાઈ કરે.

ઈ. દેશી રાજ્યોમાં રહેતા અનુ. જાતિના લોકોનું દરેક સ્થળે રક્ષણ કરવામાં આવે.

## ૫.૯. ભારતીય સંવિધાનના નિર્માતા અને માનવ અધિકારોના સંરક્ષક

ભારતને આઝાદી મળી તે પછી સ્વતંત્ર ભારતનું જે પહેલું પ્રધાનમંડળ પંડિત જવાહર લાલ નહેરૂના નેતૃત્ત્વ હેઠળ રચાયું ત્યારે ડૉ. બાબા સાહેબ આંબેડકરને સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા મંત્રી બનાવવામાં આવ્યા, પ્રધાનમંડળે તેનાથી એક ડગલું આગળ ચાલીને ૨૯ મી ઓગષ્ટના રોજ સ્વતંત્ર ભારતનું નુતન બંધારણ ઘડી કાઢવામાટે એક સમિતિની રચના કરી. જેમાં કુલ સાત સભ્યોને નિયુક્ત કરવામાં આવ્યા. આ સમિતિએ તેજ દિવસે ડૉ. આંબેડકરને બંધારણ ઘડનાર ડ્રાફટીંગ સમિતિના ચેરમેન (અધ્યક્ષ) તરીકે સર્વાનુમતે ચૂંટીકાઢયા. ત્યારબાદ સમિતિનું સ્વરૂપ નીચે પ્રમાણે રહ્યુ.

૧ ડૉ. બી. આર આંબેડકર (અધ્યક્ષ)

૨ શ્રી કનૈયાલલ મુનશી (સભ્ય)

૩ શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર (સભ્ય)

૪ શ્રી સૈયદ મહંમદ સાદુલ્લા (સભ્ય)

૫ શ્રી એન. ગોપાલસ્વામી આયંગર (સભ્ય)

૬ શ્રી બી. એલ. મિત્તર (સભ્ય)

૭ શ્રી ડી. પી. ખૈતાન (સભ્ય)

બંધારણસભાએ શ્રી બી. એન. રાવને બંધારણીય સલાહકાર (Constitution Adsiver) તરીકે અને શ્રી એસ. એન મુખરજીને સમિતિના સેક્રેટરી તરીકે નિયુક્ત કર્યા હતા. તેમને બંધારણ સભામાં ચાલતી ચર્ચાઓમાં ભાગ લેવાનો અધિકાર ન હતો. બંધારણ ઘડવા માટે સભામાં ચર્ચા કરવા એક માત્ર બાબા સાહેબ ઉભા થતા.

બી. એલ. મિત્તર ડ્રાફટીંગ સમિતિના સાત સભ્યો પૈકીના એક હતા તેમનું સભ્ય પદ ટેકનીકલ કારણોસર રદ થતાં તેમના સ્થાને ચાર માસ પછી ૫-૧૨-૧૯૪૭ ના રોજ શ્રી એન. માધવરાવને લેવામાં આવ્યા હતા. ડી. પી. ખૈતાનનું અવસાન થતાં તેમના સ્થાને શ્રી ટી. ટી કૃષ્ણમાચાર્યની નિયુક્તિ કરવામાં આવી. ત્યારબાદ ૩૦ મી ઓગષ્ટથી બંધારણ ઘડવાની શરૂઆત થઈ. બંધારણના તૈયાર થયેલા ખરડા ઉપર ૪ મી નવેમ્બર ૧૯૪૮ ના રોજ પ્રથમ વાંચન કરવામાં આવ્યું. બીજા વાંચન દરમ્યાન ૭૬૩૫ સુધારાઓ રજૂ કરવામાં આવ્યા. તે પછી લાંબી વિચારણાને અંતે ૨૪૭૩ સુધારાને મંજૂર કરવામાં આવ્યા. આપણા બંધારણમાં કુલ ૩૯૫ અનુચ્છેદ છે. પરિણામે તે વિશ્વનું સૌથી મોટા કદનુ બંધારણ બન્યુંછે. ૨૨ નવેમ્બર ૧૯૪૯ સુધી બંધારણ ઘડતરની પ્રક્રિયા પાછળ કુલ ૬૩,૯૬,૩૨૯ નો ખર્ચ થવા પામ્યો હતો. બંધારણ સભામાં ચાલતી ચર્ચાઓ નિહાળવા દર્શક દીર્ઘામાં ૫૩૦૦૦ હજાર જેટલા દર્શકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આમ દેશનું બંધારણ કેવી રીતે તૈયાર થઈ રહ્યુ હતું તે ઘટનાને હાજર દર્શકોએ પ્રત્યક્ષ નિહાળી હતી.

બંધારણ ઘડતી વખતે ડૉ.આંબેડકરને તક મળી ત્યારે માનવ અધિકારોને બંધારણનો જ એક ભાગ બનાવવા તેમણે ભારે સંઘર્ષ કર્યો. તેમની ભાવનાઓ અને ગરીબ માણસના ઉત્કર્ષની તમન્નાઓને ધ્યાનમાં લઈને બંધારણ સભાએ તેમના આ વિચારોને અનુમોદન આપ્યું .બંધારણ સભામાં તે સમયે અનુસૂચિત જાતિઓના ૩૦ જેટલા સદસ્યો ચૂંટાઈને સદસ્ય બન્યા હતા.તેમણે આ અધિકારો-જોગવાઈઓને વધાવી લીધી તેમજ બાબા સાહેબના કાર્યની સમગ્ર બંધારણ સભાએ અને તેના એક એક સભ્યોએ ભારે પ્રસંશા કરી .

આમ ભારતીય સંવિધાનના નિર્માતા ડૉ.આંબેડકરના સંનિષ્ટ પ્રયાસો થકી ભારતીય સંવિધાનમાં માનવ અધિકારોની જોગવાઈઓ દાખલ થઈ શકી છે.માટે તેમના આ કાર્યની કદરદાની રૂપે "માનવ અધિકારોના સંરક્ષક", "માનવ અધિકારોના યોધ્ધા" તરીકે તેમને નવાજવામાં આવી રહયા છે.

**"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય -૪**

૧. નીચેના વિધાનો વાંચી યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.

(૧) બંધારણ ઘડનાર ડ્રાફટીંગ સમિતિના ચેરમેન- અધ્યક્ષ ..............હતા.

(૨) બંધારણ સભાએ ...............ની બંધારણીય સલાહકાર તરીકે નિયુકતી કરી હતી.

(૩) બંધારણ સમિતિના સેક્રેટરી તરીકે .................. ની વરણી કરવામાં આવી.

(૪) આપણા બંધારણમાં કુલ ............અનુચ્છેદ છે.

(૫) બંધારણ સભામાં ચાલતી ચર્ચાઓ નિહાળવા દર્શક દીર્ઘામાં ..............જેટલા દર્શકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

## ૫.૧૦ બંધારણમાં સમાવિષ્ટ થયેલ માનવ અધિકારો

ડૉ. આંબેડકરે માર્ચ-૧૯૪૭ માં બંધારણસભા સમક્ષ રજૂ કરેલુ Memorandom અને ૧૯૫૦ માં નવનિર્મિત સંવિધાનનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને સરખાવીશું તો ખ્યાલ આવશે જ કે ડૉ. આંબેડકરે અનુચ્છેદ પ્રમાણે સ્ટેટ એન્ડ માઈનોરીટીઝમાં જે રીતે માનવ અધિકારોની માંગણી કરી હતી. લગભગ તે જ બધા અધિકારો આપણા નૂતન બંધારણમાં સમાવિષ્ટ થયેલા છે.ડૉ. આંબેડકરને કયારેય કલ્પના ન હતી કે તેઓ દેશના સંવિધાન નિર્માતા બનશે. કેમ કે તેઓ વિપક્ષી નેતા હતા. બંધારણમાં તેમણે વ્યકત કરેલા વિચારોમાં સ્પષ્ટ થાય છે કે :

" બંધારણ સભામાં હું કોઈજ મોટી આશા સાથે આવ્યો ન હતો. મારો કોઈ જ ખ્યાલ ન હતો કે હું વધારે જવાબદારીયુકત કામ કરું. આ સભામાં હું દલિત જાતિઓના કલ્યાણ માટે જ આવ્યો હતો.બંધારણસભાએ જયારે ડ્રાફટીંગ કમીટીના સભ્ય તરીકે પસંદ કર્યો ત્યારે મને આશ્ચર્ય થયું, જયારે ડ્રાફટીંગ કમીટીના ચેરમેન તરીકે હું ચૂંટાયો ત્યારે તો મને સૌથી વધુ આશ્ચર્ય થયું હતું. હું બંધારણ સભા અને ખરડા સમિતિનો ઋણી છું કે જેણે મારામાં દ્રઢ વિશ્વાસ મૂકી દેશની સેવા કરવાની ઉમદા તક આપી છે."

આમ,સમાજના વંચિતવર્ગો, દલિતો, પછાતવર્ગો, નબળાવર્ગો, છેવાડાના માનવીઓ, વનવાસીઓ વગેરેને માનવીય અધિકારો પ્રદાન કરવામાં ડૉ. આંબેડકરની ભૂમિકા ખૂબજ અગત્યની રહી છે.

ડૉ.બાબા સાહેબ આંબેડકરે ૧૯૧૯ માં માનવ અધિકારો અંગે વિચાર કર્યો હતો. આપણા બંધારણમાં જે માનવીય અધિકારો સમાવિષ્ટ થયા છે, તે સ્વાભાવિક રીતે કોઈપણ અભ્યાસુને એમ જ લાગે કે UNO ના ૧૯૪૮ના ઘોષણાપત્રમાંથી ઉતારવામાં આવ્યા છે,પરંતુ એમ નથી. UNO નું ઘોષણાપત્ર Globle વૈશ્વિક દ્રષ્ટિએ વિચારે છે જયારે ડૉ. આંબેડકરે ભારતની આર્થિક, સામાજિક, રાજનૈતિક, ભૌગોલિક, શૈક્ષણિક અને ધાર્મિક બાબતોનો વર્ષો સુધી ગહન અભ્યાસ કરીને દલિતવર્ગો તથા કચડાયેલા વર્ગો માટેના અધિકારોની હિમાયત કરી હતી.એટલુંજ નહી તે માટે સતત સંઘર્ષ ચાલુ રાખ્યો હતો. આટલી બધી તીવ્રતા,આકાંક્ષા, ઉત્કંઠા અને ખેવના માનવ અધિકારો માટે ભારતમાં મહાત્મા ગાંધી પછી ડૉ.આંબેડકર સિવાય અન્ય કોઈજ રાષ્ટ્રીય નેતાએ વિચારો-સંઘર્ષ કર્યા ન હોઈ સામાન્યતઃ ડૉ.આંબેડકરને જ માનવ અધિકારોના વિદ્રોહી યોધ્ધા તરીકે માનવામાં આવે છે. પંડિત જવાહરલાલ નહેરુએ તો તેમને " વિદ્રોહી નેતા" તરીકે અંજલી આપી અને મધુ લિમયે જેવા લેખકે તેમને " જ્ઞાન માર્ગી બંડખોર" તરીકે નવાજયા.

હવે આપણાબંધારણમાં કયા કયા માનવ અધિકારો સમાવિષ્ઠ થયા છે, તે ઉપર એક દ્રષ્ટિપાત કરીએ . .

## ૫.૧૦.૧ આમુખ

ભારતીય બંધારણના આમુખમાં માનવ અધિકારોનું બીજ દષ્ટિગોચર થાય છે. આમુખ એ બંધારણની પ્રસ્તાવના છે પરંતુ તેમાં વ્યકત થયેલી ભાવના માનવજાત પ્રત્યે કારૂણ્યનું દર્શન કરાવે છે. પ્રથમ દષ્ટિએ જયારે બંધારણને જે કોઈ વાચક હાથમાં ધારણ કરે છે ત્યારે તેની નજર આમુખ ઉપર જ પડે છે. આમુખમાં ભારતના પ્રજાજનોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય આપવાની ખાત્રી ઉચ્ચારવામાં આવી છે. એટલું જ નહીં. વિચાર, વાણીની અભિવ્યકિત, ધર્મ અને ઉપાસના માટેની સ્વતંત્ર્યતા અને દરજ્જા તથા તકની સમાનતાની ઉદ્‌ઘોષણા તેમાં અભિવ્યકત થાય છે. આ રીતે માનવનું ગૌરવ જળવાય તે પ્રત્યે વધુમાં વધુ લક્ષ આપીને આમુખમાં માનવીય અધિકારોની ભાવનાને વધુ મહત્ત્વ અપાયું છે. ભારતીય સંવિધાનનું આમુખ એ આમ જોઈએ તો માનવ અધિકારો માટે પાયાનું ગણાયું છે. તેથી જ સ્વાભાવિક રીતે ભારતમાં માનવ અધિકારોનું બીજાંકુર એમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

## ૫.૧૦.૨ સમાનતાનો અધિકાર

આપણા બંધારણના અનુચ્છેદ -૧૪, અનુચ્છેદ -૧૫, અને અનુચ્છેદ-૧૭ માં સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે. દરેક વ્યક્તિ કાયદા સમક્ષ સમાન છે. કાયદાના સમાન રક્ષણનો અધિકાર સૌને માટે છે. આ અધિકાર અંતર્ગત જાતિ, લીંગ, કોમ, ધર્મ, જન્મસ્થળ, વગેરેના કોઈપણ કારણસર કોઈપણ વ્યક્તિ સાથે ભેદભાવ રાખી શકાય નહી અને તે માટેની સંપૂર્ણ ખાત્રી અનુચ્છેદ-૧૫ માં આપવામાં આવી છે.

અમુક જાતિ કે વર્ણના હોય તેવા કોઈ પણ વ્યક્તિને જાહેર દુકાનો, હોટલો, સરકારી સ્થાનો, કૂવા, તળાવ, ઘાટ, રસ્તા વગેરેના ઉપયોગ સંબંધે પ્રવેશબંધી ફરમાવી શકાશે નહી. જે સ્થળો સરકારે જાહેર ઉપયોગ અર્થે બનાવ્યા હોય તેના ઉપયોગ ઉપર કોઈ પ્રતિબંધ લગાવી શકાશે નહી. તેથી દેશનો કોઈપણ નાગરિક કોઈપણ પ્રકારના હિચકિચાટ વગર તેમાં પ્રવેશને પાત્ર ઠરે છે.

## ૫.૧૦.૩ સ્વાતંત્ર્યનો અધિકાર

સંવિધાનના -૧૭ માં અનુચ્છેદમાં વાણી અને વિચારની અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય બક્ષવામાં આવ્યું છે. કોઈપણ વ્યક્તિ દેશમાં ગમે ત્યાં ધંધો કરી શકે છે. સંગઠન રચી શકે છે. અને દેશમાં ગમે ત્યાં હરવા-ફરવા માટે સ્વાતંત્ર્ય ધરાવે છે. તે અંગે કોઈ જાતિ, ધર્મ, કે કોમ અથવા લીંગના કારણે તેની સામે ભેદભાવ રાખી શકાશે નહી. આપણા દેશમાં સંસદીય પ્રકારની લોકશાહીનો સ્વીકાર કરવામાં આવ્યો છે. લોકશાહી શાસનતંત્રમાં વાણી સ્વાતંત્ર્ય , અખબારી સ્વાતંત્ર્ય, વિચાર અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને મહત્વ આપવામાં આવે છે. તેથી જ આ અધિકાર સૌથી મહત્વનો અધિકાર માનવામાં આવે છે. આમ છતાં, રાજય તેના ઉપર વ્યાજબી નિયંત્રણો પણ મૂકી શકે છે.સ્વાતંત્ર્યના હકની અંદર જ અનુચ્છેદ-૧૭ અંતર્ગત અન્ય કેટલાક હકો પણ પ્રદાન કરવામાં આવ્યા છે. જેમ કે .

૧. વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય.
૨. શાંતિપૂર્વક અને શસ્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય.
૩. સંસ્થાઓ કે સંઘો રચવાનું સ્વાતંત્ર્ય.
૪. ભારતીય પ્રદેશોના વિસ્તારમાં મુક્ત રીતે હરવા ફરવાનું સ્વાતંત્ર્ય.
૫. ભારતીય પ્રદેશના કોઈપણ ભાગમાં વસવાટ કરવાનો અધિકાર.
૬. કોઈ પણ વ્યક્તિને દેશના ગમે તે ભાગમાં મિલ્કત ધારણ કરવાનો અધિકાર અથવા તો તેનો નિકાલ કરવાનો અધિકાર.
૭. કોઈ પણ પ્રકારનો વ્યવસાય, ધંધો, રોજગાર કે વેપાર કરવાનો અધિકાર. વ્યકિત સ્વાતંત્ર્યની ભાવના આ અધિકારમાં રહેલી છે.

## ૫.૧૦.૪ શોષણ સામેનો અધિકારઃ અનુચ્છેદ -૨૩.

ભારતીય સંવિધાનમાં આ એક મહત્વનો અધિકાર છે. આ અધિકાર માં વેઠપ્રથા નાબૂદીને લક્ષમાં લેવામાં આવી છે. કોઈપણ સ્રી, પુરૂષ યા બાળક પાસેથી તેની મરજી વિરૂધ્ધ બળજબરી પૂર્વક કામ કરાવી શકાશે નહી અથવા તો તેનું શોષણ કરી શકાશે નહીં. ધાક ધમકી આપીને તેની પાસેથી ભીખ મંગાવી શકાશે નહીં. બાળકોને ગેરકાયદેસર રીતે ખરીદવા, ભીખ મંગાવવી, વેઠ કરાવવી, ખરીદી કરવી, વેચવાં કે ભાડે રાખવાના કાર્યને તે અટકાવે છે. આમ બાળકો પ્રત્યે માનવીય વર્તાવ રાખવા સૂચવે છે. ૧૪ વર્ષથી ઓછી વયનાં કોઈપણ બાળકને કારખાના, ખાણ કે એવા જોખમભર્યા કોઈપણ પ્રકારના કામમાં રોકી શકાશે નહી. કે મજૂરી કરાવી શકાશે નહીં. તે બાબતે મનાઈ ફરમાવવામાં આવી છે.

"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય -૫

૧. રાષ્ટ્રીયનેતા તરીકે ડૉ. આંબેડકરે બંધારણ સભામાં રજૂ કરેલા વિચારો જણાવો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

૨. બંધારણના આમુખમાં માનવ અધિકારોની કઈ કઈ બાબતોની ઉદ્‌ઘોષણા કરવામાં આવી છે?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

૩. અનુચ્છેદ -૧૫ માં સમાનતાના અધિકારો માટે કેવી ખાત્રી આપવામાં આવી છે. ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

૪. સ્વાતંત્ર્યના અધિકારની ટૂંકમાં માહિતી આપો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

૫. વેઠ પ્રથા નાબૂદી માટે બંધારણમાં કઈ કઈ જોગવાઈઓ છે. ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## ૫.૧૦.૫ જીવન જીવવાનો અધિકાર: અનુચ્છેદ-૨૧

ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ અંતર્ગત કોઈપણ વ્યક્તિને જીવન જીવવાનો અધિકાર છે. સૌથી અગત્યનો આ અધિકાર છે. માનવી પોતાનું જીવન ગૌરવપૂર્ણરીતે જીવી શકે. તેના શરીરને કોઈ કષ્ટ આપી શકાય નહીં. આ જોગવાઈ હેઠળ માનવીનું આરોગ્ય, જાનમાલનું રક્ષણ, પૂરતી દવાઓની જોગવાઈ, પ્રદૂષણમૂક્ત વાતાવરણ વગેરેનો સમાવેશ થાય છે. માનવીને તેના જીવન દરમિયાન સારું શિક્ષણ, સારો રોજગાર, વ્યાપાર કે ધંધો તથા સારું આરોગ્ય મેળવવાનો અધિકાર છે. તેથી આ અધિકારને મહત્વનો અધિકાર માનવામા આવે છે.

## ૫.૧૦.૬ ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર: અનુચ્છેદ -૨૫

સંવિધાનમાં દર્શાવેલા આમુખ મુજબ આપણા દેશને બિન સાંપ્રદાયિક ઘોષિત કરવામાં આવ્યો છે.એટલે કે દેશનો કોઈ જ રાજયધર્મ નથી. અનુચ્છેદ-૨૫ અનુસાર દેશના કોઈપણ વ્યક્તિને પોતાને યોગ્ય લાગે તે ધર્મ પાળવાની છૂટ આપવામાં આવી છે. ધર્મ પાળવો અથવા તો ધર્મમાં નહીં માનવાનું ધાર્મિક સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું છે. રાજય તેમાં કશો જ હસ્તક્ષેપ કરી શકે નહીં કે કોઈ ફરજ પાડી શકે નહીં. કેટલીક વખત દેશમાં એવી પણ ઘટનાઓ બને છે, કે માનવ અધિકારોનું જ્યાં હનન થતું હોય આમ છતાં ધાર્મિક સ્વાતંત્ર્યના હકને કારણે રાજય કોઈ પગલાં ભરી શકતું ન હોય.

## ૫.૧૦.૭ સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર : અનુચ્છેદ-૨૯

દેશમાં વસવાટ કરતો કોઈ પણ નાગરિક અથવા જૂથ પોતાની સાંસ્કૃતિક ઓળખ, લિપિ, ભાષા જાળવી રાખવાનો અધિકાર ધરાવે છે. સંવિધાને અનુચ્છેદ-૨૯માં તે માટે જોગવાઈ કરી છે. તેમને શિક્ષણ મેળવવાનો અધિકાર છે. લઘુમતિ જાતિઓ પણ પોતાનો અધિકાર, સંસ્કૃતિ, ભાષા આ અનુચ્છેદ અંતર્ગત જાળવી રાખવાને હકદાર છે.

ડૉ. આંબેડકર અને નવમાનવવાદ ડૉ. આંબેડકરના માનવીય દ્રષ્ટિકોણના આધારપર

## ૫.૧૧ અનુસૂચિત જાતિઓ -જન-જાતિઓના માનવ અધિકારો

આપણા સંવિધાનમાં દલિતવર્ગો- અસ્પૃશ્યો એટલે કે અનુસૂચિત જાતિઓ અને વનવાસીઓ- આદિમ જાતિઓ એટલે કે અનુસૂચિત જન-જાતિઓને કેટલાક માનવ અધિકારો પ્રદાન કરવામાં આવ્યા છે. એટલું જ નહી પછાત વર્ગો અને લઘુમતિઓને પણ માનવ અધિકારો આપીને તેમના રક્ષણના ઉપાયો સૂચવ્યા છે.

ભારતમાં અછૂત વર્ગોની હાલત ઘણીજ ખરાબ હતી. આ વર્ગ આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને રાજનૈતિક એમ ચારે બાજુએથી પ્રતાડિત હતો. સામાજિક રીતે કમજોર એવા દલિત વર્ગો ઊંચે ઉઠે, તેમની પ્રગતિ થાય અને તેમના જીવનમાં શૈક્ષણિક ઉન્નતિનો પ્રકાશ ફેલાય તે માટે બાબા સાહેબે આ કચડાયેલા અછૂત વર્ગોને માનવ અધિકારો પ્રદાન કરાવવામાં ભારે સંઘર્ષ કર્યો. ૧૯૨૪ માં તેમણે "બહિષ્કૃત હિતકારીણી સભા" નામની એક સંસ્થાની સ્થાપના કરી અને તે દ્વારા દલિતવર્ગના વિદ્યાર્થીઓ માટે અમદાવાદ, ધોળકા, મુંબઈ, મનમાડ, બેલગામ, ધારવાડ, વગેરે સ્થળોએ છાત્રાલયો શરૂ કરી અને તેમાં રહીને દલિત વર્ગના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે તેવી વ્યવસ્થા ગોઠવી. ૧૯૨૯ માં મહાડ જલ સત્યાગ્રહનું આયોજન કરીને અછૂતવર્ગોને સાર્વજનિક તળાવમાંથી પાણી મેળવવાનો અધિકાર અપાવ્યો. તેવીજ રીતે અછૂતવર્ગો મંદિર પ્રવેશ કરી શકતા ન હતા. તેથી તેમણે ૧૯૩૦ માં નાસિક કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ ચલાવીને દલિત વર્ગોમાં જાગૃતિ આણી. લંડન ખાતે યોજાયેલી ગોળમેજી પરિષદમાં હાજરી આપીને દલિતોને રાજકીય તથા જાહેર સેવાઓમાં થઈ રહેલા અન્યાયને વાચા આપી સમાનતાનો માનવ અધિકાર અપાવવામાં મહત્વનું યોગદાન આપ્યું . આમ, જીવનના અંત સુધી ડૉ. આંબેડકર દલિત વર્ગોનાં માનવ અધિકારો માટે ઝઝૂમતા રહયા.

## ૫.૧૧.૧ અસ્પૃશ્યતા નાબૂદીઃ અનુચ્છેદ -૧૭.

ભારતીય સંવિધાનમાં અસ્પૃશ્યતા નાબૂદી અંગે વ્યવસ્થા કરીને દલિતવર્ગોને સૌથી મોટો માનવ અધિકાર આપવામાં આવ્યો છે. અનુચ્છેદ-૧૭ અંતર્ગત અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવે છે. અને એના આચરણની મના કરવામાં આવી છે. અસ્પૃશ્યતામાંથી ઉદ્‌ભવતી કોઈ નિર્યોગ્યતા લાગુ પાડનાર કે પડાવનાર વ્યકિત કાયદાનુસાર શિક્ષાને પાત્ર બને છે. આમ, દલિતવર્ગોને ડૉ. આંબેડકરના સતત માનવીય અધિકારો માટેના સંઘર્ષ પછી આ મોટો માનવ અધિકાર પ્રાપ્ત થયો છે.

આગળ વર્ણવવામાં આવેલા સાત અધિકારો જેવાં કે વાણી સ્વાતંત્ર્ય, ધાર્મિક સ્વાતંત્ર્ય, બળજબરી પૂર્વકની વેઠ યા મજૂરી, કાયદાસમક્ષ સમાનતા, શોષણ વિરુધ્ધનો અધિકાર, સમાનતાનો અધિકાર, બાળમજૂરી પ્રતિબંધ, શાંતિપૂર્વક હથિયારો વગર એકઠાં થવાનો અધિકાર વગેરે સામાન્ય નાગરિકની જેમ જ દલિતવર્ગોને પણ તેમાં આવરી લેવાયેલાં છે. જેની વિશેષ ચર્ચા આગળ કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે લોકસભા અને રાજયોની વિધાનસભાઓ તથા સ્વશાસનની તાલુકા પંચાયત, ગ્રામપંચાયત અને જિલ્લા પંચાયતોમાં આરક્ષણના વિશેષાધિકારો પ્રદાન કરીને આ વર્ગના લોકોને રાજકીય અધિકારો આપવામાં આવ્યા છે. લોકશાહી શાસન પ્રક્રિયામાં દરેક પુખ્તવયના નાગરિકને કેટલાક અપવાદોને બાદ કરતાં મતદાનનો અધિકાર બંધારણે આપ્યો છે. તેમજ શાસનતંત્રમાં પણ વંચિતોની સામેલગીરી આવકારીને અનુ. જાતિ-જનજાતિઓના પ્રતિનિધિત્વને બરકરાર રાખવામાં આવ્યું છે. આમ એમનો આ વિશાળ વર્ગ તકોથી વંચિત હતો તેને તકની સમાનતા આપવામાં આવી છે. કાયદાની દ્રષ્ટિએ આ વર્ગોને કાયદા સમક્ષ સમાન ગણવામાં આવ્યા છે. દલિત વર્ગો, વનવાસી આદિમજૂથ, સમૂદાયોમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય વિકાસ થાય તે માટે ખાસ જોગવાઈઓ દાખલ કરીને માનવ અધિકારો પ્રદાન કરવામાં આવ્યા છે.

**"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય -૫**

૧. ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર એટલે શું ?

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

૨. અનુ. જાતિ-જનજાતિને માનવ અધિકારો બક્ષવા ડૉ. આંબેડકરે કરેલા પ્રયત્નો જણાવો.

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

૩. અસ્પૃશ્યતા નાબૂદી અંગે બંધારણમાં કરેલી જોગવાઈઓ જણાવો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

૪. બંધારણમાં પછાત વર્ગોને આપેલા શૈક્ષણિક અધિકારો જણાવો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## ૫.૧૧.૨ શિક્ષણ મેળવાનો અધિકાર : અનુચ્છેદ ૪૬

છેક વૈદિક યુગથી બ્રિટીશયુગ સુધી વંચિતવર્ગો એટલે કે દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાતવર્ગોનાં બાળકોને શિક્ષણ મેળવવા માટેની કોઈ જ તકો ઉપલબ્ધ ન હતી. આ બાબતને લક્ષમાં રાખી સંવિધાનમાં અનુચ્છેદ-૪૬ હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિઓ- જન-જાતિઓ અને બીજા નબળાં વર્ગોના શૈક્ષણિક હિતોની અભિવૃધ્ધિ કરવામાં આવશે.

અનુચ્છેદ ૪૬ માં શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ન્યાય તથા તેમના શોષણ સામે રક્ષણ કરવા રાજ્યોને સૂચવ્યુ છે. રાજ્યને તેના માટે વ્યવસ્થા કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. રાજ્ય સરકારની ગ્રાન્ટ મેળવતી અનુદાનિત કોઈ પણ સંસ્થામાં અથવા તો રાજ્ય સરકાર દ્વારા ચલાવાતી હોય તેવી કોઈપણ પ્રાથમિક, માધ્યમિક, કોલેજ, ઉચ્ચ શિક્ષણ કે ટેકનોલોજીની સંસ્થામાં અનુ. જાતિ, જનજાતિના બાળકોને પ્રવેશ નિષેધ કરી શકાશે નહી.

આમ આ વર્ગોને શૈક્ષણિક માનવ અધિકારો પ્રદાન કરીને દલિતવર્ગો, કચડાયેલાવર્ગો, વનવાસી વર્ગોને મુખ્ય પ્રવાહમાં ભેળવી લેવામાં આવ્યા છે. એટલું જ નહી પોતાના બાળકોને ક્યા પ્રકારનું શિક્ષણ આપવું તે પસંદ કરવાનો કે નક્કી કરવાનો માનવ અધિકાર બાળકના માબાપને હસ્તક રાખવામાં આવ્યો છે.

આ વર્ગોનું આરોગ્ય સુધરે, રોગચાળાથી મુક્ત બને, સ્વચ્છ અને સુઘડ રીતે રહે તે માટે પણ સંવિધાનમાં અનુચ્છેદ ૪૭ દાખલ કરવામાં આવ્યો છે જો કે આ અનુચ્છેદ અંતર્ગત દેશના સર્વ નાગરિકોને આવરી લેવામાં આવ્યા હોઈ દલિતવર્ગોનો તેમાં આપોઆપ સમાવેશ થઈ જ જાય છે.

## ૫.૧૧.૩ લઘુમતિઓના માનવ અધિકારો

ભારતીય સંવિધાનમાં અનુચ્છેદ ૨૯-૩૦ અંતર્ગત લઘુમતિ સમાજને માનવ અધિકારો આપવામાં આવ્યા છે. લઘુમતિઓ એટલે કે ભારતીય સંવિધાનમાં જેમને લઘુમતિ તરીકે જાહેર કરવામાં આવી હોય તેવી જાતિઓ ખાસ કરીને મુસલમાનો, ખ્રિસ્તીઓ, પારસીઓ વગેરેને પોતાની સંસ્કૃતિ મુજબ શૈક્ષણિક અથવા તો ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો તેમજ તેનો વહીવટ કરવાનો અધિકાર માન્ય રાખવામાં આવ્યો છે. લઘુમતિઓ સાથે સમાન વ્યવહાર થાય, બહુમતિઓના માનવ અધિકારોનું રક્ષણ થાય તેમ સ્વીકારવામાં આવ્યું છે. ભારતમાં લઘુમતિઓ એટલે કે મુસ્લિમોના પ્રશ્નો વધારે ચર્ચાસ્પદ રહ્યા છે. લઘુમતિઓના જીવનની સલામતિનો અધિકાર સૌથી મહત્વનો અધિકાર બન્યો છે.

આમ ભારતનાં બંધારણમાં લઘુમતિઓના માનવ અધિકારોને પણ માન્ય રાખવામાં આવ્યા છે.

## ૫.૧૧.૪ બાળકો અને માનવ અધિકાર

આપણા બંધારણમાં બાળકોને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. બાળકોને સ્વાભાવિક રીતે પોતાના અધિકારો કયા છે તેની સમજ બહુ જ ઓછી હોય કેમ કે તે બાળક છે પરંતુ આપણા બંધારણમાં ૬ થી ૧૪ વર્ષની વયના બાળકોને ફરજિયાત શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. બાળ મજૂરી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સામાજિક રીતે નાની વયમાં બાળકોના લગ્ન કરવામાં આવે છે ત્યાં બાળલગ્ન પ્રતિબંધક ધારાની જોગવાઈ કરીને બાળલગ્નો ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. બાળમૃત્યુ, બાળકોનાં અપહરણ, બાળ હત્યા, વગેરેને અટકાવવા પણ સરકારની ફરજ છે. આપણા સંવિધાનમાં અનચ્છેદ ૧૫(૩) મુજબ બાળ કલ્યાણ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. બાળકોને જીવનનો અધિકાર, શિક્ષણનો અધિકાર, પોતાના રક્ષણનો અધિકાર, વિકાસનો અધિકાર, અને સહભાગી થવાનો અધિકાર એ મુખ્ય અધિકારો તરીકે ગણાવવામાં આવ્યા છે.

## ૫.૧૧.૫ સ્ત્રીઓ અને માનવ અધિકાર

ડૉ.આંબેડકરે સ્ત્રીઓને તમામ પ્રકારના માનવ અધિકારો પ્રાપ્ત થાય તે બાબતના હિમાયતી હતા. જયારે જયારે અવસર પ્રાપ્ત થયો ત્યારે તેમણે સ્ત્રીઓને ભારપૂર્વક સમજ આપી હતી. મલબારના અછૂતોની દયાજનક સ્થિતિ હતી.બાબા સાહેબને આ વાતની ખબર પડી એટલે તરતજ તેઓ મલબાર પહોચ્યા ત્યાંનાં દ્રશ્યો જોઈને તેમનું હદય દ્રવિત થઈ ઊઠ્યું. એક સભામાં બોલતાં તેમણે સ્ત્રીઓને કહ્યુકે "તમે શા માટે તમારા બાળકોને ભણવા માટે શાળાએ નથી મોકલતા ? શું તમે ચાહો છો કે તમારું બાળક એઠવાડ ચાટીને જીવન ગુજારે ? તમે પોતાના શરીરને ઉઘાડું શા માટે રાખો છો ? પોતાની જાંઘોને કેમ ઢાંકતી નથી ? જો તમે આ રીતે રહેશો તો તમે તમારી લાજ-મર્યાદા અને સતીત્વનું રક્ષણ કેવી રીતે કરશો ? દુનિયાના કોઈપણ ખૂણામાં સ્ત્રીઓ તમારી જેમ અડધી ઉઘાડી નથી રહેતી.આ ઘણી જ ખરાબ બાબત છે. આપનું જીવન લજ્જાસ્પદ છે તમે પોતાના સન્માનમાં વધારો કરી અને કપડાં પહેરતાં શીખો,વસ્ત્ર પહેરવાનો ઢંગ બદલો. તમારે વસ્ત્રોથી પોતાનું આખુયે શરીર ઢાંકવું જોઈએ ત્યારે તમે સન્માનજનક મહિલાઓ બની શકશો".

મલબારમાં અછૂતોની એટલી ખરાબ સ્થિતિ હતી કે એ વિસ્તારના હિન્દુ વર્ગોએ દલિતો ઉપર પારાવાર અત્યાચારો ગુજાર્યા હતા. દલિત સ્ત્રીઓ સારા કપડાં પહેરી શક્તી ન હતી. સારુ શિક્ષણ પોતાનાં બાળકોને આપી શકતી ન હતી અને સારુ આરોગ્ય તથા સારુ ખાવાનો પણ તેમને અધિકાર ન હતો. મરેલા પશુનું માંસ જ તેમને આરોગવું પડતું હતું. આવા અત્યાચારોને પરિણામે પરિયાહવર્ગોનું જીવન મલબારમાં દુ:ખદ બની ગયું હતું. ડૉ. આંબેડકરે આવી સ્ત્રીઓને માનવ અધિકારો અપાવવા ભારે જહેમત ઉઠાવી હતી. જે સ્ત્રીઓ મુંબઈની મીલોમાં શ્રમિક તરીકે કામ કરતી હતી તેવી કામદાર મહિલાઓને પ્રસૂતિની રજાઓ મળે,પ્રસૂતિ પછી સ્ત્રીને પુરતો આરામ મળે એટલું જ નહીં તેને સારો અને સ્વચ્છ આહાર- ખોરાક મળે તે માટે મુંબઈમાં ડૉ.આંબેડકરે જાગૃતિની એક મિશાલ જગાવી હતી.સતત પાંચ મહિના સુધી લગાતાર ડૉ. આંબેડકરે દક્ષિણ ભારતના મલબારમાં પ્રચારકાર્યને વેગવંતો બનાવી મહિલાઓને પોતાના માનવ અધિકારોથી સજાગ કરી હતી.

જ્યારે સંવિધાન નિર્માણ કરવાની તક ડૉ.આંબેડકરને પ્રાપ્ત થઈ ત્યારે તેમણે મહિલાઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું. સ્ત્રી પુરૂષની સમોવડી છે તેવી ભાવના પ્રેરિત કરવામાં આવી. હિન્દુ સંયુકત કુટુંબમાં સ્ત્રીઓને મિલકતનો કોઈ જ અધિકાર ન હતો તે પ્રદાન કરવામાં આવ્યો. સ્ત્રીઓ ઉપર થતા અત્યાચાર રોકવા કાયદાઓ ઘડવામાં આવ્યા. હિન્દુ સ્ત્રીઓને છૂટાછેડા-ત્યકતા હોય તો પતિ પાસેથી ભરણપોષણ મેળવવા કાયદા ઘડવામાં આવ્યાં. સૌથી મહત્વની બાબત એ છે કે સ્ત્રીઓને મત આપવાનો (મતાધિકાર) અધિકાર ભારતીય સંવિધાનમાં આપવામાં આવ્યો છે. એટલુંજ નહી. હવે તો સ્ત્રીઓ સંવિધાનિક જોગવાઈનુસાર લોકસભા, રાજયસભા, વિધાનસભાઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામપંચાયતોમાં ઉમેદવારી કરી શકે છે. અને ચૂંટાયાબાદ પ્રશાસનમાં સામેલગીરી વ્યક્ત કરી સુશાસનને આગળ વધારવામાં સહયોગી બને છે. ભારતીય સંવિધાનનો અનુચ્છેદ ૧૪-૧૫ સ્ત્રીઓને સમાનતાનો માનવ અધિકાર બક્ષે છે. આ અનુચ્છેદો મુજબ ધર્મ, જાતિ, લીંગ, જન્મસ્થળ કે એવા કોઈપણ કારણોસર રાજય કોઈની સાથે ભેદભાવ કરશે નહી. જેમાં સ્ત્રીઓ અને બાળકોનો આપોઆપ સમાવેશ થઈ જ જાય છે. સ્ત્રીઓની ઉન્નતિ માટે કાયદાઓ ઘડવાની આપણા બંધારણમાં છૂટ આપવામાં આવી છે. જેમ કે દહેજપ્રથા નાબૂદ ધારો, સ્ત્રીભૃણ હત્યા અટકાવ ધારો,ગુજરાત પંચાયત એકટ કે જેમાં સ્ત્રીઓને ૩૩% અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્ત્રીનું આરોગ્ય, પોષણ, સમાન અધિકાર, માતૃત્ત્વનું રક્ષણ વગેરે માટે ભારતીય ફોજદારી ધારામાં જોગવાઈઓ કરવામાં આવી છે.

## ૫.૧૧.૬ બંધારણમાં નિર્દિષ્ટ માનવ અધિકારો સંક્ષિપ્તમાં

૧. કાયદા સમક્ષ સમાનતા : અનુચ્છેદ-૧૪
૨. ભેદભાવ પર પ્રતિબંધ : અનુચ્છેદ-૧૫ (૧)
૩. લોકનિયોજનમાં સમતા : અનુચ્છેદ-૧૬ (૧)
૪. વાણી સ્વાતંત્ર્ય : અનુચ્છેદ-૧૬ (૧) ક
૫. સંમેલન યોજવાનો અધિકાર: અનુચ્છેદ-૧૯ (૧) ખ
૬. સંગઠન રચવાની સ્વતંત્રતા: અનુચ્છેદ-૧૯ (૧) ચ
૭. ભારતના રાજ્યોમાં મુકતપણે ફરવાનો અધિકાર: અનુચ્છેદ-૧૯ (૧) ઘ
૮. મિલ્કત ધરાવવાનો અધિકાર:અનુચ્છેદ-૧૯ (૧) ચ
૯. કાયદાકીય રક્ષણ મેળવવાનો

અધિકાર: અનુચ્છેદ-૨૦ (૧)
૧૦. જીવન રક્ષણનો અધિકાર: અનુચ્છેદ-૨૧
૧૧. માનવ વ્યાપાર પ્રતિબંધ : અનુચ્છેદ-૨૩
૧૨. ધર્મનું સ્વાતંત્ર્ય : અનુચ્છેદ-૨૫ (૧)
૧૩. અલ્પસંખ્યકોનું સંરક્ષણ: અનુચ્છેદ-૨૯ (૧)
૧૪. અલ્પસંખ્યકોને શિક્ષણનો અધિકાર: અનુચ્છેદ-૩૦ (૧)
૧૫. મિલ્કતનું અનિવાર્ય સર્જન: અનુચ્છેદ-૩૧ (૧) ક
૧૬. ઉપાયોનો અધિકાર : અનુચ્છેદ-૩૨

**"તમારી પ્રગતિ ચકાસો" સ્વાધ્યાય -૬**

૧. બંધારણમાં લઘુમતિઓને આપેલા માનવ અધિકારો ટૂંકમાં વર્ણવો.

............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................

૨. બંધારણમાં બાળકોને કયા કયા માનવ અધિકારો બક્ષવામાં આવ્યા છે.?

............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................

૩. મલબારની સભામાં દલિત સ્ત્રીઓને જોઈને ડૉ.આંબેડકરે વ્યકત કરેલો આક્રોશ જણાવો.

............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................

૪. સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવા ડૉ. આંબેડકરે આપેલ મહિલા અધિકારો જણાવો.

............................................................................................................
............................................................................................................
............................................................................................................
............................................................................................................

## ૫.૧૨. સારાંશ

આ એકમના અભ્યાસથી તમે બંધારણમાં આપવામાં આવેલા માનવ અધિકારોથી માહિતગાર થયા. બંધારણમાં દરેક માનવીને પોતાની રીતે જીવન જીવવા માટે વિચાર, વાણી અને ધાર્મિક સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું છે. વ્યકિત પોતાની મરજી મુજબનો ધર્મ પાળી શકે તેની છૂટ પણ આપવામાં આવી છે. સમાજમાં ઊંચ-નીચ,છૂત-અછૂત વગેરેના ભેદભાવ ન રહે તે માટે પણ બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં અવી છે. અને બાળક, સ્ત્રી, પુરુષ દરેકને સમાન માનવ અધિકારો આપવામાં આવ્યા છે. તે તમે આ એકમમાંથી જાણી શકયા.

## ૫.૧૩ કેટલાક ઉપયોગી પુસ્તકો

(૧) ભારતીય સંવિધાન. કેન્દ્ર સરકાર- દિલ્હી
(૨) બંધારણના ઘડવૈયા. લે.પી.એ. પરમાર (મહેસાણા)
(૩) ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ડૉ.આંબેડકરની ભૂમિકા પી.એ.પરમાર (મહેસાણા)
(૪) રાજ્ય ઔર અલ્પસંખ્યક. ડૉ.બી.આર આંબેડકર (હિન્દી)
(૫) ડૉ.આંબેડકર વ્યક્તિત્ત્વ એવં કૃતિત્ત્વ : ડૉ.ડી.આર જાટવ (હિન્દી)
(૬) માનવ અધિકારનો કાયદો, ૨૮ સપ્ટે.૧૯૯૩,ભારત સરકાર
(૭) ભારતકા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અરૂણ રાય (હિન્દી)
(૮) અનુસૂચિત જાતિ-જનજાતિ અત્યાચાર નિવારણ ધારો-૧૯૮૯
(૯) ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા ડૉ.એ.આર.દેસાઈ

**લેખક**

| | |
|---|---|
| ડૉ. પી. જી. જ્યોતિકર | 21, આનંદવિહાર સોસાયટી,<br>દાણીલિમડા,<br>અમદાવાદ – 28 |
| ડૉ. મનુભાઈ મકવાણા | પ્રોફેસર અને હેડ<br>સમાજશાસ્ત્ર વિભાગ,<br>ગુજરાત યુનિવર્સિટી, |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| ડૉ. પી. જી. જ્યોતિકર | 21, આનંદવિહાર સોસાયટી,<br>દાણીલિમડા,<br>અમદાવાદ – 28 |
| ડૉ. રમેશચંદ્ર પરમાર | 8, મનહર નગર સોસાયટી,<br>રાજપુર, ગોમતીપુર,<br>અમદાવાદ – 29 |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| ડૉ. પી. જી. જ્યોતિકર | 21, આનંદવિહાર સોસાયટી,<br>દાણીલિમડા,<br>અમદાવાદ – 28 |
| ધ્વનિલ પારેખ | વ્યાખ્યાતા (ગુજરાતી),<br>મહાદેવભાઈ દેસાઈ,<br>ગ્રામ વિદ્યાલય, સાદરા, જી – ગાંધીનગર. |

**સંયોજન સહાય**

| | |
|---|---|
| 1] શ્રી કે. એ. પોટા | કુલસચિવશ્રી,<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>આર.સી.ટેકનિકલ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે,<br>એસ.જી.હાઈવે, સોલા,અમદાવાદ–60 |
| 2] શ્રી દિલિપભાઈ કાતરિયા | વ્યાખ્યાતા (ઈતિહાસ)<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>આર.સી.ટેકનિકલ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે,<br>એસ.જી.હાઈવે, સોલા,અમદાવાદ–60 |


**પુનઃ મુદ્રણ – 2026**

**પ્રકાશક**
કુલસચિવ,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે, એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ–60
Email : feedback.baou.org Website : www.baou.org
@ સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય જીવનમાં પ્રદાન

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**BBA-VAC-407**

# ડૉ.બાબાસાહેબ આંબેડકરનું જીવન ચરિત્ર

**(Biography of Dr. Babasaheb Ambedkar)**

વિભાગ

# 4

## ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય જીવનમાં પ્રદાન


એકમ –1
ભારતીય બંધારણ 03

એકમ –2
ભારતીય મજૂર આંદોલન 20

એકમ– 3
દલિત આંદોલન 28

એકમ – 4
ડૉ. આંબેડકરના પાકિસ્તાન પર વિચારો 42

એકમ – 5
ડૉ. આંબેડકર અને કોડ બિલ 60

# પ્રકરણ-૧. ભારતીય બંધારણ (Indian Constitution)


૧.૦ ઉદ્દેશ

૧.૧ પ્રાસ્તવિક

૧.૨ સમાજ વ્યવસ્થા અને બંધારણ

૧.૨.૧ ભારતીય સમાજ

૧.૨.૨ સામાજિક બંધારણ

૧.૨.૩ રાજ્ય બંધારણ

૧.૩ બંધારણની જરૂર અને ઉપયોગિતા

૧.૪ ભારતીય બંધારણ

૧.૪.૧ ભારતીય બંધારણના ઘડવૈયાઓ અને ડૉ. આંબેડકરનો ફાળો

૧.૪.૨ બંધારણનાં લક્ષણો

૧.૫ બંધારણીય અધિકારો

૧.૫.૧ અર્થ અને મહત્ત્વ

૧.૫.૨ મુખ્ય મૂળભૂત અધિકારો

૧.૬ બંધારણીય ફરજો

૧.૭ બંધારણ અને સામાજિક પરિવર્તન

૧.૮ સારાંશ

૧.૯ પ્રશ્નો અને જવાબ


## ૧.૦ ઉદ્દેશ (Objectives) :

ડૉ.બી.આર. આંબેડકરના રાષ્ટ્રીય જીવનમાં પ્રદાનને સમજવા માટે આપણે ડૉ. આંબેડકરનાં કાર્યો અને તેના દ્વારા ભારતના નવનિર્માણ તેમજ ઘડતરમાં તેઓના ફાળાને જોવો અને સમજવો રહ્યો. ડૉ. આંબેડકર રાષ્ટ્રવાદી નેતા હતા. તેમનું સમગ્ર જીવન દેશના લોકો અને દેશના ઉધ્ધાર તેમજ વિકાસના કાર્યો કરવામાં વિત્યું છે. પોતાના સમગ્ર જીવન દરમ્યાન એક સામાજિક કાર્યકર તરીકે, અધ્યાપક તરીકે, કોર્ટના પ્રખ્યાત વકિલની ભૂમિકામાં રહીને, કામદાર-મજૂર નેતા તરીકે, બંધારણના ઘડવૈયા તરીકે, રાષ્ટ્રના પ્રથમ કાયદા મંત્રીની ફરજ નિભાવતા કે ધર્મપરિવર્તન કરી શુદ્રોના તારણહાર તરીકેની અનેક ભૂમિકાઓ તેમણે ભજવી. આ દરેક ભૂમિકામાં કેન્દ્રસ્થાથે રાષ્ટ્રહિત, દેશના નાગરિકોનું કલ્યાણ અને રાષ્ટ્રનો વિકાસ રહેલો છે. આપણે જાણીએ છે તેમ ડૉ. આંબેડકર પ્રખર વિદ્વાન કાયદાવિદ, સમાજશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, ઈતિહાસવિદ અને ધર્મના ઊંડા અભ્યાસી ચિંતનકર્તા હતા. આ તમામ ક્ષેત્રોમાં તેઓના પ્રદાનને સમજીએ તો જ આપણે તેમના રાષ્ટ્રીય જીવનમાંના પ્રદાનને સમજી શકીએ.

ભારતને રાજકીય આઝાદી પ્રાપ્ત થઈ ત્યારે આપણે લોકશાહી રાજ્ય પ્રણાલીનો સ્વીકાર કર્યો. લોકશાહી રાજ્ય પ્રણાલી મુજબ દેશનું રાજ્યતંત્ર ચલાવી રાષ્ટ્રનિર્માણ માટે પ્રણાલી યોગ્ય બંધારણ હોવું જરૂરી બન્યું. સંસદીય પ્રણાલીમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નિમેલા આમંત્રિત પ્રતિનિધિઓ સાથે બંધારણની રચના અને ઘડતર માટે એક સમિતિની રચના કરવામાં આવી. આ ડ્રાફટીંગ કમિટીના અધ્યક્ષ તરીકે ડૉ. બી.આર. આંબેડકર હતા, અન્ય બીજા ૬(છ) સભ્યો હતા. ૧૪૧ દિવસની અથાગ મહેનત પછીથી આ સમિતિએ બંધારણનો ડ્રાફટ ૨૧, ફેબ્રુઆરી ૧૯૪૮ના દિવસે બંધારણસભાના પ્રમુખને રજૂ કર્યો.

પ્રસ્તુત પુસ્તિકામાં આપણે બંધારણના ઘડવૈયા ડૉ. બી.આર. આંબેડકરનું પ્રદાન, તેઓની ભારતીય સમાજવ્યવસ્થા પરિવર્તનની બંધારણ દ્વારા ભૂમિકા, બંધારણની આ દેશને જરૂરિયાત તેમજ દેશના નાગરિકોને અપાયેલા બંધારણીય અધિકારો અને નાગરિકોની ફરજો અંગે સમજ મેળવીશું. આમ સર્વગ્રાહી સમજને આધારે ભારતીય સમાજ પરિવર્તનમાં દેશના બંધારણ અને બંધારણ ઘડવૈયાનો ફાળા બાબતે જોવાનો પ્રયાસ કરીશું, સાથે-સાથે બંધારણ થકી સામાજિક માળખામાં આવેલા પરિવર્તનને પણ સમજવાનો પ્રયત્ન કરવામાં આવશે.

## ૧.૧ પ્રાસ્તાવિક

આર્યોના ભારતમાં આગમન પૂર્વેથી એટલે કે સિંધુ ખીણની સંસ્કૃતિ (અનાર્યો-દ્રવિડો)થી આ દેશનો ઇતિહાસ હારેલાઓનો ઇતિહાસ રહ્યો છે. મૂળનિવાસીઓને આર્યોએ હરાવ્યા. આ દેશમાં એક નવી સંસ્કૃતિ અને સમાજ વ્યવસ્થા જન્મી અને વિકસી. વેદના સમય પછીથી શરૂ થયેલી વર્ણવ્યવસ્થા વાળી સમાજવ્યવસ્થામાં અનેક રાજાઓનાં રાજ્યો સ્થપાયાં અને ધ્વંસ પામ્યા. તમામ રાજાઓ એકમેકને હરાવવા - ગુલામ બનાવવાના પ્રયત્નોમાં જ યુદ્ધો લડતા રહ્યા. તેમને હરાવી ઈસ્લામધર્મીઓએ આ દેશ ઉપર ૬૦૦થી વધુ વર્ષો રાજ્ય કર્યું. અને ત્યાર બાદ આવ્યા અંગ્રેજો. બ્રિટીશ સામ્રાજ્ય આ દેશને ૨૦૦ વર્ષ સુધી ગુલામ બનાવી વિકસતું રહ્યું. આખરે ૧૯૪૭માં દેશને રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત થઈ. તે પહેલાં ૮૦૦ વર્ષો સુધી ગુલામ રહેલા દેશની પ્રજાની સમાજવ્યવસ્થા જ્ઞાતિ અને વર્ણ આધારિત રહી છે.

ભારતમાં વર્ણ અને જ્ઞાતિ આધારિત સમાજવ્યવસ્થામાં સામાજિક માળખાને જાળવી રાખવા, સમાજના સભ્યોના વર્તન-વ્યવહાર અને આંતરક્રિયાઓને નિયંત્રણમાં રાખવા માટે ચોક્કસ ધોરણો સાથેની વ્યવસ્થા વિકસાવવામાં આવી હતી. આ વ્યવસ્થા (સંસ્કૃતિ) ધર્મની માન્યતા અને મૂલ્યોથી પ્રભાવિત અને નિયંત્રિત હતી; અને આથી જ સમાજના સભ્યોની આંતરક્રિયા - વર્તન અને વ્યવહારને સાચા કે ખોટા દર્શાવવા અને પ્રસ્થાપિત કરવા માટે ધર્મ આધારિત પાપ-પૂણ્ય, પવિત્ર-અપવિત્રના ખ્યાલો સાથે સજ્જડ રીતે જોડી દેવામાં આવ્યા હતા. જો પ્રસ્થાપિત ધોરણો મુજબ વર્તન કરવામાં આવે નહીં તો ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખાયેલી શિક્ષા, સામાજિક શિક્ષાના સ્વરૂપે આપવામાં આવતી હતી. આ સમગ્ર પ્રક્રિયા અલિખિત અને પરંપરાગત રીતે ઉતરી આવતી હતી. સમાજના સભ્યો તેને ચૂસ્તપણે સ્વીકારતા અને તે મુજબ સામાજિક વ્યવહારો અને માનવીય આંતરક્રિયાઓ પોતાના રોજબરોજના જીવનમાં કરતા હતા. આ સમગ્ર પ્રક્રિયાનું માળખું એટલે જ સામાજિક બંધારણ. જે અલિખિત રહેતું. સમાજના વડિલ આગેવાનોના બનેલા જ્ઞાતિપંચ દ્વારા નક્કી કરીને અમલમાં મૂકાયેલું અને ધાર્મિક મૂલ્યો - માન્યતાઓથી નિયંત્રિત હતું. આ સામાજિક બંધારણને રાજ્ય દ્વારા પણ માન્યતા પ્રાપ્ત રહેતી. રાજ્ય સામાજિક બંધારણમાં હસ્તક્ષેપ કરતું નહીં કે પછી સામાજિક બંધારણે સાચું કે ખોટું ઠેરવી; આપેલા ન્યાયને અનુસૂચિત ગણીને અસ્વીકાર કરતું નહીં.

ઉપરોક્ત પ્રકારે સ્વીકારાયેલા સામાજિક બંધારણને ઇચ્છા કે અનિચ્છાએ સમગ્ર સમાજ સ્વીકારતો. જોકે તે ઘડવામાં નિમ્ન જ્ઞાતિઓના એકપણ સભ્યનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ જ ફાળો રહેતો નહીં. તેઓને તો ઉચ્ચ જ્ઞાતિઓ અને જ્ઞાતિપંચો કહે તે જ તેમના માટેના; વર્તન-વ્યવહાર અને જીવન જીવવા માટેનું બંધારણની સ્થિતિ હતી. જોકે કાળક્રમે આ નિમ્ન જ્ઞાતિઓનાં પોતાના જ્ઞાતિપંચ, જ્ઞાતિબંધારણ વિગેરે અસ્તીત્વમાં આવ્યાં અને વિકસેલાં જોવા મળે છે. પરંતુ આમાં મહદ્ અંશે ઉચ્ચજ્ઞાતિઓનું અનુકરણ થયેલું જોવા મળતું.

## ૧.૨ સમાજવ્યવસ્થા અને બંધારણ

**ભારતીય સમાજ :** ભારતીય સમાજ અનેક સમાજોનો બનેલો સમાજ છે. જેમાં હિન્દુ, ઈસ્લામ (મુસ્લીમ), બૌદ્ધ, ખ્રિસ્તી, શીખ, જેવા કેટલાક ધર્મો પાળતા લોકોના સમાજો અને આ મુખ્ય ધર્મ આધારિત સમાજોમાંથી વિકસેલા અનેક નાના-મોટા સંપ્રદાયો પાળતા લોકોના સમાજોનો સમાવેશ થાય છે. આ દરેક સમાજને પોતાની આગવી સંસ્કૃતિ એટલે કે, મૂલ્યો, માન્યતાઓ, ધોરણો, પહેરવેશ, ખોરાક, કળા, કારીગરી, ચિત્રકામ, બોલી/ભાષા, વિગેરે છે. આમ ભારતીય સમાજ અનેકવિધતા ધરાવતો સમાજ છે. આ સમાજમાં સમાવિષ્ટ દરેક સમાજને પોતાની આગવી સામાજિક વ્યવસ્થા ધરાવતું માળખું છે. આ માળખામાં રહીને જે-તે સમાજના સભ્યો સામાજિક વ્યવહારો, એટલે કે આંતરક્રિયા કરે છે. આ આંતરક્રિયાના આદાનપ્રદાન થકી જ દરેક પોતપોતાની જીવનશૈલી અનુરૂપ જરૂરિયાતો સંતોષે છે.

ભારતની સ્વતંત્રતા પહેલાં દેશમાં હિન્દુ સમાજ વિશેષ પ્રભુત્વ ધરાવતો સમાજ હતો. આપણે જાણીએ છે તેમ ભારતીય હિન્દુ સમાજ વર્ણવ્યવસ્થા, જ્ઞાતિભેદ, જ્ઞાતિ આધારિત વ્યવસાય તેમજ ધર્મ નિયંત્રિત સંસ્કૃતિના પાયા ઉપર ઉભેલો અને ટકેલો સમાજ છે. આ સમાજ બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શુદ્ર એવી ચાર વર્ણો ઉપરાંતની પંચમ વર્ણ, (વર્ણવ્યવસ્થા બહારની વર્ણ)ના જુદા-જુદા ભાગો અને તેની અનેક જ્ઞાતિઓના પેટાસમાજો/ભાગોમાં વહેંચાયેલો હતો. સામાજિક-ધાર્મિક માન્યતા અને મૂલ્યો ધરાવતા અનેક ભેદભાવો તેમના દૈનિક જીવનમાં સમાજના સભ્યોને અમુક ચોક્કસ પ્રકારે જ વર્તનવ્યવહાર, આંતરક્રિયાઓ કરવા અને જીવન જીવવા ફરજ પાડતા હતા. પ્રસ્તુત વ્યવસ્થામાં ઊંચી ગણાતી દ્વિજ જ્ઞાતિઓ નિમ્ન ગણાતી શુદ્ર અને પંચમ જ્ઞાતિઓ સાથે અસ્પૃશ્યતા પાળતી. તેમની ઉપર શારીરિક માનસિક અને સામાજિક અત્યાચાર કરતી, તેમજ તેમનું શક્ય તે તમામ રીતે અને સ્વરૂપે શોષણ કરતી હતી. નિમ્ન જ્ઞાતિઓ માટે સમાજ વ્યવસ્થામાં ફરજો વધુ અને અધિકારો નહીંવત હતા. તેઓ શિક્ષણ લઈ શકતા નહીં, માલ-મિલકત વસાવી શકતા નહીં, સમાજની જાહેર મિલ્કતનો ઉપયોગ કરી શકતા નહીં, જાહેર નદી, તળાવ, કુવા કે પાણીના અન્ય સ્થળોએથી પાણી ભરી શકતા નહીં. જાહેર રસ્તાઓ ઉપર સમાજમાં ઊંચી જ્ઞાતિના લોકોને અડકી જવાય નહીં તેથી નિમ્નજ્ઞાતિના લોકોને ચાલવાની અધિકાર નહોતો. શુદ્ર જ્ઞાતિની સ્ત્રીઓ કમ્મરથી ઉપરના શરીરે વસ્ત્ર ધારણ કરી શકતી નહીં. આમ કોઈ પણ પ્રકારના માનવીય ગૌરવ આપતા અધિકારો સિવાય સમાજની સેવા કરવાની તમામ પ્રકારની ફરજો તેમણે ફરજિયાતપણે બજાવવી પડતી હતી. જો તેઓ આ ફરજો બજાવવામાં સ્હેજ પણ નિષ્ફળ જાય છે તેમ ઊંચી જ્ઞાતિના સભ્યને લાગે તો શુદ્રોને દેહાંત દંડ સુધીની શિક્ષા કોઈ પણ પ્રકારની ન્યાયિક પ્રક્રિયા સિવાય આપવામાં આવતી હતી. નિમ્નજ્ઞાતિઓને પોતાની રજૂઆત કરવાની કે ન્યાય માંગવાની પણ ઉપરોક્ત વ્યવસ્થા ધરાવતા ભારતીય હિન્દુ સમાજના માળખામાં છૂટ આપવામાં આવતી નહોતી.

ઉપરોક્ત પ્રકારની ફરજો આપતી અને અધિકાર નહીં આપતી સમાજ વ્યવસ્થામાં જુદી-જુદી વર્ણો માટે વ્યવસાયની પણ વહેંચણી કરી દેવામાં આવી હતી. ઊંચા, શુદ્ધ, પવિત્ર અને વધુ આવક આપતા વ્યવસાયો દ્વિજ ગણાતી ઊંચી જ્ઞાતિઓને આપવામાં આવ્યા હતા. બીજી તરફ અસ્વસ્છ, સમાજમાં હલકા અને તુચ્છ ગણાતા, અસ્વચ્છ, અપવિત્ર મનાતા અને જેમાંથી કોઈ જ આવક, કે વ્યાવસાયિક વળતર પ્રાપ્ત કરી શકાય નહીં તેવા તમામ વ્યવસાયો "સમાજની સેવા"ના સુંદર નામ ના મોહરા હેઠળ શુદ્ર સમાજમાં નિમ્ન મનાતી (વર્ણ), જ્ઞાતિઓને ફાળવવામાં આવ્યા હતા. ઉપલી (જ્ઞાતિઓ) વર્ણ જે વ્યવસાયો કરતી તેમાં બ્રાહ્મણ શિક્ષણના પ્રચાર, પ્રસાર અને ધર્મરક્ષાના વ્યવસાય સાથે જોડાયેલા હતા. ક્ષત્રિયોને સમાજનું બાહ્ય અને આંતરિક ભય-દુશ્મનથી રક્ષણ કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું તો વૈશ્યને વેપાર-વાણિજ્યનો વ્યવસાય સોંપાયો હતો. નિમ્ન જ્ઞાતિઓ (શુદ્રો)ને જે વ્યવસાયો કરવાની ફરજ પાડવામાં આવતી હતી તેમાં ગામની સફાઈ કરવી, મરેલા પશુઓ, પ્રાણીઓ ખેંચી-ઉઠાવી લઈ જવા, શૌચાલયનું મેલુ સાફ કરવું, મૃતદેહોને અગ્નિદાહ દેવો, વેઠ કરવી, ઊંચી જ્ઞાતિઓ અને સરકારી અમલદારોનો માલ-સામાન, કિંમતી દાગીના વિગેરે ગામ-પરગામ ઊંચકીને મૂકવા-લેવા જવું, વિગેરેનો સમાવેશ થતો હતો. આ સેવાના ગણાતા કામો-વ્યવસાયના વળતર સ્વરૂપે તેઓને ફાતેલા-તૂટેલા કપડાં અને માટીના વાસણો, વધેલું ભોજન, વિગેરે તેમના જીવનનિર્વાહ અર્થે આપવામાં આવતું. તેઓ આવી આવકમાં માલમિલકત વસાવવા અસમર્થ તો હતા જ ઉપરાંત સામાજિક ધાર્મિક રીતે પણ તેઓને માલમિલકત વસાવવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ નિમ્ન જ્ઞાતિ સમૂહોને રહેવા માટે પણ ગામમાં ચોક્કસ સ્થળો નક્કી કરાયેલાં હતાં. તે મુજબ તેઓ ગામમાં વસતા ઉચ્ચ જ્ઞાતિ સમૂહો વચ્ચે - સાથે રહી શકતા નહીં. તેમનો વસવાટ ગામની બહાર, મોટે ભાગે સ્મશાન નજીક રહેતો. આપણે આગળ જોયું તેમ આ સમૂહના લોકોનો સ્પર્શ કે પડછાયો પણ અપવિત્ર મનાતો અને તેથી ઊંચી જ્ઞાતિના લોકો તેમનાથી અભડાતા. આમ તેમની સાથે અસ્પૃશ્યતાનો વ્યવહાર કરાતો.

ભારતીય હિન્દુ સમાજ વ્યવસ્થા અનેક પ્રકારના સામાજિક ઊંચ-નીચના ભેદભાવો, ઉપર જોયું તે પ્રમાણેની ફરજો અને અધિકારો, વ્યાવસાયિક સર્વાંગી વિકાસની તકવિહોણી વહેંચણી, વસવાટની અલાયદી, ભેદભાવભરી અતાર્કિક વ્યવસ્થા અને શારીરિક સ્પર્શને ગુનો ગણતી સમાજ વ્યવસ્થામાં અન્યાય, શોષણ, કુરૂઢિઓ, કુરિવાજો અને માનવીય ગૌરવને હણતા મૂલ્યો તેમજ માન્યતાઓ કેન્દ્રસ્થાને મહત્ત્વના અને અગત્યની ભૂમિકા ભજવીને સમાજને પાળતા, પોષતા, તેમજ ટકાવી રાખતા હતા. ભારતીય સમાજમાં આ પ્રકારનું સામાજિક માળખુ ધરાવતા

હિન્દુ સમાજનું પ્રભુત્વ આઝાદી પહેલાં સારુ એવું હતું. દેશમાં જે રાજયો હતાં તેના રાજાઓ હિન્દુ હતા. અને આથી જ જ્યારે અન્ય ધર્મી રાજાઓ કે પ્રજા આ દેશમાં આવી ત્યારે તેમનો મુખ્ય ધ્યેય કયાં તો રાજ્ય સ્થાપવું કે વ્યાપરનો હતો. આથી તેઓનો સૌ પ્રથમ સંબંધ રાજા સાથે રહેતો. અને જ્યારે ઈસ્લામ ધર્મીઓ કે ખ્રિસ્તી ધર્મીઓ આ દેશના વહીવટ રાજ્ય કર્તા બન્યા ત્યારે પણ તેમણે પોતાનો ધર્મ અને સમાજ અત્રે વિકસાવ્યો. પરંતુ પ્રસ્થાપિત હિન્દુ ધર્મ ધરાવતા સમાજના માળખામાં કોઈ જ હસ્તક્ષેપ કર્યો નહોતો. બીજી તરફ એવું પણ બનેલું જોવા મળે છે કે હિન્દુ ધર્મ છોડીને મુસ્લીમ કે ખ્રિસ્તી ધર્મ અપનાવનાર નિમ્ન જ્ઞાતિ સમૂહના લોકો સાથે જે-તે ધર્મમાં પણ હિન્દુ ધર્મ અને સમાજના જેવા જ વર્તન-વ્યવહાર અને આંતરક્રિયાના ભેદભાવો ચાલુ રખાયેલા જોવા મળે છે. દા.ત. દક્ષિણ ભારતમાં નિમ્ન જ્ઞાતિઓમાંથી ખ્રિસ્તી ધર્મ અપાવનારાઓની ચર્ચ અને સ્મશાન અલગ હતાં તેઓને અંગ્રેજ કે ઊંચી-જ્ઞાતિમાંથી ખ્રિસ્તી બનેલાઓની ચર્ચ કે સ્મશાનમાં પ્રવેશવા-વાપરવાનો અધિકાર નહોતો. એટલે કે અસ્પૃશ્યતાનો વ્યવહાર કરાતો હતો. મુસ્લીમ સમાજમાં વ્યાવસાયિક ભેદભાવ હતો. વટલાયેલા લોકો પોતાનો એજ પરંપરાગત વ્યવસાય કરતા. બીજી તરફ હિન્દુ ધર્મના કુરિવાજો, ઊંચનીચના ભેદભાવો, શોષણ અને અનેક સામાજિક કુરૂઢિઓની સામે સુધારાવાદીઓએ બંડ પોકારી, સમાનતા, સ્વતંત્રતા, સ્ત્રી-પુરુષ કે ઊંચનીચના ભેદભાવો વિહોણા ધર્મની સ્થાપના કરેલી. અને તે ધર્મ પાળનારાઓનો અલગ સમાજ બનેલો જેમ કે બૌદ્ધ, જૈન અને શીખ, આ સંપ્રદાય પાળનારાઓ પણ વખત જતાં, કાળક્રમે પોતાના મૂળ હિન્દુ ધર્મના સંસ્કારો એટલે કે ભેદભાવ અને અસમાનતા વાળી વર્તન-વ્યવહારને ફરીથી અપનાવતા જોવા મળે છે. આમ ભારતમાં આઝાદી પહેલાં જે કોઈ સમાજો, હિન્દુ સમાજ, ઈસ્લામ, ખ્રિસ્તી, બૌદ્ધ, શીખ કે જૈન સંપ્રદાયવાળા સમાજ વિગેરે હતા તેના સામાજિક માળખામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એક કે બીજી રીતે હિન્દુ સમાજ વ્યવસ્થા વાળી સામાજિક પદ્ધતિઓ, વ્યવહારો અને આંતરક્રિયા સાથેની છબી જોવા મળે છે.

વિશ્વના દરેક સમાજને પોતાનું આગવું બંધારણ હોય છે. સમાજ પોતાની જરૂરિયાત મુજબ, સમાજના વિકાસ, રક્ષણ અને સમાજને ટકાવી રાખવા માટે સામાજિક બંધારણ ઘડે છે, સ્વીકારે છે અને તેનાથી નિયંત્રિત રહે છે. ભારતમાં પણ આ વ્યવસ્થા આઝાદી અગાઉ ભારતીય સમાજમાં પ્રવર્તતી જોવા મળે છે. શિક્ષણના પ્રચાર અને પ્રસાર પહેલાં આ બંધારણો અલિખિત, પેઢી દર પેઢી મૌખિક પરંપરા મુજબ ઉતરી આવતાં અને સામાજિક વ્યવહારો-આંતરક્રિયામાં સ્વીકારાયેલાં હતાં.

આપણે આગળ ઉપર ભારતીય સમાજ વ્યવસ્થામાં જોયું તેમ આઝાદી અગાઉની સમાજ વ્યવસ્થા સામાજિક રીતે સમાનતા વાળી નહોતી. સમાજ વર્ણ અને જ્ઞાતિસમૂહોમાં વહેંચાયેલો હતો. અને તેનું સામાજીક માળખું ધાર્મિક મૂલ્યો - માન્યતાઓ આધારિત ધોરણોથી નિયંત્રિત તેમજ કાર્યાન્વિત હતું. એટલે બીજા શબ્દોમાં જો આપણે સામાજિક બંધારણની વાત કરીએ તો, તે સમયે સમાજ-સમાજ, સમાજના સભ્યો વચ્ચે પ્રવર્તમાન ઊંચ-નીચ, પવિત્ર-અપવિત્રના અર્પિત સામાજિક દરજ્જાઓ અને તેની સાથે જોડાયેલી ભૂમિકાઓ, તેમજ સામાજિક, રાજકીય, આર્થિક, એવા તમામ પ્રકારની સત્તાઓને બંધારણ દ્વારા સ્વીકૃતિ પ્રાપ્ત હતી. આ વ્યવસ્થા સમાજમાં દઢિભૂત થયેલી અને કોઈ પણ સંજોગો કે સમયે બદલી શકાય નહી તેવી ઉભી કરાયેલી હતી. જ્ઞાતિ અને વર્ણવ્યવસ્થામાં હજારો વર્ષોથી અત્યાચાર અને શોષણના ભોગ બનેલી નિમ્ન જ્ઞાતિઓએ દ્વિજ મનાતી ઉચ્ચ જ્ઞાતિઓના પ્રભુત્વને કોઈ પણ પ્રકારના પડકાર સિવાય સ્વીકારેલું હોવાથી સામાજિક બંધારણ ઘડવામાં, તેનું અર્થઘટન કરવામાં અને તેના અમલીકરણમાં ઉચ્ચ જ્ઞાતિઓનું જ વર્ચસ્વ હતું. જ્ઞાતિપંચો આ સામાજિક બંધારણને ઘડતા, અને તેનો અમલ કરાવતા હતાં. જોકે દરેક સમાજ (ઉંચા કે નિમ્ન)ને પણ પોતાનું આગવું સામાજિક બંધારણ હતું. જેનાથી જે-તે સમાજની સામાજિક વ્યવસ્થા અને વ્યવહારો નિયંત્રિત કરાતા. આમ સમાજમાં આજના સભ્યોના સામાજિક વર્તન-વ્યવહારો અને રોજીંદી જીવનશૈલી સાથે જોડાયેલી આંતરક્રિયાઓને સમાજ માન્ય દિશા - સૂચન આપવાની સાથે નિયંત્રિત રાખવાનું કાર્ય સામાજિક બંધારણનું રહેતું. આ સામાજિક બંધારણનો અસ્વીકાર કરનાર, ભંગ કરનાર વ્યક્તિને જે-તે સમાજ ઉપરાંત જે-તે ગામ પ્રદેશનો સમૂહ યોગ્ય તે શિક્ષા કરતો. આ શિક્ષામાં જુદા-જુદા પ્રકારના દંડ કે જ્ઞાતિબહાર (વ્યક્તિ/કુટુંબ સાથેના સામાજિક અને રોજીંદા વ્યવહારો બંધ કરવા) મૂકવા વિગેરે પ્રકારની શિક્ષાનો સમાવેશ થતો હતો.

હવે આપણે ભારતમાં આઝાદી પહેલાંના સમાજમાં પ્રભુત્વ ધરાવતા હિન્દુ સમાજનું સામાજિક બંધારણ જોઈએ તો જ પાછળથી આપણોને સ્વતંત્ર ભારતનું એક જુદા જ પ્રકારનું અલગ બંધારણની જરૂર શા માટે ઊભી થઈ તે સમજાશે.

૧.૨.૨ સામાજિક બંધારણ :

સમાજ દ્વારા સમાજના નિયંત્રણ માટે ઘડેલી અને સમાજના લોકો દ્વારા સ્વીકારેલા ધોરણોની વ્યવસ્થા એટલે સામાજિક બંધારણ, આપણે જાણીએ છે કે સમાજની સંસ્કૃતિના નિયમન અર્થે સમાજ સ્વીકાર્ય એવા ધોરણોની જરૂર પડે છે તેની સાથે જ આ ધોરણોનું પાલન કરાવનાર તંત્રની પણ જરૂર હોય છે. ભારતમાં પરંપરાગત સમાજમાં જ્ઞાતિના વડેરાઓ (વડિલો)નું બનેલું જ્ઞાતિપંચ આવું તંત્ર હતું. દરેક સમાજને પોતાનું આગવું જ્ઞાતિપંચ હોય છે. આઝાદી અગાઉ આ જ્ઞાતિપંચ ખુબજ પ્રભાવી અને સમાજ ઉપર વર્ચસ્વ ધરાવતું હતું. સમાજના સામાજિક વ્યવહારો (લગ્ન, જન્મ, મૃત્યુ વિગેરે) માટે સમાજના જુદા-જુદા દરજ્જાઓ ધરાવતા લોકોની ભૂમિકા નક્કી કરવી, લોકોના વર્તન વ્યવહાર નક્કી કરવા/માન્યતા આપવી, તેમજ ધોરણભંગ વર્તન માટે સમાજને દાખલારૂપ (સમાજમાં ડર ઉભો થાય તે રીતે) બને તેવી શિક્ષા ધોરણભંગ વર્તન કરનારને કરવી વિગેરે ભૂમિકા જ્ઞાતિ પંચની રહેતી. બીજા શબ્દોમાં કહીએ તો સમાજના સભ્યોની ક્રિયા, આંતરક્રિયા અને સામાજિક વર્તન-વ્યવહારોનું નિયમન કરીને સમાજ સ્વીકાર્ય સંસ્કૃતિ સાથેના સામાજિક માળખાને ટકાવી રાખવાનું કાર્ય જ્ઞાતિ પંચનું રહેતું.

ભારતીય સમાજમાં હિન્દુ સમાજ આઝાદી પહેલાં પ્રભુત્વ ધરાવતો સમાજ હતો. તેનું સામાજિક બંધારણ સમાજમાં દ્વિજ કહેવાતી ઊંચ જ્ઞાતિના વડેરાઓ દ્વારા જ ઘડવામાં આવતું. આ બંધારણ મૌખિક હતું. પરંપરાગત પેઢી-દર પેઢી વારસામાં ઉતરી આવતું અને સમાજના દરેક સભ્યોએ તે સ્વીકારેલું હતું. આ સામાજિક બંધારણ ધર્મના મૂલ્યો - માન્યતાઓ અને ધોરણોથી પ્રસ્થાવિત થયેલા પવિત્ર-અપવિત્ર, પાપ-પૂણ્ય જેવા ખ્યાલો સાથે જોડાયેલું અને તેનાથી નિયંત્રિત હોવાથી તેના અમલમાં અને તેના સ્વીકારવા સાથેના લોકોના વર્તન વ્યવહારમાં આ લોક કરતાં પરલોક (આ જન્મ, પૂર્વજન્મ અને ભવિષ્યમાં થનાર જન્મ તેમજ મોક્ષ)ને વિશેષ મહત્ત્વ રહેતું. ધાર્મિકતા સાથે જોડીને ઊંચ જ્ઞાતિના લોકો નિમ્ન જ્ઞાતિના લોકોને કહેતા કે, "સમાજમાં તમો નીચા છો, તમારે અસ્વચ્છ વ્યવસાયો કરવા પડે છે, તમારું શોષણ થાય છે, તમારી ઉપર અત્યાચાર કરાય છે. અને તમો જે દુઃખો ભોગવો છો તે પાછલા જન્મના પાપને કારણે છે." માટે વર્તમાન જન્મમાં તમારે સમાજના બંધારણ મુજબ વર્તવું પડે નહીં તો આવતા જન્મમાં પણ તમે આ સ્થિતિમાંથી છૂટી શકશો નહીં. આ રીતે સમાજના સભ્યો - ખાસ કરીને નિમ્ન જ્ઞાતિના લોકોના વર્તન-વ્યવહારને નિયંત્રિત કરીને તેમનું શોષણ કરવાની સામાજિક બંધારણમાં માન્ય પદ્ધતિઓ સાથેની સામાજિક માન્યતા અને મૂલ્યોવાળી વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી.

ઉપરોક્ત પ્રકારના હિન્દુ સમાજના સામાજિક બંધારણને જોઈએ તો તે બંધારણ સમાજને વર્ણ અને જ્ઞાતિને જુદા-જુદા કોટિક્રમ વાળા સ્તરમાં, વિવિધ દરજ્જા અને ભૂમિકાઓ સાથે જોડાયેલી માન્યતા અને મૂલ્યો સાથેના વ્યવહારથી બનતા માળખા વાળી વ્યવસ્થામાં વહેંચી દેતુ હતું. આ સામાજિક માળખામાં દરેક વર્ણના લોકોનો એક ચોક્કસ વ્યવસાય હતો. આ વ્યવસાયને ધર્મ આધારિત માન્યતા, અને મૂલ્ય મુજબ પવિત્ર, અપવિત્ર, ઊંચો કે નીચો, સ્વચ્છ કે અસ્વસ્થ ગણીને, જે-તે વ્યવસાય કરનાર વર્ણ કે જ્ઞાતિના સભ્યો સાથે સામાજિક આંતરક્રિયા અને વ્યવહાર કરવાનું આ સામાજિક બંધારણમાં કહેવાયેલું અને સ્વીકારાયેલું હતું. આ પ્રકારના સામાજિક બંધારણને કારણે સમાજના જ્ઞાતિરૂપી વિવિધ સામાજિક જુથો વચ્ચે ભેદભાવ વાળી ઊંડી ખાઈરૂપી અંતર ઉભુ થતું હતું જેના કારણે નિમ્ન જ્ઞાતિ સમૂહો સામાજિક રીતે તરછોડાયેલા, આર્થિક રીતે કંગાળ અને શિક્ષણના અધિકાર વિહોણા હોવાથી શિક્ષણથી વંચિત રહી ગયા હતા. આ સામાજિક બંધારણે ઉભી કરેલી પરિસ્થિતિએ શુદ્ધ વર્ણની જ્ઞાતિઓને સર્વાંગી વિકાસથી વંચિત રાખી સમાજમાં અધમથીયે અધમ સ્થિતિએ પહોંચાડી દીધી હતી. બીજી તરફ સામાજિક બંધારણમાં અપાયેલા અનેક સામાજિક, આર્થિક, અને શૈક્ષણિક સત્તા ધરાવવાના અધિકારોને લઈને ઊંચી ગણાતી દ્વિજ જ્ઞાતિઓ સમાજમાં અનેકવિધ સત્તા ધરાવવા સાથે પ્રભુત્વ અને વિશેષાધિકારો ભોગવી નિમ્ન જ્ઞાતિઓનું શક્ય તે તમામ રીતે શોષણ કરતી હતી. તેમની ઉપર અમાનવીય કહી શકાય તેવા અત્યાચારો સામાજિક બંધારણમાં કહેવાયેલા દંડ/શિક્ષાની જોગવાઈના ઓઠા હેઠળ ગુજારતા હતા.

૧.૨.૩ રાજ્ય બંધારણ :

સ્વતંત્રતા પહેલાં એટલે કે, ૧૯૪૭ પહેલાં ભારતમાં કોઈ એક રાજ્ય નહોતું. તે સમયે ભારતમાં અંગ્રેજો, ઈસ્લામીઓ, દેશી રાજાઓ, પોર્ટુગીઝ/ફ્રેન્ચ વિગેરે રાજ્યકર્તાઓનાં જુદાં-જુદાં અનેક રાજ્યો હતા. દેશ યુદ્ધ અને અંગ્રેજોની ખાલસા નીતિ હેઠળ હતો. આથી જ ક્યારે કયો પ્રદેશ, કયું રાજ્ય કોના રાજ્ય હેઠળ આવશે કે જશે તે કાંઈ જ નક્કી કહી શકાય તેવી સ્થિતિ નહોતી. આ રાજ્યોની પ્રજા ક્યારેક તો જુદા-જુદા રાજ્યશાસન હેઠળ વહેંચાયેલી રહેતી. આથી કયા - રાજ્યના કાયદા તેમને લાગુ પડે છે કે પડશે તેની ખબર રાજ્યશાસન સાથે નજીકથી જોડાયેલા વર્ગના લોકો સિવાય સામાન્ય પ્રજાને તેની ખબર રહેતી નહોતી.

આ દેશમાં દેશી રાજાઓ સિવાય બહારથી આવેલી પ્રજા અને તેમના રાજ્ય શાસને સામાજિક માળખામાં અનિવાર્ય સંજોગો સિવાય ક્યારેય હસ્તક્ષેપ કે કોઈ દખલગીરી કરી હોય તેવા બનાવો ઇતિહાસમાં નોંધાયા નથી. અંગ્રેજ રાજ્ય શાસનકાળ સિવાયના તે પહેલાંના સમયમાં જે-તે સમાજના સામાજિક બંધારણ, ધોરણો, વર્તન-વ્યવહારો, ન્યાય વ્યવસ્થા વિગેરેમાં કોઈ રાજાએ ક્યારેય રાજ્યવ્યવસ્થાના ચોક્કસ ધોરણો/કાયદાઓ ઘડીને તેના અમલીકરણના પ્રયાસો કર્યા નથી. હા, ક્યારેક કોઈ ફરિયાદ રાજા કે રાજ્યકર્તા સુધી પહોંચતી તો તેનો ન્યાય જે-તે રાજ્યશાસનના વડા (રાજા) દ્વારા કરવામાં આવતો. આવી પરિસ્થિતિમાં અંગ્રેજ રાજ્યશાસન કાળમાં દેશની પ્રજાને સૌ પ્રથમ વખતે એક નવી જ ભાષા, અંગ્રેજી શીખવાની તક મળી. સમાજના ઉપલા વર્ગ/જ્ઞાતિઓના ભદ્રવર્ગમાં આવતા પ્રજાજનો અને નિમ્નગણાતી શુદ્ર જ્ઞાતિઓને અંગ્રેજી શીખવાનો લાભ મળ્યો. ભદ્રવર્ગના લોકો અંગ્રેજી શીખીને બ્રિટન (ઇંગ્લેન્ડ) વધુ અભ્યાસ અર્થે ગયા જ્યારે શુદ્ર જ્ઞાતિઓના લોકો અંગ્રેજી શીખીને વ્યવસાય પરિવર્તન તરફ વળ્યા. તેઓ ઔદ્યોગિકરણને કારણે ઉભી થયેલી વ્યવસાયની નવી તકોમાં પ્રવેશ્યા. કેટલાક, પારસી અને અંગ્રેજોને ત્યાં જ બટલર કે એવાં પ્રકારની કામગીરીમાં જોડાયા. આમ સામાજિક પરિવર્તનની, વ્યવસાય પરિવર્તનનો અંગ્રેજ શાસન કાળમાં પાયો નંખાયો, શરૂઆત થઈ.

ઇંગ્લેન્ડથી નવી કેળવણી (લોકશાહી મૂલ્યો, નવી વિચારસરણી, માન્યતા, ધોરણો વિગેરે) પ્રાપ્ત કરીને પરત આવેલા લોકોએ આ દેશમાં સુધારાવાદી ચળવળ શરૂ કરી. ખાસ કરીને હિન્દુ ધર્મ પાળતા હિન્દુ સમાજના અનેક કુરિવાજો, કુપ્રથાઓ અને ભેદભાવ વાળા વર્તન-વ્યવહારો બદલાવા માટેનું આંદોલન શરૂ થયું. આ તમામ બાબતો હિન્દુ સમાજમાં ધાર્મિક માન્યતા, મૂલ્યોના નિયંત્રણ હેઠળ સામાજિક રીતે માન્ય અને સ્વીકૃત હોવાથી સામાજિક બંધારણના ભાગ સમાન બની ગયેલી હતી. તેથી સમાજમાંથી તેને દૂર કરવા માટે રાજ્યના કડક કાયદાની જરૂર ઉભી થઈ. આ જરૂરિયાતને કારણે સતીપ્રથા, બાળવિવાહ, દિકરીને દૂધપીતી કરવી, આજીવન વિધવા રહેવું, સ્ત્રીઓને કેળવણીથી વંચિત રાખવાની માનસિકતા, વિગેરેમાં સુધારા અને બદલાવ લાવવા માટે સામાજિક સુધારાવાદીઓના આંદોલનોને કારણે તેમજ સાથે-સાથે રાજ્ય શાસન દ્વારા જે-તે સમયે કાયદાઓ પસાર થયા. આમ બ્રિટીશ રાજ્યશાસન સમયે સમગ્ર સમાજને સ્પર્શે તે રીતે સૌ પ્રથમ વખત સામાજિક બંધારણને સુધારતું રાજ્યબંધારણ અમલમાં આવતું જોવા મળે છે.

સમાજમાં સામાજિક બંધારણની અંદર રહેલી દંડ-શિક્ષાની જોગવાઈને કારણે જેમ લોકો અમુક પ્રકારના કુરિવાજો, કુપ્રથાઓ, અને આંતરક્રિયાઓ કરતા હતા તે રીતે જ રાજ્યની શિક્ષા, દંડની બીકને કારણે સામાજિક બદીઓ, કુરિવાજો, કુપ્રથાઓ, વિગેરેને પાળતા-પોષતા વર્તન, વ્યવહારો અને આંતરક્રિયાઓ કરતા ધીરે-ધીરે બંધ થવાની શરૂઆત થઈ. આમ અંગ્રેજ શાસન કાળ દરમિયાન રાજ્ય બંધારણને કારણે સામાજિક સુધારાઓ થતા જોવા મળ્યા. જોકે આ રાજ્ય બંધારણે જ્ઞાતિ-જ્ઞાતિ, વર્ણ-વર્ણ વચ્ચેની અસમાનતા, પરંપરાગત વ્યવસાય કરવાની ફરજ કે પછી અસ્પૃશ્યતા જેવા કલંકને જે, મિટાવવા માટે કોઈજ કાયદાકીય કાર્યવાહી ક્યારેય કરી જોવા મળી નથી. આને કારણે સ્વતંત્રતા પહેલાંના અંગ્રેજ શાસન કાળમાં પણ સામાજિક અસમાનતા, ભેદભાવ, સમાજના સભ્યો (જ્ઞાતિઓ) વચ્ચે ઊંત-નીચના ખ્યાલો અને તેને આધારે થતા વર્તન-વ્યવહારો, આંતરક્રિયા યથાવત ચાલુ રહ્યા હતા. જોકે પ્રાચીન રાજાશાહીવાળી શાસન વ્યવસ્થામાં રાજાની સત્તા ઉપર કોઈ સ્પષ્ટ અંકુશો હતા નહીં અને તેથી જ જે-તે સમયની રાજ્યવ્યવસ્થામાં કોઈ રાજ્ય બંધારણ હતાં નહીં.

૧.૩ બંધારણની જરૂર અને ઉપયોગિતા :

વિશ્વના દરેક સમાજ, દેશ, કુટુંબને ટકી રહેવા, સુચારૂ રીતે કાર્યો કરવા, સભ્યોની આંતરક્રિયા, વર્તન-વ્યવહારને નિયંત્રિત કરીને વિકાસ સાધવા બંધારણ જરૂરી બને છે. હંમેશાં બંધારણીય શાસન એટલે કાયદા અન્વયે શાસન. આ પ્રકારના શાસનનો અર્થ મર્યાદિત શાસન એવો થાય છે. અને જ્યારે આવું મર્યાદિત શાસન સ્થપાય છે ત્યારે તે શાસન અન્યને જવાબદાર હોય છે. અને આથી જે શાસન બંધારણ સાથેનું હોય છે ત્યાં આપખુદી કે જોર-જુલમને સ્થાન હોતું નથી. ૧૯૪૭માં બ્રિટીશ શાસને આ દેશના લોકોને તેમનું રાજ્ય પાછું સોંપવાનું નક્કી કર્યું. દેશના સ્વાતંત્ર્યના લડવૈયાઓના પ્રયાસથી અનેક રાજ્યોનું વિલીનીકરણ થયું અને આ દેશના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત 'ભારત' નામનો એકજ રાષ્ટ્રવાળો દેશ રચાયો. આઝાદી પછી ભારતનું શાસન ભારતના લોકોના હાથમાં આવ્યું. દેશનું તંત્ર લોકશાહી ઢબે ચલાવવાનું સ્વીકારાયું. લોકતંત્રમાં લોકોની સંમતિથી જ શાસન થઈ શકે. જે રાજકીય પ્રથા લોકોનું શાસન થવાનું હોય તે રાજકીય પ્રથાનું પાયાનું માળખું આપતું બંધારણ હોવું અનિવાર્ય બન્યું. આમ ભારતને પોતાના આગવા બંધારણની જરૂર પડી. ભારતનું બંધારણ તા. ૨૪/૧૧/૧૯૪૯ના રોજ તૈયાર થયું અને ૨૬/૧/૧૯૫૦થી અમલમાં આવ્યું. ભારતીય બંધારણમાં કુલ ૩૯૫ આર્ટિકલ્સ અને ૧૨અનુસૂચિઓ છે.

આપણે આગળ ઉપર જોયું તેમ ભારતમાં કોઈ એક રાજકીય બંધારણ કાયદાની જોગવાઈઓ સાથે ક્યાંય અમલમાં નહોતું. દેશમાં પ્રભુત્વ ધરાવતા હિન્દુ સમાજનું સામાજિક બંધારણ સમગ્ર સમાજને નિયંત્રિત કરતું હતું. આ બંધારણ લોકશાહી મૂલ્યોવિહીન અને ઉચ્ચ્ ગણાતી પ્રભાવી હિન્દુ જ્ઞાતિઓ/વર્ણ અને તેમાં પણ ખાસ બ્રાહ્મણવાદી વિચારસરણી વાળા લોકો દ્વારા સંચાલિત, નિયંત્રિત અને અમલી બનાવાતું હતું. સમગ્ર સમાજ જુદી-જુદી વર્ણ અને જ્ઞાતિઓમાં વહેંચાયને અનેક પ્રકારની અસમાનતા, ભેદભાવ, ઊંચનીચના ખ્યાલ, કુરિવાજો, કુરૂઢિઓ, ધર્મઆધારિત મૂલ્યો - માન્યતાઓ અને સ્પર્શા-સ્પર્શના ખ્યાલ ધરાવતા એક સંકુચિત માળખા વાળી ઈમારત જેવો બની ગયો હતો. જે ઈમારત ચાર માળ વાળી તો હતી. પરંતુ તેમાં એક માળમાંથી બીજા માળ ઉપર જવા, ઉધ્વગતિશીલતા માટે કોઈ સીડીની વ્યવસ્થા નહોતી. અને આથી સમાજમાં તમામ પ્રકારની સત્તા અમુક ચોક્કસ જ્ઞાતિ જુથોના હાથમાં જ કેન્દ્રિત થઈ ગઈ હતી. આ પરિસ્થિતિમાં નિમ્નજ્ઞાતિ જુથો જે કોઈ જ પ્રકારના અધિકાર, હક્કો ધરાવતાં નહોતાં તે પોતે સર્વાંગી વિકાસથી વંચિત રહી ગયાં હતાં. આઝાદી અગાઉનો આ દેશનો સમાજ સમગ્રપણે વિકાસથી વંચિત રહેલો હતો. સમાજના તમામ સભ્યોને, જ્ઞાતિ-જાતિ, વર્ણ કે લીંગના ભેદભાવ સિવાય કોઈને પણ વિકાસ સાધવાની સમાન તક આપવામાં આવી નહોતી.

ઉપરોક્ત સ્થિતિમાં ૧૯૪૭માં દેશની રાજકીય સ્વાતંત્ર પછીથી દેશમાં સામાજિક સમાનતા અને સ્વતંત્રતા સ્થાપવા માટે બંધારણ ખુબજ જરૂરી અને ઉપયોગી બને તેમ હતું. બંધારણનું આમુખ અને બંધારણમાં સમાવિષ્ટ બાબતોને જોઈએ તો આપણે આ દેશમાં બંધારણની ઉપયોગિતા જાણવા સમજવાનું સહેલું રહેશે.

**ભારતીય સંવિધાન**

**'આમુખ'**

અમે ભારતના લોકો ભારતને એક

સાર્વભૌમ સમાજવાદી

બિન સાંપ્રદાયિક લોકતંત્રાત્મક

પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને,

સામાજિક, આર્થિક અને રાજકીય

ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાથી

સ્વતંત્રતા

દરજ્જા અને તકની

સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સદૃઢ કરે એવી

બંધુતા

વિકસાવવાની

ગંભીરતા પૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાન સભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ

આથી આ સંવિધાન અપનાવી તેને અધિનિયમિત કરી

અમને પોતાને અર્પિત કરીએ છીએ.

આમ ઉપરોક્ત આમુખમાં આપણે જોઈ શકીએ છે કે તેમાં બંધારણનાં મૂળતત્ત્વો અને તત્ત્વજ્ઞાન તથા તેનાં મુખ્ય લક્ષણો સાર અભિવ્યક્ત થયો છે. આ આમુખમાં ભારતના લોકોની આકાંક્ષા અને ઇચ્છાઓ વ્યક્ત થઈ છે. દેશના વિકાસ માટે તે આયોજન સમાન છે. આમુખમાં ભારતના રાજયનું સ્વરૂપ વ્યક્ત થયું છે કે ભારત, સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતાંત્રિક અને પ્રજાસત્તાક રાજ્ય હશે. સાથે સાથે આવા રાજયમાં આપણે બંધારણ દ્વારા દેશના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાનું સ્વાતંત્ર તેમજ દરજ્જા અને તકની સમાનતા બંધારણ થકી આપીએ છે. આ સાથે જ દેશના તમામ નાગરિકોને એક સમાન ગણીને તેમના વ્યક્તિ તરીકેના ગૌરવની જાળવણીની અને રાષ્ટ્ર એક અને અખંડિત રહેશે તેની ખાતરી આપીએ છે. આમ દેશના તમામ નાગરિકોને “હું આ દેશનો છું અને દેશ મારો છે.” તેવી ભાવના સાથે “ભારતીય” તરીકેની રાષ્ટ્રીયતા વિકસાવવામાં બંધારણ ખુબ જ ઉપયોગી ભૂમિકા ભજવે છે.

## ૧.૪ ભારતીય બંધારણ :

### ૧.૪.૧ ભારતીય બંધારણના ઘડવૈયાઓ અને બંધારણની રચના અને ડૉ. આંબેડકર ફાળો :

ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી બ્રિટીશ સરકારે ૧૮૫૮માં ભારતનું શાસન સંભાળ્યું ત્યારથી એક બાબત નક્કી કરવામાં આવી હતી કે, ભારતમાં દેશના જ કાયદાઓ મુજબ રાજય ચલાવવું. આ માટે બ્રિટીશ સરકારે ૧૮૬૧ અને ૧૮૯૨માં “ધી ઇન્ડિયન કાઉન્સીલ એક્ટ અમલમાં મૂક્યો. ભારતના બંધારણીય ઇતિહાસમાં ૧૯૧૯નું વર્ષ અત્યંત મહત્વનું કહેવાય. જ્યારે બ્રિટીશ સરકારે પ્રથમ વખત એ સિદ્ધાંતનો સ્વીકાર કર્યો કે, ભારતમાં બ્રિટીશ પાર્લામેન્ટના કાયદાઓને બદલે ભારતીય કાયદાઓ ઘડીને રાજય ચલાવવું. ૧૯૧૯ના કાયદા અન્વયે પ્રાંતિય સરકારને બે ભાગમાં વહેંચવામાં આવી. જેમાં એક પાંખમાં પ્રાંતના ધારાગૃહના મંત્રીઓ રહેતા તો બીજી પાંખમાં ગર્વનર અને તેમની કારોબારીના સભ્યો હતા. બ્રિટીશ સરકારે ૧૯૨૭માં સર જહોન સાયમનના અધ્યક્ષપણા હેઠળ “ગર્વમેન્ટ ઑફ ઇન્ડિયા એક્ટ”ની ચર્ચા માટે “ઇન્ડિયન સ્ટેચ્યુટરી કમિશન”ની રચના કરી. કમિશન સાથે દરેક પ્રાંતિય ધારાસભામાંથી ચૂંટાયેલા ધારાસભ્યોને લઈને કમિટીઓની રચના કરવામાં આવી. ડૉ. બી.આર. આંબેડકર મુંબઈ પ્રાંતિય ધારાસભાની કમિટીમાં સભ્ય તરીકે ચૂંટાયેલા હતા. સાયમન કમિશનનો અહેવાલ ૧૯૩૦માં રજૂ થયો. જોકે, ભારતમાં સાયમન કમિશનનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. બીજી તરફ બ્રિટીશ સરકારે ભારતમાં ભારતીય સરકાર અને રાજયવ્યવસ્થાની ચર્ચા માટે ગોળમેજી પરિષદ બોલાવી. આ ગોળમેજી પરિષદમાં બોલતાં ડૉ. આંબેડકરે માંગણી કરી કે, ‘અમારે એવી સરકાર જોઈએ છે જે સરકાર લોકોની, લોકો દ્વારા, લોકો માટેની સરકાર હોય. આજ એક એવી સરકાર હશે જેમાં સત્તા ઉપર રહેલો વ્યક્તિ સમાજના સામાજિક અને આર્થિક ધોરણોને બદલવામાં ગભરાશે નહીં.” ડૉ. આંબેડકરના આ વક્તવ્ય અને ચિંતનમાં આપણોને લોકશાહી સરકાર અને પોતાના રાજકીય બંધારણ થકી સામાજિક પરિવર્તનની તેમની ખેવના સ્પષ્ટપણે જોવા મળે છે.

કેબીનેટ મિશન યોજના પ્રમાણે ૧૯૪૬માં નહેરૂની આગેવાની હેઠળ કોંગ્રેસે કામચલાઉ સરકાર રચી, સાથે સાથે ભારતની આઝાદી આપવાનું અને તેનું અલગ બંધારણ ઘડીને અમલમાં મૂકાય તે માટેની કાર્યવાહી પણ ચાલુ હતી. બંધારણ સમિતિના સભ્યો ચૂંટવાનું કાર્ય પ્રાંતિક ધારાસભાઓ દ્વારા થતું. ડૉ. આંબેડકર માટે બંધારણ સભામાં પ્રવેશ અનિવાર્ય હતો. કારણ તોજ તેઓ દલિત અને કચડાયેલા લોકોના વિકાસ અને ઉધ્ધાર માટેના મુદ્દાઓની રજૂઆત કરી શકે. મુંબઈની વિધાનસભામાં તેઓને કોઈ ટેકો આપનાર નહીં હોવાથી બંગાળમાંથી મુસ્લિમ લીગના ટેકાથી તેઓ બંધારણસભાના સભ્ય બન્યા.

૧૫મી જુલાઈ ૧૯૪૭ના રોજ બ્રિટનની સંસદમાં હિન્દ સ્વાતંત્ર ધારો પસાર થયો. અને ભારતમાં બંધારણ સભા સાર્વભૌમ બની. ૧૫ ઓગષ્ટ ૧૯૪૭માં દેશ આઝાદ થતાં સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંડળમાં જોડાવા પંડિત નહેરૂએ ડૉ. આંબેડકરને વિનંતી કરતાં આજીવન કોંગ્રેસના વિરોધી હોવા છતાં રાષ્ટ્રહિતને કારણે તેઓ પ્રધાનમંડળમાં જોડાઈને દેશના પ્રથમ કાયદા મંત્રી બન્યા. બંધારણ સભાએ દેશના બંધારણની રચના માટે સાત સભ્યોની મુસદ્દા સમિતિની રચના કરી. આ સમિતિમાં એન. ગોપાલસ્વામી આયંગર, અલ્લાદિ ક્રિશ્નાસ્વામી અયૈર, સયૈદ મેહમદ સાઉદુલ્લા, કનૈયાલાલ એમ. મુન્શી, બી.એલ. મિતર, ડી.પી. ખૈતાન અને ડૉ. બી.આર. આંબેડકરનો સમાવેશ થતો હતો. પાછળથી બી.એલ. મિત્તરની જગ્યાએ એન. માધવરાવ અને ડી.પી. ખૈતાનના અવસાનથી ખાલી થયેલી જગ્યાએ ટી.ટી. ક્રિષ્ણામાચારી નિમણુંક કરવામાં આવી.

ભારતમાં ડૉ. આંબેડકરને લોકો બંધારણના ઘડવૈયા તરીકે કેમ ઓળખે છે તે સમજવા માટે બંધારણનો ખરડો તૈયાર કરવા નીમવામાં આવેલી લેખન સમિતિના એક સભ્ય ટી.ટી. ક્રિષ્ણામાચારીએ બંધારણ સમિતિમાં તા. ૫ નવેમ્બર ૧૯૪૮ના રોજ જે ભાષણ કર્યુ તે જાણવું જોઈએ. ક્રિષ્ણામાચારીએ કહ્યું, ''સભાગૃહ કદાચ જાણતું હશે કે આપણે નીમેલા સાત સભ્યોમાંથી એક સભ્યે ત્યાગપત્ર આપ્યો હતો, તેની જગ્યાએ કોઈ નિમણૂંક થઈ નહિં. બીજા એક સભ્ય મૃત્યુ પામ્યા તે તે જગ્યા પણ ખાલી રહી. એક સભ્ય અમેરિકા ગયા, તેમની જગ્યા પણ ખાલી રહી. ચોથા સભ્ય રજવાડી કામોમાં વ્યસ્ત રહ્યા તેથી તેમનો ઉપયોગ પણ બંધારણ ઘડવામાં થઈ શક્યો નહીં. બે સભ્યો દિલ્હીથી દૂર રહેતા અને તેમની તબિયત નાદુરસ્ત હોવાને કારણે તેઓ ઉપસ્થિત રહી શક્યા નહીં, આખરે એમ બન્યું કે બંધારણ તૈયાર કરવાનો સમગ્ર ભાર એકલા ડૉ. આંબેડકર પર આવી પડ્યો. એવા સંજોગોમાં તેમણે જે રીતે કામ પૂરું કર્યું તે માટે તેઓ આદરને પાત્ર છે, એમાં કોઈ શંકા નથી. અનેક અડચણો હોવા છતાં માર્ગ કાઢીને તેમણે આ કાર્ય પૂરુ કર્યું તે માટે આપણે તેમના હંમેશ માટે ઋણી છે એવું હું તમને નિશ્ચિતપણે કહી શકું છું.'' વધુમાં એક વાત ઉમેરતાં તેમણે કહ્યું કે લેખન સમિતિની બેઠકમાં અનેકવાર ડૉ. આંબેડકર અને તેમના મંત્રી એમ બે જણ ઉપસ્થિત રહેતા. આમ આ બંધારણ ઘડવાનું ઐતિહાસિક કાર્ય ડૉ. આંબેડકરે પૂરુ કરી રહ્યા હતા.''

બંધારણનો કાચો મુસદો છ માસ સુધી જનતા સમક્ષ મૂક્યા પછી ચોથી નવેમ્બર ૧૯૪૮ના રોજ આંબેડકરે એ મુસદો બંધારણ સમિતિ સમક્ષ રજૂ કર્યો. એમાં ૩૧૫ કલમો અને ૮(આઠ) પરિશિષ્ટો હતા. બધારણ સમિતિએ દેશનો રાષ્ટ્રધ્વજ કેવો હોવો જોઈએ તે માટેની સમિતિ રચી હતી. ડૉ. આંબેડકર આ ધ્વજ સમિતિના પણ સભ્ય હતા. તે સમયે રાષ્ટ્રધ્વજનું સ્વરૂપ કેવું હોવું જોઈએ એ ચર્ચાનો વિષય બન્યો હતો. કેટલાક મહારાષ્ટ્રીય નેતાઓ ભગવો ધ્વજ ઈચ્છતા હતા. બંધારણ સમિતિએ તા. ૨૨ જુલાઈ ૧૯૪૮ના રોજ અશોક ચક્રાંકિત ત્રિરંગી ઝંડો એ રાષ્ટ્રધ્વજ હોવો જોઈએ એવો નિર્ણય કર્યો. કોઈ સંબંધિત નેતાઓએ ભગવા ધ્વજ માટે ઉલ્લેખનીય આંદોલન ના કર્યુ તેથી અશોક ચક્રાંકિત ધ્વજને માન્યતા આપવા આંબેડકરે પોતાની વગ વાપરી હતી.

### ૧.૪.૨ બંધારણનાં લક્ષણો :

બંધારણના ગુણો વિશે બોલતાં ડૉ. આંબેડકરે કહ્યું હતું કે, ''રાજ્ય બંધારણ કેટલું સારુ હોય અથવા ખરાબ હોય, અંતમાં તો તેને સારુ છે કે ખરાબ છે એ નક્કી કરવું તે રાજ્યકર્તાઓ તેનો કેવો ઉપયોગ કરે છે તેના ઉપર અવલંબે છે.'' ભારતના બંધારણનાં કેટલાંક નોંધપાત્ર લક્ષણો આપણે જોઈએ તો તે નીચે મુજબ છે.

(૧) ભારતનું બંધારણ દુનિયાનું સૌથી લાંબુ સર્વગ્રાહી લેખિત બંધારણ છે.

(૨) આ એક પ્રકરનું સમવાયતંત્રી બંધારણ છે. જેમાં બે સ્તરે (કેન્દ્ર અને રાજ્ય) વચ્ચે સત્તાની સમાંતર ગોઠવણ થયેલી હોય છે.

(૩) તે રાજ્યોનો સંઘ છે.

(૪) ભારતીય બંધારણ 'લચીલું' છે. તેમાં જણાવેલી કાર્યવાહી અનુસરી તેમાં ફેરફાર કરી શકાય છે.

(૫) સંસદીય સ્વરૂપની શાસન વ્યવસ્થા છે.

(૬) કારોબારી તંત્ર વિધાનતંત્રને જવાબદાર - પ્રધાનમંડળની સામૂહિક જવાબદારી.

(૭) એક વ્યક્તિ અને મતનો સ્વીકાર બંધારણમાં થયો છે.

(૮) બંધારણમાં નાગરિકતા, નાગરિકોના મૂળભૂત અધિકારો અને મૂળભૂત ફરજો તેમજ રાજ્યની નીતિ વિશેની માર્ગસૂચક સિદ્ધાંતોનો વિગતવાર ઉલ્લેખ થયો છે.

(૯) બંધારણ આર્થિક, સામાજિક, સંસ્કાર વિષયક, રાજકારણીય કાનૂની દસ્તાવેજ છે.

(૧૦) ભારતના નાગરિકોને ન્યાય, સ્વતંત્ર અને સમાનતાની ખાતરી બંધારણમાં આપવામાં આવી છે.

(૧૧) ન્યાયતંત્રને વિધાનતંત્રના ધારાની સમીક્ષા કરવાની સત્તા આપવામાં આવી છે.

(૧૨) રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની ખાતરી બંધારણમાં અપાઈ છે.

ઉપરોક્ત લક્ષણો ધરાવતા ભારતીય બંધારણમાં દેશના સુચારુ વહીવટ માટે, વહીવટ તંત્ર ટકી રહે, દેશનો વિકાસ થાય અને નાગરિકોને સુખમય જીવન પ્રાપ્ત થાય તેવા હેતુથી ઘણી બધી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમાવિષ્ટ બાબતોમાં મુખ્ય કહી શકાય તેવી બાબતો જોઈએ તો તેમાં શાસન વ્યવસ્થાના ત્રણ તંત્રો એટલે કે કારોબારીતંત્ર, વિધાનતંત્ર અને ન્યાયતંત્રની રચના, તેની સત્તાઓ, તેમનું કાર્યક્ષેત્ર, તેની જવાબદારીઓ અને તે ત્રણેનાં એકબીજા સાથેના સંબંધોનો સમાવેશ કરવાકમાં આવ્યો છે. આપણે જાણીએ છે કે આપણો દેશ અનેક રાજ્યોનો બનેલો 'સંઘ' છે. આ સંઘ (કેન્દ્ર) અને રાજ્યો વચ્ચે એકસૂત્રતા જળવાય રહે અને દેશનો વહીવટ ચાલવા સાથે વિકાસ થાય તે ભાવના બંધારણમાં કેન્દ્રસ્થાને છે. આ માટે સંઘ અને રાજ્યોનાં શાસનતંત્રો, નાગરિકતા, વહીવટીતંત્રો, પંચાયતો, ચૂંટણીપંચ, લોકસેવા આયોગ વિગેરેને એકબીજા સાથે સાંકળવામાં આવ્યાં છે. આમ કરવા ઉપરાંત સંઘ અને રાજ્યોના હિસાબીતંત્ર, નાણાં-વેપાર અને વાણિજ્યની પણ કાળજી લઈને બંધારણમાં સમાવેશ કરાયો છે. દેશનો વહીવટ કોઈ એક ભાષામાં ચાલે તેવી અપેક્ષા બંધારણમાં રાખવામાં આવી છે અને માટે બંધારણમાં રાજ્યભાષાનો સમાવેશ કરાયો છે. દેશમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કાયદા ઘડવા તેમજ વ્યવસ્થા ઉપરની નીયંત્રણ સંસ્થા તરીકે સંસદ, રાષ્ટ્રપતિ, રાજ્યપાલ અને લોકશાહી ઢબે ચૂંટણીઓ જેવી બાબતોની વિસ્તૃત જોગવાઈ કરીને બંધારણમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૧.૫ બંધારણીય અધિકારો

### ૧.૫.૧ અર્થ અને મહત્ત્વ

દેશના નાગરિકના ગૌરવનું રક્ષણ કરવા, તેના વ્યક્તિત્વને સર્વાંગી રીતે વિકાસ માટેની સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જવા રાજ્ય બંધારણમાં નાગરિકોને આપેલાં વચનો એટલે બંધારણીય અધિકારો એમ કહી શકાય. આ વચનોની દેશ દ્વારા દુનિયા સમક્ષ કબુલાત કરવામાં આવી છે. અને આથી જ રાજ્ય તેના ભંગ માટે જવાબદાર છે. રાજ્ય તેના ઉપર તરાપ મારે તો તેના માટે રાજ્ય જવાબદાર બને છે. બંધારણમાં અપાયેલા આ અધિકારો દેશના લોકતાંત્રિક જીવનરીતિનો પાયો અને ટેકો ટકાવી રાખનાર થાંભલાઓ છે. આ અધિકારોમાં માનવગૌરવ અને માનવજીવનને લગતાં શાશ્વત મૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેને આ કારણને લઈને જ દેશના નાગરિક માટે તે અત્યંત મહત્ત્વના બની રહે છે. એનો અર્થ એવો નથી કે, કોઈ પણ અધિકાર નિરંકુશ, મર્યાદા વગરનો, અને ચિરંજીવી છે. દેશના સાર્વભૌમત્વ અને અખંડિતાના રક્ષણ સામે ખતરાના સમયે જો જરૂર લાગે તો બંધારણમાં જણાવેલ સંજોગોમાં આ તમામ અધિકારો, જે બંધારણમાં આપવામાં આવ્યાં છે. તેની ઉપર "વ્યાજબી નિયંત્રણો"

મૂકવાની જોગવાઈ બંધારણમાં કરવામાં આવી છે અને તે મુજબ કરી શકાય છે. આમ બંધારણમાં આવા અધિકારો આપવા સાથે તે અધિકારનો વ્યાપ, મર્યાદા, ભંગના પ્રસંગે કરાતા ઉપાયો, અધિકારોનો અમલ અને તેનો અમલ ક્યારે મોકૂફ રાખવો વિગેરે જેવી બાબતોની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. આમ દેશના બંધારણમાં નાગરિકને અધિકાર આપીને બંધારણનાં આમુખમાં જણાવેલા ભારતનાં રાષ્ટ્ર તરીકેનાં લક્ષણો, તેમજ ન્યાય, સ્વાતંત્ર, સમાનતા અને ભાતૃભાવના આદર્શોને નક્કર કાનૂની સ્વરૂપ આપીને બંધારણમાં મૂકવામાં આવ્યા હોવાથી તે વધુ મહત્ત્વના બન્યા છે. આવા અધિકારોનો ઉપયોગ કરીને વ્યક્તિ દેશના નાગરિક તરીકે આમુખની ભાવનાઓ મુજબનું ગૌરવપૂર્ણ જીવન જીવી શકે છે.

૧.૫.૨ મુખ્ય મુળભૂત અધિકારો

ભારતીય બંધારણમકાં દેશના નાગરિકોને જે અધિકારો આપવામાં આવ્યા છે તે વ્યાપક રીતે બંધારણના ભાગ-૩, આર્ટિકલ ૧૨થી ૩૫માં સમાવવામાં આવ્યા છે. જે નીચે મુજબ છે.

(૧) સમાનતાનો અધિકાર (આર્ટિકલ ૧૪ થી ૧૮)

(૨) સ્વાતંત્રના અધિકાર (આર્ટિકલ ૧૯)

(૩) ગુના માટે દોષિત ઠરવા સંબંધી રક્ષણનો અધિકાર (આર્ટિકલ-૨૦)

(૪) જીવન અને વૈયક્તિક સ્વાતંત્રનો અધિકાર (આર્ટિકલ-૨૧)

(૫) ધરપકડ અને અટકાયત સામે રક્ષણનો અધિકાર (આર્ટિકલ-૨૨)

(૬) શોષણ વિરુદ્ધનો અધિકાર (આર્ટિકલ-૨૩ અને ૨૪)

(૭) ધર્મ સ્વાતંત્રનો અધિકાર (આર્ટિકલ-૨૫થી ૨૮)

(૮) સંસ્કાર અને શિક્ષણવિષયક અધિકારો (આર્ટિકલ-૨૯ અને ૩૦)

(૯) બંધારણીય ઉપાયો મેળવવાનો અધિકાર (આર્ટિકલ-૩૨)

ઉપરોક્ત મુળભૂત અધિકારોમાં સમાવિષ્ટ પેટા અધિકારોને આપણે ટૂંકમાં જોઈએ.

(૧) સમાનતાનો અધિકાર :

(૧) કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ (આર્ટિકલ-૧૪)

રાજ્ય દ્વારા તમામ નાગરિકો સહિત "સૌ વ્યક્તિ"ઓને આ અધિકાર અપાયો છે જે દ્વારા સમાન સંજોગોમાં રહેલી બધી જ વ્યક્તિઓને રાજ્ય તરફથી અપાતા હક્કો, ફાયદા, જવાબદારીમાં સમાન ગણવામાં હોય છે. જોકે રાજ્યને યોગ્ય લાગે તે અસમાન વ્યવહાર અસમાન વ્યક્તિ સાથે કરી શકે છે.

(૨) ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થળના કારણોસર ભેદભાવ ઉપર પ્રતિબંધ (આર્ટિકલ-૧૫)

કોઈ પણ નાગરિકને માત્ર ઉપરનાં કારણોથી ભેદભાવનો ભોગ બનાવી શકાશે નહીં. અયોગ્યતા, જવાબદારી, નિયંત્રણ કે શરતને આધીન બનાવાશે નહીં. તે સાથે જ,

દુકાન, જાહેર રેસ્ટોરા, હોટલ, તેમજ જાહેર મનોરંજનના સ્થળોમાં પ્રવેશમાં ભેદભાવ પાળી શકાશે નહીં. તે ઉપરાંત રાજ્યનાં નાણાંથી નિભાવતાં કે જાહેર જનતાના ઉપયોગ માટેની પાણીની જગ્યાઓ જેવી કે, કુવા, તળવા, સ્નાનાઘાટ વિગેરેના ઉપયોગમાં પણ ભેદભાવ પાળી શકાશે નહીં.

(૩) જાહેર નોકરીઓમાં સમાનતા (આર્ટિકલ-૧૬)

- ભારતના તમામ નાગરિકોને બંધારણમાં રાજ્યના જાહેર ઉદ્યોગો/ક્ષેત્રોમાં નિમણુંક કે નોકરીની લગતી બાબતોમાં તકની સમાનતા આપવામાં આવી છે. આથી જ કોઈપણ નાગરિક વિરુદ્ધ ધર્મ જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ કે રહેઠાણના કારણ માત્રથી ભેદભાવ રાખી શકાતા નથી.

અપવાદ - (આર્ટિકલ - ૧૬-૪)

- દેશના નાગરિકોના જે પછાત વર્ગનું આવી નોકરીઓમાં પુરતું પ્રતિનિધિત્વ હોય નહી તેમના માટે નોકરી/નિમણુંકમાં અનામત જગ્યાઓ સંસદ રાખી શકે.

(૪) અસ્પૃશ્યતા નાબુદી (આર્ટિકલ - ૧૭)

- બંધારણમાં અસ્પૃશ્યતાની નાબૂદીની ઘોષણા કરવામાં આવી છે. અને કોઈપણ સ્વરૂપમાં તેના આચરણ સામે મનાઈ જાહેર કરવામાં આવી છે. અસ્પૃશ્યતાના વ્યવહાર અને અસ્પૃશ્યો ઉપર કરાતા અત્યાચારો માટે અલગ ધારો (કાયદા) ઘડી તેવા કૃત્યોને સજાપાત્ર બનાવાયા છે.

(૫) ખિતાબોની નાબૂદી (આર્ટિકલ - ૧૮)

- રાજ્ય, લશ્કરી અને શૈક્ષણિક સિદ્ધિઓના કિસ્સા સિવાય કોઈ ખિતાબ આપી શકાતું નથી.
- ભારતનો કોઈ નાગરિક કોઈ વિદેશી રાજ્યે આપેલો કોઈ ખિતાબ સ્વીકારી શકતો નથી.
- ખાસ કિસ્સા તરીકે નોબેલ પારિતોષિક, મેગ્સેસે એવોર્ડ, કે અન્ય ખિતાબ (રાજ્યની પરવાનગી સાથે) વિગેરે ધારણ કરી શકાય છે.

૨. સ્વાતંત્ર્યના અધિકારો (આર્ટિ. ૧૯)

- આવા નીચેના અધિકારો નાગરિકોને બક્ષાયા છે.

(ક) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય

- દરેક નાગરિક બોલવા, લખવા, પ્રકાશન કરવાનું સ્વાતંત્ર્ય ધરાવે છે. તેમાં અખબારી સ્વાતંત્ર્ય આવી જાય છે. નાટકો, ફિલ્મો, ટી.વી. કાર્યક્રમો, સમાચાર, ચિત્રકળા, નૃત્યકળા, અભિનય; વગેરે પણ અભિવ્યક્તિનાં સ્વરૂપો ગણાયાં છે.

અપવાદ : રાજ્ય કેટલાંક કારણોસર આ અધિકાર ઉપર વાજબી નિયંત્રણો લાદતા ધારા ઘડી શકે છે. આ કારણો આ પ્રમાણે છે :

(ક) રાજ્યની સલામતી

(ખ) વિદેશી રાજ્યો સાથેના મૈત્રીભર્યા સંબંધો

(ગ) જાહેર વ્યવસ્થા

(ઘ) શિષ્ટતા અને નૈતિકતા

(ચ) કોર્ટનો તિરસ્કાર

(છ) ગુનાનું ઉત્તેજન અને

(જ) ભારતનું સાર્વભૌમત્વ અને અખંડિતતા.

- આવાં નિયંત્રણો વાજબી હોવાં જોઈએ.
- તેમનો આ કારણો સાથે સંબંધ હોવો જોઈએ.
- તેમનું વાજબીપણું ઉચ્ચ કોર્ટો નક્કી કરે છે.

(ખ) એકઠા થવાનું સ્વાતંત્ર્ય

- સભા, સરઘસ, દેખાવો, લોકતાંત્રિક વ્યવસ્થાનો અનિવાર્ય અંશ છે. તે માટે બધા જ નાગરિકોને આ એકઠા થવાનો/મળવાનો અધિકાર બક્ષાયો છે.
- તેમણે આ અધિકાર શાંતિપૂર્વક અને હથિયારો વગર એકઠા મળી ભોગવવાનો હોય છે.

અપવાદ : રાજ્ય કોઈ ધારા અન્વયે ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા કે જાહેર વ્યવસ્થા કે નીતિમત્તાનાં હિતમાં બુદ્ધિગમ્ય નિયંત્રણો લાદી શકે છે.

(ગ) મંડળો કે સંગઠનો રચવાનું સ્વાતંત્ર્ય

- નાગરિકો રાજકીય પક્ષો, સોસાયટીઓ, કલબો, કંપનીઓ, સંગઠનો, ભાગીદારી પેઢીઓ, મજૂર મંડળો; જેવી સંસ્થાઓ રચવાનું સ્વાતંત્ર્ય ધરાવે છે.
- આવી સંસ્થાઓ/સંગઠનો/મંડળોનો ઉદ્દેશ કાયદા સંગત હોવો જોઈએ.

અપવાદ : રાજ્ય ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા કે જાહેર સુલેહ શાંતિ કે નીતિમત્તાના કારણોસર તે ઉપર વાજબી નિયંત્રણો લાદતો ધારો ઘડી શકે છે.

(ઘ) હરવા ફરવાનું અને નિવાસનું સ્વાતંત્ર્ય

- નાગરિકોને ભારતમાં મુક્તપણે હરવા ફરવાના અને તેના કોઈ પણ ભાગમાં નિવાસ કરવાનો તથા સ્થાયી થવાનો અધિકાર અપાયો છે.

અપવાદ : રાજ્ય કોઈ ધારા અન્વયે જાહેર જનતાના હિતમાં કોઈ અનુસૂચિત જનજાતિના રક્ષણ માટે બુદ્ધિગમ્ય નિયંત્રણો લાદી શકે છે.

(ચ) વ્યવસાય અને વેપાર કરવાનું સ્વાતંત્ર્ય

- દરેક નાગરિકને કોઈ પણ વ્યવસાય, કામકાજ, વેપાર કે ધંધો કરવાનો અધિકાર અપાયો છે.
- આ અધિકારમાં આવો વ્યવસાય, વેપાર વગેરે બંધ કરવાનો અધિકાર પણ સમાઈ જાય છે.

અપવાદ : રાજ્ય કોઈ ધારા વડે જાહેર જનતાના હિતમાં આ અધિકાર ઉપર બુદ્ધિગમ્ય નિયંત્રણો લાદી શકે છે. તે ઉપરાંત

- રાજ્ય કોઈ ધંધો કે વ્યવસાય કરવા માટેની લાયકાતો ઠરાવી શકે છે;
- રાજ્ય કોઈ ધંધો, ઉદ્યોગ, વેપાર કે સેવાપ્રવૃત્તિમાંથી નાગરિકોને પૂર્ણતઃ કે અંશતઃ બાકાત રાખી શકે છે.

૩. ગુના માટે દોષિત ઠરવા સંબંધી રક્ષણનો અધિકાર (આર્ટિ. ૨૦)

- કોઈ વ્યક્તિ ઉપર જે કૃત્ય કરવા માટે ગુનાનું તહોમત મૂકાયું હોય તે કૃત્ય કરતી વખતે જે કાયદો અમલમાં હોય તેવા જ કાયદાના ભંગ માટે તેને સજા કરી શકાય, અન્ય કોઈ કાયદાના ભંગ માટે નહિ.
- તેનો ગુનો થયો તે વખતે અમલમાં હોય તે કાયદા અનુસાર કરી શકાતી સજાથી વધુ સજા તેને કરી શકાય નહિ.
- અહીં કોઈ પ્રવૃત્તિને ભૂતકાલીન અસરથી ગુનાહિત બનાવતા અને શિક્ષાપાત્ર બનાવતા ધારા ઘડવાની સત્તા નકારાઈ છે.
- આવું રક્ષણ માત્ર ફોજદારી કેસોમાં દોષિત ઠરવાના કેસોમાં લાગુ પડે છે. દીવાની કેસોની જવાબદારીમાં તે રક્ષણ મળી શકતું નથી.
- એક જ ગુના માટે કોઈ પણ વ્યક્તિ ઉપર એકથી વધુ વાર કામ ચલાવી શકાય નહિ અને તેને સજા કરી શકાતી નથી.
- કોઈ ગુનાનો આરોપ મૂકાયો હોય તેવી કોઈ વ્યક્તિને પોતાની વિરુદ્ધ સાક્ષી બનવાની ફરજ પાડી શકાતી નથી. અહીં આરોપી દબાણ હેઠળ પોતાને ગુનામાં ફસાવે તે સામે તેને રક્ષણ અપાયું છે.

૪. જીવન અને વૈયક્તિક સ્વાતંત્ર્યનો અધિકાર (આર્ટિ. ૨૧)

- કોઈ પણ વ્યક્તિને "કાયદા વડે પ્રસ્થાપિત કરાયેલી કાર્યવાહી અનુસર્યા સિવાય" તેના જીવન કે વૈયક્તિક સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાય નહિ (આર્ટિ. ૨૧).
- આ અધિકાર નાગરિક અને બિનનાગરિક વ્યક્તિઓ બંનેને અપાયો છે.
- તેમાં કારોબારીતંત્રીય તેમજ વિધાનતંત્રીય આપખુદ વર્તન/કૃત્ય સામે રક્ષણ મળે છે.
- 'જીવન'નો અધિકાર એટલે માત્ર શારીરિક અસ્તિત્વ વર્તન/કૃત્ય સામે રક્ષણ મળે છે.

- 'જીવન'નો અધિકાર એટલે માત્ર શારીરિક અસ્તિત્વ એવો સંકુચિત અર્થ નથી. તેમાં માત્ર પ્રાણી જેવું જીવન નહિ પણ એક માણસના ગૌરવ સાથેનું જીવન એવો વ્યાપક અર્થઘટન કરી તેમાંથી સંખ્યાબંધ નવા અધિકારો ફલિત કર્યા છે. જેમ કે : આજીવિકા રળવી; શુદ્ધ હવા, પાણી, ખોરાક મેળવવો; પર્યાવરણ રક્ષણ; આરામ; આરોગ્ય; પ્રાથમિક સારવાર; જેલતંત્ર કે પોલીસતંત્ર કે અન્ય જાપ્તો ધરાવતાં તંત્રોના ક્રૂર અમાનવીય વ્યવહાર/વર્તન સામે રક્ષ; શિક્ષણ; વેઠ/અસ્પૃશ્યતા સામે રક્ષણ; બાળમજૂરી સામે રક્ષણ; કુપોષણ સામે રક્ષણ; એકાંત કારાવાસમાં ત્રાસ/યાતના સામે રક્ષણ; અધિકારભંગ માટે નુકસાન વળતર મેળવવું; વગેરે.
- શિક્ષણ મેળવવાનો અધિકાર (આર્ટિકલ્સ ૨૧ (એ.)

૫. ધરપકડ અને અટકાયત સામે રક્ષણનો અધિકાર (આર્ટિ. ૨૨)

- ધરપકડ કરાયેલી કોઈ પણ વ્યક્તિને તેની અટકાયતનાં કારણો જણાવ્યા સિવાય અટકાયતમાં રાખી શકાય નહિ.
- તેને તેની અટકાયતનાં કારણો જેટલા બની શકે તેટલા વહેલા જણાવવાનાં હોય છે.
- તેને પોતાની પસંદગીના વકીલની સલાહ મેળવવાનો અને તેના વડે પોતાનો બચાવ કરાવડાવવાનો અધિકાર છે.
- આવી વ્યક્તિને તેની ધરપકડના ૨૪ કલાકમાં નજીકમાં નજીકના મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કરી તે અંગે યોગ્ય હુકમ મેળવી લેવાનો હોય છે.
- મેજિસ્ટ્રેટનો આવો હુકમ મેળવ્યા સિવાય કોઈ પણ ધરપકડ કરાયેલી વ્યક્તિને ૨૪ કલાકથી વધુ સમય માટે જાપ્તામાં રાખી શકાય નહિ.

અપવાદ : આવું રક્ષણ નીચેની વ્યક્તિઓને મળી શકતું નથી.

- વિદેશી દુશ્મન વ્યક્તિઓ
- નિવારક અટકાયત માટે ઘડાયેલા કોઈ ધારા હેઠળ ધરપકડ/અટકાયત કરાયેલી વ્યક્તિઓને
- નિવારક અટકાયતમાં રહેલી વ્યક્તિને અપાયેલું રક્ષણ નીચે મુજબ છે.
- જેટલા બની શકે તેટલા જલદી તેની અટકાયતનાં કારણો જણાવવાં.
- તેની અટકાયત ભણી દોરી જતા પુરાવાના દસ્તાવેજોની નકલો આપવી.
- પોતાની અટકાયત વિરુદ્ધ રજૂઆત કરવી.
- પોતાનો કેસ અટકાયતના બે માસમાં સલાહકાર બોર્ડ સમક્ષ મુકાવવો અને તેનો અભિપ્રાય મેળવવો.
- સંસદે ઘડેલા ધારામાં જણાવેલી મુદત સુધી જ અટકાયત રાખી શકાય.

૬. શોષણ વિરુદ્ધનો અધિકાર (આર્ટિ. ૨૩, ૨૪)

- માણસોના ખરીદ વેચાણ, વેઠ, બંધુઓ, મજૂરી તથા અન્ય પ્રકારની બળજબરીપૂર્વક કરાવાતી મજૂરીની પ્રથાઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તે માટે અલગ ધારા ઘડી તેમના ભંગને સજાપાત્ર બનાવાયા છે.

અપવાદ : રાજ્ય જાહેર હેતુઓ માટે ફરજિયાત સેવા (જેમ કે : લશ્કરી કે સામાજિક સેવા) લાદતા ધારા ઘડી શકે છે.

- કારખાનાં, ખાણો કે અન્ય જોખમી કમગીરીમાં ૧૪ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને નોકરીએ રાખવા ઉપર પ્રતિબંધ મૂકાયો છે.
- કોઈ પણ વ્યક્તિને તેની ઇચ્છા વિરુદ્ધ શ્રમ કરવાની કે માનવદેહનો દુરુપયોગ કરવાની કોઈ વ્યક્તિ કે રાજ્યને છૂટ નથી.

૭. ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર (આર્ટિ. ૨૫ થી ૨૮)

- ભારત ધર્મનિરપેક્ષ - સેક્યુલર - રાષ્ટ્ર છે. આપણે ત્યાં રાજ્યનો કોઈ ધર્મ નથી.

આપણે ત્યાં બધા જ ધર્મો માટે સમાન આદર અને રક્ષણ છે.

- ધર્મના કારણોસર કોઈની વિરુદ્ધ ભેદભાવ આચરી શકાતો નથી.
- માત્ર નાગરિકો જ નહિ પણ બધી જ વ્યક્તિઓને અંતઃકરણના સ્વાતંત્ર્યનો તથા મુક્તપણે ધર્મમાં માનવાનો, પાળવાનો અને તેનો પ્રચાર કરવાનો અધિકાર અપાયો છે (આર્ટિ. ૨૫).

અપવાદ : આ અધિકાર જાહેર વ્યવસ્થા, નીતિમત્તા, સ્વાસ્થ્ય અને અન્ય મૂળભૂત અધિકારોને આધીન રહીને ભોગવવાનો હોય છે. તેથી તે કારણોસર રાજ્ય બુદ્ધિગમ્ય નિયંત્રણો લાદી શકે છે.

- રાજ્ય કોઈ ધાર્મિક વ્યવહાર સાથે જોડાયેલી કોઈ પણ આર્થિક, નાણાંકીય, રાજકીય કે અન્ય કોઈ ધર્મનિરપેક્ષ પ્રવૃત્તિનું નિયમન કે નિયંત્રણ કરતો ધારો ઘડી શકે છે.
- રાજ્ય સામાજિક કલ્યાણ અને સુધારા અને હિંદુ ધર્મની જાહેર સંસ્થાઓને હિંદુઓના દરેક વર્ગ માટે ખુલ્લી મુકતા ધારા ઘડી શકે છે. અહીં આવતા 'હિંદુઓ' શબ્દમાં શીખો, જૈનો અને બૌદ્ધોનો સમાવેશ થઈ જાય છે.
- કિરપાણ રાખવી અને પહેરવી તે શીખ ધર્મના આચરણમાં સમાવિષ્ટ ગણાયું છે.
- ધર્મનો પ્રચાર કરવાના સ્વાતંત્ર્યમાં બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવાના કોઈ અધિકારનો સમાવેશ થતો હોતો નથી.
- ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય છે (આર્ટિ. ૨૬). તેમાં નીચેની બાબતો આવી જાય છે :

(ક) ધાર્મિક અને સખાવતી હેતુઓ માટે સંસ્થાઓ સ્થાપવી અને નભાવવી;

(ખ) ધર્મની બાબતોમાં તેમની કામગીરીનો વહીવટ કરવો;

(ગ) સ્થાવર અને જંગમ મિલકતો મેળવવી અને તેમની માલિકી ધરાવવી અને વહીવટ કરવો.

અપવાદ : ઉપરોક્ત અધિકારો જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અને આરોગ્યને અધીન બનાવાયા છે.

- અમુક ધર્મ કે સંપ્રદાયની અભિવૃદ્ધિ અથવા નિભાવ માટેના ખર્ચ માટે વેરા ભરવાની કોઈ વ્યક્તિને ફરજ પાડવા ઉપર પ્રતિબંધ મૂકાયો છે (આર્ટિ. ૨૭). જોકે બધા જ ધર્મો માટે વાપરવાના હેતુ માટે વેરા લઈ શકાય છે.
- રાજ્યનાં નાણાંથી જ સંપૂર્ણપણે નભાવાતી હોય તેવી શિક્ષણ સંસ્થાઓમાં કોઈ ધાર્મિક શિક્ષણ આપવા ઉપર પ્રતિબંધ મૂકાયો છે (આર્ટિ. ૨૮).
- રાજ્ય તરફથી માન્યતા કે સહાય અપાતી સંસ્થામાં અપાતા કોઈ ધાર્મિક શિક્ષણ કે ઉપાસનામાં ભાગ લેવો કે નહિ તે નક્કી કરવા જે તે વ્યક્તિ સ્વતંત્ર રહેશે (આર્ટિ. ૨૮).

૮. સંસ્કાર અને શિક્ષણવિષયક અધિકારો (આર્ટિ. ૨૯, ૩૦)

- ભારતમાં કોઈ પણ સ્થળે વસવાટ કરતા અને પોતાની આગવી ભાષા, લિપિ કે સંસ્કાર (સંસ્કૃતિ) ધરાવતા નાગરિકોના દરેક જૂથને આ બધાનું જતન/જાળવણી કરવાનો અધિકાર અપાયો છે (આર્ટિ. ૨૯).
- કોઈ પણ નાગરિકને રાજ્ય વડે નિભાવાતી કે સહાય કરાતી શિક્ષણ સંસ્થાઓમાં તેના ધર્મ, જાતિ, જ્ઞાતિ કે ભાષાના એક માત્ર કારણસર પ્રવેશનો ઈન્કાર કરી શકાય નહિ.
- ધર્મલક્ષી કે ભાષાલક્ષી એવી બધી જ લઘુમતીઓને પોતાની પસંદગી મુજબની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો અધિકાર અપાયો છે (આર્ટિ. ૩૦).
- જો આવી કોઈ લઘુમતી વહીવટવાળી મિલકતનું રાજ્ય વડે સંપાદન કરાય તો તેમના ઉપરોક્ત અધિકારમાં બાધક ન બને તેટલું યોગ્ય અને પૂરતું વળતર આપવું જોઈએ.

- લઘુમતીઓના આ અધિકારમાં શિક્ષણનું માધ્યમ, અભ્યાસક્રમો, શીખવવાના વિષયો વગેરે નક્કી કરવાના અધિકારનો પણ સમાવેશ થઈ જાય છે.
- રાજ્યની સહાય આપતી વખતે લઘુમતી સંસ્થાઓ પ્રત્યે ભેદભાવ આચરી શકાતો નથી.
- લઘુમતીઓના આ વહીવટ કરવાના અધિકારમાં ગેરવહીવટ કરવાનો અધિકાર સમાવિષ્ટ નથી.
- તેથી રાજ્ય સામાજિક કલ્યાણ, ઔદ્યોગિક સંબંધો, શૈક્ષણિક ધોરણો, કાર્યક્ષમતા, શિસ્ત, આરોગ્ય, સાફસફાઈ, જાહેર વ્યવસ્થા, નીતિમત્તા વગેરેના હિતમાં ધારા ઘડી શકે છે. અલબત્ત, આવા ધારાથી લઘુમતીને આવી સંસ્થાનો વહીવટ કરવાના અધિકારથી વંચિત કરી શકાતી નથી.
- બંધારણમાં 'લઘુમતી'ની કોઈ વ્યાખ્યા અપાઈ નથી. તેથી સામાન્ય રીતે આવા જૂથની સંખ્યા રાજ્યની વસતીના પચાસ ટકાથી ઓછી હોવી જોઈએ.

**૯. બંધારણીય ઉપાયો મેળવવાનો અધિકાર (આર્ટિકલ ૩૨)**

બંધારણમાં ઉપરોક્ત અધિકારોની ખાતરી આપવા ઉપરાંત તેમના પાલના અને અમલ માટે પણ જોગવાઈ કરી છે. આમ કરીને તેમના ભંગ માટે ઉપાયો મેળવી શકાય છે. આવા બંધારણીય ઉપાયો મેળવવાના અધિકારને બંધારણ અન્વયે જ એક મૂળભૂત અધિકાર બનાવી દેવામાં આવ્યો છે.

જ્યારે આ મૂળભૂત અધિકારનો ભંગ થાય ત્યારે તે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ સમક્ષ સીધી ધા નાખવાનો એક સ્વતંત્ર મૂળભૂત અધિકાર અપાયો છે. માનવ અધિકારોના માટે સંઘર્ષ કરતા બિનસરકારી સેવા સંગઠનો, સમાજસેવી સંસ્થાઓ, મજૂર મંડળો, ગ્રાહક સુરક્ષા મંડળો, પર્યાવરણ સુરક્ષા મંડળ; વિગેરે જાહેર હિતમાં આ અધિકારનો અન્યાય નિવારણ અર્થે ઉપયોગ કરે છે.

**૧.૬ બંધારણીય ફરજો (આર્ટિકલ - ૫૧(એ))**

સ્વાતંત્ર ભારતમાં દેશના તમામ નાગરિકોને પોતાનું જીવન ગૌરવ ભરી રીતે જીવવા માટે બંધારણમાં દેશના નાગરિક તરીકે અધિકારો આપવામાં આવ્યા છે. આ અધિકારો તમામ નાગરિકોને પ્રાપ્ત થાય તે જોવાની અને તેમ કરવાની રાજ્યની જવાબદારી છે. તેવી જ રીતે બંધારણમાં દેશના નાગરિકો માટે ફરજો પણ નક્કી કરવામાં આવી છે. એ સાચું છે કે, બંધારણ ઘડાયું ત્યારે આ ફરજોનો બંધારણમાં ઉલ્લેખ નહોતો; પરંતુ ૧૯૭૬માં આવી ફરજો બંધારણીય સુધારો કરીને બંધારણમાં ઉમેરવામાં આવી છે. આવી કેટલીક ફરજો નીચે મુજબ છે.

(૧) ભારતના તમામ નાગરિકની સૌ પ્રથમ ફરજ, દેશને વફાદાર રહેવાની, તેના આદર્શો, સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવાની છે.

(૨) ભારતનું સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન અને રક્ષણ કરવું તે પણ એક ફરજ છે

(૩) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની અને સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો નહી કરવા.

(૪) દેશની સંસ્કૃતિના વારસાને જાળવવા.

(૫) કુદરતી પર્યાવરણ (જંગલ, તળાવ, નદી, વન્યસૃષ્ટિ - જીવ વિગેરે)નું જતન કરવું, તેની સુધારણા કરવી અને જીવો પ્રત્યે દયા રાખવી.

(૬) જાહેર મિલ્કતનું રક્ષણ કરવું.

(૭) રાષ્ટ્રના વિકાસ અર્થે વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવો.

ઉપરોક્ત ફરજોના અમલ માટે વિધાનતંત્રે ઘડેલા ધારાની જરૂર હોય છે. તેમ છતાં કોર્ટે ન્યાયતંત્રીય અર્થઘટન કરતી વખતે આ ફરજોનું ઉલ્લંઘન થાય નહીં પણ તેનું

પાલન થાય તેવું અર્થઘટન કરતી હોય છે.

ભારતીય બંધારણમાં આપણે ઉપર જોયું તે સિવાય બીજી અનેક બાબતોનો સમાવેશ થયો છે. આપણે તે તમામ બાબતોનો અત્રે સમાવેશ કરી શકીએ તેમ નથી. અત્રે સામાજિક પરિવર્તનમાં જે બાબતોની મહત્ત્વની ભૂમિકા છે તેનો ખ્યાલ આપવાનો પ્રયાસ રહ્યો છે. તેમ છતાં ટૂંકમાં આપણે બંધારણમાં સમાવિષ્ટ અન્ય બાબતો ઉપર દૃષ્ટિપાત કરીએ તો તેમાં, કારોબારી તંત્ર વિશેની વ્યવસ્થા કરવામાં આવી છે.જેમાં સંઘ અને રાજ્યની વ્યવસ્થા દર્શાવાય છે. ભારતના રાષ્ટ્રપતિ અને તેમની સત્તાઓ બંધારણમાં સ્પષ્ટ કરવામાં આવી છે. તેની સાથે જ દેશના વડાપ્રધાન, તેમનું મંત્રીમંડળ અને તેની કામગીરીને બંધારણમાં આવરી લેવામાં આવી છે. દેશમાં કોર્ટ દ્વારા ન્યાયની પ્રક્રિયા ઉપલબ્ધ બનાવાય છે. અને બંધારણમાં સરકારને કાયદાકીય સલાહ અંગે જણાવાયું છે. તો વિધાનતંત્ર (લોકસભા - વિધાનસભા) તેની રચના, કાર્યો અને અગત્યતાની વિશદ્ રીતે સમજ આપી બંધારણ માર્ગદર્શક બન્યું છે. તો સંસદ અને સંઘના મંત્રીમંડળ, સંસદ અને ન્યાયતંત્ર, વચ્ચેના સંબંધો દર્શાવી ન્યાયતંત્રીય સમીક્ષાનો અર્થ બંધારણમાં કરાયો છે. સુપ્રીમ ન્યાયતંત્રથી હાઈકોર્ટ અને જીલ્લા ન્યાયતંત્ર સુધીની વ્યવસ્થાની કામગીરી, અને તે અંગેની જરૂરી સમજનો બંધારણમાં સમાવેશ થયો છે રાજ્યોના મંત્રીમંડળો, રાજ્યપાલ, રાજ્યોના વિધાનતંત્રને લગતી જોગવાઈઓ વિશેની બાબતોનો સમાવેશ પણ બંધારણમાં થયો છે.

દેશમાં ઉભી થતી વિશિષ્ટ પરિસ્થિતિ અને તેમાં જો કટોકટીની પરિસ્થિતિ ઉભી થાય તો, આવી જુદી-જુદી કટોકટીની પરિસ્થિતિઓમાં રાષ્ટ્રપતિની સત્તા અને તેમની ભૂમિકાનો બંધારણમાં સમાવેશ થયો છે. જો રાષ્ટ્રપતિ શાસન નાવાની જરૂર ઉભી થાય કે દેશના બંધારણમાં ફેરફારની જરૂર ઉભી થાય તો તે અંગેની જોગવાઈ અને સમજ બંધારણમાં અપાઈ છે. આમ આપણે આગળનાં થોડાં પૃષ્ઠોમાં જોયું તે સિવાય અનેક બાબતોનો ભારતીય બંધારણમાં સમાવેશ કરાયો છે.

### ૧.૭ બંધારણ અને સામાજિક પરિવર્તન

ભારતની આઝાદીના ૬૦ વર્ષો પછીથી આપણે દેશના ભૂતકાળ અને વર્તમાન ઉપર દૃષ્ટિપાત કરીએ અને જોવા-સમજવા પ્રયત્ન કરીએ કે ભારતીય સમાજ અને વિશેષ કરીને હિન્દુ સમાજ વ્યવસ્થામાં શું કોઈ પરિવર્તન આવ્યું છે ખરુ ? આ સવાલના જવાબમાં પરિવર્તન જોવા મળશે. જોકે, હજુ પણ દેશના ગ્રામીણ પ્રદેશોમાં, અંતરળીપાળના ગામડાઓમાં ઘણી જગ્યાએ એજ જુની સામંતશાહી માનસિકતા, વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિપ્રથાના ધોરણો અને મૂલ્યોને સાચવતા બ્રાહ્મણવાદીઓનાં વર્તન-વ્યવહારો અને નિમ્ન જ્ઞાતિ જૂથોની વિકાસથી વંચિતતા જોવા મળશે. આઝાદી પૂર્વેના જૂના રજવાડાઓ નાબુદ થાય. લોકો રાજાની પ્રજા મટીને દેશના નાગરિકો બન્યા. બંધારણમાં અપેક્ષિત એવી સમાજ રચના માટે અગ્રેસર થયા. કાયદાકીય રીતે દેશમાંથી અસ્પૃશ્યતા નાબુદ થઈ. ઉદ્યોગો, શહેરીકરણ, ઝડપી વાહન વ્યવહાર પ્રચાર-પ્રસારના સાધનોનો વિકાસ થવાથી વર્ણવ્યવસ્થાના સિક્કાની બીજી બાજુ એવી વ્યવસાય વ્યવસ્થા તૂટી. નબળા વર્ગોને વિકાસની અને વ્યવસાયની સમાન તક બંધારણીય રીતે મળતાં સમાજમાં વ્યવસાય પરિવર્તન શક્ય બન્યું. આજે આ બંધારણીય અધિકારને કારણે વ્યક્તિ પોતાની આવડત, કૌશલ્ય, ઇચ્છા, જ્ઞાન, અનુભવ અને લાયકાતને આધારે પોતાની પસંદગીનો વ્યવસાય કરી શકે છે. દેશના નાગરિકોને શિક્ષણનો અધિકાર પ્રાપ્ત થયો આનાથી. સમાજમાં શિક્ષણથી વંચિત રખાયેલા જ્ઞાતિ સમૂહો વધુને-વધુ સંખ્યામાં શિક્ષણ લેવા આગળ આવતા થયા. રાજ્યને આ માટે સવલત કરવાની હોવાથી નાગરિકો માટે શિક્ષણની સવલતો સહજ પ્રાપ્ય બની. આમ શિક્ષણ પ્રાપ્ત લોકો સમાજમાં પોતાના અને સમાજના સર્વાંગી વિકાસ અર્થે ઉધ્વગતિશીલતા તરફ અગ્રેસર થયા છે. દેશ આર્થિક વિકાસ તરફ ખુબજ ઝડપથી ધસી રહ્યો છે.

દેશમાં શિક્ષણના વિકાસની સાથે જ સમાજમાં સદીઓથી ઘર કરી ગયેલા સામાજિક કુરિવાજો, કુપ્રથાઓ, સમાજમાં ભેદભાવ અને સામાજિક અંતર ઉભુ કરતા વર્તન-વ્યવહારો, અંધશ્રદ્ધા અને ખોટી માન્યતાઓ ધીરે ધીરે સમાજમાંથી ઓછી થતી ગઈ છે. સમાજમાં પરંપરાગત માનસિકતા સાથે જ તાર્કિક, વૈજ્ઞાનિક અભિગમ અને વૈજ્ઞાનિક જ્ઞાનના સ્વીકાર સાથેની વિચારસરણીનો સ્વીકાર કરતી માનસિકતાનો પણ વિકાસ સમાજમાં થતો જોવા મળે છે. સમાજમાં બંધારણની જોગવાઈઓના કારણે આવેલું આ ખુબજ મહત્વનું પરિવર્તન છે તેમ કહી શકાય.

## ૧.૮. સારાંશ

સમગ્ર પ્રકરણમાં આપણે 'બંધારણના ખ્યાલની સમજ મેળવવાનો પ્રયાસ કર્યો છે. જેમાં બંધારણની વ્યાખ્યા અને જુદા જુદા પ્રકારનાં બંધારણો તેમજ સમાજ વ્યવસ્થા ટકાવી રાખવામાં બંધારણની ભૂમિકા અને ઉપયોગિતાની જાણકારી પ્રાપ્ત કરી ભારતની આઝાદી પછીથી સ્વતંત્ર ભારતમાં બંધારણની જરૂર ઉભી થઈ. આ પરિસ્થિતિમાં રાષ્ટ્રનિર્માણ કર્તાઓએ અને ખાસ કરીને ડૉ. ભીમરાવ રામજી આબંડકરે ભારતીય બંધારણ ઘડવામાં ભારે જેહમત લીધી અને આપણને સર્વાંગ સુંદર કહી શકાય તેવું બંધારણ પ્રાપ્ત થયું.

ભારતીય બંધારણ ચોક્કસ લક્ષણો ધરાવે છે.અને તે લક્ષણોની પાછળ બંધારણ ઘડવૈયાઓની અપેક્ષાના ભારતની છબી શું છે તે પણ પ્રસ્તુત પ્રકરણમાં જોવા મળી. સાથે સાથે ભારતીય બંધારણમાં મુખ્ય મુખ્ય કઈ બાબતો સમાવવામાં આવી છે અને તેના દ્વારા બંધારણ ભારતીય સમાજમાં પરિવર્તન લાવવા માટે કેવી રીતે ઉપયોગી બન્યુ છે વિગેરે બાબતો ઉપર પ્રકરણમાં પ્રકાશ પાડ્યો છે.

પ્રશ્નો :

૧. ભારતની સમાજવ્યવસ્થા અને સામાજિક બંધારણ વિશે ટૂંકમાં લખો.

૨. સામાજિક બંધારણ એટલે શું ? સામાજિક બહંધારણની અગત્યતા દર્શાવો.

૩. રાજ્ય બંધારણની જરૂરિયાત અને તેની અસરો લખો.

૪. ભારતીય સંવિધાનના આમુખને ધ્યાનમાં રાખી. બંધારણની ઉપયોગિતા વર્ણવો.

૫. બંધારણ ઘડતરમાં ડૉ. આંબેડકરની ભૂમિકા વિશે સવિસ્તાર લખો.

૬. બંધારણના લક્ષણ ટૂકમાં રજૂ કરો.

૭. ભારતીય બંધારણમાં આપેલા અધિકારો દર્શાવો.

૮. બંધારણીય ફરજોનું વર્ણન કરો.

૯. બંધારણને કારણે આવેલા સામજિક પરિવર્તન અંગે ટૂંકી નોંધ લખો.

# પ્રકરણ-૨ મજૂર આંદોલનો (Labour Movements)


૨.૦ ઉદ્દેશ

૨.૧ પ્રાસ્તવિક

૨.૨ સમાજ, મજૂર વર્ગ અને રાજયના સંબંધો

૨.૨.૧ ભારતી સમાજ વ્યવસ્થામાં મજૂરો

૨.૨.૨ મજૂર વર્ગની સામાજિક-આર્થિક સ્થિતિ

૨.૨.૩ મજૂર અને રાજયના સંબંધો / કાયદાકીય સ્થિતિ

૨.૩ મજૂર અને માલિક

૨.૩.૧ માલિકની શોષણ નીતિ અને મજૂર અધિકારો

૨.૪ મજૂર આંદોલનો અને ડૉ. આંબેડકરની ભૂમિકા

૨.૪.૧ આંબેડકર અને મજૂર કલ્યાણ

૨.૪.૨ મજૂર આંદોલનો

૨.૫ મજૂર આંદોલનોનું પરિણામ

૨.૬ સારાંશ

૨.૮ પ્રશ્નો


## ૨.૦ ઉદ્દેશ (Objective)

- આઝાદી અગાઉ બ્રિટીશ સમયમાં ભારતીય સમાજ વ્યવસ્થા અને મજૂરોની સ્થિતિ અંગે સમજ મેળવવી.
- અંગ્રેજ શાસનમાં મજૂરો માટેના કાયદા - નીતિ અંગેની જાણકારી પ્રાપત કરવી.
- માલિકોની મજૂર નીતિ અને મજૂરોના શોષણ અંગે જાણવું.
- ડૉ. આંબેડકરના મજૂરોના નેતા તરીકેના કાર્યોની જાણકારી અને સમજ કેળવવી.
- ડૉ. આંબેડકરની મજૂર આંદોલનમાં ભૂમિકા અને મજૂર કલ્યાણ માટેનાં તેમનાં કાર્યોને જાણવાં.
- મજૂર આંદોલનોનું પરિણામ જાણવું.

## ૨.૧ પ્રાસ્તવિક (Introduction)

ભારતમાં બ્રિટીશરાજ અગાઉ સ્પષ્ટપણે મજૂર વર્ગનું ઉદ્ભવ થયેલો જોઈ શકાતો નહોતો. એનો અર્થએ નથી કે ત્યારે મજૂર વર્ગ હયાત નહોતો. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિની ધીમી અસરને કારણે પરંપરાગત ભારતીય સમાજ વ્યવસ્થામાં મજૂર વર્ગનું આગવું અને સ્પષ્ટ સ્થાન નહોતું. આપણે જાણીએ છે કે ભારતમાં એવા કેટલાયે ઉદ્યોગો હતા જેમાં માલિક એજ મજૂર અને મજૂર એજ ઉત્પાદિત માલનો વેચનાર - વેપારી હતો. દા.ત. વણાટકામ, કાપડ વણનાર માલિક પોતે કાપડ વણવાનું કામ કરતો એટલે કે મજૂર હતો. અને કાપડ વણાય પછી તે વેચવાનું કામ પણ તે કરતો તેથી તે પોતે જ વેપારી. આમ આવા બીજા અનેક ઉદ્યોગોમાં મજૂર, માલિક વિગેરેના સ્પષ્ટ ભાગ જોવા મળતા નહોતા.

ઉપરોક્ત સમાજ વ્યવસ્થા ઉપરાંત સમાજમાં રોકડ નાણાંનો મહેનતાણાંમાં આપ-લેનો વહેવાર અંગ્રેજ શાસન પછીથી જ શરૂ થયો. આમ છતાં જજમાની પ્રથા સમાજમાં પ્રવર્તતી હોવાથી માલિક દ્વારા મજૂરનું શોષણ, સામાજિક રીતે વ્યક્ત થતું જોવા મળતું નહોતું. કારણ કે સેવા લેનાર સેવા આપનારને પોષતો હતો તેમજ તેની જરૂરિયાતો પુરી કરવા અનેકવિધરીતે મદદરૂપ પણ થતો. ઉદ્યોગીકરણની ભારત ઉપર અસરને કારણે નવાં ઔદ્યોગિક શહેરોનો વિકાસ થયો.

આ શહેરોમાં મજૂર, મધ્યમવર્ગ અને માલિકવર્ગ અસ્તિત્વમાં આવ્યો નવી. ઉભી થયેલી આ શહેરી સમાજવ્યવસ્થા અને ઔદ્યોગિક સમાજમાં મજૂર અને માલિકના બે સ્પષ્ટ ભાગ; સામાજિક અને વ્યાવસાયિક સ્તરે આપણોને જોવાતા થયા. આ નવી વ્યવસ્થામાં માલિક દ્વારા મજૂરનું અનેક સ્વરૂપે અને જુદી જુદી રીતે શોષણ કરાતું હતું. મજૂરના મજૂર તરીકેના અધિકારોથી તેને વંચિત રાખવામાં આવતો હતો. અમાનવીય સ્તરે તેની પાસે કામ લઈ માલિકો પોતાનો નફો વધારતા હતા.

ઉપરોક્ત પરિસ્થિતિમાં અંગ્રેજ સરકારે મજૂર અંગેના કેટલાક કાયદાઓ ઘડ્યા અને તેના અમલ માટે સરકાર પોતે કાર્યશીલ બની. મુખ્યત્વે આ કાયદાઓમાં કામનું સ્થળ, કામની સ્થિતિ, કામના બદલામાં અપાતું વેતન, મજૂરોના કામના કલાકો અને મજૂર અધિકારોનો સમાવેશ થતો હતો. રાજ્યના આ પગલાંની સામે સાથે અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત આ દેશના સામાજિક - રાજકીય આગેવાનોએ પણ મજૂરોની સ્થિતિ જોઈને તેમના પ્રશ્નો પરત્વે જાગૃતિ લાવવાનું કાર્ય હાથ ધર્યું. અને આમાંથી મજૂર આંદોલનનો જન્મ થયો. મુંબઈમાં ડૉ. આંબેડકર દ્વારા મજૂર હિતનો લઈને તેમની માટે લડતો લડવામાં આવી છે. આ મજૂર આંદોલનોમાં ડૉ. આંબેડકરની આગવી અને મહત્ત્વની ભૂમિકા રહેલી છે. આને પરિણામે મજૂરોની સ્થિતિમાં ઘણે ફેરફાર અને સુધારો થવાની સાથે તેઓને તેમના કેટલાક અધિકારો પણ પ્રાપ્ત થયા.

## ૧.૨ સમાજ, મજૂરવર્ગ અને રાજ્યના સંબંધો

### ૧.૨.૧ ભારતીય સમાજ વ્યવસ્થામાં મજૂરો

ભારતમાં આઝાદી પહેલાંની સમાજ વ્યવસ્થા જોઈએ તો તે ચર્તુવર્ણ સમાજ વ્યવસ્થા. સમાજ ચાર વર્ણોમાં વહેંચાયેલો હતો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આ ચારે વર્ણોને પોતપોતાના જીવન નિર્વાહ અર્થે અલગ-અલગ વ્યવસાય આપવામાં આવ્યા હતા. બ્રાહ્મણ સમાજને ધર્મની રક્ષા, પૂજા, પાઠ અને ધાર્મિક શિક્ષણ મેળવવા તેમજ આપવાનું કાર્ય સોંપાયું હતું. ક્ષત્રિયને સમગ્ર સમાજની રક્ષા કરવાનું કાર્ય હતું. વૈશ્યને વેપાર-વાણિજ્યનો ધંધો-વ્યવસાય સોંપાયો હતો. સમાજવ્યવસ્થામાં સૌથી નિમ્ન અને છેલ્લા સ્થાને શુદ્રોને ઉપલી ત્રણ વર્ણોની સેવા કરવાનું અને એવાજ સેવાનાં અન્ય કામો કરવાનું સોંપાયું હતું. એટલે સાદી ભાષામાં આપણે કહીએ તો સમાજમાં શુદ્રો મજૂરોની કક્ષામાં આવતા હતા. તેઓ આખા ગામની સેવા કરે અને બદલામાં તેમને ગામ તરફથી જીવન-નિર્વાહ માટે અનાજ અને જીવન જરૂરિયાતની અન્ય વસ્તુઓની જરૂરિયાત પૂરી પાડવામાં - આપવામાં આવતી હતી. આ પ્રથાને સમાજશાસ્ત્રમાં જજમાની પ્રથા તરીકે ઓળખવામાં આવે છે. જોકે વેદના સમય પહેલાં ઉપરોક્ત દર્શાવેલી ચાર વર્ણો અને તેમના વ્યવસાયો અભિન્ન નહોતા. સમાજમાં સમાજના સભ્યને ફાવે, આવડે, તે તેના કૌશલ્ય અને પસંદગી મુજબનો વ્યવસાય પસંદ કરવાની છૂટ હતી. પરંતુ વેદના સમય પછીથી હિન્દુ સમાજમાં વર્ણ અને વ્યવસાય એકબીજા સાથે અભિન્ન રીતે એક સિક્કાની બે બાજુ હોય તેમ જોડાય ગયા. બે માલિક અને મજૂર એમ સ્પષ્ટ બે ભાગ સમાજમાં ઉપસી આવ્યા. આ ભાગ પશ્ચિમના સમાજની માફક નહોતા જોવા મળતા કારણ કે ભારતમાં વર્ણ આધારિત સમાજ જુદી-જુદી જ્ઞાતિઓમાં વહેંચાયેલો છે.

આઝાદી અગાઉના ભારતીય સમાજમાં અંગ્રેજોના આગમન સુધી ઉપરોક્ત સ્થિતિ જળવાયેલી જોવા મળે છે. ત્યાર પછીથી ધીરે ધીરે જ્ઞાતિ સાથે જોડાયેલા વ્યવસાય બદલવાતી સ્થિતિનું નિર્માણ થયું. ઇંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિએ આમાં સૌથી પહેલી મહત્ત્વની ભૂમિકા ભજવી. આને કારણે ભારતમાં જે ઉદ્યોગો તૂટી પડ્યા તે ઉદ્યોગો સામે જોડાયેલી જ્ઞાતિના લોકોને પોતાના વ્યવસાયો જીવન નિર્વાહ માટે બદલવાની ફરજ પડી. ઔદ્યોગિકરણને લઈને ઉભા થઈ રહેલાં નવાં શહેરોમાં આ લોકો વ્યવસાયની નવી તકોમાં મજૂર તરીકે જોડાયાં. હિન્દુ સમાજમાં શુદ્રો અને અન્ય ઊંચી ગણાતી જ્ઞાતિઓને વ્યવસાય બદલવામાં મદદરૂપ થવામાં અંગ્રેજી શિક્ષણની ભારતમાં શરૂઆત થઈ તે બાબતે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ખાસ કરીને શુદ્ર અને અતિશુદ્ર ગણાતી મજૂર જ્ઞાતિઓ સેવા કરનાર જ્ઞાતિઓને ખ્રિસ્તી પાદરીઓએ શિક્ષણ આપ્યું. આને કારણે તેઓ નવા ઉભા થતા જુદા-જુદા વ્યવસાયો જેવા કે રેલ્વે, તાર-ટપાલ, દવાખાનામાં નર્સ તરીકે શહેરોમાં બાંધકામના વ્યવસાય જેવા અનેક જુદા-જુદા સરકારી-ખાનગી વ્યવસાયમાં હિન્દુ સમાજના શુદ્ર જ્ઞાતિઓના લોકો મજૂરો તરીકે આઝાદી અગાઉ ગયા. આને કારણે શહેરોમાં વિકસેલા ભદ્રવર્ગ, માલિક વર્ગની સાથે જ એક નવો મજૂર

વર્ગ અસ્તિત્વમાં આવ્યો. નવા વ્યવસાયોમાં પરંપરાગત જ્ઞાતિનું મહત્ત્વ ઓછું થયું હતું. કારીગર, મજૂરની કામ કરવાની ક્ષમતા, કૌશલ્ય, આવડત અને શિક્ષણને અગત્યતા મળવાની શરૂઆત થઈ. આમ અંગ્રેજ શાસન કાળમાં ભારતીય સમાજ વ્યવસ્થામાં પરિવર્તનન આવતું જોવા મળે છે અને આ નવી વિકસી રહેલી વ્યવસ્થામાં મજૂરો પરંપરાગત ધોરણો મૂલ્યો અને માન્યતાઓથી મુક્ત બની નવા આર્થિક વ્યવહારો અને આંતરક્રિયાઓ વાળી સમાજવ્યવસ્થાના સભ્યો બનતા જોવા મળે છે.

૨.૨.૨ મજૂર વર્ગની સામાજિક, આર્થિક સ્થિતિ

આગળ ઉપર આપણે જોયું કે ભારતીય હિન્દુ સમાજ વ્યવસ્થામાં ૧૯મી સદીમાં જે પરિવર્તન આપવાની શરૂઆત થઈ તેને કારણે શહેરોમાં નવો મજૂર વર્ગ અસ્તિત્વમાં આવ્યો. શહેરોમાં તેઓનો વસવાટ સામાન્ય રીતે તેઓના કામ કરવાના સ્થળની નજીક રહ્યો છે. આમાં પણ એક જ સમાજ કે જ્ઞાતિ સમૂહના તમામ મજૂરો એક સાથે રહેતા. ક્યારેક એક પ્રદેશના મજૂરો પણ આવું જ વલણ ધરાવતા. આમ ગ્રામીણ સામાજિક વ્યવસ્થાના સામાજિક સંબંધો અને સામાજિક વ્યવહારોને તેઓએ શહેરોમાં પણ જાળવી રાખેલા જોવા મળે છે. પોતાના મજૂરીના સ્થળે કાચા, ઝૂપડાં જેવાં કોઈ પણ જાતની વધારાની સગવડ સિવાયનાં અને ક્યારેક હવા-ઉજાસના અભાવ વાળી જગ્યાએ તેમનાં (મકાનો) છાપરાંમાં તેઓ રહેતા. શહેરોમાં આવ્યા છતાં જૂના ધાર્મિક-સામાજિક આચાર-વિચાર અને વર્તન-વ્યવહારો તેઓ છોડી શક્યા નહોતા. ઓળખીતાઓ સાથે પરંપરાગત રીતનો જ સામાજિક ભેદભાવ શરૂઆતના તબક્કામાં રહેતો. સમયાંતરે આ ભેદભાવ શહેરી જરૂરિયાતો અને શહેરી સામાજિક વાતાવરણને કારણે ઓછા થતા ગયા. ગ્રામીણ સમાજના ઉદ્યોગોમાં મળતી રોજગારી કરતાં સામાન્ય રીતે તેઓને શહેરી વ્યવસાયમાં મજૂર તરીકે થોડી વધારે રોજગારી/આવક પ્રાપ્ત થઈ. પરંતુ તેની સાથે સાથે શહેરી કુટેવો જેવી કે જુદા જુદા પ્રકારના વ્યસનોના ભોગ બનવું, જુગાર રમવો જેવી આદતોને કારણે તેઓ પોતાની અને પોતાના કુટુંબની જીવન-જરૂરિયાતો પૂરી કરી શક્વા, અસમર્થ રહેતા. શહેરમાં આવી વસેલા મજૂરો પરંપરાગત ગ્રામીણ સમાજની ભેદભાવ અને અત્યાચાર વાળા જીવનમાંથી ધીરે ધીરે કાંઈક અંશે મુક્તિ મેળવતા હોય તેમ જોવા મળે પરંતુ આર્થિક સ્તરે તેઓ હજુ પણ ગરીબીમાં રહેતા અને માલિકોના શોષણના ભોગ બનતા હતા. આને કારણે તેઓ પોતાની અને કુટુંબની જીવન-જરૂરિયાતો, આરોગ્યની સવલતો કે અન્ય સુવિધાઓ પૂરેપૂરી રીતે સંતોષી શકતા નહીં. તેઓ મોટેભાગે અનેક રોગના ભોગ બનતા. અને શારીરિક માનસિક રીતે રિબાતા જોવા મળતા.

૨.૨.૩ મજૂર અને રાજ્યના સંબંધો/કાયદાકીય સ્થિતિ :

ભારતમાં આઝાદી અગાઉ અંગ્રેજોના રાજ્ય શાસનકાળ પૂર્વે રાજ્ય અને મજૂરોના સંબંધો કાયદાકીય રીતે ખાસ સંકળાયેલા જોવા મળતા નથી. આપણે જાણીએ છે તેમ હિન્દુ સમાજ વ્યવસ્થામાં સામાજિક અને વ્યાવસાયિક ભેદભાવો હતા. દ્વિજ ગણાતી જ્ઞાતિઓ પોતાને સામાજિક અને વ્યાવસાયિક રીતે નિમ્ન જ્ઞાતીઓથી ઊંચી માનતી. આ પરિસ્થિતિને ધાર્મિક માન્યતા પ્રાપ્ત હતી. પવિત્ર-અપવિત્ર, પુણ્ય અને પાપની માન્યતાઓ, ભેદભાવો અને અસમાનતા સાથે જોડાયેલી હતી. અને તેનાથી જ માલિક અને મજૂરના સંબંધોને જોવામાં આવતા હતા. આમાં રાજ્યનો પણ સમાવેશ થઈ જાય છે. રાજ્ય ચલાવનાર રાજા દ્વિજ જ્ઞાતિમાંથી જ આવતો (ક્ષત્રિય) અને તે પોતાને સર્વશ્રેષ્ઠ માની સમાજના મજૂર વર્ગ પાસે તમામ પ્રકારની સેવા લેવાને પોતે અને અન્ય દ્વિજ જ્ઞાતિના સભ્યો હક્કદાર છે તેમ માનતો. આવી સામાજિક, ધાર્મિક, રાજકીય માન્યતાઓ અને સમાજવ્યવસ્થાને કારણે તત્કાલીન સમાજમાં રાજ્ય તરફથી કાયદાના સ્વરૂપે મજૂર વર્ગના લોકોને કોઈ જ પ્રકારનું લેખિત રક્ષણ પૂરુ પાડવામાં આવતું નહોતું. બીજા શબ્દોમાં કહીએ તો એવા કોઈ જ કાયદા રાજ્ય દ્વારા ઘડવામાં આવેલા નહોતા જે મજૂરોના હિતોનું અને તેમના માનવીય અધિકારોનું રક્ષણ કરતા હોય.

અંગ્રેજ શાસન કાળમાં ધીરે ધીરે આ પરિસ્થિતિ બદલાયેલી જોવા મળે છે. ખાસ કરીને વીસમી સદીની શરૂઆતથી જ મજૂરોને અંગ્રેજ શાસનમાં કાયદાકીય રક્ષણ પ્રાપ્ત થવાની શરૂઆત થતી જોવા મળે છે. આના અન્ય કારણોમાં ભારતમાંથી બ્રિટન જઈને અંગ્રેજી શિક્ષણ લઈ પરત આવેલા ઉદાર વિચારસરણી ધરાવતા ભારતીયોને પણ આ દેશની સમાજવ્યવસ્થા અને તેમાં મજૂરોની સ્થિતિ અસહ્ય લાગે છે. તેઓ પણ પોતાના વિવિધ કાર્યો અને રજૂઆતો દ્વારા મજૂર કલ્યાણનાં કાર્યો માટે સક્રીય બની કાર્ય કરતા જોવા મળે છે. બીજી તરફ અંગ્રેજ સરકારે

પોતાની રાજ્ય સેવાઓમાં કામ કરતા મજૂરો માટે કામના કલાકો, કામની સ્થિતિ, વેતન, વિગેરે બાબતોને લઈને લેખિત કાયદાઓનો અમલ કર્યો હતો. આને કારણે કેટલેક અંશે સરકારી ક્ષેત્રોમાં મજૂરોનું શોષણ ઓછું થતું જોવા મળે છે. જોકે એનો અર્થ એવો નથી કે શોષણનું પ્રમાણ ખુબ જ ઘટી ગયું હતું તેમ કહી શકાય. પરંતુ આવી સ્થિતિમાં મજૂરને સરકારી ન્યાય મળવાની શક્યતાઓનું નિર્માણ થયું હતું.

મજૂર આંદોલનો અને ડૉ. આંબેડકરની ભૂમિકા

૨.૪.૧ આંબેડકર અને મજૂર કલ્યાણ :

ડૉ. બી.આર. આંબેડકર એક રાષ્ટ્રવાદી નેતા હતા. તેઓની વિચારસરણી, નીતિ, વર્તન અને વ્યવહારમાં આને કારણે જ હંમેશાં રાષ્ટ્રનું અને રાષ્ટ્રમાં વસતા લોકોનું હિત વ્યક્ત થયું છે. ડૉ. આંબેડકરે અનેક ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રદાન કર્યુ છે, તેમાં કામદાર પ્રવૃત્તિ પણ અગ્રસ્થાને રહી છે. તેઓ ફક્ત શહેરી કામદારો, મજૂરોની સમસ્યાઓ સાથે જ જોડાયેલા હતા તેવું નહોતું, પણ તેઓ ગ્રામીણ ક્ષેત્રે કામ કરતા મજૂરો અને બીજા શ્રમજીવીઓની સમસ્યાની સાથે પણ એટલા જ નજીકથી જોડાયેલા રહ્યા છે. તે સમસ્યાઓને વાચા આપી તેના ઉકેલ માટે સતત પ્રયત્નો કર્યા છે. આમાં જમીન સબંધી ખોટ પદ્ધતિ દ્વારા થતુ શોષણ હોય કે પછી ભૂમિહીન ખેતમજૂરોને જમીન મળે તેના પ્રશ્નો હોય. તો બીજી તરફ મુંબઈ શહેરના શહેરી મિલ કામદારોની સમસ્યા હોય. તેઓ દરેક પ્રકારના મજૂરોના ન્યાય માટે લડ્યા છે. તેમને શોષણમુક્ત કરવા આંદોલનો કર્યા છે.

મજૂર કલ્યાણ હંમેશાં આર્થિક બાબતો સાથે સંકળાયેલું છે. ડૉ. આંબેડકરની આર્થિક વિચારધારા ઉદાર સમાજવાદી પ્રકાર જ હતી તેમ કહી શકાય. તેઓ માનતા કે સમગ્ર અર્થતંત્ર અને સમાજ વ્યવસ્થા ઉપર કિસાનો, કામદારો, મજૂરો અને શોષિતોનું વર્ચસ્વ હોવું જોઈએ. પોતાના આ વર્ગના લોકોના પ્રવચનોમાં તેઓએ હંમેશાં બંધારણીય ભાષાનો પ્રયોગ કરીને બેરોકટોક આંદોલનની વાત કરી છે. જોકે ભારતમાં મૂડીવાદી ઈજારાશાહી અને શ્રીમંત તથા જમીનદારોના એકચક્રી શાસનને કારણે ઉદાર સમાજવાદી સમાજરચના સ્થાપવી શક્ય બની નહીં. ડૉ. આંબેડકર માનતા હતા કે, "ભારતમાં સંપત્તિની વહેંચણી ખાનગી માલિકી કે વ્યક્તિગત આધિપત્યના મૂડીવાદી ધોરણે ન થવી જોઈએ. તેમના મત મુજબ, સામાજિક આવક, મૂડી નિર્માણ અને ઉત્પાદનમાં શ્રમ અને પરિવારોનો કેટલો ફાળો છે એ ધોરણ અનુસાર જ સંપત્તિ અને અસ્કયામતોનું સમાનતાલક્ષી વિતરણ થવું જોઈએ. આમ થયું નથી એ હકીકત છે. ભારતમાં આવક અને સંપત્તિની અસમાન વહેંચણી હજુ આજે પણ સતત ચાલુ રહી છે.

આપણે જાણીએ છે કે ડૉ. ભીમરાવ રામજી આંબેડકર મહારાષ્ટ્રની નિમ્ન-અસ્પૃશ્ય ગણાતી મહાર જ્ઞાતિમાં જન્મ્યા હતા. સમગ્ર જીવન દરમ્યાન તેઓ અગણિત વિટંબણાઓ અને પીડામાંથી પસાર થયા હતા. અસ્પૃશ્યતાની વેદનાના તેઓ જીવંત સાક્ષીરૂપ હતા. તેઓએ તેમણે વેઠેલી તમામ મુશ્કેલીઓ અને સમસ્યાને વ્યક્તિગત સ્વરૂપે ગણવાને બદલે બૃહદ સામાજિક પરિપેક્ષમાં મૂલવી; સમગ્ર સમાજની વેદનાને સમજવાનો અને તેના ઉકેલ શોધવાના તેમજ તે પીડાથી પીડાનારાઓને શક્ય તે રીતે તેમાંથી બહાર કાઢવાના પ્રયાસો કર્યા છે. આ માટે તેઓ માનતા હતા કે જેઓ અત્યાચાર, શોષણ અને અન્યાયના ભોગ બને છે તેમણે પોતે જ સ્વતંત્રતા અને ન્યાય માટે શોષણકર્તાઓ સામે પ્રતિકાર કરવો પડશે. કોઈ આવીને તેમને પોતાને મુક્તિ અપાવશે, તેવા ભ્રમમાં જીવવું ના જોઈએ. અને આવી માન્યતાને કારણે જ ડૉ. આંબેડકર ઉચ્ચ વર્ણની નેતાગીરીવાળી સામાજિક ચળવળ પ્રત્યે સંશયાત્મક અભિગમ ધરાવતા હતા. કાર્લ માર્કસ ચિંતન સાથે તેઓ સહમત હતા અને આથી જ તેઓ કહેતા હતા કે, શ્રમ વિભાજન જ નહીં પરંતુ શ્રમિકોનું વિભાજન પણ સંગઠન અને સામાજિક ચેતનાને અસ્ત કરે છે.

ડૉ. આંબેડકર એ બાબત ખુબ જ સારી પેઠે જાણતા હતા કે, ગમે તેટલા ઉપકારક અને કલ્યાણકારી કાયદાકીય જોગવાઈઓ હોય, પરંતુ જો લોકો સંગઠિત નહિ હોય, પોતાના અધિકારો મેળવવા જાગૃત નહિ હોય તો બધા જ કાનુન કાગળ ઉપર રહેવાના. તેનું અમલીકરણ થવાનું નહીં. તેમણે પોતે કામદાર પ્રવૃત્તિ વિશે માત્ર ચિંતન જ નહોતું કર્યુ, પરંતુ પોતે શોષિત, વંચિત, અત્યાચારના ભોગ બનતા મજૂરો - કામદારોને સંગઠિત કરવાના સઘન પ્રયાસો કર્યા હતા.તેઓ જ્યારે સત્તા પર હતા ત્યારે તેમને જ્યારે તક મળી ત્યારે મજદૂરોના હિતમાં અને તેમનામાં સમાનતા લાવવાનાં પગલાં ભર્યા હતાં. તેમના જીવનમાં કામદાર પ્રવૃત્તિનું મહત્ત્વનું સ્થાન રહ્યું છે. ડૉ. આંબેડકરની આ પ્રવૃત્તિમાં વિશેષતા એ રહી છે કે, ફક્ત શહેરી મજૂરો

- કામદારો જ નહીં પરંતુ ગ્રામ્ય ક્ષેત્રે ખેતમજૂરો અને શ્રમજીવીઓની સમસ્યાઓ માટે પણ તેઓએ આંદોલનો ચળવળ ચલાવેલી અને તેમને નેતૃત્વ પૂરુ પાડ્યું હતું.

સૈદ્ધાંતિક વિચારણા ઉપરાંત ભારતીય સમાજના દરિદ્ર અને દલિત વર્ગની મુક્તિ માટેના પોતાના અથાગ પ્રયત્નોમાં કામદાર નેતા તરીકે ઔદ્યોગિક કામદારોના પક્ષે રહી તેમણે ઘણી હળતાળોનું આયોજન કર્યુ હતું. ઈ.સ. ૧૯૩૬માં તેમણે પોતાના સ્વતંત્ર કામદાર પક્ષને વર્ગીય સંઘર્ષ પ્રત્યે જાગ્રત કરીને ભારતીય બુર્ઝવા રાષ્ટ્રવાદથી ઉપર ઉઠી વર્ગીય રાજનીતિ ઉપર ભાર મૂક્યો. ૧૯૩૨થી ૧૯૩૭નો સમયગાળો કિસાનો અને કામદારોની રાજનીતિમાં ચરમબિંદુ જેવો હતો. પરિણામે ડૉ. આંબેડકરે સ્વતંત્ર કામદાર પક્ષની રચના કરી. આ પક્ષ દ્વારા તેઓએ સમાજના તમામ વર્ગો, ખેડૂતો, ખેતમજૂરો, અને ઔદ્ય?ગિક કામદારો-મજૂરોના આર્થિક પ્રશ્નો હાથ પર લીધા.

ખેતમજૂરો માટે આંદોલન :

અસહ્ય પ્રતિકૂળતાઓ વચ્ચે મજૂરી કરતા કૃષિ ક્ષેત્રના લોકોનાં હિત જળવાય ને તેમની સ્થિતિ સુધરે એ માટે ડૉ. આંબેડકર, કૃષિ ક્ષેત્રના ગણોતિયાઓના હિતમાં ગિરાસદારીની પ્રથાની નાબુદી માટે ખરડો રજૂ કરનાર પ્રથમ વિધાનસભ્ય હતા. જો કે આ અગાઉ મહારાષ્ટ્રના કોંકણ-રત્નાગિરિ વગેરે વિસ્તારમાં ખેતીની જમી સંબંધે "ખોતી" પદ્ધતિ દ્વારા અસ્પૃશ્યોનું ભારે શોષણ થતું હતું તે સામે બાબાસાહેબે લોક જાગૃતિ દ્વારા એ પદ્ધતિ નાબુદ કરવા અભિયાન ઉપાડ્યું હતું. આ પદ્ધતિ (ખોતી પદ્ધતિ)માં જોર-જુલમ અને બળજબરીથી ખેડૂતો પાસેથી ખેતીનો આકરો કર વસુલ કરવામાં આવતો હતો. આની સામે ચિપળુણ (રત્નાગિરિ જિલ્લો) ખાતે એક જાહેર સભાને સંબોધવાનું નક્કી કર્યુ. ઊંચી જ્ઞાતિના લોકોએ આના વિરુદ્ધમાં તે જાહેરસભા થઈ શકે નહીં તે માટે ધાક-ધમકીના પ્રયાસો શરૂ કર્યા. બાબા સાહેબને જાન લેવાની ધમકી આપી. ડૉ. આંબેડકરે આ ધમકીથી ડર્યા સિવાય ખોતી પદ્ધતિ દ્વારા ગરીબ દલિતોનું જે શોષણ થતું હતું તેમાંથી મુક્તિ મેળવવાની ચળવળ ચાલુ રાખવાની હાકલ કરી. આ લડતના ભાગરૂપ મળેલા એક સંમેલનમાં ડૉ. આંબેડકરે કહ્યું, "તમે તમારી ગુલામગીરી નષ્ટ કરો, સ્વાભિમાન વિના જીવવું એ નામર્દાઈ છે..." તે જમાનામાં ભૂમિહીન દલિત મજૂરોને જમીન મળે તેનું મહત્ત્વ આંબેડકર જાણતા હતા. આથી જ જ્યારે તેઓ સ્ટાર્ટ સમિતિના સભ્ય હતા અને તે સમિતિએ પોતાનો અહેવાલ ૧૯૩૦માં આપ્યો ત્યારે તેમાં જંગલ કાપીને પ્રાપ્ત કરેલી જમીનો દલિત વર્ગને આપવાનું સૂચન કર્યુ હતું. તેમના 'સ્વતંત્ર મજૂર પક્ષ'નું ઘોષણા પત્ર. જ્યારે બહાર પાડવામાં આવ્યું ત્યારે તેમાં જમીનદારો ગણોતિયાઓને હાંકી કાઢી શકે નહીં અને ગણોતિયાઓનું અમર્યાદ શોષણ કરી શકે નહીં તે હેતુથી ગણોતિયાઓને રક્ષણ આપવાની ખાતરી પોતાના પક્ષ વતી આપી હતી. તેઓ મુંબઈ ધારાસભામાં ચૂંટાઈને ગયા હતા ત્યારે ૧૭, સપ્ટેમ્બર ૧૯૩૭ના રોજ મહારાષ્ટ્રમાંથી 'ખોતી પદ્ધતિ' નાબૂદ કરવાનું વિધેયક રજૂ કર્યુ. તેમના ઘોષણાપત્રમાં જે જાહેરાતો કરી હતી તેના પાલન માટે બાબાસાહેબે સનિષ્ટ પ્રયાસો કર્યા હતા, વિરોધ પક્ષોને કારણે તેમને વધુ સફળતા નહોતી મળી તે બાબત જુદી હતી.

મહારાષ્ટ્રમાં ખેડૂત સમાજ દ્વારા ખેતમજૂરોનું શોષણ કરતી અનેકવિધ પ્રથાઓ અમલમાં મૂકવામાં આવી હતી. આ પ્રથાઓમાં ખોતી પ્રથા, ઈમાનદારી પ્રથા, તેમજ જમીનદારી પ્રથા મહત્ત્વની હતી. ડૉ. આંબેડકરે આ પ્રથાઓ નાબુદ કરવાની અને નાના-ખેડૂતો માટે સિંચાઈના પાણી અર્ધા દરના ભાવે આપવાની માંગણી સાથે જાન્યુઆરી ૧૯૩૮માં મુંબઈ ખાતે વિરાટ ખેડૂત-ખેતમજૂરોનો મોરચો કાઢ્યો. આ મોરચામાં તેમણે ખેતમજૂરો માટે લઘુતમ વેતનધારો અમલમાં મૂકવાની માંગણી કરી. ખેડૂતોનો મોરચો ધારાસભા તરફ આગળ વધતાં તેને હાલના આઝાદ મેદાન પાસે અટકાવાયો. પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીને મળ્યું. ત્યાર બાદ ખેડૂત-ખેતમજૂરોની આ વિરાટ મોરચા - સભાને સંબોધતા ડૉ. આંબેડકરે કહ્યું, દુનિયામાં ફક્ત બેજ વર્ગો છે, શ્રીમંત અને ગરીબ, શોષણકર્તા અને શોષિત... ગરીબ અને શોષિતોના વર્ગમાં આવતા મજૂરો અને કામદારોની ગરીબ દશાના કારણે વિચારતાં સમજાશે કે તે માટે શોષણકર્તાઓની સમૃદ્ધિ જવાબદાર છે. આ અવસ્થાને દૂર કરવાનો એક જ ઉપાય છે અને તે કામદારો ખેતમજૂરોએ જાતિ કે સંપ્રદાયના ભેદ સિવાય પોતાનું એક આગવું સંગઠન ઉભું કરવાનો. આ સંગઠન તેના સાચા પ્રતિનિધિઓને ચૂંટીને ધારાસભામાં મોકલે જેઓ તેમની દીન દશા દૂર કરવાના ઉપાયો પ્રયોજી શકે. માર્ચ, ૧૯૪૭માં ડૉ. આંબેડકરે 'રાજય અને લઘુમતીઓ'ના મથાળા હેઠળ એક આવેદનપત્ર પુસ્તિકારૂપે તૈયાર કર્યુ. આ આવેદનપત્રમાં તેઓએ સ્પષ્ટ રીતે માંગણી સાથે

રજૂઆત કરી કે, 'ખેતી રાજ્ય ઉદ્યોગ ગણાશે. તમામ જમીન રાજ્યની માલિકીની ગણાશે. અને જાતિ કે કોમના ભેદભાવ સિવાય ખેતમજૂરો એવા ગ્રામવાસીઓને તે જમીન એવી રીતે વહેંચી આપવામાં આવશે કે જેથી કોઈ ખેતમજૂર રહેશે નહીં.

**ડૉ. આંબેડકર, સફાઈ કામદારો અને આંદોલન**

ભારતીય હિન્દુ સમાજમાં અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓની હાલત બદતર હતી. આ અસ્પૃશ્ય જ્ઞાતિઓમાં પણ અસ્પૃશ્ય ગણાતી એવી સફાઈ કામદાર (ભંગી) જ્ઞાતિની હાલત તો તમામ પ્રકારના મજૂરોમાં સૌથી વધુ કફોડી અને બદતરમાંયે બદતર હતી. શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં જ્ઞાતિસર્જિત અને આર્થિક અસમાનતાની ભીંસ વચ્ચે કચડાયેલા ભંગી જ્ઞાતિના સભ્યો અસમાનતાનો સૌથી વધુ ભોગ બને છે. આ ભંગીજ્ઞાતિના વિકાસ માટે તેઓએ સ્ટાર્ટ સમિતિના (૧૯૩૦) સભ્ય તરીકે તે સમિતિના અહેવાલમાં તેઓએ નગરપાલિકામાં કામ કરતા સફાઈ કામદારોને પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવાની ભલામણ કરી હતી.

ડૉ. બાબાસાહેબે સફાઈ મજૂરોને પણ સંગઠિત કર્યા. અને "ઓલ ઇન્ડીયા મ્યુનિસિપલ વર્કર્સ ફેડરેશન"ની રચના કરી. આ ફેડરેશન દ્વારા મુંબઈમાં સફાઈ કામદારોના અધિકારો માટે ઐતિહાસિક હળતાળનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત અમદાવાદમાં પણ "અમદાવાદ મ્યુનિસિપલ કામદાર સંઘ"ની સ્થાપના કરવામાં આવી હતી. જેના મુખ્ય કાર્યકરો શ્રી વી.ટી. પરમાર, નારણભાઈ ચૌહાણ, અંબુભાઈ વિગેરે હતા. આ કાર્યકરોએ મુંબઈ જઈ અમદાવાદના સફાઈ મજૂરોની કફોડી હાલત વિશે રજૂઆત કરી. આ રજૂઆતને પગલે ડૉ. આંબેડકરે બેરિસ્ટર સમર્થ તથા પી.ટી. બોરાલે પાસે હડતાળ માટે નોટિસ તૈયાર કરાવી. આ નોટિસમાં નીચે મુજબની મુખ્ય માંગણીઓ કરવામાં આવી હતી.

મુખ્ય માંગણીઓ :

(૧) માથે મેલૂ ઉંચકવા (મૂકવા)ની પ્રથા બંધ કરો

(૨) કામ દરમ્યાન રિસેસ આપો

(૩) હક્ક રજા તથા સ્ત્રીઓને પ્રસુતિની રજા મળવી જોઈએ.

(૪) દરેક કામદારને વસવાટ માટે મકાનો મળવા જોઈએ.

ઉપરોક્ત માંગણીઓમાં આપણે જોઈએ શકીએ છે કે આ સફાઈ કામદારોએ તે સમયે અમદાવાદમાં મેલુ માથે ઉપાડી લઈ જવું પડતું હતું. તેઓને સતત કામ કરવું પડતું હતું. કામના સમય દરમ્યાન રિસેસ આપવામાં આવતી નહોતી. તો બીજી તરફ કોઈપણ પ્રકારની રજા આપવામાં આવતી નહોતી. ગર્ભવતી સ્ત્રીને પણ પ્રસુતિની રજા નહોતી મળતી માટે જો તેણે નોકરી ટકાવી રાખવી હોય તો એવી હાલતમાં પણ મજૂરીએ - આવવું પડતું હતું. વિષમ પરિસ્થિતિ તો એ હતી કે તે સમયના કાયદા મુજબ સફાઈ કામ કરનાર મજૂરને 'કામદાર' ગણવામાં આવતા નહોતા. કામદારની વ્યાખ્યામાં સફાઈ કરવાના કામ અને તે કરનારનો સમાવેશ કરાયો નહોતો. આ કારણે તેઓને કોઈ જ લાભ મળતા નહોતા. દર મહિને માત્ર રૂા. ૧૭/- (સતર)નો જ પગાર હતો. આવી સ્થિતિમાં અમદાવાદમાં સફાઈ કામદારોએ હડતાળ પાડી. અને તે હડતાળ ૧૮ દિવસ ચાલી હતી, ૨૦૦ સફાઈ કામદારોની ધરપકડ કરવામાં આવી હતી. રાજ્યના નાના નાના નગરો જેવાં કે પાટણ, નડિયાદ, ધોળકા, દહેગામમાં પણ કામદાર મંડળોની રચના થઈ અને તેમણે સફાઈ કામદારોની હડતાળને પોતાનો ટેકો જાહેર કર્યો. હડતાળ રાજ્ય વ્યાપી બનવાની શક્યતાઓ વધતાં સમાધાન થયું. અને સફાઈ કામદારોને લાભો મળતા થયા.

ઔદ્યોગિક મજૂર/કામદાર અને ડૉ. આંબેડકરની પ્રવૃત્તિઓ

મજૂરોના શોષણની બાબત હોય અને આંબેડકરના વિચારો-કાર્યોને જોઈએ ત્યારે કાર્લ માર્કસનું સ્મરણ સ્હેજે થાય. ડૉ. આંબેડકર અને કાર્લ માર્કસ બંનેએ એક જ કારણ શોષણ માટે જવાબદાર તરીકે ઓળખ્યું હતું અને એ હતું. અંગત સંપત્તિ. બન્ને એ બાબતે સહમત હતા કે શોષણના મૂળમાં અંગત સંપતિ રહેલી છે. અને એ માટેનો એમનો ચિંધેલો ઉપાય હતો. મશીનરી અને સભ્યતાના ફાયદા મુઠ્ઠીભર લોકોને નહીં પરંતુ સમાજના બધા જ લોકોને સમાન રીતે મળે તે રીતે સમાજના માળખાને બદલવું જોઈએ. અને આ માટે આંબેડકર સામ્યવાદી સાજિક માળખાની તરફેણ કરતા હતા. આંબેડકરે એમની રાજ્ય આધારિત સમાજવાદની વિભાવના

આપી છે. તેઓ ઈચ્છતા હતા કે "સરમુખત્યાર શાહી વગરનો, સંસદીય લોકશાહી સહિતનો સમાજવાદ લાવવો." ડૉ. આંબેડકરના મતે 'રાજ્ય આધારિત સમાજવાદ' ભારતના ઝડપી ઔદ્યોગિકરણ માટે આવશ્યક છે. પરંતુ ઉત્પાદનના સ્રોત (જમીન, ઉદ્યોગો, વિગેરે) ઉપર રાજ્યની માલિકી હોવી જોઈએ. ખાનગી માલિકી નહીં. તેઓના સિદ્ધાંત મુજબ, કૃષિ તેમજ ઉદ્યોગ ક્ષેત્રે આવશ્યક મૂડી પૂરી પાડવાની જવાબદારી સંપૂર્ણપણે રાજ્યની રહેવી જોઈએ.

ઉપરોક્ત વિચારસરણી ધરાવતા અને સિદ્ધાંતોમાં માનત ડૉ. બાબાસાહેબ આંબેડકરને શહેરી મજૂરો - કામદારોનો પ્રત્યક્ષ અનુભવ નાનપણથી જ હતો. આપણે જાણીએ છે તેમ તેઓનું બાળપણ ગ્રામવિસ્તાર અને મુંબઈની ચાલી વિસ્તારમાં વિત્યું હતું. જ્યાં તેઓની આજુબાજુ મજૂરો જ રહેતા હતા. આથી જ શ્રમજીવીઓની દુનિયાની તમામ હાડમારીઓનો તેમને જીવંત સંપર્ક અને પ્રત્યક્ષ અનુભવ હતો. જોકે મજૂર પ્રવૃત્તિમાં આંબેડકરનો પ્રવેશ થયો તે સંજોગો ખુબજ વિચિત્ર હતા. એપ્રિલ ૧૯૨૯માં મુંબઈમાં મિલ કામદારોને હડતાળ ઉપર જવાનો આદેશ ડાબેરી જૂથના મજૂર યુનિયને આપ્યો. હજુ તો ગયે વર્ષે જ આવી હડતાળ થઈ હતી જેને કારણે હજારો દલિત કુટુંબોની આર્થિક સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ હતી. અનેક લોકો ઉછી-ઉધાર અને વ્યાજે નાણાં લેવાને કારણે દેવાદાર બની ગયા હતા. આવી સ્થિતિમાં આ મજૂરોને ફરીથી હડતાળ પાડવી કે તેમને હડતાળ ઉપર જવાનું કહેવું કોઈ પણ રીતે પોષાય કે ઉચિત નહોતું. બીજી તરફ હડતાળ ઉપર જવાનો અને પોતાની યોગ્ય માગણીઓ માટે હડતાળનું હથિયાર વાપરવાનો કામદારોનો અધિકાર હતો.આ બંને બાબતો - પરિસ્થિતિથી ડૉ. આંબેડકર પૂરેપૂરા માહિતગાર હતા. જોકે તેઓ એ પણ જાણતા અને સમજતા હતા કે હડતાળનું હથિયાર વારંવાર વાપરવું જોઈએ નહીં, તેનો ઉપયોગ યોગ્ય સમયે, જરૂરિયાત મુજબ, કાળજીપૂર્વક થવો જોઈએ. આથી તેઓએ મિલ મજૂરોની એક સભા બોલાવી અને તમામ પરિસ્થિતિ સાથે પોતાના વિચારો મજૂરો સમક્ષ મૂકતાં હડતાળને વિરોધ કર્યો. હડતાળ વિરોધી આંદોલન શરૂ કર્યું. આમ મજૂર નેતા તરીકે તેઓ હડતાળ વિરોધી આંદોલન દ્વારા મજૂર પ્રવૃત્તિમાં પ્રવેશ્યા.

મુંબઈ ધારાસભામાં ૧૯૩૮માં મજૂરોના હડતાળ પાડવાના અધિકાર ઉપર તરાપ મારતું એક વિધયક સરકાર દ્વારા રજૂ કરવામાં આવ્યું. આપણે ઉપર જોયું તેમ હડતાળ અંગે બાબાસાહેબના વિચારો ખુબ જ સ્પષ્ટ હતા. તેઓએ ધારાસભામાં રજૂ કરાયેલા વિધયકનો વિરોધ કરતાં કહ્યું કે, વિધયકનો વિરોધ કરતાં કહ્યું કે, "અમુક સંજોગમાં હડતાળને ગેરકાયદે ઠરાવી હડતાળ પાડવાના મજૂરોના અધિકારનો ભંગ કરાતો હોવાથી આ વિધયક અનુચિત છે." આ ઉપરાંત તેઓએ વિધયકને રક્તરંજિત અને રક્તપિપાસુ તરીકે ઓળખાવી સરકારને મજૂર વિરોધી સરકાર તરીકે ગણાવી. બીજી તરફ બાબાસાહેબના સ્વતંત્ર મજૂર પક્ષ અને અન્ય યુનિયનોએ ૭ નવેમ્બર ૧૯૩૮ના રોજ એક દિવસની હડતાળ જાહેર કરી. આજ દિવસોમાં કામદાર મેદાન (મુંબઈ) ખાતે ૮૦ હજાર કામદારોની હાજરી વાળી એક વિશાળ રેલી સાથેની સભા યોજાઈ. મુંબઈની તમામ મિલો અને વર્કશોપ બંધ રહ્યા. મહારાષ્ટ્રના અન્ય શહેરોના મજૂરો પણ હડતાળમાં જોડાયા, હડતાળ ખુબ જ સફળ રહી.

ઔદ્યોગિક મજદૂરો માટે ડૉ. આંબેડકરે અનેક પ્રગતિશીલ આંદોલનોનું/હડતાળોનું નેતૃત્વ કર્યું હતું. તેઓએ રેલવે કામદારોનું પણ સંગઠન ઉભુ કર્યુ હતું. ૧૯૩૮થી ૧૯૪૦ના સમયગાળામાં ભારતના મજૂર આંદોલનના નેતા તરીકે તેમણે ઘણું જ રચનાત્મક કાર્ય કર્યુ હતું. આપણે જોયું તેમ મુંબઈ ઔદ્યોગિક સંબંધોના કાયદામાં હડતાલના અધિકારને મર્યાદિત કરવામાં આવતાં તેનો આંબેડકરે જોરદાર વિરોધ કર્યો હતા. મજૂરોના હડતાલ પાડવાના અધિકારના ડૉ. આંબેડકર સંપૂર્ણપણે સમર્થક હતા. મુંબઈના મજૂરધારાને 'કાળા કાયદા' તરીકે ઓળખાવીને તેઓએ શ્રીપાદ ડાંગે, ઈન્દુલાલ યાજ્ઞિક વિગેરે સાથે મળીને હડતાલ પડાવી હતી. વાઈસરોયની એક્ઝીક્યુટીવ કાઉન્સીલના સભ્ય તરીકે ડૉ. આંબેડકરે નમૂનારૂપ શ્રમબિલ ઘડ્યું હતું. તેમાં પ્રત્યેક શ્રમજીવીને લઘુતમ વેતન મળવું જોઈએ અને ક્રમશઃ આ વેતન વધીને એક સભ્ય સમાજમાં શિક્ષિત, સંસ્કારી નાગરિકને મળે તેટલું જ જીવનવેતન (living wage) મળવું જોઈએ તેવું સૂચન કર્યુ હતું.

### ૨.૫ મજૂર આંદોલનોનું પરિણામ :

આપણે જાણીએ છે કે ડૉ. આંબેડકરે 'સ્વતંત્ર મજૂર પક્ષ'ની સ્થાપના કરી હતી. તેઓ હંમેશાં મજૂરોના હિતો માટે લડ્યા અને રજૂઆતો કરતા રહ્યા છે. તેમની વિચારસરણીનો પડઘો તેમણે

રચેલા પક્ષના ઘોષણા પત્રમાં સ્પષ્ટપણે પડતો જોઈ શકાય છે. આ ઘોષણાપત્રમાં ઔદ્યોગિક કામદારોના હિતો જાળવવા માટે ભરતી, બઢતી, કામના કલાકો, પગાર સહિતની રજા, કામદારો માટે વસવાટો, ગામડાના મજૂરવર્ગ, ખેતમજૂરો માટે આરોગ્યપ્રદ આવાસ, સભાગૃહો, ગ્રંથાલયો વિગેરે જેવી બાબતોને આવરી લેવામાં આવી હતી.* જુલાઈ ૧૯૪૨માં ભારતની આઝાદી પછીથી દેશના પ્રથમ શ્રમમંત્રી તરીકે તેમણે જવાબદારી સંભાળી. પોતાના શ્રમમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન તેઓએ અનેક મહત્ત્વના કામદાર હિતનાં પગલાં લીધાં. રોજગાર વિનિમય કચેરી, કામદાર-સરકાર-માલિકોના સમાન પ્રતિનિધિત્વવાળી સ્થાયી સમિતિ, સરકારી નોકરીઓમાં અનામત જગ્યાઓ, કામદારો માટે ચાલુ પગારની રજા, ઉદ્યોગ, ખેતી, વિમાનું રાષ્ટ્રીયકરણ ફરજિયાત જીવનવીમો વિગેરે જેવી યોજનાઓ તેમણે બંધારણમાં મુકેલી જોગવાઈઓને આધારે દેશમાં એક યા બીજા તબક્કે અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓના મૂળ ડૉ. આંબેડકરે શ્રમમંત્રી અને દેશના બંધારણ સભાના અધ્યક્ષ તરીકે ચણેલા પાયામાં રહેલા છે.

ડૉ. આંબેડકર જ્યારે વાઈસરૉયની કાર્યવાહક સમિતિમાં કામદાર સભ્ય તરીકે હતા ત્યારે તેઓએ સમિતિના સભ્ય તરીકે ૧૯૪૫ 'મજૂર ખરડો' રજૂ કરેલો. આ ખરડો પાછળથી કામદાર કલ્યાણ યોજનાના ઘડતરનાં મૂળમાં પાયો બન્યો,**જેને આધારે કામદાર કલ્યાણ યોજનાનું ઘડતર અને અમલ વાસ્તવિક બની શક્યો.

* કીર ધનંજય : ડૉ. આંબેડકર : જીવન અને કાર્ય, પોપ્યુલર પ્રકાશન, મુંબઈ - ૧૯૮૫.

** મલ્લિક બસન્તકુમાર, અર્થવ્યવસ્થા અને આયોજન અંગે આંબેડકર, મેઈનસ્ટ્રીમ, Vol. 23, અંક ૩૩, એપ્રિલ ૧૯૮૫.

## ૨.૬ સારાંશ

ભારતમાં જુદા જુદા સમયકાળમાં જુદી જુદી પ્રજાઓએ રાજ્ય કર્યું છે. આ તમામ રાજ્ય કર્તાઓએ પોતાના શાસનકાળમાં સમાજના જુદા જુદા વર્ગોની સ્થિતિ અંગે ક્યારેક ધ્યાન આપ્યું છે તો ક્યારેક તેઓની અવગણનાઓ કરી છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે બ્રિટીશ શાસનકાળ માં દેશમાં મજૂરોની સ્થિતિ અંગે થોડી-ઘણી માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો છે. બ્રિટીશરોએ આ દેશમાં શાસનકર્તા તરીકે કેટલાક કાયદા ઘડ્યા અને અમલમાં મૂક્યા. દેશના મજૂરોનું શોષણ જેમાં જોવા મળ્યું હતું તેવા કાયદાઓનો દેશના સુધારાવાદી મજૂર આગેવાનોએ વિરોધ દર્શાવ્યો. ડૉ. આંબેડકર અવાજ એક મજૂર નેતા તરીકે મજૂરોના હિતના કાર્યો કરતા અને મજૂર આગેવાનની ભૂમિકા ભજવતા આપણે જોઈ શકીએ છીએ।

મજૂરોના કલ્યાણ માટે ડૉ. આંબેડકરે કરેલા કાર્યો અને તેમના દ્વારા ઘડાયેલા અમલમાં મૂકાયેલા કાયદાઓ અંગેની આછી સમજ આપવાની સાથે પ્રકરણમાં કામદારો માટે ડૉ. આંબેડકરની પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન કરવાનો પ્રયાસ કરાયો છે.

**પ્રશ્નો :**

૧. આઝાદી પહેલાના ભારતીય સમાજવ્યવસ્થામાં મજૂરોની સ્થિતિ વિશે ચર્ચા કરો.

૨. મજૂર અને રાજ્યના સંબંધો અંગે ટૂંકી નોંધ લખો.

૩. મજૂર કલ્યાણ માટે ડૉ. આંબેડકરના પ્રયાસો અંગે સવિસ્તાર લખો.

૪. સફાઈ કામદાર માટેનાં ડૉ. આંબેડકરના પ્રયાસો વર્ણવો.

૫. શહેરી મજૂરો (ઔદ્યોગિક કામદારો) ની હડતાલ અને ડૉ. આંબેડકરનું નેતૃત્વ વિશે ચર્ચા કરો.

# પ્રકરણ : ૩ દલિત આંદોલનો (Dalit Movements)


૩.૧. ઉદ્દેશ

૩.૨ પ્રાસ્તાવિક

૩.૩ ખ્યાલાત્મક સમજ

 ૩.૩.૧. વ્યાખ્યા

 ૩.૩.૨ સામાજિક આંદોલન

૩.૪. દલિત આંદોલન : ઐતિહાસિક સંદર્ભમાં

૩.૫. ડૉ. આંબેડકર પૂર્વે દલિત આંદોલનો

 ૩.૫.૧. ડૉ. આંબેડકર : દલિત આદોલનમાં ભૂમિકા

 ૩.૫.૨. મહાડજળ સત્યાગ્રહ

 ૩.૫.૩. મંદિર પ્રવેશ માટેનું આંદોલન

 ૩.૫.૪. દલિત આંદોલનઃ બંધારણીય માર્ગે

 ૩.૫.૫ ધર્મ પરિવર્તન : એક દલિત આંદોલન

૩.૬ સાંરાંશ

૩.૭. પ્રશ્નો


## ૩.૧. ઉદ્દેશ : Objectives

ભારતીય ઇતિહાસમાં સમાજવિકાસમાં ડૉ. બી.આર.આંબેડકરની એક મહત્વની ભૂમિકા અને પ્રદાન રહ્યુ છે. આપણે જાણીએ છીએ કે ડૉ. આંબેડકરે સમગ્ર જીવનમાં પોતાના અનેક વિધ કાર્યો, લખાણો અને વર્તન-વ્યવહારો થકી ભારતીય સમાજને સજીવન કરી વિકસાવવાનાં પ્રયાસો કર્યા છે. ખાસ કરીને તેમના સમય કાળમાં સમાજના કચડાયેલા વર્ગને જાગૃત કરી, તેમનામાં ચેતના લાવી વિકાસોન્મુખ કરતાં પહેલાં તેમની ઉપર થતા અત્યાચાર, અન્યાય અને શોષણ સામે પ્રતિકાર કરતો કર્યો છે. આ માટે તેમણે અનેક સ્વરૂપે દલિતોને સંગઠિત કર્યા. પ્રોત્સાહિત કર્યા,નેતૃત્વ પુરુ પાડ્યું. પોતાના અધિકારો માનવીય ગૌરવ અને સમાનતા માટે અગ્રેસર થવા દોર્યા તેમના આ કાર્યને અત્રે દલિત આંદોલન તરીકે જોઈને સમજવાનો પ્રયાસ કરવાનો ઉદ્દેશ છે.

## ૩.૨. પ્રાસ્તાવિક :

ભારતમાં હિન્દુ સામાજિક માળખાની વર્ણ અને જ્ઞાતિ વ્યવસ્થામાં આઝાદી અગાઉ શુદ્ર અને પંચમ વર્ણ તરીકે ઓળખાતા દલિતોનો સમૂહ સમાજમાં તમામ રીતે તરછોડાયેલો રહ્યો છે. તેઓ સાથે ઊંચી ગણાતી દ્વિજ જ્ઞાતિઓ સામાજિક અંતર રાખી અનેક જાતના ભેદભાવ ભર્યું વર્તન વ્યવહાર કરતી, અસ્પૃશ્યતા માનીને તેઓને અડવા ઉપર પ્રતિબંધ હતો. તેઓના પડછાયાથી પણ અભડાવાતું. સમાજમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ જે અધિકાર ભોગવતી તેવા શિક્ષણ, મૂડી વસાવવી, જાહેર જગ્યાઓમાં પ્રવેશ, નવાં-કપડાં પહેરવાં, ગામમાં રહેવું, જાહેર પીવાના પાણીની જગ્યાઓએથી પાણી ભરવું વિગેરે અધિકારોથી શુદ્રો દલિતોને વંચિત રાખવામાં આવ્યા હતા, તેઓ ફક્ત ઉપલી ત્રણ વર્ણોની સેવા ના કાર્યો કરી શકતા, અન્ય કોઈ વ્યવસાય કરવા ઉપર પણ તેમને માટે પ્રતિબંધ હતો. આવી કરુણતાસભર કષ્ટદાયક, શોષણ અને અત્યાચાર વાળી જીંદગી જીવતા શુદ્રો દલિતો હિન્દુ સંસ્કૃતિમાં ધર્મથી નિયંત્રિત એવી એક જુદી જ પેટા સંસ્કૃતિમાં જીવતા હતા. જેમાં તેઓ માટે માનવ ગૌરવ વાળું જીવન અસ્તિત્વ ધરાવતું નહોતું.

હિન્દુ સમાજના માળખામાં જે કુરિવાજો કુરૂઢિઓ અને શુદ્રો સાથે સામાજિક સ્તર રચનામાં સૌથી નિમ્નસ્થાનને કારણે તેઓ સતત અવહેલના પામીને સર્વાંગી વિકાસથી વંચિત રહ્યા હતા. ગરીબી અને સામાજિક પછાતપણું તેમના કાયમી સાથી હતા. આને લીધે તેઓએ પોતાનું આત્મ ગૌરવ પણ ગુમાવી દીધુ હતું. કોઈપણ જાતની સામાજિક આર્થિક, શૈક્ષણિક કે અન્ય ગતિશિલતા નહી આપનાર સામાજિક માળખામાં શુદ્રો, દલિતો દાસ, ગુલામ જેવું જીવન વિતાવતા હતા. શુદ્રોને આવી સામાજિક સ્થિતિમાંથી બહાર કાઢવાના, નવું જીવન, માનવીય ગૌરવ અને સામાજિક ઉધ્વ ગતિશીલતા આપવાના અનેક પ્રયાસો થયા. આ પ્રયાસો પ્રસ્થાપિત સામાજિક સંસ્કૃતિના પ્રતિકાર કરતી અને તેમાંથી શુદ્રો-દલિતોને એક નવી સંસ્કૃતિ ધરાવતું સામાજિક

માળખું પુરું પાડવા માટેના હતા. અને આથી જ આવા પ્રયાસો આંદોલનને કેટલાક અભ્યાસો પ્રતિકાર અંદોલન કે ચળવળ તરીકે પણ ઓળખાવે છે.

દલિત આંદોલન/પ્રતિકાર ચળવળના ઇતિહાસમાં આપણે જોઈએ તો બુદ્ધ મહાવીર, મહાત્મા જ્યોતિરાવફુલે, કબીર, નરસિંહમહેતા, રામાસ્વામી પરિયાર, ડૉ. બી.આર.આંબેડકર અને મહાત્મા ગાંધી વિગેરેને અગ્રક્રમે મુકી શકાય. પ્રસ્તુત પ્રકરણમાં આપણે દલિત આંદોલનોને ઐતિહાસીક પરિપ્રેક્ષ્યમાં જોઈને તેને વ્યાખ્યાબંધ કરવાનો પ્રયાસ કરીશું. સમાજ પરિવર્તનમાં આંદોલનની ભૂમિકાને સમજવા સાથે ડૉ. આંબેડકર પૂર્વેના દલિત આંદોલનકારો, તેમની ભૂમિકા અને તે આંદોલનોનો સામાજિક પ્રભાવના ટૂંકમાં જોઈશું. આ બાબત આપણોને ડૉ. આંબેડકરના દલિત આંદોલન સાથેના સંબંધો તેમની આંદોલનમાં ભૂમકા તેમની કાર્યો અંકે તેનાં પરિણામો સમજવામાં ઉપયોગી રહેશે. આની સાથે જ ડૉ. આંબેડકર દ્વારા ચલાવાયેલાં જુદા જુદા દલિત આંદોલનમાંથી કેટલાકની વિગતો પણ જોઈશું. છેલ્લે સ્વંતંત્ર ભારતમાં ડૉ. આંબેડકર વિચારધારા અને દલિત આંદોલનો વિશે સમજવાનો પ્રયાસ કરીશું.

---

## ૩.૩. ખ્યાલાત્મક સમજ :

---

### ૩.૩.૧ વ્યાખ્યા :

કોઈ પણ સમાજિક આદોલન સામુહિક વર્તન છે. સમાજશાસ્ત્રીય રીતે સામાજિક આંદોલનને જોવાય છે ત્યારે સમાજશાસ્ત્રીઓ "સમાજમાં કે જૂથમાં પરિવર્તન લાવવા માટે અથવા આવતા પરિવર્તનને અવરોધવા માટે જુથ દ્વારા કરાતા સામુહિક પ્રયાસને સામાજિક આંદોલન તરીકે ઓળખાવે છે." આજ અર્થમાં જો આપણે હર્બટ બ્લુમર (Herbert Blumer) દ્વારા સામાજિક આંદોલનની અપાયેલી વ્યાખ્યા જોઈએ તો, collective enterprise to establish a new Order of life" જીંદગીની નવી વ્યવસ્થા ઉભી કરવા કરાયેલું સંગઠિત સાહસ એટલે સામાજિક આંદોલન એમ થાય. ટર્નર અને ક્લિન (Turner and killian) દ્વારા અપાયેલી વ્યાખ્યા જોઈએ તો "It is a collective acting with some continuity to promote or to resist a change in the society or group of which it is a part" છે તો બીજી તરફ સામાજિક આંદોલનોના ભારતીય અભ્યાસી M.S.A. Rao કહે છે તે પ્રમાણે "An Organized attempt on the part of a section of Society to bring about either partical or total change in society through collective mobilization based on an idelogy." કોઈ વિચારસરણીને આધારે સમાજમાં સંપૂર્ણ કે અંશતઃ પરિવર્તન લાવવા સમાજના કોઈ એક ભાગ દ્વારા સામુહિક રીતે કરાયેલો પ્રયાસ એટલે સામાજિક આંદોલન"

સામાજિક આંદોલનની અપાયેલી જુદ જુદી વ્યાખ્યા અને અર્થ મુજબ જોઈએ તો દલિત આંદોલન એ સામાજિક આંદોલન છે. વ્યાખ્યા ઉપરાંત તે સામાજિક આંદોલનનાં બંધાજ લક્ષણો પણ ધરાવે છે જેવાં કે.

(૧) સામાજના બહુમતિ સભ્યો સમાજની પ્રવર્તમાન સામાજિક અને સાંસ્કૃતિક પ્રક્રિયામાં પરિવર્તન લાવવાના પ્રયાસ કરે છે.

(૨) ઉપરોક્ત પ્રયાસ કરનારાઓમાંથી બહુમતિ લોકો સમાજમાં એક નવો સામાજિક અને સાંસ્કૃતિક સ્વરૂપ ધરાવતો ધ્યેય નક્કી કરવાનું ઈચ્છે છે.

ઉપરોક્ત બાબતોને આપણે વિસ્તારપૂર્વક જોવાનો પ્રયાસ હવે પછી આગળ ઉપર કરીશું.

### ૩.૩.૨. દલિત આંદોલન : સામાજિક આંદોલન :

આપણે જોયું તે રીતે કોઈ પણ સામાજિક ચળવળનો મુખ્ય હેતું સામાજિક માળખામાં મૂળભૂત (પુરેપુરો કે અંશતઃ) બદલાવ લાવવાનો છે. આ અર્થમાં દલિતો (શુદ્રો) ને હિન્દુ સમાજ વ્યવસ્થાની પરંપરાગત સામાજિક આર્થિક, ધાર્મિક અને આર્થિક એવા ભેદભાવો, કુરિવાજો, કુરૂઢિયોં ની નાગચૂડ માંથી મુક્ત કરાવવા કરાતી ચળવળ વિશાળ સામાજિક ધ્યેયના સંદર્ભમાં સામાજિક ચળવળ કહી શકાય. દલિતો કે બીન દલિતો દ્વારા ચલાવાયેલી આવી સામાજિક ચલવળ વિરોધ પ્રતિકાર ચળવળ (Protest movement) તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તેમાં ચોક્કસ પરિસ્થિતિઓમાંથી મૂક્ત મેળવવા પ્રતિકાર/વિરોધ કરવામાં આવતો જોવા મળે છે. " આ પ્રતિકારાત્મક ચળવળ પ્રસ્થાપિત પદ્ધતિ સામે સંગઠિત સ્વરૂપે બુદ્ધિગમ્યરીતે કરાતો વિરોધનો પ્રયાસ છે. આ પ્રયાસમાં જે બાબતોનો સમાવેશ થયો છે તેમાં,

(૧) મૂળભૂત અધિકારો માટેની સભાનતા

(૨) પરિવર્તન માટેના પ્રયાસો

(૩) સંઘર્ષની તૈયારી અને,

(૪) સ્વતંત્રતા તેમજ સ્વાધીનતા સાથેના માનવીય ગૌરવ માટેની ભાવનાનો સમાવેશ થાય છે.

## ૩.૪. દલિત આંદોલન : ઐતિહાસિક સંદર્ભમાં :

ભારતમાં દલિત આંદોલનને જાણવું, સમજવું હોય તો દેશની સમાજ વ્યવસ્થા અને તેમાં પણ ખાસ કરીને હિન્દુ સમાજ વ્યવસ્થાના અને તેના ઉદ્ભવને જાણવો જોઈએ.ભારતના ઇતિહાસને જોઈએ તો આર્યોના આ દેશમાં આગમન પૂર્વે સિંધુનદીની ખીણમાં આ દેશના મૂળનિવાસીઓની સંસ્કૃતિ વિકસી ચૂકી હતી. મધ્યએશિયામાંથી આર્યો આગળ વધીને ભારતમાં આવ્યા. તેઓ મૂળભૂત રીતે પશુઓ માટેઘાસ અને પાણીની શોધમાં ભટકતા સિંધુ નદીની ખીણ સુધી આવ્યા. મૂળનિવાસીઓ સાથે યુદ્ધમાં તેઓ વિજય પામ્યા યુદ્ધમાં હારનાર મૂળનિવાસીઓમાંથી કેટલાક પકડાયા અને કેટલાક જંગલો અને પહાડોમાં નાસી છૂટ્યા. જંગલો અને પહાડોમાં નાસી છૂટનાર કાળક્રમે મુખ્ય સંસ્કૃતિથી દૂર રહેવાથી અને તદ્દન અવિકસિત અવસ્થામાં આવી ગયેલા આદિવાસીઓ. તો બીજી તરફ પકડાયેલાઓ સાથે આર્યોએ અત્યંત ખરાબ દુરવ્યવહાર કર્યો. તેઓ ઉપર પોતાની સર્વોપરિતા સાબિત કરવા માટે તેમને ગંદા અસ્વચ્છ તદ્દન નિમ્ન કક્ષાના કામો સોંપ્યા. જેથી તેઓનું ગૌરવ હણાય તેઓ હીન કંગાળ બની જાય.

ધર્મ નિયંત્રિત સંસ્કૃતિના મૂલ્યો, ધોરણો, માન્યતાઓ ઉપરાંત પાપ, પુણ્ય , પવિત્ર અને અપવિત્રના ખ્યાલો સાથેના વર્તન વ્યવહારો વિકસાવ્યા વર્ણવ્યવસ્થાવાળી સમાજ વ્યવસ્થામાં સામાજિક કોટિક્રમમાં સૌથી નિમ્નસ્તરે મુકાયેલા અને શુદ્રો તરીકે ઓળખાવામાં આવેલા લોકો સાથે ઉપરોક્ત સાંસ્કૃતિ બાબતો અને ખ્યાલો સાથે ભેદભાવભર્યું વર્તન કરવામાં આવતું. તેઓનું સામાજિક, આર્થિક રાજકિય અને શૈક્ષણિક શોષણ કરવામાં ઉપરાંત તેઓ ઉપર અમાનુષી અત્યાચાર કરાતા આ વિવિધ પ્રકારના અત્યાચારને ધર્મ અને સમાજની માન્યતા આપવામાં આવી. અને તેથી ઉચ્ચ ગણાતી દ્વિજ વર્ણો માટે અત્યાચાર કરવો. (શિક્ષાના સ્વરૂપરે) એક અધિકાર બની રહ્યો. બીજી તરફ ઉપલી સવર્ણ કહેવાતી દ્વિજ જ્ઞાતિઓની સેવા કરવી તે નિમ્ન જ્ઞાતિ સમૂહો માટે ફરજ બની. ટૂંકમાં જીતેલા આર્યોએ પોતાની સર્વોપરિતા સ્થાપવાની નિતી અપનાવી તે મુજબનું સામાજિક માળખું વિકસાવ્યું.

ભારતમાં હિન્દુસમાજના સામાજિક કાયદાઓ ઘડનાર/આપનાર મનુભગવાને મહત્વની ભુમિકા છે. મનુભગવાને જે વર્ણવ્યવસ્થાવાળો સમાજ વિકસાવ્યો જેમાં વર્ણોની સાથે વ્યવસાયોની પણ વહેંચણી કરવામાં આવી. સમાજને વર્ણ અને વ્યવસાયમાં વહેંચવાને કારણે ઊંચ અને નીચના ખ્યાલો વિકસ્યા, તેની સાથે જ વેદોના સ્તંભો ઉપર ઉભેલો બ્રાહ્મણવાદ અસ્તિત્વમાં આવ્યો. આ બ્રાહ્મણવાદે જે પરંપરા ઉભી કરી તે નિમ્નજ્ઞાતિઓનું શોષણ કરતી તેમનાં સર્વાંગી વિકાસને રૂંધતી, તેમની ઉપર અત્યાચાર ગુજારવાની છૂટ આપતી વ્યવસ્થા સાથેની પરંપરા છે. અને તે હિન્દુ સંસ્કૃતિ સાથે અભિન્ન રીતે સંકળાયેલી બાબત છે.

**આઝાદી અગાઉનાં સુધારાવાદી આંદોલનો :**

આપણે ઉપર જોયું તે મુજબનું સામાજિક માળખું ધરાવતી હિન્દુ સમાજ વ્યવસ્થા અને તેના સામાજિક, ધાર્મિક, મૂલ્યો માન્યતાઓ, ધોરણો તેમજ તેને આધારે કરાતા વ્યવહાર વર્તનમાં પરિવર્તન લાવવા માટે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના કેટલાક સમાજ સુધારકો દ્વારા આવાં આંદોલનો ચલાવવામાં આવેલાં. તો બીજી તરફ કેટલા સંત, અને ભક્તોએ ભક્તિઆંદોલન દ્વારા પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ કરી છે. પરંતુ આ આંદોલન/ચળવળમાં વ્યવસ્થામાં ધરમૂળથી બદલાવ (Total Transformation) ના પ્રયાસો થયા ન હતા. તેમાં તે પ્રસ્થાપિત માળખામાં રહીનેજ આંશિક સુધારાઓ કરવાના હતા અને તેમ કરવા લોકોને અપીલ કરી, તેમને સમજાવવાના પ્રયાસો હતા. વાસ્તવમાંતો આ આંદોલન/ચળવળો દલિતો માટે ચલાવાયેલાં નહોતાં કારણ કે, તે એવી સમસ્યાઓ સામે હતાં જે દલિત સમાજની સમસ્યાઓ કે દલિતો માટેની સમસ્યાઓ નહોતી જેમ કે દલિત સમાજમાં સતીપ્રથા, દહેજ પ્રથા, બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ. વિધવા પ્રથા વિગેરે. ભક્તિ આંદોલનમાં જોઈએ તો તે આંદોલનો મૂળભૂત રીતે સમાજસુધારા માટે ઓછા પરંતુ આત્માની શુદ્ધિ અને ઉંચકોટીના પુનઃજન્મ માટેનાં સુકર્મો માટેનાં હતાં તેમ કહી શકાય. આ આંદોલનો વર્ણવ્યવસ્થા કે જ્ઞાતિવ્યવસ્થા સંપૂર્ણ રીતે તોડવા, બદલવા કે તેમાંથી દલિતો (શુદ્રો) ને મુક્ત કરવા માટેનાં હતાં નહી. જોકે, આ પ્રકારનાં આંદોલનોની હકારાત્મક ભૂમિકા પણ રહી છે. સમાજની નિમ્ન જ્ઞાતિ સમૂહોમાં અન્યાય શોષણ ભેદભાવ અને અત્યાચાર અંગેની સભાનતા અને જાગૃતિ આવી. જે ઉપરોક્ત આંદોલનો દ્વારા આવેલું સારુ પરિણામ કહેવાય.

દલિત આંદોલનોમાં જુદા જુદા તબક્કાઓ આ હિન્દુ સંસ્કૃતિ અને બ્રાહ્ણવાદ સામે કેવી રીતે પ્રતિકાર કર્યો અને તે વિરોધ કેવી રીતે કર્યો તે જાણવા અને સમજવા માટે આવાં જે કોઈ આંદોલન કરાયાં છે તે જોવાની જરૂર રહે. પ્રસ્થાપિત બ્રાહ્મણવાદ સામે અને હિન્દુ સામાજિક માળખામાં મૂળભૂત બદલાવ લાવવાના પ્રયાસો કરનારાઓમાં ગૌતમ બુદ્ધ, ભગવાન મહાવીર, દ્વારા ચલાવાયેલા નવા ધર્મો સ્થાપવાનાં આંદોલનો છે તો બીજી તરફ મહાત્મા, જ્યોતિરાવ ફુલે, તારાબાઈ સિંધે, કિશાન ફાંગોજી બાનસોડે અને પંડિતા રમાબાઈ દ્વારા સ્ત્રી કેળવણી અને સમાજસુધારણાનાં આંદોલનો છે. દક્ષિણ ભારતમાં ૧૯૨૦થી બ્રાહ્મણવાદ સામે શરુ કરાયેલ અદિદ્રવિડનું આંદોલન (રામાસ્વામી પરિવાર) છે તો ડૉ. આંબેડકર બી.આર.ના સમાજસુધારણા અને સમાજ પરિવર્તનના પ્રયાસો-આંદોલનનો આમાં સમાવેશ થાય છે. ડૉ. આંબેડકર પછી

થી સ્વતંત્ર ભારતમાં પણ આ પ્રકારના આંદોલનો ચાલુ છે.

### ૩.૫. ડૉ. આંબેડકર પૂર્વે દલિત આંદોલન :

ભારતમાં આર્યોના આગમન પછીથી જે સમાજ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી તેમાં નિમ્નજ્ઞાતિઓનું ખાસ કરીને શુદ્રોનું શોષણ તેમની ઉપર અત્યાચાર તમામ પ્રકારના સામાજિક, ધાર્મિક, રાજકીય અને શૈક્ષણિક હક્કોથી વંચિતતા અને માનવીય ગૌરવનું હનન વ્યાપકપણે સામાજિક અને ધાર્મિક રીતે સ્વીકારાયેલી બાબતો હતી. આને કારણે શુદ્ર જ્ઞાતિ સમૂહો સર્વાંગી વિકાસથી વંચિત રહ્યા અને દયાનજક કંગાળ હાલતમાં ગામને છેવાડે અથવા ગામની બહાર દરિદ્રતાભર્યું જીવન જીવતા થયા. સમાજના અને કુરિવાજો અને કુરૂઢિયોના પણ ભોગ બન્યા. સાથે ઉચ્ચ કહેવાતી જ્ઞાતિઓના આશ્રિત બની રહ્યા. આવી ગુલામથી એ બદતર જીંદગીમાંથી તેઓને મુક્ત કરાવવાનો સૌ પ્રથમ પ્રયાસ ગૌતમ બુદ્ધ દ્વારા કરવામાં આવ્યો.

ગૌતમ બુદ્ધ દ્વારા સ્થાપવામા આવેલા બૌદ્ધધર્મમાં હિન્દુ સમાજ જેવા સામાજિક ભેદભાવો, ઊંચ-નીચ અને સ્પર્શા-સ્પર્શના ખ્યાલો કે સમાજના સભ્યનું શોષણ તેમજ તેની ઉપર અત્યાચાર ગુજારવાની સામાજિક-ધાર્મિક માન્યતા સાથેના અધિકારો નહોતા. બૌદ્ધધર્મમાં માનવ-માનવ વચ્ચે સમાનતા, દરેકને દરેક પ્રકારના સામાજિક અધિકારો, હક્કો અને ફરજો સમાનરીતે આપવામાં આવી છે. સમાજિક કુરિવાજો જે હિન્દુ સમાજમાં હતા તે કુરિવાજો અને કુરૂઢિઓથી બૌદ્ધધર્મ પાળનાર લોકોનો સમાજમુક્ત હતો. સ્ત્રી અને પુરુષને વિકાસ અને તે માટે શિક્ષણ પ્રાપ્તિનો સમાન અધિકાર અપાયો છે.જયાં કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિને ઉંચ કે નીચ, છૂત કે અછૂત માનવામાં આવતો નહીં. તે સમાનતા સ્વતંત્રતા, બંધુતા અને સર્વકલ્યાણની ભાવનાવાળા બૌદ્ધધર્મ સ્વીકારનારાઓ મોટી સંખ્યામાં શુદ્ર (દલિત) સમાજમાંથી હતા. કારણ કે તેઓ હિન્દુ સમાજની દોઝખ ભરી જીંદગીથી ત્રાસીને તેમાંથી મુક્તિ મેળવવા માંગતા હતા. બૌદ્ધધર્મે દલિતોને માનવીય ગૌરવવાળું જીવન પ્રદાન કરીને પોતાના સર્વાંગી વિકાસ દ્વારા સામાજિક ઉધ્વગતિશીલતા માટેનો રસ્તો ખૂલ્લો કરી આપ્યો. તે જ સમયગાળામાં ભગવાન મહાવીરે પણ હિન્દુ સમાજ વ્યવસ્થામાં રહેતા દુષણો, શોષણ અન્ય અત્યાચારની સામે ધાર્મિક આંદોલન સ્વરૂપે રહેતાં દુષણો, શોષણ અન્ય અત્યાચારની સામે ધાર્મિક આંદોલન સ્વરૂપે પોતાનો જૈન ધર્મ સ્થાપ્યો. જેમાં પણ બૌદ્ધ ધર્મની માફક માનવીને સામાજિક સમાનતા, વિકાસની તક, અને માનવીય ગૌરવ આપવાના પ્રયાસો જોવા મળે છે. ભારતમાં ભક્તિ આંદોલનમાં મીરાબાઈ, નરસિંહ મહેતા, કબીર, સંત તુકારામ જેવા અનેક ભક્તોએ અસ્પૃસ્યોની સાથે ભક્તિનો સંબંધ બાંધીને સમાજને એક સંદેશ આપવાનો પ્રયત્ન કર્યો જોવા મળે છે કે, સમાજના દરેક સભ્યો ઈશ્વરની સામે સમાન છે. કોઈ ઉંચ નથી કોઈ નીચ નથી અને માટે આવો ભેદભાવ રાખવો જોઈએ નહી.

ભારતમાં ૧૯મી સદી ખરેખર શોષિતો માટે મુક્તિનો પૈગામ લઈને આવેલી સદી હતી. ઇસ્લામ અને બ્રિટીશ રાજ્ય શાસન હેઠળ રહેલા ભારતમાં અનેકવિધ પરિબળોને કારણે પરિવર્તનનું એક વાતાવરણ ઉભુ થયું હતું. ખાસ કરીને બ્રિટીશ શાસનમાં અંગ્રેજી શિક્ષણ તેમજ બીનભારતીય લોકો એવા પારસી, અંગ્રેજ અને અન્ય વિદેશી શાસકોના સંપર્કથી ભારતના મોટાભાગના જ્ઞાતિસમૂહો અન્ય સંસ્કૃતિ સાથે સંપર્કો અને સંબંધો બાંધવાની તક મળી હતી. આને કારણે તે સંબંધોને પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ જે તે સમૂહને ઉર્ધ સામાજિક ગતિશીલતાની શરૂઆત કરવા તે તરફ ગતિ કરવા માટે મળ્યો હતો. આ સંસ્કૃતિક સંપર્ક ઉપરાંત વિજ્ઞાનનો વિકાસ તેને કારણે વિકસેલા અન્ય પરિબળો જેવાંકે વાહન વ્યવહાર, પ્રચાર-પ્રસારણના માધ્યમો, ઉદ્યોગીકરણ, અને શહેરીકરણને કારણે ઉભી થયેલી વ્યવસાયની નવી તકો વિગેરેએ પણ નિમ્ન જ્ઞાતિસમૂહને એક નવું સામાજિક સંસ્કૃતિક વાતાવરણ પુરુ પાડ્યું આને કારણે અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત સમાજસુધારણાની વિચારસરણી ધરાવતો એક નાનો સમૂહ વર્ગ ઊભો થયો. આ સમાજ સુધારકોએ નિમ્ન જ્ઞાતિ સમૂહોને પણ સામાજિક સ્વતંત્રતા, વિકાસની તકો પ્રાપ્ત થવી જોઈએ તેમને તેમના સામાજિક આર્થિક અને શૈક્ષણિક અધિકારો ઉપલબ્ધ હોવા જોઈએનો વિચાર સમાજ સમક્ષ મુકીને તેવી પરિસ્થિતિ માટેનાં પ્રયાસો કર્યા. જેને આપણે ભારતમાં સામાજિક સુધારણાની ચળવળ રીકે ઓળખીએ છીએ. જોકે, આ સામાજિક સુધારણાની ચળવળ સતીપ્રતા નાબુદ કરો, (વિધવાને) સ્ત્રીને પુનઃવિવાહનો અધિકાર હોવો જોઈએ, દહેજપ્રથા નાબુદ કરવી વિગેરે સમસ્યાઓ સાથે સંકળાયેલી રહી છે. આ સમસ્યાઓ મૂળભૂત રીતે (શુદ્ર) દલિત સમાજની સમસ્યાઓ નથી. અને તેથી આપણે આગળ ઉપર જોયું તેમ આ સુધારણા ચળવળો દલિતો માટે નહોતી. આમ છતાં ૧૯મી સદી દલિતો માં પરિવર્તનની સદી હતી. અને એનું શ્રેય મહાત્મા જ્યોતિરાવ ફુલે અને તેમના જેવા અન્ય સમાજસુધારકો કે જે મૂળભૂતરીતે શુદ્રવર્ણમાંથી આવતા હતા. તેમને જાય છે.

(૧) મહાત્મા જ્યોતિરાવ ફુલે અને દલિત આંદોલન : (૧૮૨૬-૧૮૯૦) :

મહાત્મા જ્યોતિરાવ ફુલે માળી જ્ઞાતિના હતા. તેઓ ફુલોની ખેતી કરતા. તેમણે શુદ્રો અને બીન - બ્રાહ્મણ સમાજ માટે સુધારણા અને તેમના વિકાસનું કામ કર્યું છે. તેઓએ પોતાની પત્નીને શિક્ષણ આપી શિક્ષિત કર્યા. પત્નીની મદદથી અછૂત કન્યાઓને શિક્ષણ આપવાની શરૂઆત કરી. આ દેશમાં સ્ત્રી શિક્ષણની શરૂઆત કરી સ્ત્રીશિક્ષણનો પાયો નાખનાર સૌ પ્રથમ સુધારક તરીકે જ્યોતિરાવ ગણાય, જેમણે પોતાની પત્નીને સૌ પ્રથમ શિક્ષણ આપ્યું. ૧૮૭૫માં સત્યશોધક સમાજની સ્થાપના કરી, બીનબ્રાહ્મણ જ્ઞાતિના

લોકોને સંગઠિત કર્યા. સત્યશોધક સમાજનાં મુખ્ય કાર્યો (૧) વિચારોમાં તાર્કિકતા (૨) બ્રાહ્મણ પુજારીની સેવા લેવાનું બંધ કરવું. અને (૩) બાળકોને શિક્ષણ આપવું વિગેરે હતા. મહાત્મા જ્યોતિરાવ ફુલે દ્વારા લખાયેલા સાહિત્યમાં બ્રાહ્મણવાદનો સતત વિરોધ રહ્યો છે. આ સાહિત્યિક પુસ્તકોમાં,

(૧) ગુલામગીરી

(૨) શતકર્યા અસુદ અને

(૩) સાર્વજનિક સત્યધર્મનો સમાવેશ થાય છે. જેમાં ગુલામગીરીમાં જ્ઞાતિ, સુધારણા વિગેરે બાબતો અંગે લખાયું છે. જ્યારે શતકર્યા અસુદમાં તે જમાનામાં ખેડૂતોનું જે શોષણ થતું તેનો પડઘો પડેલો જોવા મળે છે. જ્યારે સાર્વજનિક સત્ય ધર્મમાં તેઓએ સમાજને એક નવો મૂલ્યો અને માન્યતાઓ વિગેરેની સ્થાપનાના સંદર્ભને લઈને લખાયું છે. આમ તેઓના સાહિત્યમાં પ્રસ્થાપિત સમાજ વ્યવસ્થા, તેમાંના શોષણ અને ભેદભાવ તેમજ ધાર્મિક અંધશ્રદ્ધા અને તેને કારણે ઉભી થતી પરિસ્થિતિને બદલીન એક નવીજ સમાજવ્યવસ્થા ઉભી કરવાની બાબતને કેન્દ્રસ્થાને રાખીને અગત્યતા આપવામાં આવેલી જોવા મળે છે. મહાત્મા ફુલેએ પોતાની ચળવમાં દરેક સ્તરે બ્રાહ્મણવાદ ઉપર હૂમલો કર્યો છે. તેઓએ હિન્દુવાદની આધારભૂતતા (Ligitimacy) અને તેની હયાતીનાજ પ્રશ્નો ઉભા કર્યા. ફુલેએ તેમના સમય ગાળામાં કહ્યુ હતું કે, જ્ઞાન, શિક્ષણ અને વિજ્ઞાન એ શોષિત વર્ગો માટે વિકાસનું મુખ્ય સાધન છે.

**(૨)કિસાન ફાગુજી બાનસોડે( ૧૮૭૦-૧૯૪૬) :**

કિસાન ફાગુજી બાનસોડે શિક્ષિત હોવાની સાથે જ પત્રકાર અને નાગપુરમાં મહાર યુવાનોના નેતા હતા. તેઓ મૂળનિવાસી (બીન આર્યો) ના વારસદારોની ચળવળ ચલાવતા ખાસ કરીને તેમની ચળવળ દલિત સમાજમાં સુધારણાની ચળવળ હતી. આ ચળવળને મજબૂત બનાવી તેને વેગ આપવા માટે તેમણે ઈ.સ. ૧૯૦૦માં નાગપુરમાં પ્રેસ શરૂ કર્યો હતો. આ પ્રેસમાં પુસ્તકો, છાપાઓ અને પત્રિકાઓ પ્રગટ-પ્રકાશિત કરતા. સમાજમાં વહેંચતા અને સમાજના યુવાનોને શિક્ષિત બનાવી સાહિત્યના પ્રચાર પ્રસાર દ્વારા સમાજ જાગૃતિ ચેતના અને સુધારાવાદી માનસિકતા ઉભી કરવા તૈયાર કરતા. ઈ.સ. ૧૯૪૧માં તેઓએ દલિત સંત ચોખામેલાની જીવનકથા (biography) પ્રકાશિત કરી હતી.

બાનસોડે પોતે માનતા હતા કે, આ દેશમાં આર્યો વિદેશી છે. તેઓએ બહારથી આવી કપટથી આ દેશના મૂળનિવાસીઓને હરાવ્યા. પોતાની જીત પછીથી હારેલા મૂળનિવાસીઓને ગુલામ બનાવ્યા. અને તેમની સાથે અધમના અધમ કહેવાય તેવો વ્યવહાર કર્યો. મૂળનિવાસીઓને અસ્પૃશ્ય તેમજ સમાજમાં સૌથી નિમ્ન સ્તરના બનાવી દીધા. પોતાના વ્યાખાનો અને પ્રચાર સાહિત્યમાં તેઓ સ્પષ્ટ પણે પોતાના ઉપરોક્ત વિચારો વ્યક્ત કરતાં કહેતા કે, હવે મૂળનિવાસીઓ આર્યોના ગુલામ નથી. હિન્દુઓ (આર્યો) દ્વારા ગુજારાયેલા અત્યાચારો બહુ થયા. હવે તે બંધ કરો. કિસાન ફાગુજી બાનસોડે સમાજ સુધારણા અને મૂળનિવાસીઓમાં જાગૃતિ જગાડવાના કામો કરવાની સાથએ સાથે મીલ મજદુરો માટે પણ કામ કરતા. આ માટે ૧૯૧૮ થી ૧૯૩૨ સુધી તેઓએ મજુર પત્રિકા કાઢી હતી આ પત્રિકામાં મજૂરોના પ્રશ્નો, તેમને મળવાપાત્ર લાભ અને તેમના શોષણ તેમજ તેમાંથી મુકત થવા માટે સંગઠન અને સંઘર્ષની જરૂરિયાત જેવા મુદ્દાઓને લઈને તેઓ લખતા.

પ્રતિકાર આંદોલન હંમેશા આત્મસન્માનની સભાનતાથી થાય છે. આર્યોએ કરેલા શુદ્રોનું શોષણ, અને દમન શુદ્રો પોતાનું આત્મસન્માન ગુમાવી ચુક્યાહતા. આવી સ્થિતિમાં તેઓ આર્યોના દરેક સિતમો મૂંગા મોઢે ગુલામ કે પશુની જેમ સહન કરી લેતા થયા હતા. કિસાન ફાગુજી બાનસોડે શિક્ષિત હોવાથી આ બાબત સમજતા હતા. તેઓ એ પણ જાણતા હતા કે જો આર્યો સામે પ્રતિકાર આંદોલન ઉભુ કરવું હોય તો શુદ્રો-દલિતોમાં આત્મસન્માનની ભાવના જાગૃત થવી જરૂરી છે. અને એ માટે તેઓ પોતાના છાપેલા સાહિત્ય સાથે સમાજમાં લોકોને ઘેર ઘેર ફરીને આત્મસન્માન માટેનો પ્રચાર કરતા. તેઓ (દલિતો) માં આત્મસન્માન માટે શિક્ષણની અત્યંત જરૂરિયાત સમજતા. શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે પણ તેઓ અથાગ પ્રયત્ન કરતા. તેઓએ ૧૮૦૭માં કન્યાઓના શિક્ષણ માટે અલગ કન્યાશાળાની સ્થાપના કરી. તેઓએ દલિત સ્ત્રીઓ માટે શિક્ષણ હોવું જરૂરી છે અને તે તેઓને મેળવું જોઈએ તે બાબત સમાજ સમક્ષ મુકી હતી.

કિસાન ફાગુજી બાનસોડે તેમના જીવન અને કાર્યમાં સતત ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે તેમના સહયોગી તરીકે રહ્યા છે. પરંતુ બાનસોડે પોતે ધર્મ ત્યાગવાની અને નવો ધર્મ અપનાવાના મુદ્દા સાથે સહમત નહોતા ખાસ કરીને તેઓના પ્રચાર કાર્ય દરમ્યાન તેમણે જોયું કે લોકો અંગ્રેજી પાદરીઓના સંપર્ક અને પ્રભાવ હેઠળ ખ્રિસ્તી ધર્મ અપનાવી રહ્યા છે. આથી તેઓ લોકોને ખ્રિસ્તી ધર્મ નહી અપનાવવા. અને હિન્દુ બની રહેવા માટે સમજાવતા. આજ પરિવર્તન માટે બાબા સાહેબ આંબેડકર પોતાને તૈયાર કરી રહ્યા હતા ત્યારે તેઓના આ વિચાર સાથે બાનસોડે સહમત થયા નહીં. ૧૯૩૫ સુધી ડૉ. આંબેડકર સાથે સતત કાર્યમાં કરવા સાથે રહેવા બાદ ધર્મપરિવર્તનના મુદ્દે તેઓ તેમનાથી જુદા - અલગ થયા. ત્યાર પછી પાછા ફરીને બાબાસાહેબ સાથે ક્યારેય આ મુદ્દાએ જોડાયા નહી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર પહેલાં ૧૯૧૦ પછીના સમયગાળામાં મહારાષ્ટ્ર સિવાય પણ દેશના અનેક પ્રદેશમાં દલિત ચળવળ તરીકે આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. આ આંદોલન દ્વારા દલિત સમાજમાં ચેતના-જાગૃતિ આત્મસન્માન અને પોતાના મૂળનિવાસી દેશના માલિક તરીકેના હક્કોને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો દલિતો દ્વારા કરાતા હતા. તે ઉપરાંત આ વિચારસરણીમાં માનનારા અને ઊંચી જ્ઞાતિઓના દલિતો ઉપરના અત્યાચાર, શોષણ દમનના વિરોધી એવા બીન દલિતો દ્વારા પણ આવાં આંદોલનોને સાથ સહકાર અને નેતૃત્વ પુરુ પાડવામાં આવતું હતું. આના પરિણામે ૧૯૨૦નાં ગાળામાં ઘણા કર્મશીલોએ જ્ઞાતિ વિરોધી, બ્રાહ્મણવાદ વિરોધી, વિચારસરણી સાથે ચળવળો ચલાવી. ખાસ કરીને તામિલનાડુ પંજાબ, કર્ણાટક, વિગેરે પ્રદેશોમાં આ ચળવળનો પ્રચાર-પ્રસાર અને પ્રભાવ વધુ જોવા મળતો હતો. આ પ્રદેશોમાં ચાલતી ચળવળોમાં પંજાબમાં અદ-ધર્મ (Ad-Dharm) યુ.પી. અને હૈદ્રાબાદમાં (Adi-Hindu) દક્ષિણ ભારતમાં આદિઆંધ્ર (adiandhra) અને આદિ-કર્ણાટક (Adi Karnatak) વિગેરે નો સમાવેશ થાય છે. આંધ્ર પ્રદેસ ના દરિયા કિનારાના લોકો ખાસ કરીને મદ્રાસ વિસ્તારમાં દ્રવિડવાદ પ્રસરતો જતો હતો. ૧૯૧૭માં વિજયવાડામાં દલિતોની એક કોન્ફરન્સ મળી જેનું આયોજન હિન્દુ સુધારાવાદીઓ (બીન દલિતો એવા કર્મશીલો) દ્વારા કરવામાં આવ્યું હતું. જેને આદિ-આંધ્ર મહાજન સભા તરીકે ઓળખાવામાં આવી.આ સભાના સમયે શહેરનાં મુખ્ય ત્રણ મંદિરો ત્રણ દિવસ સુધી બંધ રહ્યા. બ્રાહ્મણો દ્વારા તે બંધ રાખવામાં આવ્યા હતા. તેઓને ડર હતો કે આ લોકો મંદિરોમાં પ્રવેશી જશે. મંદિરોને અભાડાવશે. હિન્દુ ધર્મને ભ્રષ્ટ કરી દેશે. આદિ-આંન્દ્ર તરીકે શરૂ થયેલી આ ચળવળ દલિતો જ્યાં સુધી કોંગ્રેસમાં હરિજન તરીકે અથવા સામ્યવાદીઓ સાથે ભળતા થયા ત્યાં સુધી એટલે કે ૧૯૩૧ સુધી ચાલુ રહી હતી.

હૈદ્રબાદ રાજ્યમાં વસતા દલિતોએ પણ આવી ચળવળ શરૂ કરી હતી. તેઓ (તામિલ દલિતો) પોતાની ઓળખ આદિ દ્રવિડ (Ado Dravid) તરીકે આપતા થયા. પોતાની આ ઓળખ બ્રાહ્મણ વિરુદ્ધ તેમજ તેમની આગવી ઓળખ ઉભી કરવા માટેના પ્રયાસ તરીકેનો એક પ્રયાસ હતો. આ પ્રદેશમાં દલિત નેતા ભાગ્યવર્મા રેડ્ડીએ તે સમયે ઉત્તર પ્રદેશની મુલાકાત લઈને ત્યાં પણ પોતાની 'સ્વ-ઓળખ' ઉભી કરવાના આંદોલન ને ઉત્તેજન આપ્યું. ઉત્તરપ્રદેશમાં આ આગેવાની અછૂતાનંદે લીધી હતી. બીજી તરફ પંજાબમાં એક આર્ય સમાજે નેતા નામે મંગુરામે આર્ય સમાજથી છુટા પડીને ૧૯૨૬માં અદ્-ધર્મ (Ad-Dharm)નામે ચળવળ ચલાવી. આજ વર્ષમાં પંજાબના હોંશિયારપુર ખાતે મળેલી એક કોન્ફરન્સમાં તેઓએ આ (શુદ્ર) સમાજને અલગ સમુદાય તરીકે ઓળખાવી તેઓએ કહ્યું.

"આર્યો અમારી સાથે વર્ષો સુધી લડ્યા,

અમારા પૂર્વજોને હરાવ્યા, હારીને તેઓ

જંગલ અને પહાડોમાં નાસી છુટ્યા. જેઓ

પકડાયા તેઓ આર્યોના દાસ બન્યા તે

સમયથી આર્યોએ મૂળનિવાસીઓને કચડ્યા છે.

૧૯૩૧ના સેન્સસ્કમાં પંજાબમાં પાંચ લાખ (૫,૦૦,૦૦૦) અદ-ધર્મીઓ નોંધાયા હતા.

**ઈ.વી. રામાસ્વામી પરિયાર (૧૯૭૯-૧૯૭૩)**

દક્ષિણ ભારતમાં ખાસ કરીને તામીલનાડુમાં બ્રાહ્મણ બ્રાહ્મણવાદ અને હિન્દુરાષ્ટ્ર વિરુદ્ધ બીન બ્રાહ્મણો દ્વારા ચળવળ ચલાવવામાં આવી. તેની શરૂઆત કરી ઈ.વી. રામાસ્વામી પરિયારે. આ ચળવળમાં દક્ષિણભારત ઉપર ઉત્તર ભારતની બ્રાહ્મણવાદની ચડાઈને રોકવાનો પ્રયાસ થયેલો જોવા મળે છે. આપણે જાણીએ છે કે (દક્ષિણભારત(તામીલનાડુ) માં દ્રવિડોની (અનાર્યો) બહુમતી છે. અને તેઓ આર્યવાદનો સતત વિરોધ કરતા રહ્યા છે. આ વિરોધ માટે ૧૯૨૬માં સેલ્ફ-રિસ્પેક્ટ લીગની સ્થાપના કરવામાં આવી. આ લીગમાં જોડાનારાઓ માનતા હતા કે; " માનવજાત માટે કોઈ જ્ઞાતિ કે ધર્મ હોવા જોઈએ નહીં. રામની રાવણ ઉપરની ચડાઈને પણ તેઓ આર્યો દ્વારા બીનઆર્યોના શોષણ, દમન અને અત્યાચાર સ્વરૂપે જુએ છે. તેઓ રાવણને પોતાના આદિનેતા તરીકે સ્વીકારે છે. કારણ કે તેણે રામ (આર્ય)ને દક્ષિણમાં ચડી આવતાં યુદ્ધ કરી રોકવાનો મહાપ્રયાસ કર્યો હતો.

બ્રાહ્મણ આર્યો અને બ્રાહ્મણવાદ સામે શરૂ થયેલી આ ચળવળમાં ધીરે ધીરે ઉત્તરભારતની કોઈપણ બાબતને નહી સ્વીકારવી તેવી વિચારસરણી વિકસી તેમાં આર્યોની ભાષા જે બહુમતી લોકો વાપરે છે તે હિન્દીનો પણ અસ્વીકાર કરાયો. આ ચળવળકારો પોતાની ભાષા પોતાની સંસ્કૃતિ (આદિ સંસ્કૃતિ) અને પોતાના રાષ્ટ્રના ખ્યાલને વધુને વધુ મજબૂત કરતા ગયા. અને તેમાંથી તામિલ રાષ્ટ્રવાદ નો વિકાસ થયો. સામાજિક ઓળખ માટેની આ ચળવળ ૧૯૪૪માં રાજકિય ચળવળ સ્વરૂપે બહાર આવી અને ઈ.વી. રામાસ્વામી પેરિયારની આગેવાની હેઠળ "દ્રવિડ કઝગમ (૧૯૪૪)નામે રાજકિય પક્ષની સ્થાપના થઈ. જેમાં સ્વતંત્ર દ્રવિડ રાજ્યની માંગણી કરવામાં આવી. આ ઉપરાંત તેઓની અન્ય મુખ્ય માંગણી હતી કે,

અમોને અમારો દેશ જોઈએ છે.

જેનુ નામ તામીલનાડુ બદલો

ભારતની બધીજ કેન્દ્ર સરકારો એટલે

હિન્દુ ધર્મનું રક્ષણ કરતી સરકાર

માટે, આપણે હિન્દુ દિલ્હીના અધિપત્યને ત્યજવું જ રહ્યું

દ્રવિડ ક જગમ નામે શરૂ થયેલો આ રાજકિય પક્ષ સમય જતાં બીજા ભાગલાઓમાં વહેંચાતો ગયો. સૌ પ્રથમ તેમાંથી દ્રવિડ મુનેત્ર કઝગમ અને પછીથી ઓલ ઈન્ડીયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ નામે ભાગ અલગ થયો.

આમ આપણે જોઈ શકીએ શક્ીએ કે ગૌતમ બુદ્ધથી શરૂ થયેલી આ ચળવળમાં વખતો વખત મહાત્માં જ્યોતિરાવ ફુલે, કિસાન ફાગુજી બનસોડે, ભાગ્યરેડી, વર્મા અછૂતાનંદ, મંગુરામ તેમજ તામીલનાડુમાં રામાસ્વામી પેરિયાર જેવા અનેક દલિત-બિનદલિત નેતાઓ થઈ ગયા છે. જેઓએ આંબેડકર પહેલાં ભારતમાં દલિત ચળવળનો પાયો નાંખ્યો છે. આ ચળવળોમાં ગામનાના ખેત મજૂરો, શહેરના મીલ મજૂરો, જમીન વિહોણા મજૂરો તેમજ નાના જમીન માલિકો અને સ્ત્રીઓ એવા તમામને સંગઠિત કર્યા. તેમનામા જાગૃતિ અને સામાજિક ચેતના જગાડવાના અથાગ પ્રયત્નો થયા છે. આ ચળવળમાં મૂળભૂત રીતે મૂળનિવાસીનો ખ્યાલ તેઓની વિચારસરણીમાં પાયાનો રહેલો જોવા મળે છે.

૩.૫.૧. ડૉ. આંબેડકર : દલિત આંદોલનમાં ભૂમિકા (૧૮૯૧-૧૯૫૬) :

ભારતીય ઈતિહાસમાં સામાજિક ચળવળ દ્વારા સમાજ સુધારણામાં ૨૦મી સદીનો ૧૯૧૫ પછીનો સમયગાળો અતિ મહત્વનો રહ્યો છે. આજ સમયગાળામાં ગાંધીજી આફ્રિકામાંથી રંગભેદને કારણે તિરસ્કૃતતાનો જાતઅનુભવ મળતા ભારત પરત આવે છે. ભારતના રાજકારણમાં તેમનો પ્રવેશ અને પછીથી તેની સાથે જ દલિતોદ્ધારની પ્રવૃત્તિઓનો પ્રારંભ કરે છે. જેમાં હૃદય પરિવર્તનથી અસ્પૃશ્યતા નિવારણના વિચાર સાથે કાર્યારંભ કરે છે. બીજી તરફ દેશમાં જ્યારે આઝાદીની ચળવળ ચાલી રહી હતી ત્યારે આંબેડકરના મનમાં જાતિપ્રથા સામેના વિદ્રોહના અંકુર ફુટી રહ્યા હતા. 'હોમરૂલ'ની માંગણી કરતા ભારતીયો માટે નિમાયેલા 'મોન્ટુગ્યુ ચેમ્સફર્ડ સુધારા' માટેની સાઉથલરો સમિતિ સમક્ષ અસ્પૃશ્યોના મતાધિકાર માટેનું આવેદનપત્ર આપીને ડૉ. આંબેડકરે દલિત ચળવળ માટેના પોતાના કાર્યનો આરંભ કર્યો. બાબાસાહેબ ગાંધીજીના હૃદયપરિવર્તન દ્વારા સમાજસુધારણા અને દલિતોદ્ધાર અસ્પૃશ્યતા નિવારણની વિચાર-સરણી સાથે સહમત નહોતા. બાબાસાહેબ વર્ણવ્યવસ્થાવાળા સમાજમાં સંપૂર્ણ પરિવર્તન (વર્ણવ્યવસ્થા દૂર કરવી) અને તે દ્વારા સમાજ સુધારણા ઈચ્છતા હતા. તેઓ કહેતા વર્ણ વ્યવસ્થા રાખીને અસ્પૃશ્યતા દૂર થાય નહીં, દલિતો દ્વારા. થઈ શકે નહી. અસ્પૃશ્યતા દૂર કરવા અને દલિતોનાં વિકાસ માટે સૌ પહેલાં વર્ણવ્યવસ્થાવાળા હિન્દુસમાજના ઈતિહાસમાં ૧૯૨૪નું વર્ષ અતિ મહત્વનું હતું. એક તરફ મહાત્મા ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણનો કાર્યનો પોતાની આગવી રીતે વેગ આપવાની શરૂઆત કરી હતી તો બીજી તરફ ડૉ. આંબેડકરે અસ્પૃશ્યોના ઉત્કર્ષ માટે ચળવળની તૈયાર કરી હતી. ૯માર્ચ ૧૯૨૪ના રોજ મુંબઈમાં પરેલ ખાતે તેઓએ અસ્પૃશ્યોની સામાજિક અને રાજકીય મુશ્કેલીઓ દૂર કરવા અને તે અંગે સરકાર સમક્ષ રજૂઆત કરવા "બહિસ્કૃત હિતકરણી સભા"ની સ્થાપના કરી. આ સભાના હેતુઓ બહિસ્કૃત સમાજમાં શિક્ષણનો પ્રચાર અને પ્રસાર કરવો, તેઓમાં સંસ્કારની વૃધ્ધિ માટે વાંચનાલય, શૈક્ષણિક વર્ગ અને સ્વાધ્યાય મંડળોની રચના કરી, અસ્પૃશ્યોની આર્થિક સ્થિતિ સુધારવા ઔદ્યોગિક અને કૃષિ વિષયક તાલિમ આપતી સંસ્થાની શરૂઆત કરવા ઉપરાંત સમાજના પ્રશ્નો અંગેની ફરિયાદોની યોગ્ય સ્થળે સરકારમાં રજૂઆત કરવી વિગેરે હતા. ડૉ.આંબેડકર દ્વારા બહિસ્કૃત હિતકરણી સભાની સ્થાપના એટલે ભારતમાંના પદદલિતોને સ્વાવલંબન, સ્વાભિમાન, અને આત્મોદ્ધારનું શિક્ષણ આપીને દેશમાં મહાપરિવર્તનની ચળવળ કરનારા યુગનો પ્રારંભ એમ કહી શકાય. આંબેડકર આ સભાના કાર્ય માટે નાનાં ગામડા અને નગરોમાં જઈને અસ્પૃશ્યોના સ્વાભિમાનને છંછેડીને, તેમના મૃતપ્રાય મનને જાગૃત કરી તેમના સ્વાભિમાન અને સ્વાવલંબનને નવજીવન આપતા.

૩.૫.૨.મહાડજળ સત્યાગ્રહ/આંદોલન (પાણીના અધિકાર માટેનું આંદોલન) :

મુંબઈ વિધાન પરિષદમાં નીચલા વર્ગોના પ્રતિનિધિઓ દલિત વર્ગોના કલ્યાણ માટે સક્રિય રસ લેતા હતા. તેઓ દ્વારા પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવવા, ગામડામાં અપૂરતા પાણી પુરવઠા, જાહેર વાહનોમાં બેસવા ન દેવા વિગેરે સમસ્યાઓ અંગે પ્રશ્નો અને ઠરાવો રજૂ કરવામાં આવતા હતા. પરંતુ સૌથી મહત્વનો પ્રસ્તાવ એસ.કે. બોલેએ રજૂ કર્યો, જે મુંબઈ વિધાનપરિષદે ઓગષ્ટ, ૧૯૨૩ના રોજ મંજૂર કર્યો હતો. આ પ્રસ્તાવમાં જણાવ્યું હતું કે, "વિધાનપરિષદ ભલામણ કરે છે કે, અસ્પૃશ્ય વર્ગોને જાહેર ભંડોળમાંથી બાંધવામાં આવેલા અથવા સરકાર દ્વારા નિયુક્ત અથવા કાયદા દ્વારા રચાયેલી સંસ્થા દ્વારા જેનું સંચાલન થતું હોય તેવા બધા તળાવો કુવાઓ અને ધર્મશાળાઓ તેમજ સાર્વજનિક શાળાઓ, અદાલતો અને કચેરીઓ તેમજ દવાખાનાનો ઉપયોગ કરવા દેવામાં આવે."

ઉપરોક્ત ઠરાવને ધ્યામાં લઈને મહાડ નગરપાલિકાએ પોતાના અધિકાર નીચે આવતું ચવદાર તળાવ અસ્પૃશ્યો માટે ખુલ્લુ મુક્વાની જાહેરાત કરી. પરંતુ દ્વિજ હિન્દુઓના ભયથી ત્યાંના અસ્પૃશ્યોએ તે તળાવનું પાણી વાપરવાનો અધિકાર ભોગવ્યો નહોતો. આથી અસ્પૃશ્ય વર્ગના અધિકારોના વિચારોને ચળવળમાં ફેરવવાના હેતુથી ડૉ. આંબેડકરે મહાડ મુકામે તા.૧૯,૨૦,માર્ચ ૧૯૨૭ના દિવસોએ બહિષ્કૃત પરિષદનું આયોજન કર્યું. દરેક ગામડાઓમાં પરિષદનો પ્રચાર કરાયો આથી મુંબઈથી નાગપુર સુધીના પ્રદેશમાંથી અબાલવૃદ્ધ એવા ૧૦ હજાર જેટલા અસ્પૃશ્યો આ પરિષદમાં ઉપસ્થિત રહ્યા. પરિષદના ઉપયોગ માટે સવર્ણ હિન્દુઓ તરફથી પાણી મળવું શક્ય નહીં હોવાથી ૪૦ રૂપિયા ખર્ચીને પાણી વેચાતું લેવું પડ્યું હતું. બીજી તરફ ડૉ. આંબેડકર સાથે તે પ્રદેશના અનેક નાના-મોટા કાર્યકરો અને જાણીતા નેતા/આગેવાનો પણ પરિષદમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સંમેલનમાં ડૉ. આંબેડકરે પોતાના ભાષણમાં જન્મભૂમિ પ્રેમ, શિક્ષણ, શિક્ષણ થકી થતા સર્વાંગી વિકાસ, સૈન્યમાં મહારોની નોકરીને કારણે આર્થિક વિકાસ (વ્યવસાય હોવો જરૂરી) સાધવામાં આવ્યો વિગેરે મુદ્દાઓથી શરૂઆત કરીને પોતાના બાળકોને શિક્ષિત બનાવવા, દારૂ ના પીવા તેમજ મુડદાલ ન ખાવા માટે પ્રતિજ્ઞા લેવાનું કહ્યું. તેની સાથે સાથે જ સ્વાવલંબન શીખવા અને સ્વાભિમાની બનવાની અપીલ એકત્રિત સમૂહને અપીલ કરી. ઉપસ્થિત અન્ય નેતાઓએ પણ વકતવ્યો આપ્યાં જેમાં અસ્પૃશ્યતા હિન્દુ ધર્મનું કલંક છે ને હિન્દુઓએ ધોવું જોઈએ. દલિતોએ પોતાના અધિકાર જે સરકારી ધોરણે ઠરાવેલા હોય - પ્રાપ્ત કરવા હિંમતથી આગળ આવવું જોઈએ (ચવદાર તળાવના પાણીના વપરાશના સંદર્ભમાં) વિગેરે મુદ્દાઓનો સમાવેશ થયો હતો. ત્યારબાદ પરિષદમાં જુદા જુદા દસ જેટલા ઠરાવો પસાર કરવામાં આવ્યા. આ ઠરાવોમાં મુખ્યત્વે અસ્પૃશ્યો પોતાના નાગરિક અધિકાર ભોગવવામાં ઉચ્ચજ્ઞાતિના લોકોએ મદદ કરવી, અસ્પૃશ્યોને નોકરીએ રાખવા, અસ્પૃશ્ય વિદ્યાર્થીઓને ભોજન આપવું, મરેલા જાનવરનો તેના માલિકે નિકાલ કરવાની વ્યવસ્થા કરવી, મરેલા જાનવરનું માંસ અસ્પૃશ્યોએ નહી ખાવું જોઈએ. દારૂ પિવાનું બંધ કરવું, સમાજમાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરવો. વિગેરેનો સમાવેશ થતો હતો. આ સાથે જ વિષયવિચારણી સમિતિની બેઠકમાં "અસ્પૃશ્યોનો ચવદાર તળાવમાંથી પાણી પીવા-લેવાનો અધિકાર પ્રસ્થાપિત કરવા પરિષદમાં હાજર એવા તમામ અસ્પૃસ્યોએ ચવદાર તળાવ સુધી કૂચ કરી જવી અને સર્વે પ્રતિનિધિઓએ તળાવમાથી પાણી પીવું તેવું નક્કી કરવામાં આવ્યું.

પરિષદના બીજા દિવસે બપોર પછીથી ચવદાર તળાવ તરફ કૂચ કરવાની જાહેરાત કરવામાં આવી કે તુરત જ હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતા કલંક છે. તેને ધોઈ નાંખવું જોઈએ એવી જાહેરાત કરનારા નેતાઓ ઝડપથી પાછલા દરવાજાએથી પોબારા તરફ ભણી ગયા. જતા રહ્યા. કહેતા ગયા કે આ પગલું (ચવદાર જવાનું) કસમયનું છે. આપણે હજું તે માટે લોકમત કેળવવો જોઈએ વિગેરે વિગેરે. આવા તકસાધુ નેતાઓની વિદાય પછીથી સત્યાગ્રહીઓ નાની નાની ટુકડીઓમાં શિત્યબદ્ધ રીતે તળાવ તરફ કૂચ કરતા આગળ વધ્યા. ભારતીય હિન્દુ સમાજ સામે પ્રતિકાર કરતી કૂચ ઇતિહાસ માટે યુગપ્રવર્તક ક્ષણ સમાનનો આ સમય હતો. અત્યાર સુધીના પોતાના જીવનમાં બાબાસાહેબ હંમેશ જ્ઞાતિભેદ સામાજિક ગુલામગીરી અને લાચારી, વિગેરે સામે વિરોધ કરનારા રહ્યા હતા. આજે તેઓ સ્વમાન સાથે પોતાના અધિકારો પ્રસ્થાપિત કરવાના મહાકાર્ય તરફ અસ્પૃશ્ય સમૂદાયને દોરતા હતા.

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું મહાડ તળાવ તરફનું આ વિરાટ પગલું એકત્રિત સમુદાયને સમજાવતું હતું કે સ્વાતંત્રના અધિકારો ભીખમાં માંગવાથી પ્રાપ્ત થતા નથી. તે શક્તિથી છીનવી લેવાના હોય છે. બીજાઓની કૃપાથી પોતાનો ઉદ્ધાર નથી થતો તેતો વ્યક્તિએ પોતે જ કરવો પડે છે. ચવદાર તળાવનાં પગથીયાં ઉતરીને આંબેડકરે અંજલીભરી પાણી પીધુ તેની સાથે જ વિશાળ જનસમુદાયે તેનું અનુકરણ કર્યું. આ દિવસ હતો. ૨૦ માર્ચ ૧૯૨૭નો જે દલિત ચળવળ માટે અંત્યત મહત્વનો દિવસ બન્યો. અસ્પૃશ્ય હિન્દુઓએ ચવદાર તળાવનું પાણી પીધું. તે જાણીને ઉચ્ચજ્ઞાતિના લોકોમાં અત્યંત ક્રોધ વ્યાપ્યો. અસ્પૃશ્યો વિશાળ સંખ્યામાં હોવાથી તેમને પાણી પીતા વિઘ્નસંતોષી સવર્ણોએ અફવા ફેલાવી કે હવે અસ્પૃશ્યો વીરેશ્વર મહાદેવના મંદિરમાં પ્રવેશવાના છે. આપણુ મંદિર હવે અભડાઈ જશે. આ સાંભળતાંજ ગામના ઉચ્ચજ્ઞાતિના હિન્દુઓ હાથમાં લાકડીઓ લઈને નીકળી પડ્યા. ગામમાં ફરતા, ખરીદી કરતા કે ગામમાંથી તરફ પાછા ફરતા અસ્પૃશ્યોને મારવા અને તેમની ઉપર અત્યાચાર ગુજારવા લાગ્યા. બીજી તરફ કેટલાક ધર્મઘાતકી હિન્દુઓ મંડપમાં જઈ પહોંચ્યા. મંડપમાં ભોજન લેતા કે આરામ કરતા નિર્દોષ ગરીબ, નિઃશસ્ત્ર અસ્પૃશ્યો જેમાં સ્ત્રીઓ અને બાળકો પણ હતા તેમની ઉપર હૂમલો કર્યો. મંડપમાં રસોડાના વાસણોમાં તોડફોડ કરી મારમાંથી બચવા કેટલાક અસ્પૃશ્યોએ ભાગમ ભાગ કરીને મુસલમાનોના ઘરોમાં આશરો લઈ પોતાનો જાન બચાવ્યો. મુસ્લીમો અસ્પૃસ્યોના આશ્રયદાતા બન્યા. ડૉ. બાબાસાહેબ ઘવાયેલા લોકોને દવાખાને લઈ ગયા. મોડેથી આવેલી પોલીસે એ ધર્મઘાતકી હિન્દુઓમાંથી ૮ જણાની ધરપકડ કરી. કેસ થતાં ૭ હૂમલાખોરોને ન્યાયધીશે ૬ જુન ૧૯૨૭ના રોજ દરેકને ચાર મહિનાની સખત કેદની સજા કરી.

૩.૫.૩ : મંદિર પ્રવેશ માટેનું આંદોલન :

ભારતના સ્વાતંત્ર આંદોલનમાં ૧૯૩૦નું વર્ષ પ્રતિકાર વર્ષ તરીકે ઓળખાય. એક તરફ ગાંધીજીની દાંડીકૂચ દ્વારા મીઠાના ભાવ વધારાના પ્રતિકારથી અંગ્રેજ સરકાર સામે સ્વાતંત્ર યુદ્ધ સત્યાગ્રહ દ્વારા ખેલાતું હતું તો બીજી તરફ સદીઓથી સામાજિક અન્યાય, શોષણ અને અત્યાચારના ભોગ બનાતા ભારતના અસ્પૃશ્યો સામાજિક સ્વાતંત્ર પ્રાપ્તિ અર્થે પ્રતિકાર આંદોલન દ્વારા ડૉ. આંબેડકરના નેતૃત્ત્વ હેઠળ સંગઠિત અને પોતાના સામાજિક અધિકારો હક્કો માટે પ્રયાસો કરી રહ્યા હતા. તારીખ ૨, માર્ચ, ૧૯૩૦ના રોજ નાસિક મુકામે ડૉ. બાબાસાહેબ આંબેડકરે અસ્પૃશ્યોના સામાજિક સ્વાતંત્ર માટે મંદિર પ્રવેશ માટે સત્યાગ્રહ સાથે આંદોલન કરવાની જાહેરાત કરી. આંબેડકરની આ લડત અન્યાયી અને અમાનુષી એવા સનાતની બ્રાહ્મણવાદ સામે સામાજિક ગુલામગીરીમાંથી મુક્તિ માટેની હતી. નાસિકના પંચવટીના કાળારામ મંદિરના વ્યવસ્થાપકોને નાસિકની સ્થાનિક સત્યાગ્રહ સમિતિ દ્વારા લેખિતમાં એવી સૂચના આપવામાં આવી હતી કે જો મંદિર અસ્પૃશ્યો માટે અમૂક સમય ખુલ્લુ મુકવામાં નહીં આવે તો તેઓ મંદિરપ્રવેશ માટે સત્યાગ્રહ કરશે. સમગ્ર મુંબઈ ઇલાકા અને બાજુના રાજ્યમાંથી મોટી સંખ્યામાં અસ્પૃશ્ય સત્યાગ્રહીઓ આંદોલનકારીઓ આ માટે એકત્રિત થયા હતા. નેતાઓએ સનાતની મંદિર વ્યવસ્થા સમિતિ અને આંદોલનકારીઓ વચ્ચે સમાધાનના પ્રયાસો કર્યા પરંતુ તે નિષ્ફળ રહ્યા.

રવિવાર તા.૨માર્ચ ૧૯૩૦ના રોજ મળેલી એક વિશાળ સભામાં આંબેડકરે મંદિર પ્રવેશ આંદોલન સત્યાગ્રહની કાર્યપદ્ધતિ વિશે એકત્રિત જનસમૂહને જાણકારી આપી; બાદમાં મંદિર પ્રવેશ માટેની કૂચ શરૂ થઈ. આ લાંબા સરઘસમાં સૌથી આગળ વાંજીત્ર અને બેન્ડ વગાડનારાઓ, તેમની પાછળ બાળકો, બાદમાં સ્ત્રીઓની ટૂકડીઓ પછીથી સાધુઓ શિસ્તબદ્ધ રીતે ભજનો ગાતા-ગાતા ચાલતા હતા. મંદિરના દરવાજા બંધ હતા; ત્યાં પોલીસ ન્યાયધીશ અને જીલ્લા અધિકારી ઉભા હતા. આંદોલન સત્યાગ્રહીઓની કૂચ આ કારણે નદીઘાટ તરફ વળી અને ત્યાં નદીના પટમાં સભાના સ્વરૂપે ફેરવાઈ ગયું.

સત્યાગ્રહીઓની રાતની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે મંદિરના તમામ દરવાજાઓ સામે બેસી સત્યાગ્રહ કરવો; દરવાજો ખુલ્લે તેની રાહ જોવી. ૩જી માર્ચના સવારથી આ રીતે સત્યાગ્રહ શરૂ થયો. તે દિવસે, સત્યાગ્રહીઓની પ્રથમ ટૂકડીમાં ૧૨૫ પુરુષો અને ૨૫ સ્ત્રીઓ હતી. બીજા પોતાના સાથીઓના સહકારમાં ઉભા હતા. બે ફર્સ્ટ ક્લાક મેજિસ્ટ્રેટો વાતાવરણને શાંત રાખવાના પ્રયાસો કરતા હતા. હજારથી વધુ સંખ્યામાં બુંદકધારી સૈનિકો મંદિરની ચારે તરફ ઉભા હતા. સરકારે મંદિર આજુબાજુના વિસ્તારમાં હથિયારબંધીનો હુકમ જારી કર્યો હતો. પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ રેનોલ્ડસે મંદિર પાસે જ પોતાનું કાર્યાલય ઉભુ કર્યુ હતું.

ઉપરોક્ત પરિસ્થિતિમાં મંદિરમાં ભગવાન પોતે જ કેદ થઈ ગયા હતા, કારણ કે સવર્ણ હિન્દુઓ પણ મંદિરના દરવાજા બંધ હોવાથી દર્શન તેમજ પ્રભુસેવા કરી શકતા નહોતા. દરવાજા બંધ કરવા પાછળ અસ્પૃશ્યો મંદિરમાં પ્રવેશશે તો ભગવાન અભડાશે અને ધર્મનો નાશ થશેની વિચારસરણી કામ કરતી હતી; અને આથીજ હિન્દુઓ આ પ્રસંગનો સામનો કેવી રીતે કરવો તે માટે ખાનગી રીતે એકત્રિત થઈને વિચાર-વિમર્શ કરતા હતા. રાત્રે અસ્પૃશ્યો તરફી એક સભા મળી. સનાતની હિન્દુઓએ તે સભા ઉપર પથ્થરમારો કરી સભાને વિખેરી નાંખી

અસ્પૃશ્યોનું સત્યાગ્રહ આંદોલન તારીખ ૯ એપ્રિલ સુધી ચાલ્યું. વચગાળાના સમયમાં સમાધાન થયું કે રામનવમીને રોજ બંન્ને પક્ષના શસક્ત વ્યક્તિઓએ રથયાત્રા દરમ્યાન રથ ખેંચવો. આ રથયાત્રા જોવા હજારો લોકો ઉભા હતા. ડૉ. આબંડકર પોતાના સાથીઓ સાથે ત્યાં આવ્યા. અસ્પૃશ્ય લોકો રથને સ્પર્શે તે પહેલાં જ અગાઉથી ગુપ્તરીતે નક્કી કરાયા મુજબ ઊંચી જ્ઞાતિના રથ ખેંચનારાઓએ રથને નક્કી કરેલી દિશાથી બીજી તરફ વાળ્યો જે રસ્તો સાંકડો એને આજુબાજુ કાંટાડી વાડ વાળો હતો. આમ થવાથી અસ્પૃશ્ય લોકો રથને ખેંચી શક્યા નહીં અને ખેંચનારની સાથે પણ રહી શક્યા નહીં. તેઓ રથની પાછળ દોડ્યા પરંતુ બીજી તરફ આજુબાજુ ઉભેલા સવર્ણ લોકોએ તેમની ઉપર પત્થરોનો વરસાદ વરસાવવાનું શરૂ કર્યું. ડૉ. આંબેડકરને કાર્યકર્તાઓએ હેમખેમ બચાવ્યા. એક કાર્યકર ગંભીર રીતે ઘવાયો. બીજા અનેકને નાની મોટી ઈજાઓ થઈ. આથી આજુબાજુ ઉભેલા અસ્પૃશ્યો અને ઉંચી કહેવાતી જ્ઞાતિઓના લોકો વચ્ચે તોફાન-મારામારી શરૂ થઈ. રથયાત્રાનો આખો કાર્યક્રમ ખોરવાઈ ગયો.

મંદિર પ્રવેશના આ આંદોલનને કારણે અસ્પૃશ્યો ઉપર તેની ખૂબ દુઃખદાયક અસરો પડી. આ અસરોમાં નાસિકમાં સ્પૃશ્ય સમાજે અશ્પૃશ્યતાને મળતી-અપાતી અનેક સવલતો બંધ કરી દીધી. અસ્પૃશ્ય બાળકો માટે શાળાએ જવાનું મુશ્કેલ બન્યુ આથી તેમનો અભ્યાસ બંધ થઈ ગયો. રોજબરોજની ચીજવસ્તુઓ જે સવર્ણોની દુકાનોએથી અસ્પૃશ્યો ખરીદતા હતા તે મળતી બંધ થઈ આ ઉપરાંત ઉચી જ્ઞાતિઓ તરફથી તેમને મારની ધમકીઓ મળવા લાગી. આવી અનેક યાતનાઓ છતાં મંદિરપ્રવેશનું સત્યાગ્રહ આંદોલન ચાલુ જ હતું. કેટલાક અશ્પૃશ્યોએ આ પજવણી અને અત્યાચારોને લઈને હિન્દુધર્મ ત્યજી મુસ્લીમ બનાવા ચર્ચાઓ શરૂ કરી, જોકે આંબેડકરે તેઓને તેમ કરતા અટકાવ્યા. તો ધર્મપરિવર્તનની ચર્ચા સાંભળીને કેટલાક સનાતની આગેવાનોએ પણ પણ તેમ ન નહીં કરવાની અસ્પૃશ્ય નેતાઓને વિનંતી સાથે અપીલ કરી.

મુંબઈમાં નવકોર નારાયણ બિરલાએ ડૉ. આંબેડકરની મુલાકાત લીધી આખરે લાંબા વિચાર વિમર્સ અને ચર્ચાઓ પછીથી અસ્પૃશ્યતાઓ પોતાનું મંદિરપ્રવેશ આંદોલન સ્થગિત કર્યું. જો કે તે બાબતે મંદિરપ્રવેશ માટે વાટાઘાટો ચાલુ જ હતી. પરંતુ કોઈ ચોક્કસ હકારાત્મક નિર્ણય આવ્યો નહીં. આથી આંદોલન પુનઃ શરૂ કરાયું જે ઓક્ટોબર ૧૯૩૫ સુધી ચાલ્યું.

ડૉ. આંબેડકર માનતા હતા અને પોતાના ભાષણોમાં કહેતા હતા કે **"મંદિર પ્રવેશ એ અસ્પૃશ્યતા નિવારણના માર્ગ પરનો એક વિસામો છે. મંજલ નથી.** તેઓ વધુમાં કહેતા હિન્દુ ધર્મ જો અસ્પૃશ્યોના પણ ધર્મ તરીકે રહેવું હોય તો તે સામાજિક સમાનતાનો ધર્મ બનવો જોઈએ. અને આ માટે તો ફક્ત મંદિર પ્રવેશ જ નહીં પરંતુ ચાતુર્વણને મિટાવીને હિન્દુ ધર્મને શુદ્ધ બનાવવો પડશે. કારણ કે ચાતુર્વણ એજ તમામ અસમાનતાનું મૂળ છે. અને તેમાંથી જ અસ્પૃશ્યતા જન્મી છે. આજ અરસામાં મુંબઈ ધારાસભામાં રંગા અય્યરે મંદિર પ્રવેશ વિધેયક રજૂ કર્યું. જે તા.૨૪ માર્ચ ૧૯૩૩ના રોજ ચર્ચા માટે રજૂ થતાં જ કોંગ્રેસ અને સરકારની ઉપેક્ષા સાથે સનાતની સભ્યોએ વિધાયકની મુદત લંબાવવાની નિતી અપનાવી છેવટે આ વિધયક કોઈ પણ ચર્ચા વગર પડતું મુકાયુ. આ વિધયકનો વિરોધ સનાતની સભ્યોએ કર્યો હતો. આખરે ૧૯૩૫માં મંદિર પ્રવેશનો કાયદો થયો ત્યારે જ કાલારામ મંદિરના દરવાજા અસ્પૃશ્યો માટે ખુલ્લા મુકાયા.

**૩.૫.૪. દલિત આંદોલન : બંધારણીય માર્ગે :**

કોઈ પણ વ્યવસ્થાને નિયંત્રણમાં રાખી વ્યવસ્થિત રીચે ચલાવવા બંધારણ (નિતી-નિયમોનું માળખું) હોવું જરૂરી છે. આ હકીકત કુટુંબ સમાજ તેમજ સમાજોના બનેલા દેશ તમામને એક સમન રીતે લાગુ પડે છે. આપણે જાણીએ છીએ તેમ પરંપરાગત રીતે સમાજને નિયંત્રિત કરી તેની આંતરિક બાહ્ય વ્યવસ્થા-માળખું જાળવી રાખવા સામાજિક બંધારણ હતું. જેનું ઘડતર અને નિયંત્રણ જ્ઞાતિપંચ દ્વારા કરવામાં આવતું ૨૦મી સદીની શરૂઆત સુધી મહદ્અંશે આ બંધારણ મૌખિક રહેલું જોવા મળે છે. વર્તમાનમાં હજુ પણ અનેક સમાજોના સામાજિક બંધારણો મૌખિક સ્વરૂપે પેઢી દર પેઢી પરંપરાગત રીતે જળવાઈ રહેલાં અને સમાજમાં અમલમાં જોવા મળે છે. આ સામાજિક બંધારણ સમાજના દરેક સભ્યો ઈચ્છા કે અનિચ્છાએ સ્વીકારવું પડતું તેનો ભંગ કરનાર માટે જ્ઞાતિપંચ સામાજિક રીતે યોગ્ય ને દંડ કે શિક્ષા કરતું. સામાજિક બંધારણના ભંગ માટે દંડ તેમજ શિક્ષાની જોગવાઈ હતી. અનેક સમાજોએ વખતો-વખત સમયની જરૂરિયાત મુજબ સામાજિક બંધારણમાં યોગ્ય અને સમાજ સ્વીકાર્ય ફેરફારો કરેલા પણ જોવા મળે છે.

ભારતીય હિન્દુ સમાજને પણ પોતાનું આગવું સામાજિક બંધારણ હતું એક માન્યતા મુજબ આ બંધારણ સામાજિક કાનૂનોના આપનાર ઘડવૈયા મનુભાગવાન છે. જેમણે મનુસ્મૃતિમાં હિન્દુ સમાજ માટે સામાજિક આચાર-સંહિતા માટે કાયદાઓ આપ્યા. આ મુજબ હિન્દુ સમાજ જુદી જુદી ચાર વર્ણોમાં વહેંચાયેલા અને દરેક વર્ણનો પોતાના ચોક્કસ આગવો અલગ વ્યવસાય અપાયો હતો. વેદના સમય પૂર્વે સમાજમાં વર્ણ/જ્ઞાતિ અને વ્યવસાય અરસ-પરસ વ્યક્તિની ઈચ્છા અને આવડત, કૌશલ્ય મુજબ બદલી શકતા હતા. એટલે કે વ્યક્તિને આવડે તે વ્યવસાય કરતો અને તેને વ્યવસાય મુજબ તેની વર્ણ-જ્ઞાતિ ગણાતી. પરંતુ વેદ પછીના સમયગાળામાં આ વ્યવસ્થા બંધ થઈ અને જ્ઞાતિ અને વ્યવસાય એકબીજા સાથે અભિન્ન રીતે જોડાય ગયા. આજે બંધારણના સામાજિક કાયદાઓમાં દરેક વર્ણનું સમાજમાં .ાન દરજ્જો (વ્યાવસયાને ધોરણે) નક્કી રહેતાં તેના સામાજિક દરજ્જાને આધારે સમાજમાં અન્ય સભ્યો, અન્ય વર્ણના લોકો તેમની સાથે આંતરક્રિયા કરતા, સામાજિક સંબંધો રાખતા અને સામાજિક વ્યવહારો કરાતા. સમાજમાં દરેક વર્ણ જ્ઞાતીને ચોક્કસ ફરજો અને અધિકાર હક્કો આપવામાં આવ્યા હતા. અને તે મુજબ જ તેઓની જીવનશૈલી અને સમાજજીવનમાં વર્તન-વ્યવહારો કરવાનું ફરજિયાત હતું. આ તમામ સામાજિક આંતરક્રિયા, વર્તન વ્યવહારો, સાથે ધાર્મિક માન્યતાઓ, મૂલ્યો અને ધોરણો જોડીને તેને પવિત્ર-અપવિત્ર, સારૂ ખરાબ, પાપ-પુણ્ય વિગેરે સાથે રાખીને મુલવવામાં આવતું અને તેમજ માનીને તેનો સ્વીકાર કરાતો હતો.

આઝાદી પૂર્વેના ઉપરોક્ત પ્રકારે નિયમો આપતા સામાજિક બંધારણમાં સમાજમાં સૌથી નિમ્ન ગણાતી શુદ્ર વર્ણ અને તેમાં સમાવિષ્ટ જ્ઞાતિઓને અસ્પૃશ્ય ગણવામાં આવી હતી. તેના સ્પર્શ તેમજ પડછાયાથી પણ અભડાઈ જવાનું દ્વિજ જ્ઞાતિઓ માનતી. શુદ્રોના વ્યવસાયો, ગંદા, અસ્વચ્છ હલકા અને કોઈ પણ પ્રકારના વળતર વગરના હતા. અને આ કારણે જ તેઓ પાસે કોઈ મૂડી એકત્રિત થતી નહોતી તેમ છતાં ધાર્મિક સામાજિક રીતે તેમની ઉપર મૂડી એકત્રિત-ભેગી કરવા ઉપર, માલમિલ્કત વસાવવા ઉપર પ્રતિબંધ મુકાયો હતો. ગામને છેવાડે વસતી આ વર્ણના લોકો પૂરાઅંગે (આખા શરીર) વસ્ત્રો પણ પહેરી શકાતા નહીં. દ્વિજ જ્ઞાતિઓએ આપેલા ફાટેલા-ઉતરેલા જૂનાં કપડાંજ તેમના વસ્ત્રો રહેતાં. દિવસનાં સમયે તેઓ ગામમાં પ્રવેશી શકતા નહીં. તેઓના ગળે (થુંકવા માટે) કુલડી બાંધવી પડતી, તેમજ પીઠપાછળ પોતાના પગલાં ભૂંસાઈ જાય માટે ઝાડું બાંધવું પડતું હતું. જાહેર જગ્યાએ જેવી કે ધર્મશાળા, બાગ-બગીચા, માં તેઓ પ્રવેશી શકતાનહીં. કુવા-તળાવ કે અન્ય જાહેર પાણીમાટેના સ્ત્રોતમાંથી તેઓ પીવા-વાપરવા પાણી ભરી લઈ શકતા નહીં. તેમના ઉપર શિક્ષણ લેવા બાબતે પણ પ્રતિબંધ હતો. સાથે સાથે જો તેઓએ શિક્ષણ અપાતું સાંભળ્યું હોય તો તેમના કાનમાં ઉકળતું સીસું રેડવામાં આવતું અને કોઈ શુદ્ર શિક્ષણ યાદ કરીને બોલે તો

તેની જીભ કાપી લેવાતી. તેઓ હિન્દુ કહેવાતા પરંતુ ભગવાનના મંદિરોમાં પૂજા-અર્ચના માટે તેમને પ્રવેશ અપાતો નહી. મંદિરના પરિસરથી ઘણે દૂર ઉભા રહી તેઓ દર્શન કર્યાનું પૂણ્ય માનતા આમ આ સામાજિક બંધારણે હિન્દુ સમાજમાં શુદ્રોને પશુથીયે બદતર એવી સ્થિતિમાં મુકીને વંચિત બનાવી દીધા હતા. આને કારણે સમાજમાં સામાજિક ભેદભાવ અને વિષમતાં ઉભી થતીહતી. દ્વિજ ગણાતી જ્ઞાતિઓ સમાજમાં સામાજિક, આર્થિક,રાજકીય ધાર્મિક અને શૈક્ષણિક એવી તમામ સત્તાઓ ભોગવતી હોવાથી તેઓ તમામ ક્ષેત્રે પ્રભાવી રહેલી જોવા મળે છે. આ પ્રભાવી પણાને કારણે તેમનો સર્વાંગી વિકાસ ખૂબ પ્રમાણમાં થયેલો.જ્યારે બીજી તરફ આઝાદી અગાઉ શિક્ષણથી વંચિત સામાજિક અધિકારો વિહોણા નિર્ધન અવસ્થામાં જીવતા ગુલામ જેવી જીંદગીને કારણે પોતાનો સર્વાંગી વિકાસ સાધવાથી ઘણા દૂર હતા બીજી તરફ હિન્દુ સમાજનું સામાજિક બંધારણ આપણે ઉપર જોયું તે મુજબ ધર્મના મુલ્યો; માન્યતાઓ અને ધોરણો તેમજ પાપ-પુણ્ય, પવિત્ર અપવિત્રના ખ્યાલો સાથે સમાજમાં સભ્યોના વર્તન વ્યવહારને બંધારણના ભંગ માટે દંડ-અને શિક્ષાની જોગવાઈ હતી; જેમાં શુદ્ર (દલિત) વર્ણના સભ્યો માટે શક્ય તેટલી વધુ આકરી (મૃત્યુદંડ સુધી)ની શિક્ષા કરવામાં આવતી હતી. જ્યારે ઉચ્ચ ગણાતી દ્વિજ જ્ઞાતિઓ માટે અને તેમાં પણ બ્રાહ્મણ માટે શક્ય તેટલી ઓછી-નહિવત શિક્ષાની જોગવાઈ હતી. આ સામાજિક બંધારણમાં (મનુસ્મૃતિ) જણાવ્યા મુજબ, શુદ્ર વર્ણને.

- સેવા કરનારી જ્ઞાતિઓ (જાહેર સેવા) ની સેવાનો લાભ મળતો નહોતો જેમકે, વાણંદ તેઓના માથાના વાળ કાપતા નહીં, ધોબી, દરજી, વિગેરે જેવી કારીગર જ્ઞાતિઓની સેવા મળતી નહી.
- તેઓની સાથે અસ્પૃશ્યતા પાળવામાં આવતી. તેઓના સ્પર્શથી અભડાઈ જવાનું દ્વિજ જ્ઞાતિઓ માનતી આથી તેઓને જાહેર રસ્તા ઉપર પ્રવેશીને ચાલવાનું મનાઈ હતી. દ્વિજ-ઉચ્ચ જ્ઞાતિઓના રહેઠાણ કે રહેઠાણના વિસ્તારમાં પ્રવેશની વખતે મોટેથી અવાજ કરીને પ્રવેશવું ફરજિયાત હતું.
- જાહેર સ્થળો જેવા કે ધર્મશાળા, મંદિર, બાગ-બગીચા , પંચાયતઘર, વિગેરેમાં તેઓ પ્રવેશી શકતા નહીં.
- જાહેર પીવાના પાણીના સ્થળ જેવા કે તળાવ નદી ઝરણાં, કૂવો વિગેરમાંથી તેઓ પાણી ભરી શકતા નહીં.
- કોઈ પણ પ્રકારના શિક્ષણ લેવા સાંભળવા કે શિક્ષણ વાક્યો બોલવા ઉપર પ્રતિબંધ હતો. જો તેમ કરવામાં આવે તો જીભ કાપવી કે કાનમાં ઉકળતું સીશું રેડવું જેવી શિક્ષા કરાતી.
- અસ્વચ્છ, હલકા, વળતર સિવાયના અને વધુ શારીરિક શ્રમ ની જરૂર વાળા વ્યવસાયો આ વર્ણને કરવાના રહેતા જેનો ગામની સફાઈ મેલુ ઉપાડવું, મરેલા પશુઓ ખેંચી જવા મૃતદેહને નિકાલ (બાળવા) કરવો વિગેરેનો સમાવેશ થતો હતો.

સામાજિક બંધારણમં સમાવિષ્ટ ઉપરોક્ત ધોરણો-મૂલ્યો માન્યતાઓ કારણે શુદ્ધ વર્ણ અને તેમાં સમાવિષ્ટ જુદી જુદી જ્ઞાતિ પેટાજ્ઞાતિઓ બહુજન સમાજથી અલગ જુદા સામાજિક વાડામાં કેદ થઈ ગઈ હતી. અને આથી જ ડૉ. આંબેડકર હિન્દુ સમાજને ચારમાળ વાળી એક માળમાંથી જ બીજા માળમાં જવા માટેની દાંદર વગરની ઈમારત તરીકે ઓળખાવતા આ ઈમારતમાં જે વ્યક્તિ જે માળ ઉપર જન્મે (વસે) ત્યાંજ તેણે જીવન પુરુ કરવાનું રહેતું. તે એક માળથી તેના ઉપલા માળ ઉપર જઈ શકતો નહીં એટલે કે હિન્દુ સામાજિક માળખાવાળા સમાજમાં ઉધ્વસામાજિક ગતિશીલતાનો કોઈજ અવકાશ નહોતો.

સ્વતંત્રતા, સમાનતા અને સર્વાંગી વિકાસ :

આપણે ઉપર જોયું તેમ ભારતીય સમાજ જુદી જુદી વર્ણોમાં વહેંચાયેલા અને જુદા જુદા વ્યવસાયો કરતો સમાજ હતો. આને કારણે સમાજ અનેક જૂથો અને પેટાજૂથોમાં વહેંચાયેલો જોવાતો. સમાજમાં જ્ઞાતિ-જ્ઞાતિ, વર્ણ-વર્ણ વચ્ચે અનેક જાતના ભેદભાવો હોવા ઉપરાંત તે ઉચ્ચ અને નીચના કોટિક્રમમાં ગોઠવાયેલો હતો. ઊંચા સામાજિક ક્રમે બેઠેલાઓનો સામાજિક દરજ્જો ઊંચો ગણાતો અને આ ઊંચા દરજ્જા સાથે જોડાયેલા તમામ સામાજિક, ધાર્મિક આર્થિક, રાજકીય અને શૈક્ષણિક અધિકારો અને હક્કો તેઓને પ્રાપ્ત હતા. આ અધિકારો અને હક્કોનો ઉપયોગ કરીને તેઓને સમાજમાં પ્રભાવી જ્ઞાતિ/વર્ણ તરીકે નિમ્ન જ્ઞાતિ જૂથો ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપીને તેમનું શોષણ કરતા. સમાજમાં સભ્યોના સર્વાંગી વિકાસની તક પ્રાપ્તીને બદલે નિમ્ન જ્ઞાતિઓનું સર્વાંગી શોષણ કરવાની સામાજિક ધાર્મિક માન્યતાઓ પ્રાપ્ત વ્યવસ્થા ઉભી થયેલી જોવા મળતી હતી.

ઉપરોક્ત સામાજિક માળખામાં વ્યકત્તિઓને સામાજિક, ધાર્મિક, કે અન્ય કોઈ પણ પ્રકારની સ્વતંત્રતા નહોતી. બીજી તરફ બે સદીઓની અંગ્રેજોની રાજકીય ગુલામી ફગાવીને રાજકીય સ્વતંત્રતા પ્રાપ્તી માટે આઝાદીના લડવૈયાઓ દેશમાં સ્વતંત્રતાની ચળવળ ચલાવતા હતા. ભારતની આઝાદીની લડતના સમયગાળામાં જ આપણે જાણીએ છે તેમ ભારતમાં અંગ્રેજી શિક્ષણનો પ્રચાર-અને પ્રસાર પણ થયો હતો.

આનો લાભ ઉચ્ચજ્ઞાતિઓએ તેમજ/પાદરી મિશનિરીઓને કારણે કેટલીક નિમ્નજ્ઞાતિઓને પણ પ્રાપ્ત તયો હતો. આ અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કેટલાક લોકો બ્રિટનમાં વધુ શિક્ષણ અર્થે ગયા. ત્યાંની લોકશાહી રાજયવ્યવસ્થા તેમજ લોકોને તમામ પ્રકારની સ્વતંત્રતા, સમાનતા, અને વિકાસની સમાનતકની ઉપલબ્ધિ જોઈને પ્રભાવિત થયા. બીજી તરફ દક્ષિણ આફ્રિકામાં રંગભેદ ને કારણે અપમાનિત થઈ ગાંધીજી ભારત પરત આવ્યા તેમણે ભારતમાં અસ્પૃસ્યોની સ્થિતિ ખાસ કરીને અસ્પૃશ્યતા દૂર કરવાની જરૂર જણાઈ. અને તેઓએ અસ્પૃશ્યતા નિવારણનો યજ્ઞનો આરંભ કર્યો. પોતાના સ્વતંત્રતાના કામોની સાથે જ આ કાર્યને તેમણે જોડી દીધું. બીજા પણ અનેક સમાજ સેવકોએ પણ દલિતોદ્ધારની પ્રવૃત્તિ આ સમયગાળામાં શરૂ કરી હતી. આમ છતાં આ તમામ કાર્યો વર્ણવ્યવસ્થાના સંપૂર્ણ બદલાવ માટેના નહોતાં. તેઓ ઊંચ્ચજ્ઞાતિઓના હૃદય પરિવર્તન એ તેના દ્વારા સામાજિક સુધારણામાં દલિતોધ્ધાર ઇચ્છતા હતા. ભારતીય હિન્દુ સમાજ વ્યવસ્થાઓ, ધોરણો વિગેરે નિયંત્રિત હતી તેમાં તે સંપૂર્ણ રીતે સ્વીકાર્ય બને તેવી બાબત નહોતી આથી જ ડૉ. આંબેડકરને આ પ્રકારની સુધારણા પ્રવૃત્તિઓ હૃદય પરિવર્તન અને દલિતોધ્ધાર સ્વીકાર્ય નહોતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર વર્ણવ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર લાવવામાં માનતા હતા કારણ કે જો તેમ થાય તોજ જ્ઞાતિ પ્રથા અને જ્ઞાતિ સાથે જોડાયેલા વ્યવસાયનું વિભાગીકરણ દૂર થાય અને તોજ અસ્પૃશ્યોને સર્વાંગી વિકાસની તક ઉપલબ્ધ થાય.

ભારતની સ્વતંત્રતાની સાથે જ ભારતે લોકશાહી રાજયવ્યસ્થાનો સ્વીકાર કર્યો. જેમાં લોકોની લોકો વડે લોકો માટેની સત્તા અસ્તીત્વમાં આવી . સ્વતંત્રતાની સાથે જ ભારતમાં ભારતના પોતાનું બંધારણ નવી રાજયવ્યવસ્થાના નિયંત્રણ માટે જરૂરી બન્યું. આપણે આગળ ઉપર પ્રકરણ-૧ માં જોયું તે રીતે બંધારણ રચવા માટે બંધારણ સભાએ એક અલગ સમિતિની રચના કરી, આ બંધારણ સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. ભીમરાવ રામજી આંબેડકર (ડૉ. બાબાસાહેબ આંબેડકર)ની નિમણુંક કરવામાં આવી. ભારતના તત્કાલીન અન્ય નેતાઓની માફકજ તેઓએ પોતાનું સમગ્ર ઉચ્ચ શિક્ષણ બ્રિટનમા લીધું હતું. અને સ્વાભાવિક પણે બ્રિટનની લોકશાહી વ્યવસ્થા સ્વતંત્રતા, સમાનતા અને સૌથી વિશેષ માનવીય ગૌરવનું રક્ષણ કરતી સમાજ વ્યવસ્થાનો પ્રભાવ તેમની ઉપર હોય જે તેમની પોતાની વિચારસરણીને અનુરૂપ હતો. ભારતીય હિન્દુ સમાજ વ્યવસ્થામાં તેઓએ જોયું અનુભવ્યું હતું કે સામાજિક ધોરણો (નિયમો-કાયદા) ધાર્મિક સંસ્કૃતિ (મુલ્યો-માન્યતાઓ)થી નિયંત્રિત હતા. સાામાજિક બંધારણના ઉપયોગ દ્વારા તેનેઅનુસરીને અપાતી દંડ શિક્ષા, (પાપ, પુણ્ય, સ્વરંગ નર્ક પવિત્ર-અપવિત્ર)ના ડરને કારણે જ સમાજના વિભિન્ન વર્ણ-જ્ઞાતિના લોકો સામાજિક રીતે મુકાયેલા નિષેધો, બંધનો અને વર્તન-વ્યવહારની તરાહોનો સ્વીકારી તે પ્રમાણે પોતાની રોજીંદી આંતરક્રિયાઓ કરતા હતા. બીજા શબ્દોમાં ધોરણો (કાયદાઓ) અને દંડ શિક્ષાનો ડર માનવીય વર્તન વ્યવહારોને નિયંત્રિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવતો હતો. સ્વતંત્રતા પછીથી સમાજ પરિવર્તન માટે કાયદાનો આવો ડર જરૂરી બન્યો અને તે માટે બંધારણમાં જોગવાઈ હોય તોજ તે શક્ય બને. બંધારણ સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. આંબેડકર આ બાબત ખુબ સારી રીતે જાણતા અને સમજતા હોવા જોઈએ.

બંધારણીય જોગવાઈઓ અને સામાજિક પરિવર્તન :

ભારતીય બંધારણની વિવિધ કલમોએ ભારતનમાં સ્વતંત્રા પહેલાં પ્રવર્તમાન અનેક જાતની અસમાનતાઓ કુરિવાજો અને સામાજિક ભેદભાવને નેસ્તાનાબુદ કરી દીધા. ભારતના નાગરિકોને બંધારણીય રીતે દેશમાં સમાનતા, સ્વતંત્રતા અને દેશના નાગરિક તરીકેના તમામ બંધારણીય અધિકારો અને હક્કો મળ્યા. સમાજમાં પ્રત્યક્ષ રીતે જોવા મળતા વર્ણ અને જ્ઞાતિના સામાજિક ભેદભાવો પાળવા, પળાવવા કે તે માટે કોઈને પ્રોત્સાહિત કરવું તે ગુનો બન્યો. ગુનાની ચોક્કસ શિક્ષા દંડ જાહેર થતાંજ દેખિતા સ્વરૂપે આ ભેદભાવોનું સ્વરૂપ અને લોકોને તે માટેનું વર્તન-વ્યવહાર બદલવાની ફરજ પડી. સમાજમાં નિમ્ન જ્ઞાતિઓ સાથે પળાતા અને કરાતા અસ્પૃશ્યતા વ્યવહારો પણ તે રીતે કાયદાથી અસ્પૃશ્યતા નાબુદ થતાં લોકોને જાહેરમાં તેવા વ્યવહારો પ્રત્યક્ષરૂપે વર્તનમાં મૂકવાનું બંધ કરવાની ફરજ પડી. દેશમાંથી અસ્પૃશ્યતા (જાહેર સ્વરૂપે) નાબુદ થઈ. નિમ્ન જ્ઞાતિઓ ઉપર સામાજિક અને ધાર્મિક રીતે નિયત્રણો મુકીને તેમના માટે જે નિષેધો જાહેર કરાયેલા હતા. તે તમામ રદ થયા જેમાં હવે તેઓ.

- અસ્પૃશ્ય મટી ગયા. (તેમની સાથે કરતો અસ્પૃશ્યતાનો વહેવાર જાહેર સ્વરૂપે બંધ થયો.
- જાહેર સ્થળો (મંદિર, પંચાયત ઘર, ધર્મશાળા, બાગ-બગીચા, વિગેરે)માં તેમનો પ્રવેશ શક્ય બન્યો.
- પીવાના પાણીના જાહેર સ્રોત (નદી, તળાવ, કુવો, ઝરણા વિગેરે)ના ઉપયોગની તેઓને છુટ મળી.
- જાહેર સેવા કરનાર વર્ગ (વાળંદ ધોબી, વિગેરે)ની સેવાઓનો તેમને લાભ મળ્યો.
- વ્યવસાય પરિવર્તન (જ્ઞાતિગત વ્યવસાયોની પ્રથા-રૂઢી બંધ થઈ) ની તેમને તક મળતાં તેઓ તેમની કુશળતા ઈચ્છા અને લાયકાત મુજબના વ્યવસાયો કરતા થયા.

- ભૌતિક સંપતિ વસાવવી, સારાં કપડાં, ઘરેણાં, વિગેરે ધારણ કરવા, મુસાફરીનાં સાધનોનો ઉપયોગ કરવો વિગેરે બાબતોની સ્વતંત્રતા પ્રાપ્ત થઈ.
- શિક્ષણનો અધિકાર અને હક્ક મળ્યો.
- માનવીય ગૌરવ પ્રાપ્ત થયું.

ઉપરોક્ત વિગતો સાથે આપણે જોઈ શકીએ છીએ કે ડૉ. આંબેડકરનો જે મત હતો કે સ્વતંત્ર દેશનું બંધારણ જ અસ્પૃશ્યોને દેશમાં સામાજિક રાજકીય, શૈક્ષણિક વિગેરે અધિકારો આપી શકશે તે શક્ય બન્યું છે. તેઓએ બંધારણના આમુખમાં દેશના નાગરિકો (અસ્પૃશ્યો સહિત તમામ)ને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા, અને બંધુતાના આદર્શો આપ્યા. આથી સદીઓથી અસ્પૃશ્યતા કલંક સાથે ગુલામ કરતાંએ ખરાબ હાલતમાં જીવતા શુદ્ર સમાજને માનવીય ગૌરવ મળ્યું. બંધારણીય માર્ગે ડૉ. આંબેડકરે અસમાનતા અનીતિ અન્યાય અને શોષણ તેમજ અત્યાચાર પર આધારિત કે ચાલતા ભારતીય સમાજની વિરુદ્ધ જ્ઞાનપર્વકની ઉપાસના અને મૌલિક પ્રદાન દ્વારા આંદોલન ચલાવી.સફળતા પૂર્વક ભારતીય સમાજમાં સભાનતા સાથેથી એકતા ઉભી કરી. અસ્પૃશ્યતા સમાજને સર્વાંગી વિકાસ માટેની તમામ તકો ઉલબ્ધ કરાવી.

૩.૫.૫. ધર્મ પરિવર્તન : એક દલિત આંદોલન :

ડૉ. આબેડકર ધર્મને મનુષ્ય અને સમાજ માટે જરૂરી ગણતા હતા. ધર્મને બાબાસાહેબ સમાજનું મહત્વનું ચાલક-બળ ગણતા હતા. તેઓએ કહ્યું હતું કે જો ધર્મ હશે નહીં તો સમાજમાં સંગઠન-એકતા એકરૂપતા ટકશે નહીં. તેઓએ મહાડ તળાવે જળ આંદોલન કલારામ મંદિર પ્રવેશ આંદોલન મનુસ્મૃતિની હોળી કરવી. વિગેરે અનેક પ્રકારે શુદ્ર અસ્પૃશ્ય સમાજમાં ચેતના લાવવાના પ્રયાસો કર્યા સમાજમાં જાગૃતિ લાવ્યા. ઉપરોક્ત તમામ કાર્યક્રમો દ્વારા તેમણે સનાતની જાતિવાદી માનસ ધરાવતા હિન્દુઓને ખાસ કરીને બ્રાહ્મણવાદીઓને આહ્‌વાન આપ્યું ચેતવણી પણ આપી. પોતાના જાહેર જીવનના શરૂઆતના તબક્કામાં સમાજસુધારણા માટે તેઓએ પોતે (૧૯૩૫સુધી) હિન્દુ ધર્મી રહીને જ પ્રયાસો કર્યા. સમાજસુધારણાના તેમના આ સમયગાળાની કામગીરી સમયે તેઓ માનતા હતા કે અસ્પૃશ્યો /શુદ્રો પણ હિન્દુધર્મનાજ એક અભિન્ન ભાગ છે અને દ્વિ અન્ય ઉચ્ચ વર્ણના હિન્દુધર્મીઓએ તેઓને સમાનતા સાથે બધા અધિકારો આપવા જોઈએ. અનેક પ્રયાસો પછીથી જ્યારે તેઓને સ્પષ્ટ પણે સમજાઈ ગયુ અને લાગ્યું કે હિન્દુધર્મના માળખામાં રહેવાથી દલિતોધ્ધાર થશે નહીં. શુદ્રોને તેમના અધિકારો અને માનવી ગૌરવપ્રાપ્ત થશે નહીં. ત્યારે હિન્દુધર્મ ને સુધારવા ૧૯૩૫માં છેલ્લી ચેતવણી આપતાં મનુસ્મૃતિની હોળી કરી જાહેર કર્યું કે "હું એક હિન્દુ તરીકે જન્મ્યો હતો. પરંતુ તે મારા હાથની વાત હાથની વાત નહોતી. એક હિન્દુ તરીકે ન મરવું તે મારા હાથની વાત છે. હું દૃઢ પ્રતિજ્ઞા કરૂં છું કે હું એક હિન્દુ તરીકે નહીં મરું"

ધર્મ પરિવર્તનની પ્રતિજ્ઞા તેઓએ ૧૯૩૫માં લીધી હતી. જે બૌદ્ધધર્મ ગ્રહણ કરીને તેઓએ ૧૯૫૬માં પુરી કરી. ડૉ. આંબેડકર પ્રખર બુદ્ધિવાદી હતા. સાથે જ તેમનામાં સાચી ધર્મ-ભાવના હતી. તેઓ હંમેશા વૈજ્ઞાનિક અભિગમના પુરસ્કર્તા રહ્યા છે. અને આથી જ ભારતનો જ એવો બૌદ્ધ ધર્મ તેમને વિશેષ આકર્ષી શક્યો. બૌદ્ધધર્મમાં તેઓને વૈજ્ઞાનિક અભિગમ, બુદ્ધિગમ્ય ધર્મભાવના અને માનવીય ગૌરવ સાચવતા મૂલ્યો જોવા મળ્યાં. બૌધ્ધધર્મમાં સ્વાતંત્ર સમતા અને ભાતૃભાવ સમાવિષ્ટ છે.જે તેમના મતે શુદ્રો-અસ્પૃસ્યોના સર્વાંગિ વિકાસ અને માનવીય જીવન માટે ઉપયોગી એવા જરૂરી લાગ્યાં. તેમણે જોયું કે ભિખ્ખુ સંઘમાં તમામ જાતિ-જ્ઞાતિના લોકોને પ્રવેશ પ્રાપ્ત છે; જે તત્કાલિન સમયકાળે એક સામાજિક ક્રાંતિ હતી. આ ક્રાંતિએ હિન્દુધર્મના જાતિભેદની ઈમારતને હચમચાવીને તોડી હતી. આ નવા ધર્મે ઈશ્વર આત્મા અને વેદોની પ્રમાણભૂતતાનો અસ્વીકાર કરી વિચાર સ્વાતંત્ર્યની મશાલ સળગાવી. ઈશ્વરીય તત્વો અને તેના કોપથી ભયભીત પ્રજામાં અભયનો સંચાર કર્યો.

ડૉ. આંબેડકરે જ્યારે પોતાની સાથે લાખો અનુયાયીઓને લઈને ધર્માન્તર કર્યું ત્યારે દેશના દલિતો તેઓની સાથે હતા; તેમ છતાં સામૂહિક ધર્મ પરિવર્તનનો પ્રયોગ તેમણે સામૂહિક ધર્મ પરિવર્તન આંદોલન દ્વારા અમલમાં મૂક્યો, કારણ કે આ એક જ પ્રયોગ તળીયાના માનવી સુધી સંદેશ પહોંચાડવા, અને સદીઓથી અખંડ ઉભેલી હિન્દુવાદી માળખું ધરાવતી હિન્દુસમાજ રૂપી ઈમારતને ધરાશયી કરવાના પ્રયાસ માટે અસરકારક હતો. ધર્માન્તારિત શુદ્રો-અસ્પૃશ્યો હવે ગૌરવ વિહોણા રહ્યા નહોતા. તેમનામાં આ આંદોલનથી નવું ખમીર, સ્વમાન પ્રગટેલું જોવા મળે છે. તેમનાં પરંપરાગત રીતે ટકી રહેલા વ્યક્તિ, સમાજ, ધર્મ, રાજકારણ, શિક્ષણ વિગેરે અંગેના ખ્યાલોમાં બદલાવ આવ્યો હવે ઈશ્વરીય તત્વોથી ડરવાનું અને પાપ-પુણ્ય, પવિત્ર-અપવિત્ર જેવી માન્યતાઓમાંથી તેઓ બહાર નીકળી શક્યા. સદીઓથી તેમનામાં ઘર કરી ગયેલો અંધવિશ્વાસ ક્રમશ ઓછો થઈને દૂર થયો. પરંપરાગત ધાર્મિક વિધિ-વિધાનોનો તેમના રોજીંદા જીવનમાંથી છેદ ઉડી ગયો. મુડદાલ ખાવું અને મદિરાપાન કરવાની ટેવો તેમણે ત્યજી દીધી. આમ ડૉ. આંબેડકરના ધર્મપરિવર્તન દ્વારા સામાજિક સુધારણાના આંદોલનથી ભારતીય સમાજ અને ખ્યાસ કરીને દલિત સમાજ ઉપર વ્યાપક અને ઉંડી અસરો પડેલી જોઈ શકાય છે.

# એકમ :- ૪ આંબેડકરના પાકિસ્તાન વિષેના વિચારો

૪.૦ ઉદ્દેશ

૪.૧ પાકિસ્તાન વિષેના વિચારોના **(Thoughts on Pakistan)**

૪.૧-૨ ચંદ્રકાન્ત બક્ષીની વિવેચના

૪.૧-૩ મુસ્લીમ માનસિકતા

૪.૧-૪ મોપલા વિદ્રોહ અને ગૌહત્યા

૪.૦ કૉંગ્રેસ - ગાંધીજીની મુસલમાનો પ્રત્યેની તૃષ્ટિકરણની નીતીની આલોચના

૪.૧ ડૉ. આંબેડકરની અવિચળ - અજય રાષ્ટ્રભક્તિ

## ૪.૦ ઉદ્દેશ

આ એકમમાં આપણે ડૉ.આબેડકરના પાકિસ્તાન વિષેના વિચારો, મહાત્મા ગાધીજીના હિન્દુ-મુસ્લીમ એકતા માટેના ભાગીરથ પ્રયત્નો, ગાંધીજી - કૉંગ્રેસની મુસ્લીમો પ્રત્યેની તૃષ્ટિકરણની નીતિ વિષે વિચારીશું .

સાથે સાથે શાશન કર્તા બ્રિટિશરોની કાર્યવાહી વિષે પણ જાણીશું. અંતે રાષ્ટ્રને વિભાજન તરફ દોરી જતાં પરિબળો વિષે પણ વિચારીશું. જેના માઠાં પરિણામોએ રાષ્ટ્રની કેટલી હાની કરી છે. તેના કારણો તે પણ જોઈશું. સવિષેસ તો ડૉ.આંબેડકરન ગ્રંથ - **Thoughts on Pakistan** નાં ના સંદર્ભમાં સઘળું વિચારીશું.

## ૧.૨ પાકિસ્તાન વિષેના વિચારો

૧૯૪૨-૪૬ વચ્ચે ક્રિપ્સ યોજના, કેબિનેટ મિશન, સિમલા પરિષદ, ભુલાભાઈ લિયાકત કરાર, વેવેલ યોજના અને રાજકીય તોડ કે સમજુતીઓ સાધવા સફળ-નિષ્ફળ પ્રયત્નોથયા. અધ્યનશીલ આંબેડકરે આ દરેક ગુંચો-ગુત્થીઓ ઉકેલવા પોતાના વિચારો મુસલીમ લીગના લાહૌર અધિવેશનના પાકિસ્તાનની માંગણીના ઠરાવ પછી ૧૯૪૦માં પુસ્તક કે પ્રવચન દ્વારા વ્યક્ત કર્યા હતા. જેમાં તે સાંપ્રત સમયે જેની યશગાથા ઘણી ગવાઈ તે ગંથ્ર : પાકિસ્તાનના વિષેના વિચારો - **Thoughts on Pakistan** પાકિસ્તાન પ્રણેતા જિન્હાએ વાંચી તા.૧૭-૦૯-૧૯૪૪ના દિવસે ગાંધીજીને પત્ર લખી વાંચવાની ભલામણ કરી હતી **(પત્ર માટે જુઓ ગંથ : ગાંધી અક્ષરદેહ પરિશિષ્ટ : ૬ પૃ-૪૨૨)** અને ગાંધીજીએ પણ સમર્થ નિબંધ કહી વિચારો સાથે અસંમતિ દર્શાવીને પણ તેની પ્રશંસા કરી હતી. ૨-૧૧-૧૯૪૧ના ધર્મપ્રકાશને લખેલા પત્રમાં ગાંધીજી ભાઈ ધર્મપ્રકાશને કહે છે યાદ રાખો કે ડૉ. આંબેડકરે નક્કી કરેલું છે તે વાંચો પચવા અને પોતાનું સમજી લ્યો (અક્ષરદેહ ગ્રંથ : ૭૫ પૃ ૭૯ પત્ર-નં. ૧૦૫) પ્રસિદ્ધ ગ્રંથમાં ચિંતક આંબેડકર જે રીતે

આ જટિલ સમસ્યાનો સમીક્ષીત ઉકેલ સુચવયો છે તે તેમની તટસ્થતા તથા પ્રખર બુદ્ધિ પ્રતિભાનું પ્રતિબિંબ છે.

આ ગ્રંથની ત્રણ આવૃત્તિઓ **Pakistan or the Partition of India** નામે પ્રસિદ્ધ થઈ હતી.

આજના આપણા અશાંત સમયે પણ તેમાંનાં દષ્ટિવંત વિચારો તારોતાજ પ્રેરણદાયી, તેમજ માર્ગદર્શક છે. તે સાચા અર્થમાં એક ચિંતકની આર્ષવાણી છે. તેના કેટલાક વિચારો આ પ્રમાણે હતા. જે હિન્દુસ્તાનના હિતમાં હતા. આમ, ચિંતક આંબેડકર આજના યુગમાં પણ ઘણા જ પ્રસ્તુત છે.

૧. મુસલમાન એ રાષ્ટ્ર છે. મિથ્થા વિવાદ ટાળી તેના માન્ય કરવો.

૨. પાકિસ્તાનની રચનાથી ભારતીય સંરક્ષણને ભય આવશે તેવી શંકા અસ્થાને છે. આધુનિક યંત્રયુગમાં ભૌગોલીક કારણો બહુ નિર્ણયિક રહેશે નહિ.

૩. જેઓની ભારતી માટેની નિષ્ઠા સંશાયાત્મક છે તેવા મુસલમાનો ભારતમાં રહી દુશ્મનાવાટ પેદા કરે તેના કરતાં ભારત બહાર રહી દુશ્મનાવટ કરે તે ચાલશે. મુસ્લીમ વર્ચસ્વહીન સૈન્ય સમીપ રાખવું તે સુરક્ષિત સરહદો કરતાં ઉત્તમ છે.

૪. અંદરો અંદર યાદવાસ્થળી નષ્ટ કરવી, જેવી રીતે તુર્કસ્તાન, ગ્રીસ, બલ્ગટિરયા ઈત્યાદિ દેશોમાં અન્યોન્ય વિધર્મી લોકોની વસ્તી અદલા-બદલી કરી તેવી જ રીતે ભારતમાં મુસલમાનોનો તથા સંભવિત પાકિસ્તાનમાંથી હિન્દુઓની અદલાબદલી કરવી (ઉભય પક્ષે વસ્તીનું સંપુર્ણ સ્થળાંતર) તે શાંતિને પ્રસ્થાપિત કરવાનો વળી એકનિષ્ઠ રાષ્ટ્રનિર્મીતીનો આ એક જ ઉપોય છે.

૫. મુસલમાનોનો મન ઉપર લોકશાહીનો પ્રભાવ પડતો નથી. મુસલમાનો જો કોઈ વિષે પ્રબળ આસ્થા રાખતા હોય તો તે મજહબ છે. તેમું રાજકારણ મુખ્યત : ધર્મનિષ્ઠા મૌલવી-મુલ્લાંપરસ્ત હોય છે. મહદ્અંશે મુસલમાનો સમાજમાં સુધારણા વિરોધક છે અને વિશ્વમાં (મોટેભાગે) તેઓ પ્રતિગામી (પ્રતિક્રિયાવાદી) વૃત્તિને વળગી રહે છે.

૬. મુસલમાનો ઈસ્લામ મજહબ આંતરરાષ્ટ્રીય ધર્મ છે. તેઓ **Pan-Islam** હિમાયતી છે. તે મુસલમાનોનો ભાતૃભાવ-માત્ર મુસ્લિમો પુરતો જ મર્યાદિત રહે છે.બીન મુસ્લીમ માટે નહિ.

૭. મુસલમાનોની નિષ્ઠા મુસ્લીમ રાજ્યો-રાષ્ટ્રો પુરતી જ છે. જે દેશોમાં મુસ્લીમ રાજ્ય ન હોયતે તેમની શત્રુભૂમિ છે. આથી ઈસ્લામ મજહબ ખરા મુસલમાનને હિન્દુસ્તાનને તેની માતૃભુમિ છે અને હિન્દુ તે આપણા ઈષ્ટ મિત્રો છે. તેવા વિચારો તેના માનસમાં ઉતારશે નહિ.

૮. તેઓ આક્રમવૃત્તિ અને ટોળાશાહી હમેંશા આશરો લે છે.

૯. પાકિસ્તાન જ તેમના નૂતન ભાવિ, નવીન દશ્ય અને પૂર્ણ પ્રકાશનાર તેમની ભાવનાનો સૂર્ય છે.

૧૦. જેના માટે લડીએ તે "અખંડ ભારત" તે શું ધ્યેય છે. ? શક્તિનો સાચો ઉપયોગ નથી. જો પાકિસ્તાનનો સ્વીકાર કરવામાં આવે તો એકબીજાના અધિકારો ઉપર આક્રમણ કરવાના તથા ગુલામગીરીના ભયથી મુક્તિ મળશે.

૧૧ પ્રબળ કેન્દ્રિય સરકાર હોય તો પણ ભારતના ભાગલા અટલ છે.

૧૨ અખંડ ભારતને એક જીવ થઈ શકશે નહિ. વળી, બ્રિટિશ સરકાર પણ આ કોયડો ઉકેલી શકે તેમ નથી. અલગતાની ભાવનાથી વેર-ઝેર વધશે. વળી, ભારત એક ફીક્કુ ક્ષયરોગી-રોગીષ્ટ રાજ્ય બનશે.

(ડૉ. બાબાસાહેબ આંબેડકર (મરાઠી) ભાલચંદ્ર ફડકે પૃ ૨૧૩- (**D.Keer Life Mission P.P. 332-336**)

ડૉ.આંબેડકર ભારતના ભાગલાને નીતિ-અનીતિ સાથે જોડવાના ગાંધીજીના વિચારો સાથે સંપૂર્ણ અસંમત થતાં લખે છે કે વિશ્વમાં ભાગલા થતા જ રહ્યાં છે. છેલ્લા ૧૫૦ વર્ષમાં યુરોપમાં ઘણા ઓછા એવા રાષ્ટ્ર છે જેના ભાગલા થયા ન હોય. આ નીતિ-અનીતિનો પ્રશ્ન નથી. પરંતુ સમાજિક, રાજકીય અને સૈનિકવાદની સમસ્યા છે. ઈતિહાસ તેનો સાક્ષી છે.

## ૧.૧.૨ સુપ્રસિધ્ધ કોલમીસ્ટ ચંદ્રકાન્ત બક્ષીની આ ગ્રંથ વિષે વિવેચના.

આજથી ૫૫ વર્ષ પહેલાં ૩૮૦ પાનાનું એક પુસ્તલ લખ્યુ હતું. **'થોટ્સ ઓન પાકિસ્તાન વિષે વિચોરો'** માર્ચ ૨૬, ૧૯૪૦ને દિવસે મુસ્લીમ લીગે લાહૌર અધિવેશનમાં પહેલીવાર પાકિસ્તાનનો પ્રસ્તાવ કર્યો હતો. અને હિંદુ ઈન્ડીયા ચમકી ગયું હતુ. આંબેડકરનો આ અભ્યાસગ્રંથ એ પછી લખાયો હતો અને એજ વર્ષે (૧૯૪૦)પ્રગટ થયો હતો અને ખૂબ ચર્ચાસ્પદ બન્યો હતો. આ પુસ્તકમાં આંબેડકરના મુસ્લીમો અને પાકિસ્તાન વિષેના વિચારો અત્યંત વેધક રીતે સ્પષ્ટ થાય છે. આજે ૫૫ વર્ષ પછી પણ આંબેડકર વિચારોમાં એટલી જ સાંધર્મિક ઉત્તેજના છે. એ દિવસોમાં જીવંત આંબેડકર માત્ર ડીસ્પ્રેસ્ડ્ કલાસીસના નેતા હતા. આજે મૃત આંબેડકર હિંદુ પ્રજાના મસીહા બની ગયા છે....

આંબેડકર લખે છે પંજાબનો કેટલોક ભાગ પાકિસ્તાનમાંથી બાદ કરવો પડશે. એજ રીતે પૂર્વના કથિત મુસ્લિમ રાજ્યમાંથી કેટલોક ભાગ બાદ કરવો પડશે, જો કે આસમાંથી એકાદ જીલ્લો ઉમેરવો પડે ! ઈતિહાસે આંબેડકરને શતાંશઃસાચા સાબિત કર્યા છે. પંજાબ અને બંગાળનું વિભાજન થયુ અને હિંદુસ્તાનને પૂર્વ પંજાબ અને પ્રશ્ચિમ બંગાળ મળ્યા અને પૂર્વ પાકિસ્તાન (હવે બાંગ્લાદેશ) માં આસામનો સિલહટ પ્રદેશ ઉમેરાયો હતો.

આંબેડકરની બીજી ભવિષ્યવાણી અથવા અભ્યાસનુમાન આજે વધારે સંગત લાગે છે. પણ એ દિવસમોમાં વિચારવંતો આંબેડકર પર તુટી પડયા હતાં. આંબેડકરે વિસ્તારથી લખ્યું છે, એ લેખ છે. પાકિસ્તાનના સર્જનથી હિન્દુસ્તાનના કોમી પ્રશ્નો હલ નીકળશે ? પાકિસ્તાન એક ધર્મી રાજ્યની બની

જશે પણ હિન્દુસ્તાન બહુધર્મી રહેશે મુસલમાન આખા હિન્દુસ્તાનમાં ફેલાયેલા છે. (આખા પુસ્તકવમાં આંબેડકર ક્યાંય ભારત શબ્દ વાપરતા નથી, એમણે હિન્દુસ્તાન જ વાપર્યું છે.) મુસલમાનો શહેરોમાં શહેરોમાં વધારે કેન્દ્રિત થયા છે. હિંદુસ્તાનને હોમાજીનાઅસ અથવા એકસૂત્રી બનાવવું હોય તો પ્રજાઓની અદલા-બદલીની વ્યવસ્થા કરવી પડશે. પાકિસ્તાન થઈ ગયા પછી પણ હિન્દુસ્તાનમાં પહેલાંની જેમ બહુમતી વિ. લઘુમતીવાળી વિસંવાદિતા ચાલુ રહેશે. કોમી પ્રશ્નનું એક જ શાશ્વત નિરાકરણ છે. લઘુમતીઓની અદલાબદલી (ટ્રાન્સફર ઓફ માઈનોરીટીઝ)

આંબેડકર વકીલની જેમ અને તદ્દન શાંતિથી તર્ક કરે છે અને આંકડાઓથી એ તર્કને પ્રમાણિત કરે છે. પુરા બ્રિટિશ ઈંડિયામાં ૬ કરોડ ૬૪ લાખ૪૨ હજાર મુસ્લીમો છે. કલ્પિત પાકિસ્તાન અને પૂર્વના મુસ્લીમ બંગાળમાં કુલ મુસ્લીમ વસ્તી છે. ૪ કરોડ ૭૮ લાખ ૯૭ હજાર એટલે બ્રિટિશ હિન્દુસાનમાં ૧ કરોડ ૮૫ લાખ ૪૫ હજાર મુસ્લીમો બચશે. એટલે... **પાકિસતાન વિના સાડા ૬ કરોડ મુસ્લીમો કોમી સમસ્યા રહે છે. પણ પાકિસ્તાન થઈ ગયા પછી ફક્ત ૨ કરોડ મુસ્લીમોની સમસ્યા જ રહેશે...** મને લાગે છે કે, આંબેડકર લખે છે, હિંદુસ્તાનમાં કોમી પ્રશ્ન ઘણો જ ગૌણ બની જશે અને **શાંતિપૂર્ણ** હલ નીકળી જશે. આંબેડકર લઘુમતીની અદલી-બદલીના સુસ્ત સમર્થકતા હતા. પંજાબ અને બંગાળમાં લોકોની ટ્રાન્સફર મોટી સમસ્યા ન હતી. પણ સરહદ પ્રાંત અને સિંધમાં ફેલાયેલા હિંદુઓને લેવાની વાત એમણે ગંભીરતાથી કહી હતી. તુર્કસ્તાન, ગ્રીસ અને બલ્ગેરીઓમાં બે કરોડ એક્સચેન્જ કરવામાં આવ્યા હતા. એ પ્રમાણ આપીને આંબેડકર પ્રતિવાદ કરે છે કે શ્રેષ્ઠ માર્ગ એ છે કે પોતાની લઘુમતીને સીમા પર મોકલીને ત્યાંની આપણી (સહધર્મી) લઘુમતીને અહીં લઈ આવવી જોઈએ. કદાચ આંબેડકર, જિન્હા અને રાજાજી આ ત્રણ નેતાઓએ જ આવી કાન્તિકારણ દલીલ કરી હતી.. પણ તત્કાલીન કૉંગ્રેસી નેતાઓ કદાચ એટલા દૂરદેશી ના હતા.

## ૧.૧.૩ મુસ્લીમ માનસિકતા

આઝાદી આવી એ પહેલાંની મુસ્લીમ માનસિકતાને આંબેડકરે દ્રષ્ટાંતો દ્વારા દર્શાવી છે. ૧૯૧૯માં બ્રિટિશ પાર્લામેન્ટ મોકલેલી કમીટી સામે મહંમદઅલી જીન્હાએ જુબાની આપી હતી અને એક બ્રિટિશ સભ્ય મિ.બેનેટ જીન્હાને પુછ્યું હતું અને એના ઉત્તરમાં જિન્હાએ કહ્યું હતું. મને ખબર છે કે દેશી રાજ્યોમાં ભાગ્યે જ હિંદુ - મોહમેડન હુલ્લડો થાય છે.... **એકવાર મેં એક દેશી રાજાને પુછ્યું હતું અને રાજાએ મને કહ્યું હતુ કે જેવુ તોફાન થાય કે પુલિસને પકડીએ છીએ. પુલીસ એકાદ પક્ષની ટેકેદાર હોય છે. પુલીસ ઓફિસર એ જગ્યાથી ખેસડી લઈએ છીએ અને તોફાનનો અંત આવે છે...** આ કદાચ એક કરાણ છે. પણ પુસ્તકને અંતે આંબેડકર બ્રિટિશ ઈંડિયામાં અને દેશી રાજયોમાં મુસ્લિમ વસ્તીની ટકાવારીનું ટેબલ આપ્યું છે. બ્રિટિશ ઈંડિયામાં ૨૬ ટકા મુસ્લિમો હતા. (દિલ્હીમાં ૩૩ ટકા, આસામમાં ૩૧ ટકા, યુ.પી.માં ૧૪ ટકા) અને રજવાડી હિન્દુસ્તાન અથવા દેશી રાજ્યોમાં મુસ્લિમ વસતી ૧૩ ટકા જેટલી હતી (નિઝામ હૈદરાબાદમાં ૧૦ ટકા વડોદરામાં ૭ ટકા જમ્મુ અને કાશ્મીરમાં ૭૮ ટકા, રાજપુતોના રાજ્યોમાં ૧૦ ટકા) હિંદુ-મુસ્લિમ હુલ્લડો દેશી રાજયમાં ન થવાનું મુખ્ય કારણ બહુ મોટી હિંદુ બહુમતીઓ હતી.

મુસ્લિમ માનસિકતા વિષે આંબેડકર વારંવાર દ્રષ્ટાંતો આપતા રહે છે. ૧૯૩૧માં ગાંધી-ઈરવીન કરાર થયા, પછી કાનુપરમાં હિંદુ મુસ્લિમ દંગા ફાટી નીકળ્યા, જેમાં ગણેશ શંકર વિદ્યાર્થી શહીદ થયા. કાનપુરમાં હુલ્લડ ભડકવાનું મુખ્ય કારણ હતું કે ૨૩મી માર્ચે ભગસિંહને ફાંસી આપી એના વિરોધમાં કૉંગ્રેસી કાર્યકરો હડતાલ પડાવવા મુસ્લિમ દુકાનદારો પાસે ગયા, અને એમણે દુકાનો બધ કરવાની ના પાડી. ૨૪મી માર્ચથી હુલ્લડો ફાટી નીકળ્યાં.

૧૯૩૨ માં મૌલાના મોહમ્મદઅલી (ખિલાફત આંદોલન નેતા, જેમનું ગાંધીજીએ સંપુર્ણ સમર્થન કર્યું હતું) એ અલીગઢમાં કહ્યુ. ગાંધીનું ચારિત્ર્ય ગમે તેટલું શુધ્ધ હોય, ધર્મની દ્રષ્ટિએ એ મારી આંખોમાં કોઈપણ ચારિત્ર્યહિન મુસલમાન કરતા બદતર છે. આ વક્તવ્યથી હિંદુસ્તાનભરમાં લોકો ચમકી ગયા. પછી લખનૌના અમીનાબાદ પાર્કની મિટિંગમાં મૌલાના મોહમ્મદઅલીને પુનઃપુછવામાં આવ્યુ કે તમારૂ આ વિધાન ખરેખર તમે કર્યું હતું. ? મૌલાના મોહમ્મદઅલીએ સાફ ઉત્તર આપ્યો : હા, મારા ધર્મ પ્રમાણે હું એક ચારિત્ર્યહિન અને કનિષ્ઠ મુસ્લિમને ગાંધી કરતાં ઉચ્ચતર ગણું છું....

૧૯૩૦માં સેન્ટ્રલ એસેમ્બલીમાં ચાઈલ્ડ મેરેજ બિલ લાવવામાં આવ્યું, જેમાં બાળલગ્ન રોકવા માટે છોકરીની લગ્નવય ૧૪ અને છોકરાની ૧૬ કરવાનો પ્રસ્તાવ હતો. મુસ્લિમોએ આનો વિરોધ કર્યો કે આ ઈસ્લામી કાનુની ખિલાફ છે. અને જ્યારે કાયદો પસાર થયો ત્યારે એની સામે અસહકારનું આંદોલન ચલાવ્યું.આંબેડકર અંતે નિષ્કર્ષ કાઢે છે : સત્ય એ છે કે મુસ્લિમો સામાજિક પરિવર્તનના વિરોધી છે.

### ૧.૧.૪ મોપલા વિદ્રોહ - ગ્રોહત્યાસંબંધી

૧૯૨૦ થી ૧૯૪૦ સુધીના હિંદુ-મુસ્લીમ હુલ્લડોની સિલસિલાબંધ ઈતિહાસ પ્રતિવર્ષની માહિતી અને ખુવારી અને કારણો સાથે આંબેડકર આપ્યો છે જે હિંદુ-મુસ્લિમ પ્રશ્નને સમજવા માટે અભ્યાસીઓને ઉપયોગી થઈ શકે છે. આંબેડકર લખે છે ....ઈન્ડિયામાં હિંદુ અને મુસ્લીમના ૨૦ વર્ષના આંતરયુધ્ધનો આ રેકર્ડ છે, જેમાં વચ્ચે વચ્ચે સશસ્ત્ર શાંતિના કાલખંડો આવી જતા હતા.

૧૯૨૦માં મલબારમાં મોપલા મુસ્લિમોએ હિંદુઓ પર અસહ્ય જુલ્મો કર્યા જેમાં લુંટ, કતલ, બળાત્કાર, રેપ, ધર્માંતર આગજની બંધુ જ આવી જતું હતુ. મુસ્લિમોને ખુશ કરવા માટે આ બાબતમાં ગાંધીજીની અત્યંત કટુ અને કડક સમીક્ષા આંબેડકર કરી છે. જે આજે તાર્કિક લાગે છે. ગાંધીજીના પુરા મુસ્લિમ તરફી વર્તાવમાં શાહ-મુર્ગી-મોઢું સંતાડી દેવાની વાણિયાવૃત્તિ દેખાયા કરે છે. સ્વામી શ્રધ્ધાનંદનું એક અવતર આંબેડકર ટાંકે છે... **"ટોચના નેતાઓએ હજારો રૂપિયાના વિદેશી કાપડની હોળી કરીને જલાવી દીધું. ત્યારે ખિલાફતી મુસલમાનોએ ગાંધીજીની રજાથી બધું જ વિદેશી કાપડ તુર્કીના મુસલમાનો માટે મોકલી આપ્યું. મારે માટે આ શોક હતો"**.. મુસ્લિમો ફર્જમાંથી ચ્યુત થાય તો પણ મહાત્માજીના હ્રદયમાં એમને માટે સોફટ કોર્નર કે અનુકંપા જ હતી.

એ ૧૯૪૦ના લોહીલુહાણ કાળમાં આંબેડકરની નીડરતા આ પુસ્તકમાં લગભગ દરેક પૃષ્ઠે સતહ પર આવતી રહે છે. પાકિસ્તાનું સમર્થન કરવું, પાકિસ્તાનની હિંદુ લઘુમતીને હિંદુસ્તાનમાં લાવવી અને હિંદુસ્તાનની મુસ્લીમ લઘુમતિને પાકિસ્તાન મોકલી દેવાનો વિચાર મૂકવો..... દરેક તર્કનું આંકડાઓ

સાથે કુશળ વકીલની જેમ પ્રતિવાદન કરવું, મુસ્લીમ કોમવાદનો નિર્ભય થઈને સતત પર્દાફાશ કરવો. આ મૌલિકતા આંબેડકરના વ્યક્તિત્વ પર એક જુદો ઐતિહાસિક પ્રકાશ ફેંકે છે. આંબેડકરની દલીલો ઝકઝોર કરી નાંખે, ધ્રુજાવી નાંખે, પિરપેક્ષ્ય સાફ કરી નાંખે એવી વેધક છે. આંબેડકર લખે છે : ગૌહત્યા અને મસ્જિદ સામે સંગીત બંધ કવાના મુસ્લીમ આગ્રહ વિષે... ઈસ્લામી કાનુન કુરબાની માટે ગાયની કતલનો આગ્રહ રાખતો નથી. વળી, એ કોઈ મુસ્લિમ મક્કા કે મદીના જઈને ગાય કાપતો નથી. પણ હિંદુસ્તાનમાં બીજા કોઈ જાનવરથી એમને સંતોષ થતો નથી. મસ્જિદ સામે સંગીત બધા જ મુસ્લિમ દેશોમાં નિર્વિરોધ વાગે છે. અફઘાનિસ્તાનમાં પણ જે સેક્યુલર દેશ નથી, મસ્જીદ સામે વાગતા સંગીતનો વિરોધ થતો નથી. પણ હિંદુસ્તાનમાં મુસ્લિોએ સંગીત બંધ કરવાનો આગ્રહ કરવો જ જોઈએ કારણ કે હિંદુઓ આને અધિકાર સમજે છે.

જલિયાવાલ બાગવાળા ડૉ સૈફુદ્દીન કિચલુને કૉંગ્રેસી પુસ્તકકારો મહાન્ દેશપ્રેમી તરીકે પ્રસ્તુત કરે છે. ૧૯૨૫ની લાહોરની મીટીંગમાં ડૉ. કિચલુએ જે કહ્યુ હતું એનો હવાલો આપતાં આંબેડકર પ્રસ્તુત કરે છે. ડૉ. કિચલુના શબ્દોમાં.... જો તમે (હિન્દુઓ) અમારા તન્ઝિમ આંદોલનના માર્ગમાં અવરોધ મૂકશો, અમે હકથી વંચિત રાખશો, તો અમે અફઘાનિસ્તાન સાથે મળી જઈશું અથવા અન્ય કોઈ મુસ્લીમ સત્તાને આમંત્રીને આદેશમાં અમારૂ (મુસ્લિમ) શાસન કાયમ કરીશું. મૌલાના આઝાદ સોભાની ૧૯૩૯ની ૨૭મી જાન્યુઆરીએ સિલહટમાં કહે છે..: "અમારૂ મહાયુદ્ધ અમારા ૨૨ કરોડ હિંદુ દુશ્મનો સામે જે બહુમતિમાં છે.... **જો અમે ઈસ્લામના સૌથી મોટા શત્રુ હિંદુઓથી નહીં લડીએ અને એમને કમજોર નહીં બનાવીએ તો એ લોકો ઈન્ડિયામાં રામ રાજ્ય માત્ર નહીં બનાવે પણ દુનિયમાં ફેલાઈ જશે...** મુસ્લિમ વિશ્વ ૨૨ કરોડ હિન્દુ શત્રુઓના હાથમાં ક્યારેક સલામત નહીં રહે."

આંબેડકરનું પુસ્તક આ પ્રકારના અવતરણોથી છલકે છે. ૧૯૨૩માં ભારત સરકારે નોર્થ વેસ્ચ ફ્ન્ટીઅર કમિટી સ્થાપી હતી, જેની સામે જુબાની આપવા ઈસ્લામિક અંજુમનના ખાન સાહેબ સરદાર મહમ્મદ ગુલખાન આવ્યા હતા. કમિટીના એક સભ્ય એન. એમ. સમર્થે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ખાન સાહેબે ઉત્તર આવ્યો હતો : " **હું જોવા માંગુ છું કે ૨૩ કરોડ હિંદુ દક્ષિણાં ચાલ્યા જાય અને ૮ કરોડ મુસ્લીમો ઉત્તરમાં રહે. કન્યકુમારીથી આગ્રા હિંદુઓને આપો અને આગ્રાથી પેશાવર મુસ્લિમોને આપો. આ તો એક્ષચેન્જ છે, કતલ નથી...**" આંબેડકર લખે છે કે ૧૯૨૫માં એક ચર્ચા ઉભી થઈ કે ૧૭૬૧ની પાણિપતની ત્રીજી લડાઈમાં હિંદુ જીત્યા હતા કે મુસ્લિમ ? હિંદુઓ કહેતા હતા કે હિંદુ જીત્યા હતા. કારણ કે એ પછી મુસ્લિમો આક્રમકો તરીકે આ તરફ ફરક્યા નથી. મુસ્લિમો હંમેશા દાવો કરતા રહેતા હતા કે લ્રડાઈમાં એ બહેતર છે. એ વખતે અત્યંત ગંભીરતાથી નજીબાબાદ મૌલાના અકબર શાહ ખાનએ પંડિત મદન મોહન માલવિયાને જાહેરમાં એક ચુનૌતી આપી હતી. આંબેડકર એ ચુનૌતી અથવા ચેલેન્જ ઉદ્ધૃત કરે છે. એમાંથી એક અંશ... "બ્રિટિશ સરકાર આપણે પણિપતનું ૪થું યુદ્ધ લડવા દે. ૭કરોડ મુસ્લિમોના પ્રતિનિધી તરીકે હું ૭૦૦ મુસલમાનો લઈને આવીશ. હું તમને ૨૨ કરોડ હિંદુઓના પ્રતિનિધી તરીકે ૨૨૦૦ હિંદુઓ લાવવા દઈશ. આપણે ફક્ત તલવાર, ઢાલ, ભાલા, કટારોથી લડવાનું છે. હું અફઘાનો કે પઠાનોને નહીં લાવું, ફક્ત મારા પરિવારના ઈન્ડિયાના મુસલમાનો જ લાવીશ, જે શરિયતના પાબંદ હશે.

જો તમે હિંદુ સેનાના સેનાપતિ બની શકો તો સદ શિવરાવ (ભાઉ) કે વિશ્વાસરાવ (પ્રેશ્વા)ના કોઈ ફરજંદને સેનાપતિ તરીકે લાવી શકો છો..."

આંબેડકર મૌલાના આ બાલીશ વ્યક્તવ્ય પછી બીજા પૃષ્ઠ પર જ ગંભીરતાથી લખે છે : પહેલાં તો એક વાત સ્વીકારી લેવી જોઈએ કે હિંદુઓને મુસ્લિમ વચ્ચે સંપર્ક કરવાનો દરકે શક્ય પ્રયત્ન કરવામાં આવ્યો છે અને આ બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા છે.

ડૉ. ભીમરાવ રામજી આંબેડકર કેવા રક્તરંજિત સમયખંડમાં જીવતા હતા અને એ વખતનું હિંદુસ્તાન કેવા વિસ્ફોટો પર બેઠું હતું એ આ પુસ્તક વાંચવાથી અંદાજ આવે છે. ડૉ.આંબેડકર સ્પષ્ટ વકતા હતા અને વાસ્તવર્શી હતા. **કદાચ કોમવાદી મુસ્લિમ માનસિકતાને એ કૉંગ્રેસી નેતાવૃંદ કરતા વધારે તટસ્થાતાથી સમજ્યા હતા. ઈતિહાસથી, અર્થશાસ્ત્રથી, રાજકારણથી, કાયદા સુધીના વિષયોનું એમનું અધ્યન આ પુસ્તકમાં પ્રતિબિંબીત થાય છે.** ૩૫૨મા પૃષ્ઠ પર ડૉ. આંબેડકર વિરમે છે. : મને સંતોષ છે કે મેં મારી ફરજ પૂરી કરી છે.અને એ વિરામ વાક્યથી હિંદુસ્તાનની જે જન્મી ચુકી છે અને જન્મવાની છે એ પેઢીઓની ફરજ શરૂ થાય છે...

**(ગુજરાત સમાચાર તા. ૧૯-૧૧-૧૯૯૫ રવિવાર પૂર્તિ "વાતાયાન" લેખક : ચંદ્રકાન્ત બક્ષી પ ૨-૩)**

## ૨.૦ કૉંગ્રેસ - ગાંધીજીની મુસલમીમ પ્રત્યેની નીતિની આલોચના

ડૉ. આંબેડકરે સ્પષ્ટ લખ્યું હતુ કે "હિન્દુ-મુસલીમ એકતા" એક ભ્રમ **Obsession** છે. તેની પાછળના ગાંધીજીના **Mad endeavour** પ્રયત્નોનો હતા પૃ.૩૯૩પર લખે છે કે તે **Hindu Muslim Unity is like a mirage** - મૃગજળ સમાન છે. કવિવર રવિન્દ્રનાથ ટાગોર પણ તેણે અશક્ય માનતા હતા. ડૉ. આંબેડકરનું "વિઝન" સાચુ પુરવાર થયું !! અંતે ભારતના ભાગલા થઈને જ રહ્યા અને તે પણ ગાંધીજીની હયાતીમાં જ

ગાંધીજી - કૉંગ્રેસની મુસલીમો પ્રત્યેની તૃષ્ટિકરણની નીતિપણ ડૉ. આંબેડકરે કડક આલોચના કરી ચેતવયા હતા. તેઓ લખે છે **"Policy is to tolerate and appease the the Musalman by political and other consession is totaly wrong "(P.269)** મુસલમાનોને કોરો ચેક આપવાની કૉંગ્રેસ - ગાંધીજીની નીતિને પણ તેમને તર્કબધરીતે હકીકતો સાથે નિષ્ફળ ગણાવી હતી.

## ૨.૧ ડૉ. આંબેડકરની અવિજય અચળ રાષ્ટ્રવ્યક્તિ

પ્રસ્તુતગ્રંથમાં ડૉ. આંબેડકર ભારતીયની સાંસ્કૃતિક - ભૌગોલીક એકતાને બિરદાવી હતી. પાકિસ્તાનના અવેજમાં - ક્રિપ્સ યોજના, અરદેસર દલાલ યોજના, એમ. એન.રોય યોજના, રેજિનાલ્ડ કુપલેન્ડ યોજના, ડૉ. રાધા મુકુંદ મુકરજી યોજના, સર સુલતાના મહંમદ યોજના ઈત્યાદી નવેક યોજનાની વિશદ ચર્ચા આ ગ્રથમાં કરવામાં આવી હતી.

સુપ્રસિધ્ધ ચિંતક - કટાર લેખ ભાનુપ્રતાપ શુકલ તા. ૧૫-૦૪-૯૫ શનિવારના હિન્દુ દૈનિક નવભારત ટાઈમ્સમાં પોતાના લેખમાં લખે છે. "**ડૉ. આંબેડકરનું વ્યક્તિવ બહુ યાયામી હતું. તેમનામાં નીર-ક્ષીર વિવેકશક્તિનું એવું અદભુત મિશ્રણ હતું કે સામાજિક - રાજકીય સમયસ્યાઓ સમજવા તથા**

**તેનો સમુચિત નિદાન સુઝાવવાની વ્યવહારિકતા તેમનામાં મૂર્તિમંત થઈ હતી. અને આજ કારણે રાષ્ટ્રની સ્વાધીનતા સાથે આ ભિન્નરૂપે જોડવામાં આવેલી મવાળ મુસ્લીમ સાંપ્રદાયીકતાનું બેબાક વિશ્લષણ જે તેમણે કર્યું તેટલું તેમના સામકાલીની કૉંગ્રેસી નેતાઓમાં મોટામાં મોટો નેતા પણ કરવાની હિંમત કરી શક્યો હોતો. "**

ડૉ.આંબેડકરના ગ્રંથે સમગ્ર રાષ્ટ્રમાં ખળભળાટ મચાવી દીધો હતો. રાષ્ટ્રના બુદ્ધિ-જીવીઓને વિચારતા કરી મૂક્યા હતા. ફેબ્રુઆરી ૧૯૪૨માં "વસંત શ્રેણીમાં ડૉ.આંબેડકરના ગ્રંથ વિષે મોરેશ્વર વાસુદેવની દોંદેની અધ્યક્ષતામાં ત્રણ દિવસ ઉદ્‌બોધક ચર્ચોઓ થઈ. ડૉ.આંબેડકર સ્વંય આ ચર્ચામાં ઉપસ્થિત હતા. અને સમાપનમાં તેમણે પોતાના પ્રવચનમાં કહ્યુ. "

**"જેમને મતે પાકિસ્તાન એ ચર્ચાનો વિષય નથી તેમની સાથે ચર્ચા વ્યર્થ છે. પાકિસ્તાનું નિર્માણ એ અન્યાયી છે એવું જેમનું લાગતું હોય તો આ આકાર પામી રહેલું પાકિસ્તાન તેમને ખતરનાક લાગશે. પ્રજાને ઈતિહાસ ભુલવાનું કહેવું એ પણ એક ભૂલ છે. જે ઈતિહાસને ભૂલી જાય છે. તે પ્રજા ઈતિહાસનું સર્જન કરી શકતો નથી. ભારતીય સૈન્યમાં મુસ્લિમ વર્ચસ્વ ઘટાડી વિરોધી તત્વો દૂર કરી સૈન્યને એકરસ - નિષ્ઠાંવાન બનાવવાનું તે ડહાપણની વાત છે. આપણી માતૃભૂમિનું રક્ષણ આપણે કરીશું જ. પાકિસ્તાન થયા પછી મુસલમાનો સંપૂર્ણ ભારત ઉપર પોતાનું સમ્રાજ્ય ફેલાવી દેશે આવી જુઠી - બોદી અસરમાં આવશો નહી. હિન્દુઓ સાથે મારે કેટલીક બાબતો અંગે (જાતિ પ્રથા બાબતે) ઝઘડો છે પરંતુ હું તમારી સામે પ્રતિજ્ઞા લઉ છું કે આપણા રાષ્ટ્રના સ્વાંત્ર્યના રક્ષણ માટે હું મારા દેહનું બલિદાન આપશી."**
ડૉ.આંબેડકર ને તાળીઓના ગડગડાટ સાથે - જય જયકાર સાથે વધારી લેવામાં આવ્યા.

**(કીર, ધનજંય કીર - પૃ.૩૩૯)**

ડૉ.આંબેડકરને કદાચ હિન્દુપ્રવાહથી અલિપ્ત માનીએ પરંતુ તવો રાષ્ટ્રીયપ્રવાહથી ઓતપ્રોત હતા. જે તમના આ ઉદ્દ્ગારો સાક્ષી આપે છે. જ્યારે બીજી બાજુ ગાંધીજી બ્રિટશરો સામે મુસ્લીમ શક્તિનો ઉપયોગી કરવા ગાંધીજીએ કોમવાદી અલીબંધુઓનું (મૌલાના શૌકતઅલી, મૌલાના મહમદઅલી) સમર્થન કર્યુ અને તેઓ ખિલાફતમાં ખૂંપી ગયા. પરંતુ પરિણામ શૂન્ય જ રહું, હિન્દુ-મુસ્લીમ એકતા માટેના તેમના એકવીસ દિવસના ઉપવાસ (૧૯૨૪) પણ કારગત નીવડયા નહી. ડૉ.આંબેડકરન આ સઘળી વિગતો વર્ણવી તેમનાં જે તારણો રજુ કર્યા છે જે આજે પણ એટલે જ પ્રસ્તુત - તરો-તાજા છે.

## તમારી પ્રગતિ ચકાસો - ૧

નીચેના પ્રશ્નો ઉત્તર ખાલી જગ્યામાં લખો.

૧. ડૉ.આંબેડકરના ગ્રંથ વિષે ગાંધીજીનો વિચારો લખો.

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

૨. મુસલમાનો વિષેના ડૉ.આંબેડકરના તારણો ટુંકમાં દર્શવો.

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

૩. મુસ્લીમ માનસિકતા અને મોપલા વિદ્રોહની વિગતો આપો.

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

૪. ગાંધીજીના હિંદુ-મુસ્લીમ એકતા માટેના પ્રત્યેનેની આલેખો

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

### ઉપયોગી ગ્રંથ

૧. Dr. Babasaheb Ambedkar Writing and Speeches - Vol. - 8.
૨. Dr. Babasaheb Life and Mission - By D. Kees
૩. ગાંધીજી અક્ષર દેહ - ૭૫
૪. મોપલા વિદ્રોહ : સ્વાંત્ર્યવીર વિનાયક સાવરકર

# એકમ-૫ હિન્દુકોડબિલ

રૂપરેખા : **CALT-04**

૫.૦ ઉદ્દેશો :

હિંદુકોડબિલ હિંદુ મહિલાઓની મુકિતનું નવતર સોપાન છે. એટલે આ એકમમાં આપણે નીચેના મુદ્દાઓને સમજવાનો ઉદ્દેશ નજર સમક્ષ રાખ્યો છે.

ઐતિહાસિક તથ્યો અને તેના પરિણામોથી વિદ્યાર્થી વાકેફ થાય.

હિન્દુકોડબિલની રચના અને તેને લીધે થયેલી મહિલાઓની પ્રગતિની જાણકારી મેળવો.

૫.૧ પ્રસ્તાવના :

(ક) આંબેડકરના મૂલ્યાંકનના અલગ અલગ માપદંડો
(ખ) સ્ત્રી મુકિત વિના સામાજિક સમતા અશકય
(ગ) મજદૂરોના દુશ્મનો : મૂડીવાદ અને બ્રાહ્મણવાદ
(ઘ) ડૉ. આંબેડકરની ઐતિહાસિક ચેતવણી
(ચ) હિન્દુકાડબિલની રચના પાછળનો આશય

૫.૨ માનવ વિકાસના વિવિધ તબક્કે સ્ત્રીઓની સામાજિક સ્થિતિ

ભારતીય સામાજિક જીવનમાં સ્ત્રીઓ

(ક) માનવ વિકાસનો પ્રાથમિક તબક્કો.
(ખ) મોહેં જો ડેરો અને હરપ્પા તટની સંસ્કૃતિનો યુગ :
આ યુગને ઈ.સ. પૂ. ૫૦૦૦ થી ઈ.સ. પૂ. ૩૦૦૦ સુધીનો ગણી શકાય.
(ગ) 'વેદકાળ' - આર્યોનો સમાજ :
ઈ.સ. પૂ. ૩૦૦૦ થી ઈ.સ. પૂ. ૧૫૦૦ સુધી. વૈદિકકાળને આપણે વૈદિકકાળ અને ઉત્તર વૈદિકકાળ (ઈ.સ. પૂ. ૬૦૦ થી ઈ.સ. ૩૦૦) એમ બે વિભાગમાં વહેંચી શકીએ.
(ઘ) બૌદ્ધ જૈન શ્રમણ સંસ્કૃતિનો કાળ :
ઈ.સ. પૂ. ૫૦૦ થી ઈ.સ. ૫૦૦ સુધી.
(ચ) ધર્મશાસ્ત્ર કાળ :
ઈ.સ.ની ત્રીજી શતાબ્દિથી માંડી ૧૧મી શતાબ્દિ સુધીના આ સમયને બ્રાહ્મણ સંસ્કૃતિનો સમયકાળ ગણી શકાય.
(છ) મધ્યકાળ :
૧૧ મી શતાબ્દિથી માંડીને ૧૮મી સદી.
(જ) બ્રિટીશ શાસન કાળ : ૧૯મી અને ૨૦મી સદી.

૫.૩ હિન્દુકોડબિલ : પૂર્વ પ્રયાસોનો પરિચય :

(ક) હિન્દુઓનો વૈચારિક વારસો.
(ખ) હિન્દુ ન્યાયિક વિધિનો આધાર 'શ્રુતિ'
(ગ) સ્મૃતિ આધારિત પ્રથાઓ અને વિરોધાભાસો
(ઘ) મિતાક્ષર અને દાયભાગ પધ્ધતિઓ.
(ડ) સતીપ્રથા અધિનિયમ.
(ચ) બ્રિટીશ શાસનકાળમાં 'હિન્દુ લૉ' ઘડવાના થયેલા પ્રયાસો.
(છ) ધી હિન્દુ લૉ કમિટિ.
(જ) રાવ કમિટિ અને તેનું કાર્ય
(ઝ) "હિન્દુ" શબ્દની વ્યાખ્યા અને વિરોધાભાસો.

૫.૪ . ભારતનું સંવિધાન અને એના અમલની શરૂઆત :

મહિલા મુકિતના મહારથી ડૉ. આંબેડકર.

(ક) મહિલા મુકિતનું સમરાંગણ.
(ખ) હિન્દુકોડબિલનું પુર્નલેખન.
(ગ) પુરાતન પંથીઓનો વિરોધ.
(ઘ) સામાજિક ક્રાન્તિના આશય સાથે બિલની પ્રસ્તુતી.
(ચ) વિવિધ હિતોનો વિરોધ.
(છ) ધર્મસત્તા અને ધનસત્તાની વિકૃત યુતિ.
(જ) 'બ્રાહ્મણ હોવા છતાં હું જનોઈ ધારણ કરતો નથી - એન.વી. ગાડગીલ'
(ઝ) લગ્ન અને છૂટાછેડાનો અલગ કાયદો.
(ટ) રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદનો વિરોધ : અંતિમ ઘા.

૫.૫ સમાપન : હિન્દુ લગ્નનો કાયદો. (૧૯૫૫)

૫.૬. કેટલાક ઉપયોગી પુસ્તકો :

૫.૭. તમારી પ્રગતિ ચકાસો.

## ૫.૦ ઉદ્દેશ્યો :

સ્ત્રી એક એવી જાતિ છે જેણે સેંકડો-હજારો વર્ષોથી ગુલામ જેવી જિંદગી ગુજારી છે. સ્ત્રી પરાધીન રહી છે અથવા દ્વિતીય ક્રમે રહી છે. કેટલાક વિચારકો એને "સંબંધોનું સમજણપૂર્વકનું સમર્પણ" કહે છે તો કેટલાક 'પ્રકૃતિદત્ત શારીરિક કમજોરીનું પરિણામ' ગણે છે. આજકાલ વિચારકો એને 'અંતિમ ઉપનિવેશ' ગણાવે છે. ઉપનિવેશ એકાએક બનતા નથી અને એકાએક તૂટતા નથી. સંસ્થાનોને છિન્નભિન્ન થતાં વાર તો લાગે જ છે. કારણ કે સંસ્થાનવાદના મણકા સમય-સંજોગોના પરિવર્તન સાથે જ ઢીલા પડે છે અને એક સમય એવો આવે છે કે સાંધા ખૂલવા માંડે છે અને આઝાદીનો - મુકિતનો શ્વાસ લેવાની મોકળાશ મળે છે.

હિંદુકોડબિલ હિંદુ મહિલાઓની મુકિતનું નવતર સોપાન છે. એટલે આ એકમમાં આપણે નીચેના મુદ્દાઓને સમજવાનો ઉદ્દેશ નજર સમક્ષ રાખ્યો છે.

(ક) માનવ વિકાસના વિવિધ તબક્કે સ્ત્રીઓની સામાજિક સ્થિતિ :
ભારતીય સામાજિક જીવનમાં સ્ત્રીઓ :

(ખ) માનવ વિકાસનો પ્રાથમિક તબક્કો :
સર્વોચ્ચ ગણાતી સ્ત્રીનું ઉપરીપણું અને ત્યારબાદ થયેલ પરિવર્તન : શિકાર અવસ્થાથી કૃષિકાર્ય સુધીનો સમય ગાળો.

(ગ) મોહેંજો ડેરો અને હરપ્પા તટની સંસ્કૃતિનો યુગ.
આ યુગને ઇ.સ. પૂ. ૫૦૦૦ થી ઇ.સ. પૂ. ૩૦૦૦ સુધીનો ગણી શકાય.

(ઘ) વેદકાળ : આર્યોનો સમાજ
ઇ.સ. પૂ. ૩૦૦૦ થી ઇ.સ. પૂ. ૧૫૦૦ સુધી અને ઉત્તર વૈદિકકાળ ઇ.સ. પૂ. ૬૦૦ થી ઇ.સ. પૂ. ૩૦૦.

(ચ) બૌદ્ધ-જૈન શ્રમણ સંસ્કૃતિનો કાળ.
ઇ.સ. પૂ. ૫૦૦ થી ઇ.સ. ૫૦૦ સુધી.

(છ) ધર્મશાસ્ત્ર કાળ : ઇ.સ.ની ત્રીજી શતાબ્દિથી માંડી ૧૧મી શતાબ્દિ સુધીનો સમય : આ સમયગાળાને બ્રાહ્મણ સંસ્કૃતિનો સમયકાળ ગણી શકાય.

(જ) મધ્યકાળ : ૧૧ મી શતાબ્દિ થી માંડીને ૧૮મી સદી સુધીનો સમયગાળો.

(ઝ) બ્રિટીશ કાળ : ૧૯મી અને ૨૦મી શતાબ્દિ.

## ૫.૧ પ્રસ્તાવના

હિંદુ કોડબિલ અંગે વિચાર કરીએ તે પહેલાં ડૉ. આંબેડકરની સામાજિક-રાજકીય વિચારણાનું કેન્દ્ર બિંદુ અને નવા નાગરિક સમાજની રચના માટેની એમની તાલાવેલીનો અછડતો ઉલ્લેખ કરી લેવો જરૂરી છે.

### ૫.૧ (ક) આંબેડકરના મૂલ્યાંકનના અલગ અલગ માપદંડો :-

ડૉ. બાબાસાહેબ આંબેડકરે એમના જાહેર જીવનની શરૂઆત કરી ત્યારથી અર્થાત્ ઇ.સ. ૧૯૨૦ પછી "સામાજિક સમાનતા" સમાજ જીવનમાં સ્થપાય તે માટેના પ્રયાસો તેમણે આરંભી દીધા હતા. કારણ કે સામાજિક અસમાનતાનો એમને ભોગ બાળપણથી જ બનવું પડ્યું હતું. જીવનના પ્રારંભિક વર્ષોથી જ એમને સમજાઇ ગયું હતું કે, હિંદુ સમાજ અનેક જાતિઓ, ઉપજાતિઓ, ભાષાઓ, ધર્મો, સંપ્રદાયો અને વિવિધ આર્થિક-શૈક્ષણિક સ્તરોમાં વહેંચાયેલો અને વિખરાયેલો છે. આ છિન્ન-ભિન્ન સમાજ સ્વતંત્રતા, બંધુતા, સમાનતા અને ન્યાયના માનવીય મૂલ્યોના આધારે એક બને, સશક્ત બને એ માટે કામ કરવું જેથી વંચિત સમૂહોને વ્યાપક સમાજમાં પોતાનો વિકાસ કરવાની મોકળાશ પ્રાપ્ત થાય. યુવાવયથી જ આ આદર્શને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે એમણે સતત કોશિશ ચાલુ રાખી હતી અને જીવનના અંત સુધી આ વિચારણાને વળગી રહીને પોતાના પ્રયાસોમાં કચાશ રહેવા દીધી નહોતી. કમનસીબી એ હતી કે ડૉ. આંબેડકરે પોતાના જીવનમાં હિંદુ સમાજ અને દેશ કલ્યાણ માટે કરેલા "સમતા આધારિત સમાજ"ની સ્થાપનાની વિચારધારાને ઉચિત સંદર્ભમાં સમજવામાં આવી નહોતી. ખુદ ડૉ. આંબેડકર એમની હયાતિ દરમ્યાન ખૂબજ વિવાદાસ્પદ વ્યકિત રહ્યા હતા. એમને ભાગે સામે પ્રવાહે તરવા સિવાયનો વિકલ્પ જ નહોતો એટલે એમના સમકાલિનોએ એમનું મૂલ્યાંકન પેલા આંધળાઓએ હાથીને એના જૂદા જૂદા અંગોનો સ્પર્શ કરીને પોતાના અનુભવો પ્રમાણે હાથીનું વર્ણન કર્યું હતું, તેમ અનેક જાતિઓ, ઉપજાતિઓ, ભાષાઓ, ધર્મો, સંપ્રદાયો અને વિવિધ આર્થિક સામાજિક સ્તરમાં વહેંચાયેલા લોકોએ પોતપોતાના સીમિત અનુભવો અને પરંપરાગત પૂર્વગ્રહોને ધ્યાનમાં લઇ એમનું મૂલ્યાંકન કર્યું હતું. દરેકના માપદંડ અલગ રહ્યા છે.

વૈજ્ઞાનિકતા અને આધુનિકતા :-

પરંપરાગત રૂઢિ-રિવાજોમાં જીવવા ટેવાયેલો સમાજ બદલાતા જતા યુગના નવા મૂલ્યોને સ્વીકારવા એકાએક તૈયાર થતો નથી. ભારતની હિંદુ પ્રજા પ્રાચીન જીવન મૂલ્યો ધરાવતી બુદ્ધિશાળી પ્રજા છે એટલે સ્વાભાવિક રીતે જ નવા મૂલ્યો પ્રત્યે થોડીક સાશંક રહે જ. ડૉ. આંબેડકર આ પ્રાચીન પ્રજાને

પરંપરાગત મૂલ્યોથી ઉપર ઉઠી 'વિજ્ઞાન' અને 'આધુનિકતા' ના મૂલ્યો સાથે બદલાયેલા વ્યવહાર જગતમાં દોરવા માગતા હતા. હિંદુ સમાજની પરંપરા પ્રિયતા અને ડૉ. આંબેડકરના લોકતાંત્રિક વિચારોનો દ્વન્દ્વ અને વિરોધાભાસ જીવનભર ચાલતો રહ્યો હતો. એટલે તો ડૉ. આંબેડકરને આધુનિક લોકતાંત્રિક મૂલ્યો અર્થાત્ સમતા, સ્વતંત્રતા અને બંધુતાના પ્રવકતા ગણવાને બદલે સમાજે એમને 'અસ્પૃશ્યોના મસિહા' અને એમની ચળવળને 'દલિત ચળવળ' કહીને સીમિત રાખી છે, કેટલાક વિચારકોને આ મૂલ્યાંકન અનુચિત લાગે છે.

ડૉ. આંબેડકર જેવું પ્રખર વ્યકિતત્વ જન્મજાત જાતિભેદના કારણે અત્યંત શોષાયેલું અને પીડાયેલું હતું. જીવનમાં ડગલે અને પગલે એમને જાતિભેદને કારણે અપમાનીત અને તિરસ્કૃત થવું પડયું હતું. સ્વાભિમાની હોવાથી આ અસહ્ય સ્થિતિમાંથી મુકિત મેળવવાની એમની વ્યકિતગત લાગણીએ એમને વિચાર કરવા પ્રેર્યા. એમને લાગ્યું કે આવી ધૃણાસ્પદ સ્થિતિનું કારણ સામાજિક અસમાનતા છે. અને અસમાનતાના મૂળ વર્ણવ્યવસ્થામાં છે. વર્ણવ્યવસ્થાને લીધે જાતિભેદ છે અને જાતિભેદને લીધે અસ્પૃશ્યતા છે. અસ્પૃશ્યતાનું આચરણ કરનારા કહેવાતા સ્પૃશ્યો માનવ તરીકેનું પોતાનું ગૌરવ ગુમાવી પશુની કક્ષાએ આવી જાય છે. પણ જે લોકો પ્રત્યે અસ્પૃશ્યતાનું આચરણ કરવામાં આવે છે, એમનું જીવન તો દોજખ બની જાય છે. એટલે કહેવાતા સ્પૃશ્ય અને કહેવાતા અસ્પૃશ્યની ગણના માત્ર માનવ તરીકે થાય એવી વ્યાપક વિચારણા કરી એમણે સમતા આધારિત સમાજ રચના કરવાનું પોતાનું જીવન ધ્યેય બનાવ્યું હતું. રાત-દિવસ એમનું સમગ્ર ચિંતન અને પ્રવૃત્તિ આ દુઃખદ અને દારૂણ સ્થિતિમાંથી પરિવર્તનનો માર્ગ મોકળો કરવા માટે જ ચાલતું રહ્યું હતું.

**૫.૧ (ખ) સ્ત્રી મુકિત વિના સામાજિક સમતા અશક્ય :-**

સમાજમાં કહેવાતા શૂદ્રોની સ્થિતિ અત્યંત નિમ્ન ગણાતી હતી. કહેવાતા સ-વર્ણ અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની સેવામાંથી શૂદ્રોને નવરાશ મળતી નહોતી. સેવાના બદલામાં અધિકારો તો બિલકુલ નહોતા.

વર્ણવ્યવસ્થા આધારિત સમાજમાં દલિતો અને શૂદ્રોની જેવી બદ્તર સ્થિતિ હતી, એવી જ બદ્તર સ્થિતિ સ્ત્રીઓની પણ હતી. સ્ત્રીઓ સમાજનું મહત્વનું અને અડધો અડધ વસ્તી ધરાવતું અંગ હતું. એના અધિકારોનો પ્રશ્ન પણ એટલો જ આવશ્યક હતો. આધુનિક લોકતાંત્રિક વ્યવસ્થામાં સ્ત્રીઓને અધિકારોથી વંચિત રાખી શકાય જ નહીં. સ્ત્રીની મુકિત સાથે સામાજિક સમતાનો આદર્શ સંકળાયેલો છે.

છેક ૧૯૩૬માં પંજાબના આર્ય સમાજ દ્વારા સંચાલિત જાંત પાંત તોડક મંડળના વાર્ષિક અધિવેશનના અધ્યક્ષપદેથી Annihilation of Caste (જાતિ વિચ્છેદ) નામનું પ્રવચન આપવા ડૉ. આંબેડકરે તૈયાર કર્યું હતું. આ પ્રવચનમાં જાતિપ્રથા સમાજ જીવનના સંચાલનમાં કયાં કયાં અને કેવી રીતે નડતરરૂપ બને છે અને દેશમાં પ્રવર્તતી જુદી જુદી વિકાસ વિચારધારાઓને નષ્ટ કરી દે છે, તેનું વિચારપ્રેરક વિવરણ એમણે પોતાના પ્રવચનમાં કર્યું હતું. આ પ્રવચનમાં પોતાનો "આદર્શ સમાજ" કેવો હશે એનું ચિત્ર પણ પ્રસ્તુત કર્યું હતું, જેમાં લોકતાંત્રિક આર્થિક-સામાજિક સમતાવાળા સમાજની સ્થાપનાનો ઉલ્લેખ કર્યો હતો.

**૫.૧ (ગ) મજદૂરોના દુશ્મનો : મૂડીવાદ અને બ્રાહ્મણવાદ :-**

મજૂર આગેવાન તરીકે એમણે સ્પષ્ટ કર્યું હતું કે "સ્વતંત્રતા સમાનતા અને બંધુતાની" આકાંક્ષા રાખનારી કોઈપણ સૈધ્ધાતિક સ્થાપનામાં ભારતીય સમાજ વ્યવસ્થાના સંદર્ભમાં કેટલીક પ્રચલિત પરંપરાઓને લીધે "મૂડીવાદ અને બ્રાહ્મણવાદ" ની સામે એક સાથે લડવું અનિવાર્ય બની જાય છે. એમણે ઘોષણા કરી હતી કે, આ દેશના બે મોટા દુશ્મનો છે. બ્રાહ્મણવાદ અને મૂડીવાદ. બ્રાહ્મણવાદ અને મૂડીવાદ એટલે સ્વતંત્રતા, સમતા અને બંધુતાનો ઈન્કાર કરતી સમાજ વ્યવસ્થા.

ડૉ. આંબેડકરે જ્યારે ભારતનું સંવિધાન ઘડવાનું કાર્ય આરંભ્યું ત્યારે એને એક અવસર માની પોતાના લથડતા જતા સ્વાસ્થ્યની ચિંતા કર્યા વિના એમણે બંધારણ ઘડવામાં પોતાની સમગ્ર બૌદ્ધિક ક્ષમતા રેડી દીધી અને અનેક પ્રકારના રાજકીય, સામાજિક અને મૂડીવાદી દબાણો છતાં સંભવ બની શકે એવું કાર્યક્ષમ અભૂતપૂર્વ બંધારણ દેશની સમક્ષ રજૂ કર્યું અને ચિંતા વ્યકત કરી કે આપણો ભારતીય સમાજ અનેક વિરોધાભાસી તત્વો પર આધારિત હોવાથી સાચી લોકશાહી સ્થાપવામાં ઢીલ કરવી જોઈએ નહીં. ઈતિહાસમાં આવા અવસરો વારંવાર આવતા નથી. મળેલા અવસરનો ઉપયોગ કરી લેવો જોઈએ. સમય પસાર થશે એમ નવા નવા વિઘ્નો ઉભા થશે. વિરોધાભાસી તત્વો માથું ઉંચકશે. જો આપણે વેળાસર પરિવર્તન નહીં કરીએ તો આપણે આપણાં રાજનૈતિક જીવનને ખતરામાં મૂકી દઈશું. આર્થિક સામાજિક સમતા તરફ ડગ માડવામાં સ્ફૂર્તિ રાખવી પડશે. બંધારણ સભા સમક્ષ તા. ૨૫-૯-૧૯૪૯ના દિવસે તેમણે કહેલા ઐતિહાસિક શબ્દો નોંધીએ.

**૫.૧ (ઘ) ડૉ. આંબેડકરની ઐતિહાસિક ચેતવણી :-**

"આ દેશમાં રાજકીય શકિત માત્ર આંગળીને વેઢે ગણી શકાય એટલા લોકોના કાબુમાં અને કબજા હેઠળ રહી છે. જ્યારે મોટા ભાગના લોકો તો ભાર વેંઢારનારા પશુઓ જ નહીં. પણ હકીકતમાં પશુઓ જેવું જીવન જીવવા મજબૂર બનેલા છે. આવા એકાધિકારને પરિણામે સમાજના મોટાભાગના લોકો પોતાની દશા સુધારવાના અવસરોથી વંચિત રહ્યા છે. એમનું જીવન નીચોવી લેવામાં આવ્યું છે. ૧

એટલે વંચિતોની આંકાક્ષાઓ જેટલી શીઘ્રતાથી પૂર્ણ કરી શકાય એટલી ત્વરાથી પૂર્ણ કરવી જોઇએ. થોડીક વ્યક્તિઓની સ્વતંત્રતા જાળવી રાખવા માટે પણ વંચિતોની આંકાક્ષાઓની પૂર્તિ આવશ્યક છે કારણ કે આપણે સાચા અર્થમાં લોકતંત્રને બચાવવાનું છે. સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા માત્ર રાજકીય જીવનમાં જ નહીં પણ આર્થિક અને સામાજિક ક્ષેત્રોમાં પણ મૂર્તિમંત થાય, પાંગરે અને વિકસે એટલા માટે જ મેં આ મૂલ્યો પર આટલું દબાણ કર્યું છે, અંતે એમણે ઉમેર્યું.

"બંધારણ ગમે તેટલું સારું હોય પરંતુ જો એનું અમલીકરણ યોગ્ય રીતે નહીં થાય તો બધી મહેનત એળે જશે."

**૫.૧ (ચ) હિન્દુકોડબિલની રચના પાછળનો આશય**

સંવિધાનની રચના, બંધારણ સભા દ્વારા એની સ્વીકૃતિ તથા ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસથી સ્વતંત્ર ભારતમાં પોતાના બંધારણના અમલીકરણથી એક નવું મંડાણ દેશમાં શરૂ થયું પણ ડૉ. આંબેડકરે પોતાના અત્યંત મહત્વનું સામાજિક સમતાનું કામ હાથમાં લીધું. એટલે કે હિંદુકોડબિલનું ઘડતર. બંધારણ સભા દ્વારા તે સ્વીકૃતિ પામે એ એમની પ્રાથમિકતા બની ગઇ. ભારતીય વર્ણવ્યવસ્થા આધારિત પુરૂષ પ્રધાન હિંદુ સમાજ વ્યવસ્થામાં સ્ત્રીઓને માનવાધિકારો પ્રાપ્ત થાય, હિંદુ સમાજ એક થાય, કાનૂની દષ્ટિએ એકરૂપતા આવે તો નવા નાગરિક સમાજની રચનામાં ઉભી થતી આડખીલીઓ દૂર થાય એવી ભાવના હિંદુકોડબિલના ઘડતર પાછળ હતી. ડૉ. આંબેડકરે રાજકીય લોકશાહીનું રૂપાંતર આર્થિક અને સામાજિક લોકતંત્રમાં કરવાના આશયથી હિંદુકોડબિલ તૈયાર કર્યું હતું.

**૫.૨ માનવ વિકાસના વિવિધ તબક્કે સ્ત્રીઓની સામાજિક સ્થિતિ :**

**(૧) ભારતીય સામાજિક જીવન વ્યવસ્થામાં સ્ત્રીઓ :**

ભારતીય સામાજિક જીવન વ્યવસ્થાના ઇતિહાસમાં સ્ત્રીઓની સ્થિતિ વિશે લાંબા સમયથી વિવાદ ચાલતો રહ્યો છે. એક એવી માન્યતા પ્રવર્તે છે કે પ્રાચીન ભારતીય સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ખૂબજ ઊંચો હતો. ભૂતકાળના ઇતિહાસનું ઉદાત્તીકરણ કરવા ઇચ્છતા લોકો આ અંગેની દલીલો પણ રજૂ કરે છે જયારે કેટલાક લોકો આ વિચાર સાથે સંમત થતા નથી. ગુજરાતના જાણીતા સમાજશાસ્ત્રી ડૉ. નીરા દેસાઇનું કથન છે કે "પ્રાચીન સમયમાં સ્ત્રીઓનો દરજ્જો ઉંચો હતો એવી માન્યતાને વાસ્તવિકતાની કસોટીએ કસીને જ નિર્ણય લેવો જોઇએ" એનાં પ્રેરક તત્વો કયા કયા હતા અને સ્ત્રીઓની ઉચ્ચતાનું પતન કેવી રીતે થયું ? આ બધા પ્રશ્નોને વિગતવાર સમજવા માટેનો આ એકમમાં અવકાશ નથી, પણ આપણે નોંધી લેવું જોઇએ કે સ્ત્રીઓની સામાજિક સ્થિતિમાં મૂળભૂત પરિવર્તન તો ૧૯મી સદીની શરૂઆતના બદલાયેલા સંજોગો, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આવેલા રાજકીય પરિવર્તનો, વૈજ્ઞાનિક શોધખોળો, ઔદ્યોગિકરણ અને વૈજ્ઞાનિક આવિષ્કારોનો વ્યવહાર જગતમાં થયેલો ઉપયોગ, ભારતીય સમાજમાં પેદા થયેલું નવજાગરણ વગેરેને કારણે થયું છે. બાહ્ય રીતે જોઇએ તો આ પરિવર્તન માટે અંગ્રેજી રાજ્ય શાસનને કંઇક અંશે આપણે યશ આપી શકીએ. અંગ્રેજ શાસકોએ પોતાની સ્વાર્થી પણ પરિવર્તનકારી નીતિને લીધે સદીઓથી સ્થિર અને જડત્વને વરેલી સંસ્થાઓના પાયા હચમચાવી દીધા. અંગ્રેજી શિક્ષણે પણ મહત્વનો ભાગ ભજવ્યો. સ્ત્રીઓ અને પુરૂષોના વિચાર વ્યવહારમાં પણ ધીરે ધીરે પરિવર્તન આવવા માંડ્યુ. ૧૯મી સદીમાં આવેલા સામાજિક પરિવર્તનોએ વીસમી સદીના પાંચમા દશકમાં હિન્દુકોડબિલ માટેની ભૂમિકા પૂરી પાડી. જો કે આપણે હિન્દુકોડબિલ અંગે વિચાર કરીએ તે પહેલાં ઇતિહાસના વિવિધ તબક્કે સ્ત્રીઓના સામાજિક જીવનમાં થયેલ પરિવર્તનને સમજવા ઐતિહાસિક વિહંગાવલોકન કરી લઇએ, જે ઉપયોગી નીવડશે.

**(૨) માનવ ઇતિહાસનું વેળા પત્રક :**

ઇતિહાસના યુગ વિભાગો પાડવામાં વિદ્વાનોમાં મતભેદો છે. કેટલાક સમયને આધારે તો કેટલાક વિચારને આધારે તો કેટલાક પરિવર્તનના આધારે યુગ વિભાગો પાડે છે. યુગ વિભાજનની વિવિધ શ્રેણીઓમાં ઊંડા ઉતરવા જતાં આપણો મૂળ મુદ્દો અળગો પડી જશે એટલે વિવાદગ્રસ્ત સિધ્ધાંતોને બાજુએ રાખી આપણે હાલ પૂરતાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિ સમજવા નીચે પ્રમાણેના વિભાગો પાડી વસ્તુસ્થિતિ સમજવાનો પ્રયાસ કરીશું.

**(ક) માનવ વિકાસનો પ્રાથમિક તબક્કો :**

મનુષ્ય જેવા પ્રાણીઓ આશરે પાંચ લાખ વર્ષો પૂર્વે ઉત્પન્ન થયાં હશે અને ઇંગ્લેંડથી ચીન સુધીના પ્રદેશોમાં વિખરાઇ ગયાં હશે એવું પ્રાગૈતિહાસિક માનવ વિદ્યાના વિદ્વાનોનું માનવું છે. આ અવસ્થાએ પહોંચતા પહેલાં એને વિકાસના ઘણાં તબક્કાઓ પસાર કરવા પડયા હતા.

માનવ વિકાસના પ્રાથમિક તબક્કે પુરૂષો શિકાર કરતા અને સ્ત્રીઓ કબીલામાં રહેતી. પ્રાચીનકાળમાં ખેતીની શોધ સ્ત્રીઓએ કરી હતી. લાકડાના દાંતાથી જમીન ખોતરી, બી વાવી ખેતી કરતી. કબીલા પર સ્ત્રીઓનું ચલણ અને વર્ચસ્વ હતું. આ યુગ ખોરાક એકત્ર કરવાનો અને સમૂહમાં વહેંચીને ખાવાનો હતો. પુરૂષોએ શિકાર કરવા ભાલા જેવું અણિદાર હથિયાર બનાવ્યું. જેને કારણે શિકાર કરવામાં સરળતા પ્રાપ્ત થઇ. શિકારને બદલે કેટલાક પ્રાણીઓને જીવતા પકડી એને પાળવાથી વધુ સારી રીતે ખોરાક પ્રાપ્ત કરી શકાય એવું ધ્યાનમાં આવતાં પશુપાલનનો વ્યવસાય શરૂ થયો. આ તબક્કે સ્ત્રીઓનું કબીલા ઉપરનું સામાજિક ઉપરીપણું તૂટયું. કબીલામાં સ્ત્રી સર્વોચ્ચ ગણાતી હતી એવી સ્થિતિ

બદલાઇ અને સામુદાયિક પુરૂષ પશુપાલક કબીલાટોળીઓનું વર્ચસ્વ વધ્યું. સ્ત્રી તાબેદાર બની. પશુપાલન અને ખેતીકામ પુરૂષોના હાથમાં આવ્યું. સ્ત્રીનો દરજ્જો નીચો ગયો. પણ માતૃ અધિકારની સ્થિતિ લાંબા સમય સુધી ચાલતી રહી હતી. ટૂંકમાં પશુપાલન અને કૃષિકાર્ય પુરૂષ કબીલાઓના હાથમાં આવતાં જ પુરૂષનું પ્રભુત્વ વધ્યું અને એનો સામાજિક મોભો વધ્યો. માતૃપ્રધાન વ્યવસ્થા હતી તે પિતૃપ્રધાન વ્યવસ્થામાં ફેરવાઇ.

સ્ત્રીઓ અંગે એહરેન્ફેલ્સે નોંધ્યું છે કે,

"સ્ત્રીઓએ ખેતીકાર્યના વિકાસમાં ઘણો ફાળો આપ્યો છે. ખેતીને વ્યાવહારિકરૂપ આપવાનું કાર્ય સ્ત્રીઓએ બજાવ્યું છે. શરૂઆતમાં તબક્કે આ કાર્ય સરળ નહીં જ હોય કારણ કે અતિપ્રાચીન સમાજમાં વિશેષ કરીને આદિમ સમાજમાં વિશેષ કરીને આદિમ સંસ્કૃતિમાં અનાજના ફણગાઓની નારીમાં ગણના થતી. અને તેમની પૂજા-પ્રાર્થના, ભોગ અને ધાર્મિક ક્રિયાઓ મંત્રો દ્વારા થતી. કૃષિ કાર્ય પહેલાના સમાજના કેટલાક અંશો અને અવશેષો આજે પણ જોવા મળે છે. ખેતી માટે ખેડવાની શરૂઆત થતાં માતૃસત્તાક લોકોના કબીલાઓએ જંગલોમાં ભટકવાનું માંડી વાળ્યું અને વસ્તી વસાવીને એક જગ્યાએ રહેવાનું શરૂ કર્યું. આમ ભટકવાની જીવન પધ્ધતિને બદલે ઠરીઠામ થઇ પશુપાલન અને કૃષિકાર્ય કરવાનું કામ આરંભ્યું.

શિકારીની અવસ્થામાં મોટી મુશીબત એ હતી કે જ્યારે શિકાર મળતો નહીં ત્યારે મનુષ્યને ભૂખે રહેવું પડતું હતું. ભોજનની નિશ્ચિંતતા નહોતી. ખાવાલાયક છોડોની શોધ પછી ખેતીની શરૂઆત એ વિકાસની યાત્રાનું મોટું કદમ હતું. હળની શોધ થતાં ખેતીના વ્યવસાયમાં ક્રાન્તિ થઇ. અગ્નિની શોધ થતાં રાંધવાની કળા શોધાઇ. ખોરાકને પોચો અને પાચનક્ષમ બનાવવામાં અગ્નિ વધારે ઉપયોગી નીવડ્યો. પંખીઓનો માળો નિહાળતાં ઝૂંપડીનો વિચાર માનવ મનમાં આવ્યો હશે એવું લાગે છે. અગ્નિની તથા ધાતુની શોધથી ઉદ્યોગની શરૂઆત થઇ. શિકારની અવસ્થામાં જમીનની જરૂરત નહોતી. પણ ખેતીની શરૂઆત થતાં જમીનની જરૂરત પેદા થઇ. જમીનની સાથે કાયમી નિવાસસ્થાન પણ મનુષ્યે બનાવ્યું."

સમૂહગત શિકારને કારણે ટોળીઓ બની હતી. મિલકત ખોરાક અને સ્ત્રીઓ ટોળીઓની જ કહેવાતી - વ્યકિતગત કંઇ નહોતું. ટોળીઓમાં સ્ત્રીઓ અને મિલકતને કારણે ઝઘડા થતાં. બળવાન વ્યકિત સ્ત્રીઓ તથા મિલકતનો વધુ ઉપયોગ કરી શકતી. આને કારણે બાળકો પણ ટોળીનાં ગણાતા. વધુ પુરૂષોની સાથે જાતીય સંભોગ થતો હોવાથી બાપ નિશ્ચિત નહોતો. ઝઘડાઓને કારણે ટોળીઓ વિખરાઇ ગઇ અને કુટુંબો બન્યાં. ખેતીના કામમાં સ્ત્રી મદદરૂપ બની શકે તેમ હોવાથી પુરૂષોએ સ્ત્રીઓને સાથે રાખવાનું શરૂ કર્યું. પહેલાં સ્ત્રીનો ખભો ભાર ઉંચકવા અને હળ ખેંચવા વપરાતો. ત્યારબાદ ભાર લઇ જવા તથા જમીન ખેડવા બળદનો ઉપયોગ થવા માંડ્યો. સ્ત્રીનો દરજ્જો નોકર જેવો બનતો ગયો. તેનાં બાળકો ખેતીના કામમાં મદદરૂપ નીવડતાં એટલે જે પુરૂષોને બાળકો હોતાં તે વધુ ધનિક ગણાતો. જમીનના ટુકડાઓને બદલે ખેતરોમાં ખેતી થવા માંડી એટલે વિશાળ ખેતીના કામ માટે બીજા વધારે માણસોની જરૂરત પેદા થઇ તેથી ગુલામોની પ્રથા પેદા થઇ. ખેતીને કારણે જમીન એક મિલકત ગણાવા લાગી. મનુષ્યની બે મુખ્ય જરૂરિયાતો — પ્રેમ અને ભૂખ માટે સ્ત્રી ઉપયોગી નીવડી એટલે તેને સાથે રાખવા લાગ્યો. વ્યકિતગત લગ્નો શરૂ થયાં. માણસ ગામ વસાવી પરિવારમાં રહેતો થયો. એની લાંબી કહાણી છે જેની નોંધ માટે અહીં અવકાશ નથી પણ મુખ્ય બાબત એ છે કે પુરૂષ પ્રધાન વ્યવસ્થામાં સ્ત્રીનો દરજ્જો નિમ્ન થતો ગયો.

**(ખ) મોહેંજા-ડેરો અને હરપ્પાની સિંધુતટની સંસ્કૃતિનો યુગ.**

સિંધુ નદીની આસપાસના પ્રદેશોમાં હડપ્પાની અને મોહેંજો ડેરોની સંસ્કૃતિ વિકસી હતી. મોહેંજો ડેરો (મરેલાનો ટીંબો) સિંધના લારખાના જિલ્લામાં ડોકરી સ્ટેશનથી દક્ષિણે સાતેક માઇલને અંતરે આવેલું છે. હડપ્પા સંસ્કૃતિના અવશેષો ગુજરાતમાં લોથલમાંથી અને સૌરાષ્ટ્રના ઝાલાવાડ વિભાગના રંગપુર ગામમાંથી અને કચ્છમાંથી મળી આવ્યા છે.

પ્રાચીનતમ્ માનવ સમુહોના વિકાસની સ્થિતિમાં નવાઇ પમાડે એવી એક સમાનતા જોવા મળે છે. ભારતીય સંદર્ભમાં પણ તે સાચી છે. વિવાહ સંસ્થાની પ્રતિષ્ઠા થઇ તે પૂર્વે મોટાભાગના ભૂમિ ખંડોના રહેવાસીઓ માતૃસત્તાત્મક (MATRIARCHAL) સ્થિતિમાં રહ્યા હશે અને સંતાનોનો પરિચય માતાના નામથી જ અપાતો રહ્યો હશે. જન્મ અને સર્જનની રહસ્યમયતાને લીધે માતૃત્વના સંબંધમાં આશ્ચર્યજનક શકિત અને રહસ્યનો ભાવ સ્વાભાવિકપણે પ્રાચીન માનવોમાં હશે. ગ્રીસ, રોમ, મિસર, મેસોપોટેમિયા વગેરે દેશોની પ્રાચીન સંસ્કૃતિમાં માતૃશકિતની પૂજા વિવિધ રૂપે થતી રહી છે. ઇજિપ્તવાસીઓની પૂજ્ય દેવી આઇસીસ, મેસોપોટેમિયાના દેવ-દેવીઓ વગેરેના મૂળમાં જન્મ રહસ્યમયતાનો આંતક અને આશ્ચર્યની ભાવના જ રહી છે. "સિંધુ નદીની સભ્યતામાં આયુધ ધારણ કરેલી માતૃદેવીની (MOTHER GODDESS) મૂર્તિઓમાં પણ આ સત્ય રહેલું છે." એવું ડૉ. નીરા દેસાઇનું માનવું છે.

મોહેંજા-ડેરો અને હરપ્પાની સિંધુખીણની સંસ્કૃતિ હિંદની જૂનામાં જૂની સંસ્કૃતિ છે. એનાં અંગેના સંશોધનોમાં વિદ્વાનો વ્યસ્ત છે. કેટલાક અગત્યના પુરાવાઓ પણ પ્રાપ્ત થયા છે. એ સંસ્કૃતિના ૧
અવશેષોમાંથી પ્રાપ્ત લિપિ-ભાષા ફાધર હેરોસ નામના વિદ્વાને કંઇક અંશે ઉકેલી છે.

મોહેંજા-ડેરો અને હરપ્પા નગર સંસ્કૃતિ હતી. એનો વ્યાપારિક સંબંધ સિરિયા સાથે હતો. આ એક વ્યાપાર કરતી પ્રગતિશીલ સંસ્કૃતિ હતી એના પુરાવારૂપ કેટલાક અવશેષો પ્રાપ્ત થયા છે. આ નગરોમાં

કિલ્લેબંધી દેખાતી નથી. મકાનો પધ્ધતિસર બાંધવામાં આવતા. નગરમાં જાહેર સ્નાનગૃહો અને પાણી વહી જવાની નીકોની વ્યવસ્થા હતી. સ્ત્રીઓ ઠીક ઠીક પ્રમાણમાં ઘરેણાં પહેરતી એના આધારે એમની સામાજિક સ્થિતિનો અંદાજ આવે છે. બાળકોને રમકડાં અપાતાં. એટલે આ સંસ્કૃતિ સમૃદ્ધ હતી એવું અનુમાન સ્વાભાવિક રીતે થઇ શકે છે. મોહેંજા-ડેરો માંથી મળેલી નર્તકીની સુઘડ અને સપ્રમાણ મૂર્તિ તેમજ હરપ્પામાંથી મળી આવેલ પુરૂષ નૃત્યકારની મૂર્તિ નૃત્ય અને કલા પ્રેમી પ્રજાનો પુરાવો આપે છે. મોટાભાગના વિદ્વાનોનું માનવું છે કે માનવ સંસ્કૃતિનું પ્રથમ દર્શન ગાન-સંગીત અને નૃત્યકલામાં થાય છે. સંસ્કૃતિનો ચરમ ઉત્કર્ષ શિલ્પ-સ્થાપત્ય અને બાંધકામો દ્વારા થાય છે. મોહેંજો-ડેરો અને હરપ્પાનોસમાજ વિકસિત અને સમૃદ્ધ હતો એવું કહી શકાય.

ગુજરાતના સુપ્રસિધ્ધ નવલકથાકાર ર. વ. દેસાઇ નોંધે છે કે મોહેંજા-ડેરો અને હરપ્પામાંથી સ્ત્રી-પુરૂષોની નગ્નમૂર્તિઓ પ્રાપ્ત થઇ છે એ મૂર્તિઓમાં પ્રગટ થતું દેહના અંગ ઉપાંગનું જ્ઞાન આપણને આશ્ચર્ય પમાડે એવું છે. આ ઉપરાંત લિંગપૂજાના સ્પષ્ટ ચિન્હો અહીંના ખોદકામથી મળી આવ્યા છે. આપણી શિવપૂજામાં પ્રગટ થતાં યોનિલિંગના જ આવર્તન હોય એમ લાગ્યા વિના રહેશે નહીં. કદાચ આજનું શિવપૂજન એ "મોહેંજા-ડેરો " માંથી સીધું ઉતરી આવેલું જાતીય પૂજન હોય એમ પણ હોઇ શકે.

આપણા લબ્ધપ્રતિષ્ઠીત વિદ્વાન ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી પણ આ વાતનું સમર્થન કરતાં (હડપ્પા અને મોહેંજા-ડેરો (પૃ. ૧૭૩) લખે છે કે,

"મનુષ્યોના અને પ્રાણીઓના આકારના તેમજ મિશ્રિત સત્વોના આકારના કેટલાક અવશેષો દેવ-દેવીઓની છૂટક મૂર્તિઓના મળ્યા છે. પથ્થરના શિલ્પોમાં મનુષ્યના આકારના જે પૂતળાં મળે છે, તેમાં એક પૂતળાં પરની શાલમાં ઠેકઠેકાણે ખાસ કરીને ત્રિદલની ભાત છે. તે ભાત ધાર્મિક મહિમા ધરાવતી મનાય છે. એટલે કે આ પુતળું કોઇ દેવનું હશે. સ્ત્રીની પૂતળીઓના લટકતા વીંટાઓમાં ધૂપદીપની નિશાનીઓ મળે છે. આ પૂતળીઓ માટીની હોય છે અને દરેક ઘરમાંથી મળી આવી છે. એટલે એની ઉપાસના ઘેર ઘેર થતી હશે એવું અનુમાન કરી શકાય તેમ છે. આ સર્જનશકિતની એટલે કે માતૃદેવીની ઉપાસના થતી હશે. આદિવાસીઓમાં પણ માતાજીની ઉપાસના હજી પ્રચલિત છે. મુદ્રાઓ પરનાં ત્રણ લાંછનોમાં દેવનો જે આકાર આલેખવામાં આવ્યો છે તે અનુકાલીન મહાદેવના સ્વરૂપ સાથે ઘણું સામ્ય ધરાવે છે. શિવસ્વરૂપનાં લક્ષણો પણ નજરે પડે છે. લિંગપૂજા પ્રચલિત હશે. અહીંથી યોનિઓના શિલ્પો મળી આવ્યા છે. એટલે યોનિ પૂજા પણ પ્રચલિત હશે એવું લાગે છે અલંકારો કાંસકી અને અરીસાના અવશેષો પરથી એવું તારવી શકાય તેમ છે કે દેહશૃંગારથી દેહને સજવાનો લોકોમાં અને વિશેષ કરીને સ્ત્રીઓમાં શોખ હશે.

બન્નેનગરોની સભ્યતામાં સ્ત્રીઓના સ્થાન અને એના અધિકારો અંગેની પૂરેપૂરી વિગતો હજૂ સુધી તારવી શકાઇ નથી પણ એ નગર સંસ્કૃતિમાં સ્ત્રી અને પુરૂષોનો દરજ્જો "સ્વતંત્રતા" અને "સમાનતા" પર આધારિત થોડીક છૂટછાટો વાળો હશે એવું લાગે છે. સંભવત : એ સમયે માતૃસત્તાક પરિવારો હશે. માતૃસત્તાક પરિવારોમાં ઘર-ગૃહસ્થીની તમામ જવાબદારી સ્ત્રી ઉપર હોય છે. પરિવારનું વડીલપણું સ્ત્રીને મળેલું હોય છે. એટલે સ્ત્રીને પોતાની આંતરિક ક્ષમતાઓનો વિકાસ કરવાનો અવસર સ્વાભાવિક રીતે જ મળી રહ્યો હશે.

બન્ને નગરોના ભગ્નાવશેષોમાં માટીની ઘણી બધી મૂર્તિઓ મળી છે. સત્યકેતુ વિદ્યાલંકારે નોંધ્યું છે કે, "માટીની વિપુલ સંખ્યામાં મૂર્તિઓ મળી છે. આ સ્ત્રી મૂર્તિઓ મહદ્ અંશે નગ્ન દશામાં બનાવવામાં આવેલી છે જો કે કમ્મરથી નીચે જાંગો સુધી એક પ્રકારનું કપડું પણ દર્શાવ્યું છે મૂર્તિના શરીરે ઘણાં આભૂષણો દોરવામાં આવ્યા છે એને માથે સુશોભિત ટોપી જેવું છે. જેની બન્ને બાજુએ બે પ્યાલા અથવા દિપક છે. દિપકની વચ્ચે ધુમાડાનું નિશાન દર્શાવ્યું છે. જેના પરથી લાગે છે કે એમાં તેલ પૂરી દીપ અથવા ધૂપ સળગાવવામાં આવતો હશે. આ સ્ત્રી મૂર્તિઓ પૂજાના કામમાં લેવાતી હશે."

સંસારની લગભગ તમામ પ્રાચીન સભ્યતાઓમાં માતૃદેવીની પૂજા કરવાની પ્રથા પ્રચલિત હતી હરપ્પા અને મોહેંજા-ડેરોની મૂર્તિઓ (**MOTHER GODDESS**) માતૃશકિત દર્શાવે છે.

**(ગ) વેદકાળ : આર્યોનો સમાજ : ઇ.સ. પૂ. ૫૦૦૦ થી ઇ.સ. પૂ. ૩૦૦૦.**

વેદકાળ સમાજ વ્યવસ્થા પિતૃસત્તાક હતી. પિતૃસત્તાત્મક પરિવારોમાં પ્રચલિત પરંપરા અનુસાર ઘરનો વયોવૃદ્ધ પુરૂષ જ પરિવારનો મુખ્ય માણસ ગણાય. તેના હુકમ અનુસાર દરેકને વર્તવું પડતું. તે ઘરગૃહસ્થીની સઘળી વ્યવસ્થા કરતો. કન્યાનો જન્મ ઉલ્લાસનો પ્રસંગ માનવામાં આવતો નહીં. છતાં કન્યાઓ તરફ દુર્ભાવ રાખવામાં આવતો નહીં. વેદકાલિન સમયના પ્રારંભમાં આર્યોના સમાજમાં સ્ત્રીઓને ઘણાં અધિકારો મળેલા હતા પણ સમયચક્રના ફરવા સાથે રૂઢિઓ વધારે પકડ જમાવતી ગઇ અને સ્ત્રીઓના અધિકારો સંકોચતા ગયા. પુરૂષ સમાજ સ્ત્રીઓના અધિકારો છીનવી લેવા માંડ્યો. અને એનું શોષણ શરૂ થયું. બે હજાર વર્ષના લાંબા ગાળામાં ધીમે ધીમે સ્ત્રીની સ્થિતિ બગડતી ચાલી.

સ્ત્રીઓનું શિક્ષણ : વૈદિક યુગના પ્રારંભમાં સ્ત્રીઓને શિક્ષણ પ્રાપ્તિનો અધિકાર હતો. કન્યાઓને પણ ઉપનયન સંસ્કાર આપવામાં આવતો. વેદ પઠન-પાઠનની સ્વતંત્રતા સ્ત્રીઓને હતી. વેદોમાં લગભગ ૨૦ એવી સ્ત્રીઓનો ઉલ્લેખ છે જેમણે વેદની ઋચાઓ રચી છે. લોપામુદ્રા, વિશ્વાવરા, ઘોષા વગેરેના નામો ગણના પ્રાપ્ત છે. આ ઉપરાંત મૈત્રેયી, આત્રેયી, ગાર્ગી વગેરે વિદુષીઓના ઉદાહરણો જોવા મળે છે.

55

આ ઉપરાંત સ્ત્રી શિક્ષિકા અને ગુરૂ પત્નીને માટે સંસ્કૃત ભાષામાં વિશિષ્ટ શબ્દોનો પ્રયોગ થયો છે એટલે સ્ત્રી શિક્ષણનું અસ્તિત્વ પૂરવાર થાય છે. સ્ત્રી શિક્ષિકાઓને "ઉપાધ્યાયા" અને ગુરૂપત્નિને "ઉપાધ્યાયિની" કહેવામાં આવતી. ર.વ. દેસાઇએ નોંધ્યું છે કે તે મુજબ

વિવાહ પ્રથા : વેદકાળમાં ઉદ્દાલક નામના મહર્ષિનું નામ પ્રખ્યાત છે. તેમના પુત્રનું નામ શ્વેતકેતુ. શ્વેતકેતુ પણ તપસ્વી મહર્ષિ હતા. આ શ્વેતકેતુ એ ક્રોધના આવેશમાં લગ્ન પધ્ધતિ અને તેની મર્યાદા સ્થાપિત કરી હતી. ઘટના આ પ્રમાણે છે.

એક દિવસ પ્રાચીનકાળમાં શ્વેતકેતુના દેખતાં અને તેના પિતાની હાજરીમાં એક બ્રાહ્મણ આવ્યો. અને શ્વેતકેતુ ની માતાનો હાથ પકડી કહેવા લાગ્યો, 'ચાલ મારી સાથે. ઉદ્દાલક મુનિ ધ્યાનમગ્ન હતા. બ્રાહ્મણ જર્જરિત ગાત્રવાળો, લાકડીના ટેકે ચાલનારો, મંદચક્ષુ હતો.'

પોતાની માતાને લગભગ બળજબરીથી શરીર સંબંધ બાંધવા લઇ જતા બાહ્મણને જોઇ શ્વેતકેતુ ને બહુ ક્રોધ ચઢયો અને આ પરિસ્થતિ અંગે તેને બહુ નિરાશા અને શોક પેદા થયો.

પોતાના પુત્રને આમ ક્રોધિત થયેલો જોઇ મુનિએ શ્વેતકેતુને કહ્યું, 'હે વત્સ, આમાં ક્રોધ કરવાની જરૂર નથી, આ તો ચાલતો આવેલો સદાકાળનો રિવાજ છે. આ પૃથ્વી પર સઘળી જાતિઓ-પશુ પક્ષી કે માનવીમાં તું જોઇશ તો તને સમજાશે કે સ્ત્રી-માદા સદા સર્વથા અનાવૃત્તા બંધન રહિત છે અને યથેચ્છ ભોગ ભોગવી શકે છે. હે વત્સ, જાતીય સંબંધમાં તો પુરૂષો અને સ્ત્રીઓ ગાય અને વૃષભ જેવો જ વ્યવહાર કરે છે.'

પરંતુ ઉદ્દાલકના પુત્ર શ્વેતકેતુને આ રિવાજ ગમ્યો નહીં અને તેણે માનવજાતિ માટે સ્ત્રી અને પુરૂષના સંબંધ અંગે લગ્નની પ્રથાની સ્થાપના કરી.

આ ઉદાહરણ પરથી એટલું તો ફલિત થાય છે કે 'વૃદ્ધ બ્રાહ્મણે શ્વેતકેતુની માતા સાથે જે વ્યવહાર કર્યો તે વેદકાળમાં પ્રચલિત રિવાજ અને પ્રથા હશે.'

આર્યોના સમાજમાં સ્વીકૃત લગ્નના આઠ પ્રકાર ગણાવ્યા છે (૧) પ્રાજાપત્ય (૨) બ્રાહ્મ (૩) આર્ય (૪) ગાંધર્વ (૫) દૈવ (૬) આસુર (૭) પૈશાચ (૮) રાક્ષસ.

'પ્રજાપત્ય વિવાહમાં વરકન્યાના માબાપ સંબંધ નક્કી કરે છે લગ્ન થતાં પહેલાં વર-કન્યાની પસંદગી જાણવામાં આવે છે. કન્યાનું દાન કરવામાં આવે છે. વરપક્ષ તરફથી કન્યાને રિવાજ મુજબ પલ્લાની રકમ અપાય છે તેમાં કન્યાનો અધિકાર રહે છે. આજકાલના લગ્નોમાં આ વિવાહ પ્રથાના કેટલાક લક્ષણો જોવા મળે છે.'

બાહ્ય વિવાહમાં માબાપની સંમતિ લેવાય છે. એમાં અરસ-પરસ કશું જ આપવાનું હોતું નથી.

આર્ષ વિવાહમાં પુરોહિતની હાજરીમાં લગ્ન થાય છે. ગાયની એક જોડ વર તરફથી કન્યાના બાપને અગર વાલીને આપવી પડે છે.

ગાંધર્વ વિવાહમાં માબાપની સંમતિ, સમાજ સમક્ષ ખાસ જાહેરાત કે અન્ય કોઇ વિધિ કરવામાં આવતી નથી પણ વર-કન્યા પરસ્પર ફૂલહાર અર્પણ કરી વફાદાર રહેવાનું વચન આપે છે. દુષ્યંત-શકુંતલાની વાર્તામાં આશ્રમમાં થયેલ લગ્ન ગાંધર્વ લગ્ન ગણાય છે.

દૈવ વિવાહમાં યજ્ઞ-યાજ્ઞાદિમાં મુખ્ય અધ્વર્યુ હોય તેને પુત્રી પરણાવવામાં આવે છે પહેલાં યજ્ઞો લાંબા ચાલતા હતા. પુત્રેષ્ઠીયજ્ઞમાં તો યજ્ઞના સ્થળે જ સ્ત્રીપુરૂષ ખુલ્લામાં સમાગમ કરતા. અનેક પ્રકારના યજ્ઞો થતા. નરમેઘ, અશ્વમેઘ, જેવા ખર્ચાળ યજ્ઞો થતા. આ યજ્ઞમાં યજ્ઞકર્તા મુખ્ય અધ્વર્યુને પોતાની પુત્રીનું કન્યાદાન કરતા.

અસુર વિવાહમાં બહુપતિત્વની પ્રથા (**POLYANDRY**) વિકસે છે એમ કેટલાક વિચારકો માને છે. આ વિવાહમાં કન્યાની કિંમત કન્યાના પિતાને આપી કન્યા સાથે લગ્ન કરવામાં આવે છે. ધનવાન માણસો એક કરતાં વધારે પત્નિઓ રાખે છે. આ વિવાહને નિમ્ન કક્ષાનો પ્રકાર ગણાય છે.

પૈશાચ વિવાહમાં ખોટી રીતે ભોળવીને અથવા છેતરપીંડી કરીને કે નશામાં કે મંત્રની અસર નીચે સ્ત્રીને લાવી તેની સાથે વિવાહ કરવામાં આવે છે. હરણ કે ફરેબ દ્વારા કરાયેલા વિવાહ આર્યોના જીવનમાં સ્વીકૃતિ પામ્યા હતા.

રાક્ષસ વિવાહમાં કન્યાને વર ગમે કે ન ગમે પણ તેનું હરણ કરીને લગ્ન કરવામાં આવતું.

હિંદુ વિવાહ પ્રથાનો મૂળ ઉદ્દેશ્ય ધર્મનું આચરણ, સંતાનોત્પત્તિ અને કામતુષ્ટી રહ્યું છે. શારીરિક સુખને અંતિમ સ્થાન આપવામાં આવ્યું છે. ૧૫-૧૬ વર્ષની ઉંમરે કન્યાના લગ્ન કરી નાખવામાં આવતા. પિતૃપ્રધાન પ્રથાને કારણે વિવાહમાં પિતાનો નિર્ણય મહદ્અંશે મહત્વનો ગણાતો.

**ગૃહસ્થ જીવન** :- વેદકાળમાં ગૃહસ્થ જીવનમાં સ્ત્રીને સન્માનભર્યું સ્થાન પ્રાપ્ત થયું હતું. અથર્વવેદમાં કહેવામાં આવ્યું છે કે 'નવવધૂ' તું જે ઘરમાં જઇ રહી છે ત્યાંની તું સામ્રાજ્ઞી બન અને તારા સાસુ-સસરા, દેવર અને અન્ય લોકો તને મહારાણી સમજીને તારા શાસનમાં આનંદિત થાય.' પત્નિને માતૃરૂપે દેવી સમાન પૂજય માનવામાં આવતી. આ કાળની સ્ત્રીઓ શાસન અંગેની 'સભા' માં ભાગ લેતી. પતિ અને ૧ પત્નિ એકબીજાના પૂરક ગણાતા. ધર્મકાર્યમાં બન્નેની ઉપસ્થિતિ આવશયક માનવામાં આવતી.

**વિધવા** :- કોઇપણ સભ્ય સમાજનો વિધવા પ્રત્યેનો વ્યવહાર, સમાજમાં એનું સ્થાન અને એની પુર્નવિવાહની સંભાવનાને લક્ષમાં લેવામાં આવે છે. વિધવા સ્ત્રી જો પતિની સાથે સતી થવાનું ન સ્વીકારે

તો એને માટે રસ્તા તે સમયમાં ખુલ્લા હતા. (૧) સમગ્ર જીવન વિધવા તરીકે વિતાવે. (૨) પોતાના દેવર કે પરિવારના નિકટતા સંબંધી સાથે યૌન સંબંધ સ્વીકારીને પુર્નવિવાહ કરે. અથવા નિયોગ પ્રથા હેઠળ સ્ત્રી પતિના ભાઈ કે નિકટતા સંબંધી દ્વારા પુત્ર પેદા કરે. નિયોગ દ્વારા પ્રાપ્ત થયેલ પુત્રની સાથે સમાજમાં કોઈ ભેદભાવ આચરવામાં આવતો નહીં. નિયોગપ્રથાને સામાજિક સ્વીકૃતિ મળી હતી. ખુદ પતિ પોતાની પત્નિને અન્ય પુરૂષ પાસે નિયોગ કરાવી પુત્ર પ્રાપ્તિ કરાવતો એવાં ઘણાં ઉદાહરણો મળે છે.

**સ્ત્રીઓ અને સાર્વજનિક જીવન :-**

વૈદિક યુગમાં સ્ત્રીઓ જાહેર ઉત્સવોમાં મુકત રીતે ભાગ લેતી. શિક્ષણ લેવામાં, હરવા ફરવામાં અને ધાર્મિક પ્રસંગોમાં ભાગ લેવા પર કોઈ પાબંધી નહોતી. કુંવરી કન્યાઓ માટે યોગ્ય વર શોધવા ઉત્સવનો ઉપયોગ થતો. જેમાં ધર્નુવિદ્યા, અશ્વવિદ્યા અને અન્ય ક્ષમતાઓની પરીક્ષા થતી, સ્ત્રીઓ ધાર્મિક ક્રિયાકાંડમાં ભાગ લેતી. પુત્ર ન હોય તો પિતાની સંપત્તિનો ઉત્તરાધિકાર કન્યાને મળતો.

**(ઘ) બૌદ્ધ-જૈન શ્રમણ સંસ્કૃતિનો યુગ.**

વૈદિકકાળ બે અઢી હજાર વર્ષના સમયગાળામાં રૂઢિવાદ અને ખર્ચાળ હિંસક યજ્ઞો અને કર્મકાંડો વધતા ગયા. શૂદ્રો અને સ્ત્રીઓને એક સીમામાં બાંધવાના પ્રયાસો બ્રાહ્મણોએ શરૂ કર્યા. બ્રાહ્મણવર્ણની સ્વાર્થ પ્રેરિત સર્વોચ્ચતાને તથાગત બુદ્ધે અને મહાવીર સ્વામીએ પડકારી. ઇ.સ. પૂ. ની છટ્ઠી સદીથી માંડીને ઇ.સ.ની છટ્ઠી સદી સુધીનો યુગ ગણાય છે. બૌદ્ધ જૈન શ્રમણ સંસ્કૃતિનો આ યુગ બૌદ્ધ-જૈન પરંપરાનો પ્રાબલ્ય યુગ છે.

માનવ દુઃખોના નિવારણ માટે તથાગત ગૌત્તમ બુદ્ધે દુઃખોના કારણ તથા ઉપાયો શોધ કરી. એમણે શોધ્યું કે ગરીબાઇ, રોગ, ઘડપણ, મરણ સ્વાર્થ, ક્રોધ વગેરેથી જીવન દુઃખપૂર્ણ બને છે તેમણે ચાર આર્ય સત્યોની વાત કરી કે દુઃખ છે, દુઃખનું કારણ છે, દુઃખકારણ નિવૃત્તિ સંભવ છે અને તૃષ્ણા ત્યજવાથી તે પ્રાપ્ત થાય છે. તૃષ્ણાથી મુકત થવા આર્ય અષ્ટાંગિક માર્ગનું અનુસરણ કરવું જોઇએ. બૌદ્ધધર્મ સમગ્ર ભારતમાં ફેલાયો. બૌદ્ધધર્મે વ્યકિતમાત્રને માટે 'નિર્વાણ' ના દ્વાર ખુલ્લાં કર્યા. સ્ત્રી પુરૂષ બન્નેને ધર્મ દિક્ષા આપીને ભિખ્ખુસંઘ અને ભિખ્ખુણી સંઘની રચના કરી. બ્રાહ્મણોના કર્મકાંડ અને શોષણથી ત્રાસેલા તમામ વર્ગોએ બુદ્ધનું શરણ સ્વીકાર્યું. ભગવાન મહાવીરે જૈનધર્મ શાસન સ્થાપ્યું. અનેક લોકોએ એમનો માર્ગ ગ્રહણ કર્યો. બુદ્ધ અને મહાવીરની શ્રમણ પરંપરાએ વૈદિક બ્રાહ્મણ પરંપરાની યજ્ઞ સંસ્કૃતિને જબરદસ્ત પડકાર આપ્યો હતો. નાત-જાતના કૃત્રિમ વિભાજનોને નિરર્થક ગણાવ્યા હતા. સ્ત્રીઓને સમતા અને નિર્વાણ તરફ પ્રેરી હતી. તથાગતે પોતાના પુત્ર, પત્નિ અને માતાને ધર્મની દિક્ષા આપી હતી. તથાગતના સમયકાળમાં આમ્રપાલી નામની સુંદર નગરવધૂ હતી. એની કૃપા દૃષ્ટિ મેળવવા અનેક રાજકુમારો, સરદારો, સેનાપતિઓ તલસતા. બુદ્ધના આગમનના સમાચાર સાંભળી આમ્રપાલી બુદ્ધની પાસે ગઇ. બુદ્ધના ચરણમાં બેઠી. બુદ્ધે સભામાં સંબોધન કર્યું. આમ્રપાલીએ બુદ્ધને જમવાનું આમંત્રણ આપ્યું. કોઇપણ પ્રકારના પૂર્વગ્રહ કે સંકોચવગર બુદ્ધે આમંત્રણ સ્વીકાર્યું. લિચ્છવીનેતાઓને આ વસ્તુસ્થિતિ ગમી નહોતી. બુદ્ધના ઉપદેશને કારણે આમ્રપાલીએ નગરવધૂનો વ્યવસાય છોડી પોતાની દાસીઓ સાથે ધમ્મદિક્ષા લઇ ભિખ્ખુણીસંઘમાં સ્થાન મેળવ્યું. બૌદ્ધ અને જૈનની શ્રમણ પરંપરાને કારણે સ્ત્રીઓની પ્રતિષ્ઠામાં વધારો થયો.

બૌદ્ધયુગમાં લગ્નો મોટે ભાગે બન્ને પક્ષના માતા-પિતાની ગોઠવણીથી થતાં. આમ છતાં સ્વયંવર અને ગાંધર્વ વિવાહ પણ તે યુગમાં અજાણ્યા નહોતા. સ્ત્રી હરણ કરીને સ્ત્રીઓ સાથે લગ્નો થવાનાં દૃષ્ટાંતો પણ આ યુગમાં હતા. પુરૂષોમાં બહુપત્નિત્વ પ્રથા પ્રચલિત હતી. બિંબીસાર રાજાને ૫૦૦ પત્નિઓ હતી એવો ઉલ્લેખ છે. તે સમયમાં દાસીપ્રથા હતી. દાસીઓ ઘરકામ કરતી. દળવું, ખાંડવું, ઘરગૃહસ્થીનો સામાન બજારમાંથી લાવવો ઇત્યાદિ કામ દાસીઓનું હતું. ભગવાન બુદ્ધે સંયુકત નિકાયમાં કહ્યું કે, 'પુત્રી બુદ્ધિમાન સદ્‌ગુણી, પતિવ્રતા અને સાસરીપક્ષને સંભાળે એવી હોય તો તે પુત્ર કરતાંય વધારે સારી ગણાય. એવી પુત્રી રાજ્ય પણ કરી શકે' મહારાણી અતુલા તથા આમંદપુત્રી શિવાલીના રાજ્યકર્તા તરીકેના નામ મહાવંશમાં સુપ્રસિધ્ધ છે.'

બૌદ્ધયુગમાં અનેક શિક્ષિત યુવતીઓના ઉલ્લેખો છે. થેરીગાથા સ્ત્રી ભિક્ષુણીઓએ રચેલો ગ્રંથ છે. જેમાં કેટલીય ગણિકાઓ હતી. શુકાનામની ભિખ્ખુણીની વાણીમાંથી મધ ઝરતું એવો ઉલ્લેખ છે. ક્ષેમા નામની વિદ્વાન નારીએ એક મહારાણીની શંકાઓનું સમાધાન કરેલું. ધમ્મદીના નામની ગૃહસ્થી નારીએ પોતાના પતિને કૂટ ફિલસુફી ભર્યા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા હતા. લતા નામની એક સાક્ષર સ્ત્રીની ભારે કિર્તી હતી. અશોકની પુત્રી સંઘમિત્રા એ ધમ્મદિક્ષા લઇ શ્રીલંકામાં બૌદ્ધધર્મનો પ્રચાર કર્યાની વિગતો સુપ્રસિધ્ધ છે. વિદ્વાન સ્ત્રીઓ અને ભિખ્ખુણીઓ-સાધ્વીઓના અનેક નામો શ્રમણ પરંપરાનાં ગ્રંથોમાં જોવા મળે છે.

ભગવાન બુદ્ધે પ્રાકૃત (પાલી) ભાષાનો ઉપયોગ કરી બ્રાહ્મણોએ સંસ્કૃત ભાષા દ્વારા પેદા કરેલા રહસ્યના જાળાં તોડી શોષણને સમાપ્ત કર્યું. જટિલ કર્મકાંડ અને હિંસકયજ્ઞો બંધ કરાવ્યા બ્રાહ્મણ ધર્મનો આડંબર તોડ્યો પરિણામે સામાન્ય જનતાથી માંડીને રાજ્ય પરિવારો સુધીના લોકો આ ક્રાન્તિકારી વિચારધારામાં દિક્ષિત થયા. ગણિકા જેવી સ્ત્રીઓથી માંડી રાજયકન્યાઓ અને રાજમાતાઓને સરખું માન આ પરંપરામાં મળ્યું.

મૌર્યયુગ બૌદ્ધ-જૈન કાળની સંસ્કૃતિનો સુવર્ણ યુગ ગણાય છે. મૂરા નામની દાસીનો પુત્ર ચંદ્રગુપ્ત હતો. તેના વંશને મૌર્યવંશ કહેવામાં આવે છે. આ સંસ્કૃતિએ સ્ત્રીનું, શૂદ્રોનું સન્માન કર્યું છે. આ યુગે મહાન સામ્રાજ્યો સ્થાપ્યા. બૃહદ ભારત વિકસાવ્યું. બૌદ્ધ-ધર્મ જગતધર્મ બન્યો.

**(ચ) ધર્મશાસ્ત્ર કાળ :** ઈ.સ. ૩જી શતાબ્દિથી માંડીને ૧૧મી સદી સુધીનો સમયગાળો.

ત્રીજી શતાબ્દિ પછી યાજ્ઞવલ્ક્ય સંહિતા, વિષ્ણુ સંહિતા અને પારાશર સંહિતાની રચના કરવામાં આવી. જેમાં વેદોના અગાઉના નિયમોનો સંપૂર્ણપણે ઈન્કાર કરી દેવામાં આવ્યો. આ સમયગાળામાં 'મનુસ્મૃતિ' ની રચના કરવામાં આવી. મનુસ્મૃતિને જ સામાજિક વ્યવહારની કસોટી માની લેવામાં આવી. બધાજ સામાજિક વિવાદોના નિર્ણયો મનુસ્મૃતિને આધારે કરવામાં આવતા. આ સમયગાળો સામાજિક અને ધાર્મિક સંકીર્ણતાનો યુગ હતો. સમાજ વિવિધ વાડાઓમાં વિભાજીત થઇ ગયો અને બ્રાહ્મણોની સર્વોચ્ચતા ચરમકક્ષાએ પહોંચી.

આ સમયગાળામાં સ્ત્રીઓ ગૃહલક્ષ્મી અને સન્માનના મોભા પરથી પતિત થઇ અને 'યાચિકા' ના સ્તરે આવી ગઇ. 'માતા' ના પૂજ્ય સ્થાને રહેલી મહિલા 'સેવિકા' બની ગઇ. જીવન અને શકિતની દાતા દેવી નિર્બળતા અને અબળા ગણાવા માંડી. ડૉ. લવાનિયાનું કથન છે કે, 'સ્ત્રી જે એક સમયે પોતાના પ્રબળ વ્યકિતત્વના બળે સાહિત્ય અને સમાજના આદર્શોને પ્રભાવિત કરતી હતી, આ સમયકાળમાં ધીમે ધીમે પરતંત્ર, પરાધીન, નિઃસહાય અને નિર્બળ બનવા માંડી હતી.'

આ યુગમાં સ્ત્રીને એવો વિશ્વાસ અપાયો કે એને માટે પતિ જ દેવતા અને સર્વસ્વ છે. એના જીવનનો એકમાત્ર સંસ્કાર લગ્ન છે. અને પૌરાણિક કથા-વાર્તાઓની રચના કરીને આ વિચારોને દઢકતમ બનાવવાનો પ્રયાસ થયો. અનેક આખ્યાનો રચવામાં આવ્યા. અને સ્ત્રીને પરાધીન બનાવવા એના રચયિતાઓને ઈશ્વરની કક્ષાએ મૂક્યા. કેટલાકને તો ઈશ્વરે જ રચ્યા છે એવું પ્રતિપાદિત કરવામાં આવ્યું.

આ સમયનો મહત્વનો ગ્રંથ 'મનુસ્મૃતિ' છે. આર્યોના સામાજિક જીવનના કાયદાઓની રચના કરનાર મનુ મહારાજને ભગવાન ગણવામાં આવ્યા છે. મનુસ્મૃતિમાં વૈદિકઆર્ય-ધર્મ (અત્યારનો હિંદુધર્મ)નાં મૂળ સિધ્ધાંતોને વ્યવહારિકરૂપ આપવા આ કાયદા ઘડવામાં આવ્યા છે. આ સ્મૃતિમાં સમાજના તમામ વર્ગોને માટે અલગ-અલગ આચાર, વિચાર, તપ, ધર્મ, નીતિ અને સંસ્કારનું નવું સર્જન કરવામાં આવ્યું છે.

મનુસ્મૃતિ અન્યાય આધારિત સમાજ વ્યવસ્થાનું સમર્થન કરે છે કારણ કે એમાં સ્ત્રીઓ અને શૂદ્રો પર કડક પ્રતિબંધો મૂક્યા છે. જયારે બ્રાહ્મણને સર્વોચ્ચ અને અન્ય જેમ કે ક્ષત્રિય અને વૈશ્યને ઉતરતા અધિકારો આપવામાં આવ્યા છે. હિંદુધર્મ અને હિંદુસમાજ વ્યવસ્થાને દઢ બનાવવાનો પ્રયાસ આ સ્મૃતિમાં કરવામાં આવ્યો છે એવું કેટલાક વિચારકોનું માનવું છે. જીવનના શરૂઆતના જાહેર જીવનના વર્ષોમાં ખુદ મહાત્મા ગાંધીજીએ મનુસ્મૃતિની વર્ણવ્યવસ્થાનું સમર્થન કર્યું હતું.

કેટલાક ઉદ્દામવાદી વિચારકોનું સ્પષ્ટ મંતવ્ય છે કે, 'મનુસ્મૃતિ આધારિત સમાજ વ્યવસ્થામાં જ શૂદ્રો અને સ્ત્રીઓના પતનના બીજ વાવવામાં આવ્યા છે અને છિન્ન વિછિન્ન જાતિ આધારિત હિંદુ સમાજની દુર્ગતિ માટે મનુસ્મૃતિ જવાબદાર છે.'

સ્ત્રીઓ અંગે મનુ મહારાજે જે વિધાનો કર્યા તે થોડાક નોંધી લઇએ.

(૧) સ્ત્રીએ બચપણમાં પિતાને આધીન, યૌવનાવસ્થામાં પતિને આધીન અને પતિના અવસાન પછી પુત્રોને આધીન રહે. તે કયારેય સ્વતંત્ર રહેવી ન જોઇએ. (૫-૧૪૮)

(૨) પુરૂષોએ પોતાની સ્ત્રીઓને કયારેય સ્વતંત્રતા આપવી ન જોઇએ. સ્ત્રીઓરૂપ-રસ ઈત્યાદિમાં આસકત હોય તો પણ એને વશમાં રાખવી જોઇએ. (૯-૨)
સ્ત્રીઓને પુરૂષોની સરખામણીમાં હીન રાખવા માટે મનુસ્મૃતિમાં જે અનેક વ્યવસ્થાઓ કરી છે તે ઉડતી નજરે જોઇએ.

(૩) ધર્મશાસ્ત્રોની વ્યવસ્થા અનુસાર સ્ત્રીઓની વૈદિક સંસ્કાર વિવાહવિધિ છે. સ્ત્રીઓ માટે પતિ સેવા જ ગુરુ સેવા છે. ગૃહસ્થનું કાર્ય એ જ નિત્ય હવન છે. (૨-૬૭)

(૪) પતિ જો દુરાચારી હોય અથવા પરસ્ત્રીને પ્રેમ કરનારો હોય અથવા વિદ્યા વગેરે ગુણો રહિત હોય તો પણ સ્ત્રીએ સાધ્વીની જેમ રહીને સદાય તેને દેવતા માની પતિની સેવા કરવી જોઇએ.

(૫) બાલિકા હોય, અથવા યુવાવસ્થાવાળી હોય કે વૃદ્ધ હોય તો પણ સ્ત્રીએ સ્વતંત્રતાપૂર્વક ઘરનું કોઇ કામ કરવું જોઇએ નહીં મનુસ્મૃતિ વિધવા વિવાહના સખત વિરોધી છે. નારીની મૂકપશુ ગણીને એમણે વિધાન કર્યું છે કે,

(૬) જો પતિ બીજો વિવાહ કરી લે તો પણ પત્નિએ કંઇજ બોલવું જોઇએ નહીં. જો તે બોલે અથવા ભાગવા પ્રયાસ કરે તો એને ઘરમાં બંધ કરી દેવી જોઇએ. અથવા એના બાપને ઘેર મોકલી દેવી જોઇએ. (૭-૧૦)

(૭) જો સ્ત્રી પોતાના બાપ દાદાના ધન અને રૂપ-ગુણનું અભિમાન કરે અને પારકા પુરૂષ સાથે શયન કરે, પતિનો નિરાદર કરે તો રાજાએ લોકોના સમુહ વચ્ચે તે સ્ત્રીને કૂતરાઓ દ્વારા ફાડી ખવડાવવી જોઇએ. (૮-૩૭૧)

આ પ્રકારના સેંકડો ઉદાહરણો મનુસ્મૃતિમાં જોવા મળે છે. અહીં તે બધા લખવા માટેનો અવકાશ નથી, પણ સ્ત્રી-શૂદ્રોને અધિકાર વિહિન કરવામાં મનુસ્મૃતિનો સૌથી મોટો ફાળો છે અને એટલે તો ડૉ. આંબેડકરે ૨૫, ૨૬ ડિસેમ્બર, ૧૯૨૭ના દિવસે મનુસ્મૃતિનું સાર્વજનિક રીતે દહન કરીને ઐતિહાસિક કાર્ય કરેલું. આ અંગે ડૉ. આંબેડકરે કહેલું કે,

> *"હિંદુ સમાજ વ્યવસ્થાને મનુસ્મૃતિના નક્કર પાયા પર ઉભી કરવામાં આવી છે. તે હિંદુધર્મ ગ્રંથોનો અંશ છે. એટલે તમામ હિંદુઓ માટે પવિત્ર છે. પવિત્ર હોવાને લીધે તે અકાટ્ય અને અજેય છે. દરેક હિંદુ એને પવિત્ર માને છે. અને એના આદેશોનું પાલન કરે છે. મનુ માત્ર જાતિ અને અસ્પૃશ્યતાનું જ સમર્થન કરતા નથી પણ એને કાયદેસરતાની ધાર્મિક માન્યતા પણ આપે છે."*
>
> *મનુસ્મૃતિને ભસ્મ કરવાનું કાર્ય અસીમ સાહસ માગી લે તેવું છે. એક અર્થમાં હિંદુ-ધર્મના ગઢ પર આક્રમણ કરવા જેવી બાબત છે. મનુસ્મૃતિમાં અસમાનતા અને શોષણની ભાવના ભરેલી છે. એમાં હિંદુ સામાજિક જીવનશૈલી તથા વિચારધારાનો એવો જ આધાર છે. જેવો પ્રકાર ફ્રાન્સમાં 'બેસિલે' માં પ્રાચીન શાસન-વ્યવસ્થાની ભાવનાનું પ્રતિક હતું. ૧૯૨૭માં મહાડ ખાતે અસ્પૃશ્યો દ્વારા કરવામાં આવેલ મનુસ્મૃતિનું દહનનું અસ્પૃશ્ય મુકિતના ઈતિહાસમાં એવું જ ભવ્ય સ્થાન છે જેવું ફ્રાન્સ અને યુરોપની જનમુક્તિના ઈતિહાસમાં "બેસિલ"ના પતનનું હતું."*

મનુસ્મૃતિએ સ્ત્રીઓ અને શૂદ્રોના પતનમાં આધારભૂત ફાળો આપ્યો છે. મનુસ્મૃતિ પછી સ્ત્રીઓ માનવ ન રહી પણ વસ્તુ (THING) બની ગઇ અને પુરૂષ જેનો પોતાની ઇચ્છાનુસાર ઉપયોગ કરવા સ્વતંત્ર બની ગયો. આજના નફફટ મૂડીવાદે ફરીથી એકવાર સ્ત્રીને વેચાણની વસ્તુ બનાવી મૂકી છે.

મનુસ્મૃતિના જેવી જ વિચારધારા બ્રહ્મવૈવર્ત, પદ્મપુરાણ, ભગવદ્ પુરાણ, જૈમનીય બ્રાહ્મણ, શતપથ બ્રાહ્મણ વેદાંત અને છેક કૌટિલ્યના અર્થશાસ્ત્ર સુધી પુનરાવર્તીત થતી રહી છે.

આપણાં રામાયણ અને મહાભારત જેવા અદ્‌ભૂત ગ્રંથો આ યુગમાં રચાયા. રામાયણ અંગે આપણાં જાણીતા સંશોધક હસમુખ ધીરજલાલ સાંકળીયા ચિકિત્સક દૃષ્ટિકોણથી રામાયણનો રચનાકાળ ઈ.સ. ૪૭૮નો જણાવે છે.

અત્યારે ઉપલબ્ધ ૧૮ પુરાણો આ યુગમાં લખાયા. શિવ પુરાણ અને દેવી ભાગવત જેવી રચનાઓ પણ આ યુગની છે. દાસ, દાસીઓ, ગણિકાઓ, બહુપતિત્વ, સતીપ્રથા બહુ પત્નિત્વ, શિશ્નપૂજન, વગેરે આ યુગમાં જોવા મળે છે.

**(છ) મધ્યકાળ :**

૧૧મી શતાબ્દિથી માંડીને ૧૮મી સદી સુધીના સમયગાળાને આપણે મધ્યકાળમાં મૂકી શકીએ.

મધ્યકાળમાં સ્ત્રીઓની સ્થિતિ ઘણી જ ખરાબ થવા માંડી. હિંદમાં એક અન્ય સંસ્કૃતિનું આગમન થઇ ચૂક્યું હતું. મહંમદ ઘોરીની ચડાઇઓ તથા મુસ્લિમશાસન દરમ્યાન સ્ત્રીઓની સામાજિક સ્થિતિ બદ્તર બનવા માંડી. બૌદ્ધમઠોની કેળવણી અને ભિક્ષુણીઓની સંસ્થાનો અંત આવી ગયો હતો. સતીપ્રથાનો રિવાજ વધારે સખત બન્યો. રજપૂત જાતિઓમાં પતિ પાછળ સ્ત્રીઓ સતી બનવા માંડી. કાલિદાસ, ભાસ અને બાણની રચનાઓથી પરથી જણાય છે કે આ રિવાજ ઈ.સ. ૧૦૦૦ના અરસામાં બ્રાહ્મણ જ્ઞાતિમાં પણ શરૂ થયો. રજપૂતાણીઓ પતિની હાર અને મૃત્યુને લીધે સામુહિક આત્મહત્યા કરી લેતી. આ સમયગાળામાં કેટલીક વીરસ્ત્રીઓ પણ પેદા થઈ. ૧૩માં સૈકામાં રઝિયા બેગમે રાજ્ય કર્યું હતું. ચાંદબીબી પુરૂષ વેશમાં અકબરના લશ્કર સામે અહમદનગરના કિલ્લામાં રહીને લડી હતી. ઔરંગઝેબના સમયમાં તારાબાઇ વીરાંગના હતી. અહલ્યાબાઇ હોલ્કરે ઈ.સ. ૧૭૬૯-૧૭૯૫માં અનેક મુશ્કેલીઓનો સામનો કરી કુશળતાથી રાજ્યકારભાર સંભાળ્યો હતો. ઔરંગઝેબના સમયમાં રોશનઆરા અને ઝેબુનિસ્સાએ કાવ્ય રચના કરી હતી. શિવાજીની માતા જીજાબાઇ એક ઉદાત્ત બહાદૂર મહિલા હતી. કુમારી કન્યાઓના અપહરણ થતાં એટલે બાળલગ્નોનો રિવાજ શરૂ થયો. મિલકતના વારસામાં સ્ત્રીઓને હક્ક મળતો નહીં. હિંદુ અવિભકત પરિવારમાં સ્ત્રી કામકાજ સંભાળતી. બાળકોની કેળવણીમાં સ્ત્રી ઉપયોગી બનતી પણ મોટાભાગની મહિલાઓ શિક્ષણથી વંચિત હતી. કેરળના નાંબુદ્રિ બ્રાહ્મણો નાયરોની કન્યાઓ સાથે 'સંબંધમ્' નામના લગ્ન કરતા પણ પેદા થયેલ પુત્ર-પુત્રીને પોતાનાં બાળકો માનતા નહીં. વિધવાઓ માટે અનેક કોમોમાં પુર્નલગ્ન પર પ્રતિબંધ મૂકાયો હતો. વિધવાઓને માથે મુંડન કરાવવું પડતું. પરદાપ્રથા અને ઘુંઘટ પ્રથા અસ્તિત્વમાં આવી. આ યુગમાં ગણિકાઓનો એક આખો સમાજ પેદા થયો. બહુપત્નિત્વ (Polygamy) અને બાળવિવાહ (Child marriage) જેવી કુરીતિયો વધી. સ્ત્રીઓની સ્વતંત્રતા પર વિવિધ પ્રકારના પ્રતિબંધો મૂકવામાં આવ્યા. જાતિપ્રથા એ વરવું સ્વરૂપ ધારણ કર્યું. સમાજમાં સંકીર્ણતા પ્રવેશી અને સામાજિક નિયમોના ઉલ્લંઘન બદલ કઠોર સજા કરવાનું ચલણ વધ્યું. પતિવ્રતાના આદર્શ પર વિશેષ જોર આપવામાં આવ્યું. જેમ જેમ સ્ત્રી સમાજ રૂઢિઓમાં બંધાતો ગયો તેમ તેમ સામાજિક ગતિશીલતા મંદ પડતી ગઈ. ભકિત સંપ્રદાય શરૂ થયો. સમાજમાં સ્ત્રીનું પોતાનું કોઈ વ્યકિતત્વ ન રહ્યું. સામાજિક અધિકારો પણ ધીરે ધીરે ઝૂંટવાઇ ગયા. પરાધીન જીવન સાથે પરાધીન માનસ ઉભું થયું.

**(જ) બ્રિટીશ શાસન કાળ :**

ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાન્તિનો પ્રારંભ થયો તેની ભારે અસર ઈંગ્લેન્ડના સમાજ જીવન પર પડી. ઔદ્યોગિક ક્રાન્તિને પગલે યુરોપની વિવિધ પ્રજાઓને જગતભરમાં પોતાના સંસ્થાનો ઉભા કરવાની ફરજ પડી અને વિવિધ દેશો વચ્ચે હરિફાઇ શરૂ થઇ. ઇ.સ. ૧૬૦૦ના ડિસેમ્બર માસમાં રાણી એલીઝાબેથે ઇસ્ટ ઇન્ડિયા કંપનીને વ્યાપાર અર્થે શાહી અધિકારપત્ર (રોયલ ચાર્ટર) આપ્યો. અંગ્રેજો ભારતમાં આવ્યા અને પહેલી કોઠી સુરતમાં ઇ.સ. ૧૬૧૩માં સ્થાપી. ત્યારપછી દેશના વિવિધ ભાગોમાં એમણે પોતાની કોઠીઓ ઉભી કરી. વ્યાપારને બહાને પગ પહોળા કરવા માંડ્યા.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ અનેક ખટપટો અને ગેરકાનૂની કામો કરી પોતાના વ્યાપારના વિસ્તાર કર્યો અને દેશી સમાજની કમજોરીઓ પારખી કાવાદાવા કરીને ભારતમાં કેટલાક પ્રદેશો પચાવી પાડયા. દેશી રાજાઓ સાથે ઘર્ષણ થતાં પ્લાસીના યુદ્ધ પછી અંગ્રેજોની મહત્વાકાંક્ષા વધારે વિસ્તારો પર કબજો જમાવવા પેદા થઇ. ઇ.સ. ૧૮૧૭માં મરાઠાઓ સાથેના અંતિમ યુદ્ધમાં અંગ્રેજોનો વિજય થયો અને સામ્રાજ્યવાદી ભૂખ વધતી ગઇ. ભારતના દેશી રાજા-રજવાડાઓને આ સ્થિતિ જરાય રુચતી નહોતી. ૧૮૫૭માં સૈનિક વિદ્રોહ થયો કેટલાક લોકો એને ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ ગણાવે છે. ઇ.સ. ૧૮૫૮માં 'ધી એકટ ફોર ગુડ ગવન્મેંટ ઓફ ઇન્ડિયા' કાનૂન હેઠળ બ્રિટીશ તાજને નામે હિંદમાં નવું રાજ્યતંત્ર સ્થાપવામાં આવ્યું.

જે વખતે ભારતમાં અંગ્રેજી શાસન સ્થપાયું ત્યારે ભારતીય સામાજિક વ્યવસ્થા સામે એક તદ્દન નવો પડકાર ઉભો થયો. આ વિદેશી સંસ્કૃતિ હતી. ભારતીયોએ ૧૮મી સદીના અંતિમ વર્ષોમાં સમાજ સુધારાના અનેક પ્રયાસો આરંભ્યા. જો કે વિદેશી સરકારને સામાજિક પરિવર્તનને બદલે પોતાની સત્તા સામે લોક વિરોધ ઉભો ન થાય એવી કાળજી રાખીને શક્ય હોય એટલા જ સામાજિક સુધારા કરવાનું વલણ અખત્યાર કર્યું. આ શાસને ગૃહ ઉદ્યોગો તોડ્યા. આર્થિક મુશ્કેલીઓ ઉભી કરી જેની સીધી અસર ગામડાના પરિવારો પર પડી. વહીવટ માટે અંગ્રેજી શિક્ષણ દાખલ કર્યું પરિણામે ઇ.સ. ૧૯૭૮માં મહિલાઓ વિશ્વ વિદ્યાલયની કેળવણી લેતી થઇ. સ્ત્રીઓના હક્કો માટે અખિલ હિંદ મહિલા મંડળ સ્થપાયું. સ્ત્રી સ્વાતંત્ર્ય સ્ત્રી કેળવણી, મતાધિકાર, દારૂબંધીના આંદોલનો આ સમયગાળામાં વિવિધ સ્તરે શરૂ થયાં.

રાજા રામમોહનરાય, મહાદેવ ગોવિંદ રાનડે. સ્વામી દયાનંદ સરસ્વતી, મહર્ષિ કર્વે મહાત્મા ગાંધી સહિત અનેક સુધારકોએ વિધવા પુર્નવિવાહ, સ્ત્રી કેળવણી, બાળ લગ્ન પર પ્રતિબંધ સહિત અનેક સુધારકોએ વિધવા પુર્નવિવાહ, સ્ત્રી કેળવણી, બાળ લગ્ન પર પ્રતિબંધ, સતીપ્રથાની સમાપ્તિ વિરૂદ્ધ લોકમત જાગૃત કરી સરકારને કાયદા ઘડવાની ફરજ પાડી. આ સમયગાળામાં મહાત્મા જ્યોતિબા ફૂલે, શિવરામ જાનબા કાંબળે, મહર્ષિ વિઠ્ઠલરામજી શિંદે વગેરેએ નિમ્નવર્ગની સ્ત્રીઓના ઉત્થાન માટેની નોંધપાત્ર પ્રવૃત્તિ શરૂ કરીને એક નવો ઇતિહાસ રચ્યો. (આ બધી બાબતોને વિસ્તારથી અગાઉના પ્રકરણોમાં અને ડૉ. આંબેડકરનું આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજનૈતિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ચિંતનમાં સમાવેશ કર્યો હોવાથી અહીં તેનું પુનરાવર્તન ન થાય તે માટે સંક્ષેપમાં રજૂ કરી છે.)

**૧૯મી અને ૨૦મી સદી તીવ્ર પરિવર્તનની સદી છે તેથી**
**બે સદીઓની ટૂંક વિગત નોંધી લઇએ**
**સ્ત્રીઓના સામાજિક જીવનની એક સદીમાં થયેલ પરિવર્તના**
**કેટલાક ઐતિહાસિક સીમા સ્તંભો : ઇ.સ. ૧૮૫૦ થી ૧૯૪૯**

૧૮૫૦ સરકાર દ્વારા કન્યાઓ માટે કન્યાશાળાની શરૂઆત ૧૮૪૬માં થયા પછી હરકુંવર શેઠાણીની સહાયથી ગુજરાતમાં કન્યાશાળાની શરૂ કરવામાં આવી. આ કાર્ય કરવા માટે કવિ દલપતરામે ભારે જહેમત કરી.

૧૮૫૦ સ્ત્રી ઉત્થાન અને કેળવણીને લક્ષ્યમાં રાખી 'સ્ત્રીબોધ' જેવું વર્તમાનપત્ર મુંબઇથી પ્રસિદ્ધ થયું. જેમાં સુધારક વિચારસરણીની હિમાયત કરવામાં આવતી. 'મુમબઇનાં સમાચાર (૧૮૨૨) હાલનું મુંબઇ સમાચાર પહેલું ગુજરાતી વર્તમાન પત્ર હતું.' કુલ પાંચ ગુજરાતી વર્તમાન પત્રોમાં જામે જમશેદ, રાસ્તા ગોફતાર (સત્યશોધક) ની સાથે 'સ્ત્રીબોધ' વર્તમાનપત્ર નીકળ્યું જે નોંધપાત્ર ઘટના ગણાય.

૧૮૫૦ ઓગણીસમી સદીનું મધ્યાહ્ન એટલે ''સતીપ્રથા'' દુધ પીતીની અમાનુષી પ્રથા, કન્યા કેળવણીનો અભાવ, જાતિ પ્રથા, સ્ત્રીઓનું શોષણ, અત્યાચાર, લગ્નો પાછળ લખલુંટ ખર્ચ, પ્રેતભોજન, પુત્ર પ્રાપ્તિ માટે દોરા ધાગા અને જંતર-મંતર, ધર્મગુરૂઓની વિષય લોલુપતા અને દુરાચરણનો યુગ ગણી શકાય.

૧૮૫૨ માત્ર ૨૫ વર્ષની ઉંમરે મહાત્મા જ્યોતિબા ફૂલેનું બ્રિટીશ સરકારે ''ભારતીય નારીના મુકિતદાતા'' તરીકે જાહેર સન્માન કર્યુ.

૧૮૫૩ મુંબઇની જ્ઞાન પ્રસારક મંડળીએ 'વિધવા વિવાહ' વિષય પર નિબંધ હરિફાઇ યોજી તેમાં કવિ દલપતરામને નિબંધ 'પુનર્વિવાહ પ્રબંધ' બદલ પ્રથમ ઇનામ મળ્યું. ૧૮૫૬માં આ નિબંધનું પ્રકાશન કરવામાં આવ્યું.

૧૮૫૩ સર જમશેદજીએ નવસારીમાં પારસી મહિલાઓ માટે કન્યાશાળા શરૂ કરી ત્યારે મા-બાપોએ અણગમો બતાવ્યો હતો. એક છોકરીએ લખવા વાંચવાની કેળવણી લીધી અને ઘેર બેઠી. એના ઘરમાં જુવાનનું મૃત્યું થયું એટલે વૃદ્ધસ્ત્રીઓને કેળવણીનો વહેમ થયો હતો.

૧૮૫૩ મુંબઇ તેમજ ગુજરાતમાં વિધવા પુર્નલગ્નનો પ્રશ્ન ઉપલીવર્ણોના સમાજસુધારકો સતત ચર્ચતા રહેતા હતા અને એલ્ફીસ્ટંટ ઇન્સ્ટીટયુટના એક પારસી સભ્યે ''ઇનામી નિબંધ'' માટેની જાહેરાત છપાવી. વિધવા પુર્નલગ્ન અંગે સારા નિબંધને રૂા. ૧૫૦/-નું ઇનામ જાહેર કર્યુ.

૧૮૫૪ બ્રાહ્મણ પરંપરાથી અલગ રીતે સાવિત્રીબાઇ ફૂલેએ શિક્ષક તરીકે તથા સમાજસેવિકા તરીકે જ નહીં પણ બુદ્ધિમાન લેખિકા તરીકે પણ યોગદાન આપ્યું હતું. એમનું ''કાવ્ય ફૂલે'' નામનું કવિતા સંગ્રહ ૧૮૫૪માં પ્રસિદ્ધ થયો.

૧૮૫૫ પારસી જુવાન કે ખુશરો નવરોજજી કાબરાએ સમાજ સુધારક કરશનદાસ મૂળજી સામે વૈષ્ણવ મહંત જદુનાથ મહારાજે કરેલા બદનક્ષી કેસ વખતે 'સ્ત્રીબોધ' માસિકમાં મોટી ઝુંબેશ ચલાવી હતી. એમણે સ્ત્રી શિક્ષણ, બાળલગ્ન નાબુદી, વિધવા વિવાહ, મુસ્લીમ સ્ત્રીઓની પડદા પ્રથા વગેરે અંગે લખાણો પ્રસિદ્ધ કરી કરશનદાસને કેસ જીતવામાં સારી મદદ કરી હતી.

૧૮૫૫ કન્યા કેળવણીને ઉત્તેજન આપવાના હેતુથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ઉપક્રમે ગુજરાતમાં કન્યાશાળાઓ સ્થાપવામાં આવી.

૧૮૫૫ મુંબઇ ખાતે ભુલેશ્વરમાં છપ્પનભોગ પ્રસંગે વૈષ્ણવ અને શૈવસંપ્રદાય વિરૂદ્ધ 'સત્યપ્રકાશ' માં લેખ લખી કરશનદાસ મૂળજીએ મોટી આંધી સર્જી હતી. આથી પર સ્ત્રી ગમન કરનાર વૈષ્ણવ મહંત જદુનાથ મહારાજે કરશનદાસ ઉપર બદનક્ષીનો દાવો માંડ્યો જે 'મહારાજ લાયબલ કેસ' તરીકે પ્રખ્યાત છે. આ કેસમાં કરશનદાસનો વિજય થયેલો.

૧૮૫૬ કરશનદાસ મૂળજી, કવિ નર્મદ તેમજ ગુજરાતના ઉપલીવર્ણોના સમાજ સુધારકો વિધવા પુર્નલગ્નને બહાલી આપતા હતા તેથી સરકારે ઇ.સ. ૧૮૫૬માં વિધવા પુર્નલગ્નનો કાયદો પસાર કર્યો. જો કે લોકમત વિધવા વિવાહની તરફેણમાં કેળવાયો નહોતો.

૧૮૫૬ શ્રી ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે ઉપલી વર્ણોની વિધવાઓ માટે ''વિધવા વિવાહ'' અને સામાજિક ચેતના પેદા થાય તે માટે પ્રચાર શરૂ કર્યો અને સરકાર ઉપર દબાણ કરીને ''વિધવા વિવાહ અધિનિયમ ૧૮૫૬'' પસાર કરાવ્યો. ત્યાર પછી પહેલવહેલો વિધવા વિવાહ હિન્દુ સમાજની ઉપલીવર્ણોમાં થયો.

૧૮૫૭ યુ.એસ.એ. માં ૮મી માર્ચ ૧૮૫૭ના દિવસે સિવણ ઉદ્યોગ અને વસ્ત્ર ઉદ્યોગમાં કામકાજ કરતી મહિલાઓને પુરૂષોની જેમ (૧) સમાનવેતન મળે. (૨) ૧૦ કલાકથી વધારે કામ લેવામા ન આવે. એવી માગણી સાથે હડતાળ પાડી. આ દિવસને વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.

૧૮૫૭ પારસી સ્ત્રી કેળવણીની બીજી સંસ્થા શરૂ થઇ જેને ''બાઇ નવાજબાઇ તાતા-નવસારી જરથોસ્તી છોકરીઓની નિશાળ'' એવું નામ આપવામાં આવ્યું એમાં અંગ્રેજી કેળવણી સાથે કન્યાને ઉપયોગી નીવડે એવી તમામ કેળવણી આપવામાં આવતી હતી.

૧૮૫૭ ભારતમાં અંગ્રેજો વિરૂદ્ધ ૧૮૫૭નો બળવો થયો. એ જ ગાળામાં બંગાળમાં કલકત્તા યુનિવર્સીટીની સ્થાપના થઇ અને ૧૮૮૨માં પહેલીવાર મહિલાઓ ગ્રેજ્યુએટ બનીને બહાર આવી.

૧૮૬૦ જ્યોતિબાએ ફૂલેએ પૂનાના ગોખલે બાગમાં શૈનવી બ્રાહ્મણ વિધવા યુવતીનું લગ્ન એજ જાતિના એક વિધુર સાથે કરાવ્યું. આ ક્રાન્તિકારી કદમથી બ્રાહ્મણો ઉશ્કેરાયા અને એમણે જ્યોતિબાનો ભારે વિરોધ કર્યો.

૧૮૬૦ ઓક્ટોબર ૨૧ના સત્યપ્રકાશનના અંકમાં સામાજિક ક્રાન્તિકાર કરશનદાસ મૂળજીએ જૂની બોલાતી ગુજરાતી ભાષામાં એવો પ્રશ્ન વૈષ્ણવ આચાર્યોને પૂછેલો કે ''અમો જદુનાથ મહારાજને પૂછીએ છીએ કે કયા વેદમાં, કયા પુરાણોમાં, કયા શાસ્ત્રમાં કે કઇ સ્મૃતિમાં એવું લખ્યું છે કે પોતાની પરણેલી સ્ત્રીને ભોગવ્યા પહેલાં મહારાજને અથવા તો ધર્મગુરૂને સોંપવી?

૧૮૬૦ સુરતમાં એક કન્યાશાળાની સ્થાપના કરવામાં આવી.

૧૮૬૦ ''સ્ત્રીબોધ'' સામાયિકની મુંબઇમાં સ્થાપના કરવામાં આવી. આ જ વર્ષમાં ''વિધવાની અરજી'' સામાયિકનો કરસનદાસ મૂળજીએ પ્રારંભ કરાવ્યો.

૧૮૬૧ ''બાળવિવાહ'' અંગે અનેક સુધારકોએ પોતાના વિચારો જાહેરમાં રજુ કરવા માંડ્યા. ૧૮૬૧ના ઇન્ડિયન પીનલકોડમાં દસ વર્ષથી ઓછી ઉંમરની કન્યા સાથે સંભોગ કરનારને ''બળાત્કારનો ગુન્હો'' ગણવામાં આવ્યો.

૧૮૬૧ ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેએ મહારાષ્ટ્રમાં ''વિધવા વિવાહ'' સભાની સ્થાપના કરી.

૧૮૬૧ કવિ નર્મદ અને સમાજ સુધારક શ્રી કરશનદાસે મુંબઇમાં વિધવા પુર્નલગ્ન કરાવેલું પણ તે નિષ્ફળ ગયું.

૧૮૬૪ કવિ નર્મદે 'હિન્દુઓની પડતી' નામના કાવ્યમાં રૂઢિ અને વહેમોનું જડમૂડથી ખંડન જેવા સમાજ સુધારણાના વિષયો તથા સ્ત્રીઓને લગતી બાબતો વણી લઇને ઝુંબેશ ઉપાડી. ૧૮મી સદીના અંત સુધીમાં ગુજરાતમાં નિબંધ સાહિત્ય સર્જાયું જેમાં કેટલાક પ્રગતિશીલ લેખકોએ નાત સુધારો, કન્યા વ્યવહાર, નારી શિક્ષણ, બાળ લગ્ન, પુર્નલગ્ન વિવાહ નિબંધ, કજોડા દુઃખદર્શન, સાસુ-વહુની લડાઇ, વૈધવ્ય ચિત્ર, રોવાફૂટવાની ધોલાઇ વગેરે વિષયો પર નિબંધો લખ્યા.

૧૮૬૫ પારસી લગ્ન અને લગ્ન વિચ્છેદ ધારો સરકારે ઘડ્યો અને બહુપત્નિત્વને ગેરકાનુની ઠરાવવામાં આવ્યું. પ્રથમ પત્નિથી છુટાછેડા લીધા સિવાય પુરૂષ જો બીજું લગ્ન કરે તો તેને સાત વર્ષની સજાની જોગવાઇ કાયદામાં કરવામાં આવી. આજ વર્ષે 'પારસી વારસા હક્ક ધારો' પસાર કરવામાં આવ્યો.

૧૮૬૫ ૧૮૬૫માં મુંબઇમાં વિધવા પુર્નવિવાહ ઉત્તેજક સભાની સ્થાપના થઇ.

૧૮૬૫ સર કુરેના પ્રખ્યાતગ્રંથ ''ફીમેલ એજ્યુકેશન''નું ભાષાંતર ગુજરાતીમાં છાપવામાં આવ્યું.

૧૮૬૬ વિધવાઓ ઉપર ખાનગીમાં થતા જાતિય દુર્વ્યવહારના કિસ્સાઓ ઉપલીવર્ણોમાં દેખાવા માંડ્યા હતા. આથી વિષ્ણુ શાસ્ત્રી પંડિતે વિધવા વિવાહને ઉત્તેજન આપવા માટે મહારાષ્ટ્રમાં એક સંસ્થા ઊભી કરી.

૧૮૬૭ સમાજ સુધારક કરશન મૂળજીની સહાયથી ગુજરાતમાં પહેલ વહેલું પુનર્લગ્ન સવર્ણ ગણાતી જ્ઞાતિમાં કપોળવણીકની બાળ વિધવા ધનકોરબા અને માધવદાસ રઘુનાથ નામના વૃદ્ધે કર્યું. આ લગ્નની બ્રાહ્મણોએ ખૂબજ નિંદા કરી હતી.

૧૮૬૮ અમદાવાદમાં ''પુર્નલગ્ન એસોસીએશન'' સ્થપાયું.

૧૮૬૯ સંયુક્ત રાજ્ય અમેરિકામાં ''રાષ્ટ્રીય મહિલા મતાધિકાર સંગઠનની સ્થાપના કરવામાં આવી.'' પુરૂષ પ્રધાન સમાજમાં આ ઘટના મહત્વની ગણી શકાય.

૧૮૬૯ હિંદુ સમાજની નવજાત કન્યાઓની હત્યા રોકવા માટે પાટડી દરબાર (સૌરાષ્ટ્ર) જોરાવરસીંગે કણબી જ્ઞાતિના સમુદાયને એકઠો કરી દુધ પીતીનો રિવાજ અટકાવવા પ્રયાસ કર્યો.

૧૮૬૯ કવિ નર્મદે સમાજમાં દાખલો બેસાડવા માટે નર્મદાગૌરી નામની વિધવા સાથે પુનર્લગ્ન કર્યું. એને કારણે એમને બ્રાહ્મણોએ નાત બહાર મૂક્યા. નર્મદ અકળાયા નહીં. ધીરે-ધીરે વિરોધ શમ્યો. અને જનમત કેળવાયો.

૧૮૬૯ ભારતીય છુટાછેડા અધિનિયમ (ઇન્ડિયન ડાયવોર્સ એક્ટ) હેઠળ અગાઉની પત્ની કે પતિ જીવીત હોય તો તેનાથી આ કાયદા હેઠળ છુટાછેડા લઇ શકાય નહીં એવું ઠરાવવામાં આવ્યું. આ વર્ષે મહારાષ્ટ્રમાં સમાજ સુધારક મોરાબા કાન્હોબાએ જાતે એક વિધવા સાથે લગ્ન કર્યા.

૧૮૭૧ કન્યા કેળવણી માટે સ્ત્રી શિક્ષકોની ખોટ પૂરી કરવા માટે 'ફિમેલ ટ્રેઇનીંગ કોલેજ' અમદાવાદમાં શરૂ કરવામા આવી. અગાઉ પુરૂષો માટે 'ગુજરાત ટ્રેઇનીંગ કોલેજ' શરૂ કરી દેવામાં આવેલી.

૧૮૭૨ બહુ વિવાહ પ્રથા ઉપર અસલીપ્રહાર ''સ્પેશ્યલ મેરેજ એક્ટ'' પસાર કરીને કરવામાં આવ્યો. એમાં એવી જોગવાઇ હતી કે વિવાહ પૂર્વે પતિ કે પત્ની જીવીત હોવી જોઇએ નહીં.

૧૯૦૭ શિવગૌરી ગજ્જર અને બાજીગૌરી મુન્શીના સંયુક્ત સાહસથી સ્ત્રીઓની સામાજિક અને શૈક્ષણિક ઉન્નતિ થાય તે આશયથી અમદાવાદમાં 'વનિતા વિશ્રામ' નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવેલી. આજે પણ વનિતા વિશ્રામના આશ્રયે એક કન્યા શાળા અમદાવાદમાં ચાલે છે. ગુજરાતની સ્ત્રી કેળવણી અને વિધવાઓના જીવન પર આ સંસ્થાની પ્રબળ અસર થયેલી.

૧૯૦૮ અમદાવાદમાં "ગુજરાત સ્ત્રી મંડળ" ની સ્થાપના કરવામાં આવી અને સ્ત્રીઓની ઉન્નતી માટેના કાર્યક્રમો વિચારી કાઢવામાં આવ્યા. આ પ્રવૃત્તિઓ ભદ્રવર્ગની મહિલાઓ માટે હતી. કારીગર વર્ગ અને દલિત વર્ગની સ્ત્રીઓ માટે ગુજરાતમાં કામ શરૂ થયું નહોતું.

૧૯૦૮ બ્રિટન ખાતે વિમેન્સ ફ્રીડમ લીગ-મહિલા મુકિત સંગઠનની સ્થાપના કરવામાં આવી.

૧૯૦૮ શ્રી શિવરામ જાનબા કાંબળે નામના દલિત સમાજ સુધારકે 'સોમવંશીય મિત્ર' નામનું સમાચાર પત્ર કાઢી દલિત મહિલાઓના ઉત્થાન માટે અને દેવદાસી પ્રથા વિરૂદ્ધ જોરદાર ઝુંબેશ મહારાષ્ટ્રમાં શરૂ કરી. આ ઐતિહાસિક કદમ હતું.

૧૯૦૯ લંડન અને પેરીસમાં રહી ભારતની આઝાદી માટે પ્રવૃત્તિ કરતી ક્રાન્તિકારી મહિલા મેડમ કામા-મુંબઈના પારસી સુધારક સોહરાબજી ફરામજી પટેલના પુત્રી અને રુસ્તમ કામાના પત્નિ હતા. તા. ૨૦-૨-૧૯૯૦ના દિવસે ઈન્ડિયન સોસાયટીની મીટીંગમાં પ્રવચન કરતી વખતે ખિસ્સામાંથી "સ્વદેશી" અને સ્વદેશી શબ્દો લખેલો રેશમી ધ્વજ શ્રોતાઓને દેખાડ્યો હતો. જે આપણાં રાષ્ટ્રધ્વજની સૌ પ્રથમ અભિવ્યકિત હતી.

૧૯૧૩ નોર્વે ખાતે મહિલાઓને પહેલીવાર મતાધિકાર આપવામાં આવ્યો. ઓસ્ટ્રેલિયામાં પહેલીવાર સ્વીટ્ઝરલેંડ અને ડેન્માર્કમાં મહિલા દિવસ મનાવવામાં આવ્યો.

૧૯૧૩ મૈસુરમાં "મહિલા સેવા સમાજ" ની સ્થાપના કરવામાં આવી એના પગલે પૂના અને મદ્રાસમાં પણ જાગૃત મહિલાઓએ સ્ત્રી કલ્યાણ માટેની સંસ્થાઓ સ્થાપી. આ સંસ્થાઓ ભદ્ર વર્ગની સ્ત્રીઓ માટે કામ કરતી હતી. અનુ.જાતિ અને જનજાતિ માટે કામ કરવાની લાગણી હજુ પૈદા થઇ નહોતી.

૧૯૧૬ સતીપ્રથા, બાળલગ્ન, વિધવા વિવાહ બંધી વગેરેને આવરી લઇ ડૉ. બાબા સાહેબ આંબેડકરે પોતાના વિદ્યાર્થીકાળમાં પ્રોફે. ગોલ્ડન વીઝર દ્વારા આયોજીત 'કાસ્ટ ઈન ઈન્ડિયા' ધેર મિકેનીઝમ, 'જિનેસીસ એન્ડ ડેવલપમેન્ટ' નામનો વિચારોત્તેજક નિબંધ વાંચ્યો જેમાં જાતિની ઉત્પત્તિ સાથે ફરજીયાત વૈધવ્ય, સતીપ્રથા અને કન્યાઓના બાળ લગ્નોની પ્રથાઓ અંગે છણાવટ કરીને તદ્દન નવિન વિચાર વિશ્વ સમક્ષ મૂક્યો.

૧૯૧૬ પ્રોફેસર ધોંડો કેશવ કર્વેએ પૂનામાં મહિલાઓ માટે "ઈન્ડિયન વિમેન યુનિવર્સીટી" ની સ્થાપના કરી.

૧૯૧૭ સરોજીની નાયડુની આગેવાની હેઠળ દેશભરની મહિલાઓનું પ્રતિનિધિમંડળ સેક્રેટરી ઑવ સ્ટેટ્સ મોંટેગ્યુ ચેમ્સફર્ડને મળ્યું અને લિંગના આધારે થતા ભેદભાવનો વિરોધ કરી સમાન મતાધિકારની માગણી કરી. શ્રીમતી કઝીન્સ આ પ્રતિનિધિ મંડળ સાથે સામેલ હતી.

૧૯૧૭ મુંબઈમાં એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. ૧૮ ડિસે. ૧૯૧૭ના દિવસે સરોજીની નાયડુ અને અન્ય ૧૪ સ્ત્રીઓએ ભારતમાં ચૂંટણી વખતે સ્ત્રીઓને મતાધિકાર મળવો જોઈએ એવું આવેદન પત્ર સરકાર સમક્ષ રજૂ કર્યુ.

૧૯૨૦ ભારતમાં 'ધી વિમેન્સ કાઉન્સીલ'ની સ્થાપના કરવામાં આવી. પ્રબુદ્ધ મહિલાઓએ પોતાની પ્રવૃત્તિઓનો વિકાસ કરવા માંડ્યો જેની સારી અસર સમાજ પર પડી.

૧૯૨૦ મદ્રાસ પ્રાંતમાં મહિલાઓને સૌ પ્રથમ મતદાન કરવાનો અધિકાર આપવામાં આવ્યો.

૧૯૨૦ રાષ્ટ્રીય કેળવણીના વિચારને ધ્યાનમાં લઇ ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઇ જેના કારણે અનેક કન્યાઓને પાછળના વર્ષોમાં શિક્ષણનો લાભ મળ્યો.

૧૯૨૧ શ્રીમતી કઝિન્સે મહિલાઓને મતાધિકારનો ઠરાવ મદ્રાસ વિધાનસભામાં પાસ કરાવ્યો અને પુરૂષોની જેવી યોગ્યતાને આધારે મહિલાઓને મતાધિકાર પ્રાપ્ત થયો. ઈંટરનેશનલ વિમેન સફરેજ એલાયન્સની બ્રિટીશ શાખા તરફથી આર્થિક મદદ મેળવી. શ્રીમતી કઝિન્સે મહિલાઓને મતાધિકાર અપાવવાની ઝુંબેશ ઉપાડી હતી.

૧૯૨૧ મહિલાઓને મતાધિકારનો મદ્રાસમાં થયેલ ઠરાવનું મુંબઇ પ્રાંતે અનુસરણ કર્યુ.

૧૯૨૫ ખ્રિસ્તી અને પારસીઓના વિવાહ અંગેના કાયદામાં વર કે કન્યા ૨૧ વર્ષથી ઓછી ઉંમરની હોય તો પિતા કે વાલીની મંજૂરી આવશ્યક છે એવું ઠરાવવામાં આવ્યું પણ લગ્ન સમયે પુરૂષની પહેલી પત્ની કે સ્ત્રીનો પહેલો પતિ જીવીત હોવો ન જોઇએ એવું ઠરાવ્યું. જેનાથી એક પતિ-પત્ની પ્રથાને બળ મળ્યું.

૧૯૨૧ મુંબઇ શહેરમાં વેશ્યા વ્યવસાય **(Sex worker)** માં જોડાયેલ સ્ત્રીઓમાં હિંદુધર્મ પાળતી ૨૩૩૦, મુસ્લીમ ૫૧૩ ખ્રિસ્તી ૮૮, જયુ. ૮, બૌદ્ધ ૫૦, અને વિદેશીઓમાં જાપાની ૪૫ અને ચીની પાંચની સંખ્યા વસ્તી ગણતરીમાં નોંધાયેલી છે.

૧૯૨૬ શ્રીમતી સરોજીની નાયડુ, રાજકુમારી અમૃતકૌર કમલાદેવી ચટ્ટોપાધ્યાય, દુર્ગાબાઇ દેશમુખ ધનવંતી રામારાવ, જેવી ઉચ્ચવર્ગની મહિલાએ 'ઑલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ'નું સફળતાપૂર્વક આયોજન કર્યું.

૧૯૨૬ ભારત સરકારે સ્ત્રીઓને વિધાન પરિષદની સભ્ય બનવાનો અધિકાર આપ્યો. કમલાદેવી ચટોપાધ્યાય ૫૦૦ મતે મદ્રાસ વિધાનસભાની ચૂંટણીમાં પુરૂષ સામે હારી ગયા, પણ સ્ત્રીઓ માટે આ વિજયની ઘડી હતી. "ઈન્ડિયન વિમેન્સ એસોસીએશન" ની વિનંતિથી ડૉ. મુથુલક્ષ્મી રેડ્ડીને વિધાન પરિષદની સદસ્યા તરીકે નિયુકિત કરવામાં આવી. જેમને ભારતની પ્રાંતીય વિધાન પરિષદમાં સ્ત્રી તરીકે બેસવાનો પ્રથમ અધિકાર મળ્યો એમ કહી શકાય.

૧૯૨૭ મહારાણી ચિમનાબાઇ હંસાબેન મહેતા, વિદ્યાબેન નિલકંઠ, જયોત્સનાબેન શુકલ જેવી ભદ્રવર્ગની ગણાતી મહિલાઓએ "અખિલ હિંદ મહિલા પરિષદ" ની સ્થાપના સ્ત્રી જાગૃતિના આશયથી મુંબઈમાં કરી.

૧૯૨૬ "તરૂણ મહાર સંઘે" દલિત સ્ત્રીઓને દેવદાસી કે વેશ્યાખાને લઇ જવાયેલી મહિલાઓની મુકિત માટે લડાયક અભિયાન ગુંડાઓ સામે ચલાવ્યું.

૧૯૨૭ તા. ૫ થી ૮ જાન્યુઆરી ૧૯૨૭ના દિવસોમાં અખિલ ભારતીય મહિલા પરિષદનું પ્રથમ અધિવેશન પુનાના ફરગ્યુસન હોલમાં થયુ જેમાં સ્ત્રીઓના શિક્ષણ અંગે ચર્ચા થઇ દેશભરમાંથી અનેક સ્ત્રી પ્રતિનિધિઓએ આ સંમેલનમાં ભાગ લીધો. વડોદરાના મહારાણી ચિમનાબાઇ ગાયકવાડને અખિલ ભારતીય મહિલા પરિષદની અધ્યક્ષા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા. બાળ વિવાહ અને પરદાપ્રથાનો આ પરિષદમાં વિરોધ કરવામાં આવ્યો અને વિધવા વિવાહનું સમર્થન કરવામાં આવ્યું.

૧૯૨૭ ભાઉરાવ પાટીલની અધ્યક્ષતામાં નેલ્લા તા. હુક્કેરી જિ. બેલગામમાં દેવદાસી જોગણીપ્રથા સામે જેહાદ જગાડવાનો ઠરાવ થયો.

૧૯૨૭ ઉલગ્વા, દામાવ્વા, અને દુર્ગાવ્વા નામની દલિતસ્ત્રીઓના લગ્ન તા. ૧૫-૧૦-૧૯૨૭ના દિવસે મુંબઈની વરળી પાસે આવેલ પોસ્ટ ઑફિસ પાસેના મારૂતિ હનુમાન મંદિરમાં બ્રહ્મચારી હનુમાન સાથે કરવામાં આવ્યા. ત્રણેય સ્ત્રીઓ દેવને સમર્પિત કરવામાં આવી. જેમને હકીકતમાં તો ધાર્મિક વેશ્યાઓ બનાવાઈ હતી.

૧૯૨૮ ૧૯૨૮માં સિમલા ખાતે "સમ્મતિ વય સમિતિ"ની બેઠક મળી અને એનો અહેવાલ બહાર પાડતાં રાય સાહેબ હરવિલાસ શારદાએ કેન્દ્રીય વિધાનસભામાં"બાલવિવાહ નિષેધ વિધેયક" રજૂ કર્યુ એટલે છોકરીની ઉંમર હિંદુ સમાજમાં ૧૪ વર્ષ અને છોકરાની ઉંમર ૧૮ વર્ષની કરવામાં આવી. રૂઢીવાદી હિંદુઓએ આનો ભારે વિરોધ કર્યો.

૧૯૩૦ ભારતમાં અસહયોગ આંદોલન શરૂ થયું. શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાય, શ્રીમતી દુર્ગાબાઈ, શ્રીમતી કમલા નહેરૂ, શ્રીમતી વિદ્યાલક્ષ્મી પંડિત જેવી ઉપલા વર્ગની સ્ત્રીઓએ રાષ્ટ્રીય અને રાજકીય આંદોલનમાં ભાગ લીધો. જેને પરિણામે સ્વાતંત્ર્ય ચળવળમાં સ્ત્રીઓની ભાગીદારી વધી.

૧૯૩૦ સુધારાવાદી સંગઠનોએ વિવાહ ઉંમરની વધારવા આંદોલન કર્યુ.

૧૯૩૦ ડૉ. બાબા સાહેબ આંબડકરે નાસિકના કાલારામ મંદિર પ્રવેશ માટે કરેલા સત્યાગ્રહમાં દલિત મહિલાઓએ ગણનાપાત્ર સંખ્યામાં ભાગ લીધો અને પોલીસો અને પંડિતોના અત્યાચારોનો હિંમતભેર સામનો કર્યો. દલિત સ્ત્રીઓમાં લડાયક જુસ્સો ડૉ. બાબાસાહેબના પ્રયાસને લીધે થયો.

૧૯૩૨ મુંબઈમાં વીમેન્સ કોલેજ ઓફ હોમસાયન્સની સ્થાપના કરવામાં આવી. જેના પરિણામે સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની સગવડ મળી.

૧૯૩૩ મદ્રાસ પ્રાંતમાં "મદ્રાસ નાબુંદ્રી એકટ અને મદ્રાસ મરુમક્કટયમ્ એકટ પસાર કરવામાં આવ્યો."

૧૯૩૪ ગુજરાતના અમદાવાદ શહેરમાં જ્યોતિસંઘ નામની મહિલા સંસ્થાની સ્થાપના સ્ત્રીઓના હક્કો જાળવવા અને મહિલાઓનું સંરક્ષણ કરવાના ઉદ્દેશથી કરવામાં આવ્યું. ચારુમતિ યોદ્ધા અને હેમલતા હેગીષ્ટે જેવી મહિલાઓએ સ્ત્રીઓના હક્કો જાળવવા નોંધપાત્ર કાર્ય કર્યુ.

૧૯૩૫ ૧૯૩૫ના કાયદા અનુસાર સ્ત્રીઓને મત આપવાનો તથા આમ ચૂંટણીમાં ઉભા રહેવાનો અધિકાર આપવામાં આવ્યો હતો તેનું કાયદાકીય સમર્થન કરવામાં આવ્યું.

૧૯૩૬ ફ્રાંસમાં મહિલાઓને પહેલીવાર મતાધિકાર મળ્યો અને નોબેલ પુરસ્કારથી સન્માનીત મેડમ કયૂરી સહિત ત્રણ મહિલાઓ પહેલીવાર ફ્રાંસમાં મંત્રી બની.

૧૯૩૬ દેવદાસીઓ, મુરળીઓ, જોગણીઓ વગેરે વેશ્યા વ્યવસાયમાં પડેલી સ્ત્રીઓની એક પરિષદ ૧૦ જુનના દિવસે પરેલના દામોદર હોલમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરના અધ્યક્ષપદે મળી અને એમણે આ ગંદો વ્યવસાય છોડીને આત્મસન્માનભર્યુ જીવન જીવવા માટે આહ્વાન કર્યુ. અને વેશ્યા વ્યવસાયમાં સંકળાયેલ દલિત મહિલાઓના સારા યુવકો શોધીને લગ્નો કરાવ્યાં.

૧૯૩૭ 'અપરણિત માતા' નો વ્યકિત તરીકે સમાજમાં સ્વીકાર થવો જોઈએ તથા 'અનાથ બાળક' રાષ્ટ્રની સંપત્તિ છે એવા વિચારને કેન્દ્રમાં રાખી વિકાસગૃહ ખોલવામાં આવ્યા. અમદાવાદમાં 'મહિપતરામ અનાથાશ્રમ' ની સ્થાપના થઈ. અત્યારે પણ રાયપુરમાં આ સંસ્થા ચાલે છે.

૧૯૩૮ વડોદરા રાજ્યમાં સરકારે કાસ્ટ ટેરેની રિમુવલ એકટ બનાવ્યો અને કોઈ વ્યકિત પોતાની જાતિ બહાર લગ્ન કરે અને જ્ઞાતિ એને નાત બહાર કરે તો તે આ કાયદા હેઠળ સજાપાત્ર ગુનો ગણાશે એવું ઠરાવાયું.

૧૯૩૮ ૧૯૩૮માં "આર્ય સમાજ મેરેજ વેલિડિટી એકટ" બનાવ્યો અને આંતર જાતિય વિવાહ પદ્ધતિને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

૧૯૪૦ હિંદુ સમાજમાં આંતરજાતિય વિવાહોને કાયદેસરની સ્વીકૃતિ મળી એટલે જાતિપ્રથા અને સ્ત્રી શોષણ ઓછુ થયું અને પસદંગીના લગ્ન થવા માંડ્યા.

૧૯૪૦ નાગપુરમાં અઠવાડિક બજાર ભરાતું તેમાં દલિત સ્ત્રીઓ ઘરેલુ ચીજવસ્તુઓ લેવા જતી ત્યારે અંધારૂ થતાં ગુંડાતત્વો બળજબરી કરતા એટલે તા. ૨-૧૧-૪૦ના દિવસે કામઠી કચેરીમાં દલિત મહિલાઓએ ફરિયાદ નોંધાવી. દલિત મહિલા સંગઠન ઊભું કર્યુ.

૧૯૪૬ વડોદરા રાજ્યમાં "બરોડા બાઈગેમસ મેરેજ એકટ" પસાર કરવામાં આવ્યો અને "બોમ્બે પ્રિવેન્શન ઓફ હિંદુ બાયગેમસ મેરેજ એકટ" પસાર કરવામાં આવ્યો.

૧૯૪૬ સંયુક્ત રાષ્ટ્રસંઘે 'માનવ અધિકાર ઘોષણાપત્ર' ઉપરાંત અલગ રીતે મહિલાઓના હિતોનું રક્ષણ કરવાના નામે સ્ત્રીઓની સ્થિતિ તપાસવા એક આયોગની રચના કરી.

જો કે આપણે નોંધવું જોઈએ કે બ્રિટીશ શાસન દરમ્યાન સ્ત્રીઓ અંગેના ભારતમાં નીચે પ્રમાણેના કાયદા કરવામાં આવેલા અને તેનો અમલ ચાલુ થયો હતો.

(૧) સતી પ્રતિબંધક કાયદો - ૧૮૨૯.
(૨) હિન્દુ વિધવા પુર્નવિવાહ - ઉત્તેજક કાયદો : ૧૮૫૬
(૩) ધર્માંતરીતોના પૂર્વેના વિવાહો રદ કરનારો કાયદો. ૧૮૬૯
(૪) ભારતીય છૂટાછેડાનો કાયદો : ૧૮૬૬
(૫) ખ્રિસ્તી વિવાહ કાયદો : ૧૮૭૨
(૬) વિવાહિત નારી સંપત્તિ સંરક્ષક કાયદો : ૧૮૭૪.
(૭) હિન્દુ ડીસપોઝીશન ઓફ પ્રોપર્ટી એકટ : ૧૯૧૬
(૮) લિગલ પ્રેકટ્રીશનર (વીમેન્સ) એકટ : ૧૯૨૩.
(૯) બાલિકા વિવાહ પ્રતિબંધક (શારદા) કાયદો ૧૯૨૯.
(૧૦) હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ (સંશોધિત) કાયદો ૧૯૨૯.
(૧૧) પારસી વિવાહ અને છૂટાછેડાનો કાયદો ૧૯૩૬.
(૧૨) આર્ય વિવાહ વિધિમાન્યકરણ અધિનિયમ ૧૯૩૭
(૧૩) હિન્દુનારી સંપત્તિ અધિકાર કાયદો ૧૯૩૭.
(૧૪) મુસ્લીમ વિવાહ વિઘટન અધિનિયમ-૧૯૩૯.
(૧૫) પ્રસુતી અવસ્થામાં મળનારા હક્ક અંગેનો કાયદો ૧૯૪૩

(૧૬) હિન્દુ કજોડા વિવાહ પ્રતિબંધક કાયદો ૧૯૪૬.
(૧૭) હિન્દુ વિવાહ વૈધતા કાયદો ૧૯૪૬.

## ૫.૩ હિંદુકોડબિલ : પૂર્વ પ્રયાસોનો પરિચય :

પ્રાચીન સભ્યતા ધરાવતી હિંદુ પ્રજાનો લાંબો ભવ્ય અને સમૃદ્ધ ઇતિહાસ છે. બૌદ્ધિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં એની બરોબરી ભાગ્યે જ અન્ય કોઇ પ્રજા કરી શકે તેમ છે. અનેક દેશી અને વિદેશી સંમિશ્રણવાણી આ પ્રજાએ ઇતિહાસમાં અનેક તડકી-છાંયડી દીઠી છે અને પોતાનું ચિર અસ્તિત્વ ટકાવી રાખ્યું છે.

### (ક) હિન્દુ પ્રજાનો ભવ્ય વૈચારિક વારસો :

હિંદુ પ્રજાનો પ્રાચીન વારસો વેદ, વેદાંગ, આરણ્યક, બ્રાહ્મણ, ઉપનિષદો, શ્રુતિ, સ્મૃતિ, રામાયણ અને મહાભારત ઉપરાંત વિવિધ પુરણોમાં સમાયેલો છે. પ્રાચીન યુગે આ સંસ્કારવારસો હિંદુપ્રજાને આપેલો છે. જે અદ્ભૂત અને બેજોડ છે.

વેદ ચાર છે.

(૧) ઋગવેદ (૨) અથર્વવેદ (૩) સામવેદ (૪) યર્જુર્વેદ
વેદાંગ છ છે.
(૧) ધ્વનિશાસ્ત્ર (૨) ધર્મશાસ્ત્ર (૩) વ્યાકરણ
(૪) વ્યુત્પત્તિશાસ્ત્ર (૫) છંદશાસ્ત્ર (૬) ખગોળશાસ્ત્ર.
વેદાંગના મૂળ બ્રાહ્મણગ્રંથો અને આરણ્યકોમાં છે વેદ સાથે સંબંધ ન રાખતા ગ્રંથો સૂત્રો અને કલ્પસૂત્રો કહેવાય છે.

સૂત્રો ત્રણ છે.

(૧) શ્રોત સૂત્રો : આમાં મોટા યજ્ઞો અને પુરોહિતોના નિયમો છે.
(૨) ગુહ્ય સૂત્રો : જેમાં રોજિંદા જીવનની સાદી ક્રિયાઓ કેવી રીતે કરવી તેના સૂચનો છે.
(૩) ધર્મસૂત્રો : આમાં આધ્યાત્મિક જ્ઞાન અને દુનિયાદારીના નિયમો છે. એમ કહી શકાય કે હિંદુઓના આ જૂના કાયદાગ્રંથો છે.

### (ખ) હિન્દુ ન્યાયિક વિધિનો આધાર શ્રુતિ :

હિન્દુ ન્યાયિક વિધિનો આધાર "શ્રુતિ" ને માનવામાં આવ્યો છે. આ શ્રુતિના સિધ્ધાંતોને વિદ્વાન ઋષિ મુનિઓએ સૂત્ર રુપોમાં રજૂ કર્યા છે. આ સૂત્રોના આધારે અનેક રીતિ-રિવાજો અને પ્રથાઓનો જન્મ થયો એવું માનવામાં આવે છે. એના લીધે ભારતમાં જુદા જુદા સ્થાનો પર અલગ અલગ પ્રથાઓ પેદા થઇ પરિણામે હિંદુ ધર્મ અને હિંદુ ધર્મ આધારિત વિધિઓમાં અનેક પ્રકારના ગૂંચવાડા અને વિરોધાભાસો પેદા થયા.

### (ગ) સ્મૃતિ આધારિત પ્રથાઓ અને પેદા થયેલા વિરોધાભાસ :

સમાજ વ્યવસ્થામાં જયારે ગૂંચવાડા પેદા થાય છે ત્યારે સમાજના પ્રબુદ્ધ વર્ગને એની ચિંતા થાય છે. વ્યવહારજગતની વિધિઓમાં પેદા થયેલા ગૂંચવાડાને ઉકેલવા અગ્રણીઓ પ્રવૃત્ત થાય છે. પ્રાચીન સમયમાં અગ્રણીઓએ "મૂળસ્મૃતિ" જેને દૈવિક વ્યવસ્થા અથવા દૈવિક નિયમ ગણવામાં આવેલા તેનું પૂર્નમૂલ્યાંકન કરવાનો પ્રારંભ પ્રાચીનકાળમાં કર્યો. આ પુર્નમૂલ્યાંકનના પ્રયાસને "સ્મૃતિ" કહેવામાં આવી. સ્મૃતિમાં શ્રુતિના સિધ્ધાંતોની મીમાંસા કરીને ત્રણ મહત્વનાં કામ કર્યા.

(૧) પરિવર્તિત સમાજમાં કયા નિયમોની આવશ્યકતા છે તે નક્કી કર્યું અને એમાં સુધારા વધારા કર્યા.
(૨) કેટલીક પ્રથાઓ જે લુપ્ત થઇ ગઇ હતી એનું પુર્નસ્થાપન કર્યું.
(૩) નવીન સમાજના વિકાસમાં જે જે વિરોધીપ્રથાઓ પેદા થઇ ગઇ હતી એને હઠાવી દેવામાં આવી.

આમ "સ્મૃતિ" નો પ્રાર્દુભાવ થયો. સ્મૃતિનો અર્થ જ થાય છે સ્મરણ આધારિત રચના.

સમય કયારેય સ્થગિત થતો નથી. સમય બદલાય તેમ સમાજમાં પણ પરિવર્તન આવે છે. "સ્મૃતિ" ની રચના પછી એમાં પણ કેટલાક વિરોધાભાસો નજરે ચડ્યા. કેટલાક વિચારકોએ આ અંગે ધ્યાન દોર્યુ.

વિરોધનું કારણ સ્પષ્ટ હતું કે, જયાં શ્રુતિ આધારિત સૂત્રોની રચના થઇ હતી અને જેને કારણે નવી પ્રથાઓ પેદા થઇ હતી તથા કુરીતિઓના નિવારણ માટે સ્મૃતિની રચના કરવામાં આવેલી ત્યાં લોકવિરોધ પેદા થયો. સ્મૃતિ સામેનો વિરોધ જયાં પ્રબળ હતો ત્યાં અગાઉની પ્રથાઓ જેમ હતી તે પ્રમાણે જ રહી અને જયાં "સ્મૃતિ"નો સ્વીકાર કરવામાં આવ્યો ત્યાં નવી પ્રથાઓનો પ્રારંભ થયો. જો કે એને પરસ્પર પૂરેપૂરી વિરોધી તો નહીં કહી શકાય, પણ બન્નેનું અલગ-અલગ વિસ્તારોમાં ચલણ ચાલવા માંડ્યું.

### (ગ) મિતાક્ષર અને દાયભાગ પધ્ધતિઓ :

હિંદુકુટુંબ પધ્ધતિમાં માલિકીની સ્થાવર જંગમ મિલકતની વ્યવસ્થા તથા વહેંચણી અંગેની પધ્ધતિ અંગે અનેક ધર્મશાસ્ત્રોમાં વ્યાખ્યાઓ લખવામાં આવી છે તેમાં બે વ્યાખ્યાઓ અગત્યની છે આ બન્ને વ્યાખ્યાઓને મુખ્ય માનવામાં આવે છે.

એક વ્યાખ્યા છે વિજ્ઞાનેશ્વર (૧૧મી સદી)નું ભાષ્ય, વિજ્ઞાનેશ્વર કરેલા નિયમો "મિતાક્ષર" ને નામે પ્રસિધ્ધ છે બીજી વ્યાખ્યા છે જિમૂતવાહન : (૧૫ મી સદી)ની એમણે જે નિયમો ઘડ્યા છે.

તેને "દાયભાગ" કહેવામાં આવે છે. દાયભાગની નિયમ-પધ્ધતિ ભારતના વિવિધ ભાગોમાં

અસ્તિત્વમાં છે આ ઉપરાંત રૂઢિઓ, પરંપરાગત રિવાજોને પણ લક્ષમાં લેવામાં આવતા. આમ હિંદુ સમાજમાં અસંખ્ય વિરોધાભાસો કાનૂની દષ્ટિએ જોવા મળે છે. આ બે મુખ્ય ન્યાયિક શાખાઓ સિવાય પણ અન્ય ઉપશાખાઓ હતી. અને તેમાં એકરૂપતા નહીં હોવાને લીધે ગંભીર વિરોધાભાસો ઉત્પન્ન થતા હતા.

મિતાક્ષર પધ્ધતિ પ્રથમ ગુજરાતમાં ચાલુ થયેલી. એવો ઉલ્લેખ રેબાલેવીસ નામના લેખકે એમના પુસ્તક "થ્રી ફેસીસ હેઝ બોમ્બે" માં કર્યો છે. પણ ત્યાર પછી બંગાળ સિવાય સમગ્ર દેશમાં આ નિયમો પ્રચલિત થયા હતા. દાયભાગ પધ્ધતિ બંગાળમાં નથી ચાલતી પણ મિતાક્ષર પધ્ધતિ પ્રચલિત છે. મિતાક્ષર પધ્ધતિ યાજ્ઞવલ્ક્યની સમીક્ષા પર આધારિત છે અને ૧૧મી શતાબ્દિના ઉત્તરાર્ધમાં વિજ્ઞાનેશ્વરે તેને લખી હતી.

દાયભાગ પધ્ધતિના નિયમો કોઈ સમીક્ષા પર આધારિત નથી પરંતુ સમસ્ત સંહિતાઓના સાર એમાં છે જેને આપણે આગળ જોયું તેમ જિમૂતવાહને ૧૩મી થી ૧૫મી શતાબ્દિના સમયગાળામાં તૈયાર કરી હોવાનું મંતવ્ય છે. બંગાળમાં આ દાયભાગને જ સર્વોચ્ચ અધિકૃત નિયમો માનવામાં આવે છે. વાસ્તવિક રીતે જોઇએ તો મિતાક્ષર અને દાયભાગના નિયમોમાં માત્ર બે સ્થાન પર જ ભિન્નતા છે એક છે સંયુકત પરિવાર પ્રણાલી અને બીજું સ્થાન છે ઉત્તરાધિકારના નિયમો.

મિતાક્ષર પધ્ધતિમાં સંયુકત કુટુંબ સંસ્થા અને વારસાહક્કના કાયદા અંગે લખવામાં આવ્યું છે. વારસદારોના હક્ક, પુત્ર, પૌત્ર અને વંશજો તથા સપિંડ (એક જ રકતના સગા સંબંધીઓ) ને મળે છે. જો ઘરમાં મુખ્ય માણસ પિતા ની હયાતિ હોય તો પણ બાળકોને આ હક્ક મળી શકે પણ માત્ર સ્ત્રીઓને વારસાનો હક્ક મળી શકતો નથી.

દાયભાગ પધ્ધતિમાં બાળકોને વારસા હક્ક ફકત ઘરના મુખ્ય માણસ અર્થાત્ પિતાના મૃત્યુ પછી જ મળે છે સ્ત્રીઓને માત્ર ઉદર નિર્વાહ પુરતું ભરણ પોષણનો હક્ક છે. આ અલ્પ હક્ક પણ ન આપવો પડે એટલે એના માટે ધર્મ ધુરંધરોએ એવો માર્ગ કાઢ્યો કે સ્ત્રીઓને પતિના મૃત્યુ પછી સતી બનાવી દો જેથી ભાગ આપવાનો પ્રશ્ન જ ઉભો ન રહે. બંગાળમાં સ્ત્રીઓને સતી બનાવવાનો રિવાજ મોટા પાયે પેદા થયો. એનું એક કારણ આ દાયભાગ પધ્ધતિમાં છે. એવું કેટલાક સમાજશાસ્ત્રીઓએ તારણ કાઢ્યું છે.

### (ડ) સતીપ્રથા અધિનિયમ :

સ્ત્રીઓને પૈતૃક સંપત્તિમાંથી દાયભાગ આપવો ન પડે એટલા માટે સતીપ્રથા જેવી અમાનવીય પ્રથા ધાર્મિક કારણોનું બહાનું ઉભું કરીને શરૂ કરવામાં આવી હતી. સતીપ્રથાનો એક કાળો ઇતિહાસ છે. દુનિયાભરમાં કયાંય વિધવા બનેલી સ્ત્રીને ધાર્મિક અંધશ્રધ્ધા હેઠળ જીવતી સળગાવી દેવા જેવી પધ્ધતિ અસ્તિત્વમાં આવી હોય એવું કયાંય જોવા મળતું નથી.

દેશમાંથી હજારો સ્ત્રીઓ પતિની પાછળ સતી બનવાના ધાર્મિક બહાના હેઠળ કતલ કરવામાં આવતી એવા અનેક કિસ્સા બંગાળમાં બનેલા એટલે રાજારામમોહનરાયે માનવતાને ધ્યાનમાં રાખી સતીપ્રથાનો ઉચ્છેદ કરવા માટે ભારે મોટી ઝુંબેશ ચલાવી હતી અને "સતી અધિનિયમ **XVII**" બંગાળકાંડ ઇ.સ. ૧૯૨૯ (૪ ડિસેમ્બર, ૧૯૨૯)માં કરાવેલો. કોઈ પણ હિંદુ વિધવા સ્ત્રીને સતી બનાવવા એને સળગાવવા અથવા જીવતી દફન કરવાની કોશિશને ગેર-કાનૂની અને અદાલત દ્વારા દંડનીય અપરાધ - ગવર્નર જનરલની કાઉન્સીલે પાસ કર્યો ત્યારે ૧૯મી ડિસેમ્બર ૧૮૨૯ના દિવસે સતી ઉન્મૂલન અધિનિયમ વિરૂદ્ધ હિંદુ આગેવાનોએ એક અરજી કરીને જાહેર કર્યું હતું કે,

> *"અન્ય ધર્મોની જેમ હિંદુ ધર્મની સ્થાપના પણ સદીઓ પહેલાં આચરણ અને મર્યાદાઓના આધારે થઈ છે. હિંદુ ધર્મ પણ એટલોજ પવિત્ર છે. જેટલા અન્ય સમકાલિન ધર્મો.આદિકાળથી હિંદુ ધર્મની મર્યાદાઓ અનુસાર હિંદુ વિધવાઓ પોતાની ખુશીથી પોતાના મૃત પતિની શાંતિ માટે ખુદની ચિતામાં બેસી સળગી જઈ બલિદાન આપતી આવી છે. એને "સતી" કહેવામાં આવે છે. આ એક પવિત્ર કર્તવ્ય જ નહીં પણ ધર્મના સિધ્ધાંતો પ્રત્યે સ્ત્રીની સદ્ભાવનાનું પ્રતિક છે. એટલે અમારી નમ્ર પ્રાર્થના છે કે "સતી" અંગેના મામલામાં સરકારનો હસ્તક્ષેપ કેવળ અયોગ્ય જ નથી પણ અસહ્ય છે.*

આ યાચિકા પર ૧૨૮ પંડિતોએ પોતાની સહીઓ કરી હતી. આ શેતાની પ્રવૃત્તિ-૧૯૮૭માં રાજસ્થાનના દેવરાલામાં રૂપકુંવરીને ઘેનના ઇન્જેકશનનો આપી "સતી" બનાવાઇ હતી, ત્યાં સુધી ચાલતી રહી છે.

હિંદુ ધર્મમાં "મિતાક્ષર" અને દાયભાગ એમ બે પ્રકારની પધ્ધતિના લીધે અનેક કાનૂની અને વ્યવહારિક અડચણો તથા વિભાજનો પેદા થયાં. પરિણામે ન્યાય ખાતા દ્વારા જે નિર્ણયો આપવામાં આવતા એવા અનેક ચુકાદાઓમાં વિસંગતતા અને તર્કદુષ્ટતા જોવા મળતી. કાયદાવિદ્ લોકોના ધ્યાનમાં આ બધી વિગતો અવાર-નવાર આવતી પરિણામે સામાજિક રીતે કાનૂનમાં એકરૂપતા હોવી જોઇએ એવી લાગણી દિવસે દિવસે બળવત્તર બનતી જતી હતી. માત્ર અંગ્રેજ શાસનકર્તાઓના વખતમાં જ આ પ્રકારની લાગણી ઉભી થઇ નહોતી પણ મોગલ શાસનમાં પણ ઉભી થઇ હતી. મોગલ શાસનમાં પ્રારંભમાં કંઇ સુધારાત્મક ઉપાયો કરવાની શરૂઆત થયેલી પણ હિંદુઓની વ્યવહારિક વિધિમાં હસ્તક્ષેપ કરવાથી

68

નાહકની ઉપાધિ પેદા થશે એમ સમજીને મોગલ શાસને વિચાર માંડી વાળ્યો હતો.

**(ચ) બ્રિટીશ શાસનકાળમાં હિન્દુ લૉ ઘડવાના થયેલા પ્રયાસો :**

વર્તમાન હિન્દુવિધિ (હિન્દુકોડબિલ) ને વ્યવસ્થિત ક્રમબદ્ધ સ્વરૂપ આપવાનો પ્રયાસ બ્રિટીશ શાસનકાળમાં થયો. અંગ્રેજોને હિંદુઓના કાનૂની ખટલાઓનો નીવેડો લાવવામાં ઘણી પરેશાનીઓનો સામનો કરવો પડતો હતો. એટલે અંગ્રેજ ન્યાયધીશોએ એક પંડિતોની કાઉન્સીલ બનાવી અને પ્રથમવાર હિન્દુ ન્યાયિક વિધિને ક્રમબધ્ધ સ્વરૂપમાં તૈયાર કરવામાં આવી. ઈ.સ. ૧૮૬૮માં કેટલાક કારણોસર પંડિતોની કાઉન્સીલને વિખેરી નાખવામાં આવી. હિન્દુઓમાં મિતાક્ષરા અને દાયભાગની બે મુખ્ય ન્યાયિક શાખાઓ તો હતી જ પણ એ સિવાય અન્ય ઉપશાખાઓ પણ હતી અને તેમાં પરસ્પર એકરૂપતા કે સમાનતા નહોતી એને કારણે ન્યાય કરવામાં ગંભીર પ્રશ્નો ઉભા થવા માંડયા હતા.

ઈ.સ. ૧૯૩૭માં શ્રી અખિલ ચંદ્ર દત્ત, એ. એન. ચટોપાધ્યાય, શ્રી કૈલાસ બિહારી, એમ.વી. ગાડગીલ, કે. સંથનમ્ અને ડૉ. વી.જી. દેશમુખ વગેરેએ કાયદા મંડળમાં (કાઉન્સીલ ઑફ વાઇસરૉય) હિન્દુન્યાયિક વિધિનું સંહિતા કરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. સ્ત્રીઓને સંપત્તિમાં હક્ક પ્રાપ્ત થાય તે માટે આ સદ્‌ગૃહસ્થોએ કાયદામાં સુધારા સૂચવતું બિલ રજૂ કર્યું હતું.

ડૉ. દેશમુખે હિન્દુસ્ત્રીઓને કુટુંબથી અલગ રહેવાનો હક્ક હોવો જોઈએ અને કુટુંબની એકત્ર સ્થાવર જંગમ સંપત્તિમાંથી પેટ ગુજારાનો અધિકાર મળવો જોઈએ એવું બિલ કાયદામંડળ સમક્ષ રજૂ કર્યુ હતું પણ સદર બિલ પાસ થયું નહોતું. ઉપર જણાવેલા સદ્‌ગૃહસ્થોના અન્ય બિલ પણ પાસ થયાં નહોતાં.

૧૯૩૭ની સાલમાં "હિન્દુ સ્ત્રીઓને સંપત્તિ અંગેનો હક્ક આપતું વિધેયક" મંજૂર કરવામાં આવ્યું જો કે આ બિલથી સમાજ સુધારકો અને નારી કર્મશીલોને સંતોષ થયો નહોતો. એટલે હિંદુ કાયદામાં તમામ પ્રકારના ઔચિત્યપૂર્ણ સુધારા થવા જોઈએ એવી ચળવળે વેગ પકડ્યો અને સરકાર સામે વિવિધ સુધારા અંગે રજૂઆતો કરવામાં આવી અને સરકારને પૂનર્વિચારણા કરવાની ફરજ પડી.

**(છ) ધી હિન્દુ લૉ કમિટિ :**

૧૯૪૧ના વર્ષમાં ચળવળો, આવેદનપત્રો, પ્રતિનિધિમંડળોની રજૂઆતો વગેરેને લક્ષમાં લઈ સરકારે "ધી હિન્દુકોડ કમિટિ" ની રચના કરી. આ સમિતિનો એજંડા અને ઉદ્દેશ નીચે મુજબ હતો.

(૧) તમામ હિન્દુઓને એક જ કાયદો લાગુ પાડવો જોઈએ.

(૨) હિંદુ સ્ત્રીઓને સમાન હક્ક આપવો જોઈએ.

આ બન્ને ઉદ્દેશોને નજર સમક્ષ રાખીને વારસા હક્ક અને વિવાહ અંગે કમિટિએ એક વિસ્તૃત પ્રશ્નાવલી તૈયાર કરીને સમાજ સુધારકોને, પરંપરાવાદીઓને, સુધારાઓનો વિરોધ કરનારા વિવિધ જુથોને, સ્ત્રીઓની વિવિધ સંસ્થાઓને પોતાનો અભિપ્રાય લેખિત સ્વરૂપે રજુ કરે એ માટે મોકલી આપવામાં આવ્યા. આ પ્રશ્નાવલીમાં જે અભિપ્રાયો આવ્યા અને જે સૂચનો અથવા વિરોધ કરવામાં આવ્યો તે તમામ બાબતો અંગે વિચાર કરીને સરકારે એક મુસદ્દો તૈયાર કર્યો.

આ મુસદ્દાના સંદર્ભમાં બે વિધેયકો માર્ચ ૧૯૪૩માં મધ્યસ્થ કાયદામંડળમાં રજૂ કરવામાં આવ્યા. આ વિધેયકો "વારસાહક્ક" અંગે અને "લગ્ન સંબંધ" ને લગતા હતા. આ બન્ને વિધેયકો ઉપર સનાતની લોકોએ આક્રમકવલણ અખત્યાર કરીને સરકારનો અને વિધેયકોનો ભારે વિરોધ કર્યો. જેમ અગાઉ સતીપ્રથા નિષેધ કાનૂન-૧૮૨૯ વખતે "ધર્મમાં હસ્તક્ષેપ" ના નામે જેવો વિરોધ કરવામાં આવ્યો હતો એવો જ વિરોધ ફરી એકવાર "હિંદુકોડબિલ" અંગે કરવામાં આવ્યો અને જાહેરાત કરવામાં આવી કે

*"સરકાર આવા કાયદા ઘડીને અમારા ધર્મની મર્યાદાઓ અને પરંપરાઓમાં ખોટો હસ્તક્ષેપ કરી રહી છે. સરકારનું આ પગલું ધર્મસત્તાને નષ્ટ કરનારું છે અને અમે હિંદુઓ એનો પ્રાણાંપણે વિરોધ કરીશું."*

જૂનવાણી લોકોના વલણથી અલગ સુધારાવાદીઓનું વલણ હતું. સુધારક સમૂહોએ વિધેયકોમાં કેટલાક સુધારા-વધારા સૂચવ્યા અને કેટલીક નવી જોગવાઈઓ ઉમેરવાનું પણ સૂચવ્યું. આ સુધારાઓને આમેજ કરવા માટે અને એના અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય કરવા માટે કાયદા મંડળે મુસદ્દો જોઈંટ સિલેકટ કમિટિને સોંપ્યો. સમિતિએ કેટલાક સુધારા-વધારા આમેજ કર્યા અને ફરીથી કાયદામંડળને વિધેયકો પરત મોકલ્યા, પણ તેને મંજૂરી મળી નહીં.

**(જ) રાવ કમિટિ અને તેનું કાર્ય :**

ઈ.સ. ૧૯૪૪માં સરકારે ફરીથી "હિંદુ લૉ કમિટિ" ને પૂર્નજીવિત કરી અને હિંદુ કાયદાનું સંહિતીકરણ કરવાનું કામ સમિતિને સોંપ્યુ. આ કમિટિના અધ્યક્ષ સર બેનેગલ નરસિંહરાવને બનાવવામાં આવ્યા. સર અકબર હૈદરી અને અન્ય ત્રણ સભ્યો સમિતિમાં હતા. આ કમિટિને "રાવ કમિટિ" તરીકે ઓળખવામાં આવે છે. કમિટિએ એક કાચો મુસદ્દો તૈયાર કરી દીધો, જેને "હિન્દુકોડબિલ" નામ આપવામાં આવ્યું. આ મુસદ્દો જોઈંટ સિલેકટ કમિટિએ તૈયાર કરેલા નમૂના પ્રમાણે જ તૈયાર કરવામાં આવ્યો હતો.

સરબેનેગલ નરસિંહરાવનું કામ સરળ હતું એવું તો માની શકાય તેમ જ નથી કારણ કે અગાઉ આ અંગે થયેલા પ્રયાસોની જે કમબખ્તી થઈ હતી એ ઈતિહાસથી રાવકમિટિના તમામ સભ્યો વાકેફ હતા. ૧૯મી સદીમાં દુનિયાભરમાં નવાં નવા પરિવર્તનો થવા માંડ્યા હતા. પાશ્ચાત્ય કેળવણીની અસરને લીધે અનેક જૂના રીત-રિવાજો ધીમે ધીમે લુપ્ત થવા માંડયા હતા. એવા સમયમાં ચારસો વર્ષ જૂના ધર્મસૂત્રોના

નિયમોનું પાલન બદલાયેલા સંજોગોમાં કરવું મુશ્કેલ હતું પણ પરંપરાપ્રિય હિંદુ પ્રજાની ધાર્મિક લાગણીઓ આળી હતી. નાની-નાની બાબતોમાં હિંદુઓ નવા સુધારાના નામથી ભડકી ઉઠતા હતા એટલે રાવ સમિતિને નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને કાયદા માટે મુસદ્દો ઘડવાનો હતો.

(૧) હિંદુ ન્યાયિક સંહિતાને તૈયાર કરવામાં સુધારાવાદી દૃષ્ટિકોણ અપનાવવો.
(૨) સમાજમાં જે કુરીતિયો પ્રવેશી છે, તેને દૂર કરવા માટેની કાનૂની જોગવાઈઓ એવી રીતે કરવી જેથી મોટો અસંતોષ ઉભો ન થાય.
(૩) મિતાક્ષરા, દાયભાગ અને અન્ય રૂઢિઓના દૃષ્ટિકોણને નજરમાં રાખી એનું ઔચિત્ય જળવાય એવી કાનૂની રચના કરવી.
(૪) સુધારાવાદીઓના દૃષ્ટિકોણને પણ ધ્યાનમાં લેવું.
(૫) સૌથી મોટો પ્રશ્ન તો "બોલચાલની ભાષાનો" "હિન્દુ" અને "વિધિમાન્ય હિંદુ" શબ્દનું સ્પષ્ટીકરણ કરવાનું હતું. અર્થાત્ "હિન્દુ" ની વ્યાખ્યા કરવી, જે અત્યંત દુષ્કર કાર્ય હતું. આ પ્રશ્ન ઇ.સ. ૧૯૧૦માં વસ્તી ગણતરી વખતે પેદા થયેલો એ વખતે વસ્તીગણતરીના કમિશ્નરે હિંદુઓના ત્રણ ભાગ ૧૦ માનદંડોના વૈજ્ઞાનિક મુદ્દાઓને આધારે પાડયા હતા.
    (૧) હિંદુ (૨) પ્રકૃતિપૂજક આદિવાસીઓ (૩) અછૂતો.
    પ્રકૃતિપૂજક આદિવાસીઓ અને અસ્પૃશ્યોને શોધી કાઢવા માટે કમિશ્નરે ૧૦ કસોટીઓ નિર્ધારિત કરી હતી.

(૧) જે બ્રાહ્મણની સર્વોચ્ચતા સ્વીકારતો નથી.
(૨) કોઇ બ્રાહ્મણ અથવા અન્ય પ્રતિષ્ઠિત હિંદુગુરૂથી ગુરૂમંત્ર લેતો નથી.
(૩) વેદોનું પ્રમાણ માન્ય કરતો નથી.
(૪) હિંદુ દેવતાઓની પૂજા કરતો નથી.
(૫) કહેવાતા ઉંચા બ્રાહ્મણો જેનું પુરોહિતપણું કરતા નથી.
(૬) જેઓ કોઇ પણ બ્રાહ્મણને પુરોહિત તરીકે રાખતો નથી.
(૭) જેઓ હિંદુઓના મંદિરમાં જઇ શકતા નથી.
(૮) સ્પર્શ અથવા નિર્ધારિત સીમાની અંદર આવી જાય તો હિંદુઓ અભડાઇ જાય છે. અપવિત્રતાનું કારણ બને છે.
(૯) મૃતશરીરોને દાટે છે.
(૧૦) ગૌમાંસ ખાય છે અને ગાયનું કોઇપણ પ્રકારે આદર કરતા નથી.

આમ ખરેખર કોણ હિંદુ છે એ નિર્ધારિત કરવાનું કપરૂં કાર્ય અગાઉ એકવાર શરૂ કરેલું પણ લોક વિરોધ અને દબાણ ને લીધે તે બંધ કરી દેવામાં આવેલું. તમામને સ્વીકાર્ય હોય એવી "હિન્દુ" શબ્દની વ્યાખ્યા કાનૂની દૃષ્ટિએ અતિ આવશ્યક હતી. કમનસીબે ધાર્મિક સામાજિક પરિભાષાનો અભાવ હતો જે ખટકે એવો હતો.

**(ઞ) હિન્દુ શબ્દની વ્યાખ્યા અને વિરોધાભાસો :**

ભારતના પ્રખર હિન્દુ વિદ્વાનો જેમ કે લોકમાન્ય ટિળક, વીર સાવરકર અને તત્વજ્ઞાની ડૉ. રાધાકૃષ્ણન જેવાઓએ "હિન્દુ" શબ્દની વ્યાખ્યા કરવા પ્રયાસ કર્યો પણ દરેકની વ્યાખ્યા રાજકીય, સાંસ્કૃતિક કે ધાર્મિક દૃષ્ટિકોણને લીધે અલગ અલગ અને પરસ્પર વિરોધી જણાય છે.

તમામને એકસૂત્રતામાં બાંધી શકાય એવું નહીં થઇ શકવાનું કારણ વિવિધ રૂઢિ રિવાજો, અને દેશમાં પ્રવર્તતી વર્ણવ્યવસ્થા અને જાતિભેદ છે. હિંદુઓના સૌથી મોટા સુધારક સ્વામી દયાનંદ સરસ્વતીએ "હિન્દુ" શબ્દનેજ અવૈદિક ગણ્યો છે. વિદેશીઓએ સ્થાનિક પ્રજાનું અપમાન કરવા આપેલો આ શબ્દ એમને સ્વીકાર્ય નહોતો. એટલે તો એમણે વિકલ્પમાં 'આર્ય' શબ્દ પ્રયોજ્યો હતો. જેથી વિવિધ જાતિઓને એક નામ હેઠળ સાંકળી શકાય. કારણ એટલું જ કે અહીં સર્વત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય, વાણિયા, પટેલ, ભાટિયા, ભરવાડ, રબારી, સોની, દરજી, મોચી, લુહાર વગેરે તો હતા પણ કોઇ હિંદુ નહોતો. કરમ કઠણાઇ એ કે "આર્ય" શબ્દ અસ્વીકૃત થયો અને આર્યસમાજ એક સંપ્રદાયમાં ફેરવાઇ ગયો.

બી.એન.રાવ સમિતિએ તે સમયના ન્યાયાધીશો, વકીલો, કાનૂની ક્ષેત્રના જાણકારો અને આમજનતાના પ્રતિનિધિઓ સાથે સંવાદ કરીને પોતાનો વિસ્તૃત અહેવાલ ૨૧ ફેબ્રુઆરી ૧૯૪૭ના દિવસે રજૂ કર્યો. કેન્દ્રીય સંસદમાં એની ચર્ચા વિચારણા થાય તે પહેલાં સંસદ-ભંગ થઇ ગઇ. આ વખતે પણ અહેવાલની વિરૂદ્ધમાં ભારે શોર-બકોર સ્થાપિત હિતોએ કર્યો જ હતો. આંદોલન પણ શરૂ કર્યું હતુ પણ સંસદભંગ થઇ જવાને લીધે ફરી એકવાર મુસદ્દાને કાયદાખાતાના મંત્રાલયની અભરાઇએ ચડાવી દેવામાં આવ્યો અને તે ધૂળખાતો પડ્યો રહ્યો.

## ૫.૪ ભારતનું સંવિધાન અને એના અમલની શરૂઆત :

### મહિલા મુક્તિના મહારથી ડૉ. આંબેડકર

૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે દેશને રાજકીય આઝાદી મળી. તે અગાઉ તા. ૨-૮-૧૯૪૭ના દિવસે ભારતના પ્રથમ કાનૂનમંત્રી તરીકે કેબિનેટમાં સામેલ થવા પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ નિમંત્રણ પાઠવ્યું જે ડૉ. આંબેડકરે સ્વીકાર્યું. અત્યંત મહેનત લઇને આપતા પ્રથમ પ્રવચનમાં કહ્યું કે,

"બંધારણ સભાની પહેલી બેઠક તા. ૯-૧૨-૧૯૪૬ના દિવસે મળી. આજ સુધી ૨ વર્ષ ૧૧ માસ અને ૧૭ દિવસોમાં ૧૧ અધિવેશન (૧૬૫ દિવસો) મળ્યાં જેમાં છ અધિવેશનોમાં બંધારણની ઉદ્દેશની તેમજ જુદી જુદી સમિતિના રજૂ થયેલા અહેવાલોની ચર્ચા થઇ હતી. બાકીના માત્ર પાંચ અધિવેશન મુસદ્દા સમિતિને મળ્યા હતા. આમ ૧૬૫ દિવસોમાં ૧૧૪ દિવસ મુસદ્દા સમિતિને મળ્યા. મુસદ્દા સમિતિની રચના ૨૯ ઓગષ્ટે કરવામાં આવી અને બીજા જ દિવસથી સમિતિ કાર્યવાહીનો પ્રારંભ કર્યો હતો. જેમાં તેણે ૧૪૧ દિવસ સુધી કાર્ય કર્યું હતું. પ્રારંભમાં અમે ૩૪૩ કલમો અને ૧૩ પરિશિષ્ટો મુક્યા અને અંતે ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટો સાથેનો "બંધારણીય મુસદ્દો" રજૂ કર્યો લગભગ આઠેક મહિના લોકમત માટે ફાળવ્યા પછી ૭૬૩૫ સુધારા આવ્યા જેમાંના ૨૪૭૩ વિચારણા માટે સ્વીકારવામાં આવ્યા.

૪ નવેમ્બર ૧૯૪૮ના દિવસે બંધારણનો મુસદ્દો બંધારણસભાને સોંપી ડૉ. આંબેડકરે ઐતિહાસિક પ્રવચન આપ્યું. ૨૫ નવેમ્બર ૧૯૪૯ના દિવસે સંવિધાન સ્વીકાર્યું અને ડૉ. આંબેડકરનું બંધારણ સભાના સભ્યો દ્વારા બહુમાન કરવામાં આવ્યું.

**(ક) મહિલા મુકિતનું સમરાંગણ.**

સંવિધાનનું કાર્ય પૂર્ણ કર્યા પછી ડૉ. આંબેડકરે પોતાના જીવનનું બીજું અને મહત્વનું કામ હાથમાં લીધું. અગાઉ હિંદુકોડબિલ અંગે થયેલા તમામ કામોના કાગળો એમણે મંત્રાલયની અભરાઇઓમાંથી શોધી કઢાવ્યા. એક નવા સમરાંગણમાં યુદ્ધ લડવાની કવાયત શરૂ કરી.

સંવિધાનના ઉદાત્ત સિધ્ધાંતો અને આધારોને લક્ષમાં લઇ હિંદુકોડબિલનું પુર્નલેખન જરૂરી હતું. એમણે તે કરવા માંડ્યુ. સંવિધાનની રચના પાછળ એમનો ઉદાત્ત આશય હતો કે સ્વતંત્ર ભારતમાં એક એવો લોકતાંત્રિક નાગરિક સમાજ પેદા થાય જે ધર્મ, ભાષા, લિંગ, પ્રાંતવાદ, ભાષાવાદ અને સંપ્રદાયવાદ તથા પરંપરાગત પૂર્વગ્રહોથી મુકત થઇ સમતા, સ્વતંત્રતા અને બંધુતા આધારિત વર્ણવિહિન વર્ગ વિહિન, શોષણવિહિન બની પ્રગતિશીલ આધુનિકવલણ અખત્યાર કરે. હિંદુકોડબિલ આ વિભાવનાને સાર્થક પુરવાર કરવામાં સહાયક અને નવા સંવિધાનની જોગવાઇઓને અનુરૂપ રહે એવો આશય હિંદુકોડબિલના પુર્નલેખન પાછળ હતો.

**(ખ) હિન્દુકોડબિલનું પુર્નલેખન.**

ડૉ. આંબેડકરે હિંદુકોડબિલને ફરી એકવાર મઠારવાનું શરૂ કર્યું છે એવા સમાચાર પ્રસિધ્ધ થતાં જ જૂનવાણી લોકોમાં ગણગણાટ શરૂ થયો. અગાઉ થયેલા તમામ પ્રયાસોને આવરી લઇ હિંદુકોડબિલને કાયદેસરની ભાષામાં વ્યવસ્થિત રૂપ આપવાનું અઘરૂં કામ ડૉ. આંબેડકરે સ્વીકાર્યું હતું એમનું સ્વાસ્થ્ય કથળતું જતું હતું પણ એક ઐતિહાસિક કામને સચોટ ન્યાય આપવા માટે એમણે સ્વાસ્થ્યની પરવા પણ રાખી નહોતી હિંદુકોડબિલ દ્વારા અડાબીડ જંગલ જેવી રૂઢિ-જો અને વિવિધ પ્રથાઓના જંગલમાંથી હિંદુ સમાજને બહાર લાવી સમાન કાયદાના સુંદર ઉદ્યાનમાં હિંદુ સમાજને સ્થાપિત કરવા માગતા હતા.

આપણે કેટલાક ઉદાહરણો જોઇએ જેથી સ્થિતિ સ્પષ્ટ થાય.

(૧) કેરળમાં જાયદાદ અને ઉત્તરાધિકાર પ્રાપ્ત કરવાનો અધિકાર પુત્રને નહીં પણ પુત્રીને મળેલો હતો.

(૨) પંજાબ અને ઉત્તર ભારતમાં હિંદુઓની અલગ-અલગ જાતિઓમાં અલગ-અલગ રિવાજો હતા.

(૩) બંગાળમાં પિતા જ તમામ અધિકારો ધરાવતો.

(૪) કેટલીક જગ્યાએ મામો ભાણી સાથે લગ્ન કરી શકતો અને પાકો હિન્દુ ગણાતો.

(૫) જ્યારે કેટલાક પ્રદેશોમાં ભાણીને પુત્રી તરીકેનો મોભો મળેલો છે અને એવી જ રીતે એની સાથે વ્યવહાર કરવામાં આવતો.

(૬) મામાનો પુત્ર પોતાની ફૂઇની દિકરીને સગી બહેન જેમ ગણી એના વિવાહમાં કેટલીક વિધિઓ નીભાવતો.

(૭) લગ્નની બાબતમાં મુસ્લીમોમાં ચાર લગ્નથી વધારેની મનાઇ ફરમાવેલી છે. જ્યારે ખ્રિસ્તી, પારસી વગેરમાં એક જ સમયે એક જ સ્ત્રી સાથે લગ્ન કરવામાં આવે છે. હિન્દુઓમાં એક કરતાં વધારે સ્ત્રીઓ સાથે લગ્ન કરવામાં કોઇ મર્યાદા મૂકાઇ નહોતી.

(૮) વિધવાઓને મૃત પતિની સંપત્તિમાં કોઇ અધિકાર નહોતો.

(૯) દત્તક લેવા અંગે પોતાના પરિવારના ભાઇઓમાં અથવા પોતાની પુત્રીઓના પુત્રોમાંથી કોઇકને ગોદ લઇ શકાતો... એવું પણ બનતું કે દત્તક લેવામાં આવેલ વ્યકિત દત્તક લેનાર કરતાં પણ મોટી ઉંમરનો બનતો.

(૧૦) વિધવા વિવાહની મનાઇ સ-વર્ણ લોકોમાં હતી અને સ-વર્ણ વિધવા જો લગ્ન કરે તો એનાં સંતાનો ગેરકાયદેસર ગણાતા.

આવા તો અનેક ઉદાહરણો ટાંકી શકાય તેમ છે. આ વિવિધ રૂઢિઓ, રિવાજો અને પ્રજાઓને એકરૂપ આપી સુંદર કાયદામાં પરોવવાનું કામ ડૉ. આંબેડકરને કરવાનું હતું. એમણે એમાં જરાય કમી રહેવા દીધી નહીં. કાયદો સર્વાંગ સુંદર બને એ માટે તમામ પ્રયાસો કર્યા. આ ગાળા દરમ્યાન વર્તમાન પત્રોમાં હિન્દુકોડબિલ અંગે પરસ્પર વિરોધી નોંધો છપાતી એટલે લોકોમાં ભારે અજંપો પેદા થયો હતો.

**(ગ) પુરાતન પંથીઓનો વિરોધ.**

બિલનો મુસદ્દો તૈયાર થયો એટલે લોકસભામાં એને રજૂ કરવાની સંમતિ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ અને અન્ય નેતાઓએ આપી. હિંદુકોડબિલ આવી રહ્યું છે... આવી રહ્યું છે એવો દેકારો વર્તમાનપત્રોમાં થવા માંડ્યો. પુરાતનપંથી અને પરંપરાવાદીઓએ બિલ રજૂ થાય એ પહેલાંજ ભારે શોરબકોર મચાવી દીધો. ડૉ. આંબેડકરે જાહેર સભાઓમાં આ અંગે વિરોધીઓને વિગતવાર જવાબો આપ્યા. પંડિત જવાહરલાલે પણ જાહેર કર્યું કે, 'કંઇપણ થાય, હિંદુકોડબિલને અમે મંજૂર કરવાના જ છીએ.' જેમ જેમ હિંદુકોડબિલ મંજૂર કરવાની જાહેરાતો નેતાઓએ કરવા માંડી તેમ તેમ વિરોધ વંટોળ ઉગ્ર થવા માંડ્યો.

**(ઘ) સામાજિક ક્રાન્તિના આશય સાથે બિલની પ્રસ્તુતી.**

ભારતીય સંવિધાનની કલમ ૧૪-૧૫ હેઠળ લિંગભેદ નષ્ટ કરવામાં આવ્યો હતો. સંવિધાનમાં અન્ય જોગવાઇઓ પણ કરવામાં આવી હતી પણ ડૉ. આંબેડકર હિંદુકોડબિલ મંજૂર કરાવીને હિંદુ મહિલાઓની દયાજનક-વાસ્તવિક સ્થિતિમાંથી મુકિત અપાવી સામાજિક ક્રાન્તિ કરવા માગતા હતા.

હિંદુધર્મના અસંખ્ય શાસ્ત્રો, સ્મૃતિઓ, સામાજિક રૂઢિરિવાજો, પરંપરાઓનું ઉંડું અધ્યયન કરીને ડૉ. આંબેડકર નવભાગમાં વહેંચાયેલું - સાત પરિશિષ્ટો સાથેનું ૧૩૯ કલમોવાળું હિંદુકોડબિલ ૧૧ એપ્રિલ ૧૯૪૯ના દિવસે પાર્લામેન્ટમાં રજૂ કર્યું.

ડૉ. આંબેડકર જાણતા હતા કે બિલ અંગે હિંદુ સમાજમાં ભારે વિરોધાભાસ ઉભો થનાર છે છતાં બિલ સરળતાથી પાસ થાય એ માટે જેટલી સહાનુભૂતિથી વિરોધીઓના વિચારને બદલવાની એમની તૈયારી હતી. કોઈપણ અનુચ્છેદ અંગે વિચાર કરીને ઉકેલ લાવવાની સજ્જતા એમની હતી બિલ વેળાસર પાસ થાય એવી એક માત્ર લાગણી એમની હતી કારણ કે તે માનતા હતા કે સામાજિક અને સાંસ્કૃતિક ક્રાન્તિનો માર્ગ આ પ્રકારની કાનૂની જોગવાઈથી પ્રશસ્ત થશે જો કે બિલ રજૂઆત થતાં જ સંસદગૃહમાં અને ગૃહ બહાર પરસ્પર વિરોધી મત ઉપસી આવ્યા અને ગૃહ બે યુદ્ધ છાવણીઓમાં વિભાજિત થઇ ગયું. ખુદ ડૉ. આંબેડકરને શંકા પેદા થઇ કે સાંપ્રત સેશન્સમાં બિલ પસાર થઇ શકે તેમ નથી. લગભગ ૧૧ સભ્યોએ પોતાના પ્રવચનોમાં બિલનો વિરોધ નોંધાવ્યો, અને એવું સૂચન કર્યું કે આ બિલ વિવાદાસ્પદ છે અને લાંબાગાળાની અસર પાડી શકે તેવું હોવાથી એને મંજૂર કરવાનો ખોટો આગ્રહ છોડી એને અત્યારે મુલત્વી રાખવું જોઇએ. કેટલાકે વળી એવું કહ્યું કે આ બિલ હિન્દુ સમાજના મૂળભૂત માળખાને અસર કરે તેવું હોવાથી નવી સંસદને માથે આ કામ સોંપવું જોઇએ કારણ કે તે લોક પ્રતિનિધિત્વ વ્યાપકપણે ધરાવતી સંસદ હશે અને પ્રશ્નોને યોગ્ય સંદર્ભમાં મૂકીને ઉકેલ લાવી શકશે. (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ૧૭-૮-૧૯૪૮).

**(ચ) વિવિધ હિતોનો વિરોધ.**

જૂનવાણી અને પરંપરાવાદીઓનો વિરોધ વધ્યો એની પરવા કર્યા વિના બિલને મંજૂરી મળે તે માટેની કોશિશો શરૂ થઈ. તા. ૭-૯-૧૯૫૧ના દિવસે કોંગ્રેસ પાર્લામેન્ટરી પાર્ટીની બેઠક દિલ્હીમાં મળી તેમાં જવાહરલાલજીએ કહ્યું કે "હિંદુકોડબિલ પાસ કરવામાં આપણે ઢીલાશ રાખવાની નથી. બિલ પાસ થવું જ જોઈએ કારણ કે આપણી સરકારે આ અંગે નિર્ણય લીધો છે."

બિલનો છૂટાછેડા અંગેનો અને એક પત્નિત્વ અંગેની કલમોને કારણે મત ભિન્નતા પેદા થઈ હોવાથી વિરોધકર્તાઓના મતને માન આપીને ચર્ચા કરવાની તૈયારી ડૉ. આંબેડકરે બતાવી. ગમે તે રીતે બિલ મંજૂર થઇ જાય એવી એમની પ્રબળ ઇચ્છા હતી. આ અંગેનો વિસ્તૃત અહેવાલ ટાઇમ્સ ઓફ ઈન્ડિયાના તા. ૮-૯-૧૯૫૭માં પ્રસિધ્ધ થયો હતો. અન્ય સમાચાર પત્રોએ પણ એની ઉચિત નોંધ લીધી હતી.

૧૩ સપ્ટે. ૧૯૫૧ના દિવસે ફરીથી કોંગ્રેસ પાર્લામેન્ટરી પાર્ટીની બેઠક દિલ્હીમાં બોલાવવામાં આવી અને વિચારણા કરી કે ચાલુ અધિવેશનમાં "વિવાહ" અને "છૂટાછેડા"ની કલમો મંજૂર કરાવી લેવી અને "વારસાહક્ક" જેવી વિવાદાસ્પદ કલમો જ્યારે સમય મળે ત્યારે એજંડા પર મૂકી આ અધિવેશનમાં અથવા પછીના અધિવેશનમાં મૂકી મંજૂર કરાવી લેવું એવું નક્કી થયું.

તા. ૧૭-૯-૧૯૫૧ના દિવસે લોકસભામાં હિંદુકોડબિલની કલમ ૨ પર ચર્ચા થવાની હતી જેમાં કયા કયા ધર્મોના લોકોને આ બિલની જોગવાઈઓ લાગુ પડશે એની ચર્ચા થઇ ત્યારે અનેક સભાસદોએ બિલની જોગવાઈઓ ઉપર શાબ્દિક હુમલા શરૂ કર્યા. મુસલમાન, ખ્રિસ્તી, જૈન, શીખ વગેરેએ આ જોગવાઈઓ અમારા લોકોને લાગુ નહીં પાડવી જોઇએ એવી ઉગ્ર રજૂઆતો કરી.

હિન્દુઓ તરફથી જનસંઘના સ્થાપક સભ્ય અને હિન્દુ મહાસભાના આગેવાન ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ પોતાના પ્રવચનમાં ઉગ્રતા સાથે એવી રજૂઆત કરી કે, "હિંદુધર્મોના" મોટા મોટા શાસ્ત્રીઓ અને સંપ્રદાયોના પ્રમુખોની સલાહ લીધા વિના જ ડૉ. આંબેડકરે આ બિલ તૈયાર કર્યું છે.. જે એમનું ઉતાવળાપણું દાખવે છે. પ્રમુખ ધર્મ ધુરંધરોની સલાહ લેવી જરૂરી હતી એવું જ્યારે ડૉ. મુખરજીએ કહ્યું ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકરે વળતો પ્રહાર કરતાં કહ્યું, "આ પ્રમુખ ધર્મધુરંધરો છે કોણ?" કરપાત્રી મહારાજ કે બીજા કોઇ? મુખરજી સમસમી ઉઠયા અને કહ્યું "એમની ય સલાહ લીધી હોત તો કંઇ બગડવાનું હતું ?" ડૉ. આંબેડકરે ઠંડા દિલે જવાબ આપ્યો "બગડવાનું તો કંઇ જ નહોતું. મેં એમને મળવા બોલાવેલા પણ એમણે મારી વિનંતી ધ્યાનમાં જ ના લીધી... મેં કંઇ એમને મળવા આના-કાની કરી જ નથી."

**(છ) ધર્મસત્તા અને ધનસત્તાની વિકૃત યુતિ.**

હિંદુકોડબિલની વિરૂધ્ધમાં ગૃહબહાર કલકત્તાના મારવાડીઓના પૈસા લઇ આંદોલન ચલાવતા કરપાત્રજી મહારાજ અંગે વિદ્યાવાચસ્પતિ સોહનલાલ શાસ્ત્રીએ એક પ્રસંગ નોંધ્યો છે તે જોઇ જોઇએ.

"સ્વામી કરપાત્રી હિંદુકોડબિલનો ભારે વિરોધ કરી રહ્યા હતા. એક દિવસ બાબાસાહેબે મને બોલાવીને કહ્યું, આ કરપાત્રી કોણ છે? શું તે વિતરાગ સંન્યાસી છે? કે કોઇ ગૃહસ્થી કે બ્રહ્મચારી છે? શું તે વિદ્વાન વ્યકિત છે? મેં જવાબ આપ્યો. સ્વામી કરપાત્રી સાધુ સંન્યાસી છે અને સંસ્કૃતનો સારો વિદ્વાન છે. બાબાસાહેબે કહ્યું કે બનેતો એમને અહીં બોલાવી લાવો જેથી હું એમની શંકાઓનું સમાધાન કરી શકું કે હિંદુકોડબિલમાં જે જોગવાઇઓ આમેજ કરી છે તે તમારા ધર્મશાસ્ત્રોમાં પહેલેથી જ લખાયેલી છે."

"મેં મારા એક ઓળખીતા વ્યકિત પંડિત ભીમસેન જે સનાતન ધર્મનો પ્રચારક રહી ચૂક્યો હતો એને લઇને યમુનાને કિનારે નિગમબોધ કુટિરમાં સ્વામી કરપાત્રજીને મળવા ગયો. સાંજના ત્રણ ચાર વાગ્યાનો સમય હતો. અમે પહોંચ્યા ત્યારે સ્વામીજી એક તખ્ત ઉપર બિરાજમાન હતા. એ વખતે 'કલ્યાણ' નામની ગોરખપુર ગીતા પ્રેસમાંથી પ્રસિધ્ધ થતી ધાર્મિક પત્રિકાના સંપાદક પોદ્દાર પણ ત્યાં બેઠેલા હતા. એમની પાસે મારવાડી પાઘડીઓ બાંધીને કેટલાક શેઠીયાઓ બેઠા હતા. હું પણ ચુપચાપ એક ખૂણામાં બેસી ગયો અને એમની વાતો સાંભળવા માંડ્યો. પેલા પોદ્દાર અને મારવાડી શેઠીયાઓ કહી રહ્યા હતા કે 'સ્વામીજી હિંદુકોડબિલ જો પાસ થઇ જશે તો અમારો સત્યનાશ થઇ જશે... અમારી છોકરીઓ અમારા કારોબાર અને સંપત્તિમાં ભાગીદાર બનશે તો અમારા જમાઇઓ દિકરીઓને ઉશ્કેરીને અમારી સંપત્તિના ભાગલા પડાવશે... સ્વામીજી આ તો ઘોર અંધેર છે. મુસલમાનોના રાજ્ય વખતે પણ દિકરીઓને પોતાની સંપત્તિનો ભાગીદાર ગણવામાં આવી નહોતી. અંગ્રેજોએ દેશ પર બસો વર્ષ રાજ્ય કર્યું તો પણ એમણે સંપત્તિની ભાગીદારી દિકરીઓને આપવાની કાનૂની જોગવાઇ કરી નહોતી પણ જ્યારથી કોંગ્રેસનું રાજ્ય આવ્યું છે ત્યારથી જ અંધેર થઇ ગયું છે. તમારે પ્રચાર માટે અને વિરોધ માટે જેટલા નાણાં જોઇએ તેટલા લો, પણ હિંદુકોડબિલ નો વિરોધ કરો. તમારા સિવાય બીજો કોઇ મહાત્મા દેખાતો નથી જે સરકારનો વિરોધ કરે. સ્વામીજી શેઠીયાઓની વાત સાંભળી હસ્યા. મેં હિન્દી ભાષામાં હિંદુકોડબિલનું ભાષાંતર ડૉ. આંબેડકરની સૂચનાનુસાર કરેલું તે સ્વામી કરપાત્રજીને ભેટ આપ્યું અને કાયદાપ્રધાનને મળવાનું નિમંત્રણ આપ્યું. સ્વામીજીના શિષ્ય નિરંજનદેવ તીર્થ જે પાછળથી શંકરાચાર્ય બન્યા હતા એમણે વિરોધ કરતાં કહ્યું કે, "ડૉ. આંબેડકર ગૃહસ્થી છે અને સ્વામીજી તો વીતરાગી છે એટલે ડૉ. આંબેડકરે જ સ્વામીજીને મળવા આવવું જોઇએ"

જ્યારે હું સ્વામીજીને મળી ડૉ. આંબેડકરને મળ્યો અને બધી વાત જણાવી તો ડૉ. આંબેડકરે કહ્યું તે જવાબ પણ નોંધી લેવા જેવો છે. એમણે કહ્યું કે,

> *"એ વાત સાચી છે કે વીતરાગી સંન્યાસીનો દરજ્જો ગૃહસ્થ કરતાં ઉંચો ગણાય છે. પણ શું સ્વામી કરપાત્રજી સંન્યાસીઓ માટે ની ધાર્મિક મર્યાદાને અનુસરે છે? ધર્મશાસ્ત્રોમાં તો એવું લખ્યું છે કે સંન્યાસીઓએ સાંસારિક કર્મોનો ત્યાગ કરી, આત્મચિંતન કરે, અને લોકોને આત્મચિંતનનો ઉપદેશ આપે. પણ સ્વામીજી તો રાજનીતિના અખાડામાં પહેલવાન બનીને ઉતર્યા છે. એમણે સ્પષ્ટ કરવું જોઇએ કે તે સંન્યાસી છે કે રાજકારણી? હિંદુકોડબિલ તો સાંસારિક ગુંચવણોનો કાનૂની ઉકેલ લાવવાનો કીમિયો છે એટલે સ્વામીજી કાંતો સંન્યાસી કે કાંતો રાજકારણી બન્નેમાંથી ગમે તે એક બની જાય. જેથી મારે શું કરવું તેનો નિર્ણય હું લઇ શકું. તેઓ ઇચ્છે ત્યારે સંન્યાસી અને ઇચ્છે ત્યારે રાજકારણી બની જાય એવી સગવડ એમને આપી શકાય નહીં."*

બીજીવારની મુલાકાતમાં સોહનલાલ શાસ્ત્રીજીએ ડૉ. આંબેડકરનો જવાબ કરપાત્રજીને જઇ કહ્યો. કરપાત્રજી એ જાતે આવવાનું કહ્યું પણ કયારેય આંબેડકરને મળવા આવ્યા નહીં. આંતરબાહ્ય રહસ્યવાળી આવી અનેક ઘટનાઓ હિંદુકોડબિલની ચર્ચા સાથે જોડાયેલી છે.

**(જ) 'બ્રાહ્મણ હોવા છતાં હું જનોઇ ધારણ કરતો નથી - એન.વી. ગાડલીલ'**

૧૮મી સપ્ટેમ્બર ૧૯૫૧ના દિવસે લોકસભામાં ઘણાં સભ્યોએ પોતાના વિચારો હિંદુકોડબિલની ચર્ચામાં રજૂ કર્યા. શ્રી હૃદયનાથ કુંઝરુ અને બાંધકામ ખાતા અને પુરવઠા પ્રધાન એન.વી. ગાડગીલે સંસદ બહાર થઇ રહેલા કૃતક આંદોલન અને સંસદ ભવનમાં વિવિધ સ્વાર્થી તત્વો દ્વારા મળી રહેલા સહકારની રમૂજી છણાવટ કરીને પરંપરાવાદીઓની દલિલોના સચોટ જવાબો આપ્યા. ગાડગીલનું પ્રવચન વ્યંગ અને મજાકની ભેળસેળવાળું હોવાથી સંસદમાં હળવાશ ભર્યું વાતાવરણ પેદા થયું. એન. વી. ગાડગીલે કહ્યું.

"હિંદુકોડબિલનો ૮૦% ભાગ તો જુદા જુદા હિંદુ ધર્મશાસ્ત્રોના કાયદાના આધારો લઇને ડૉ. આંબેડકરે સંહિતાકરણનું પ્રચંડ કામ કર્યું છે. અને બાકીના ૨૦% ભાગ નવીન સુધારણાના આશયથી ઘડ્યો છે. હવે ૮૦% ભાગનો વિરોધ કરવાનું તો કોઇ કારણ છે જ નહીં, કારણ કે આ કાયદા તો અસ્તિત્વમાં છે જ. હવે જે કાયદા અસ્તિત્વમાં હોય એનો વિરોધ કરનારા હિન્દુઓને બુદ્ધિવગરના નહીં તો બીજું શું ગણીએ? બાકીનો ૨૦% ભાગતો સુધારાત્મક છે જે ભારતીય સંવિધાનના સમતા, સ્વતંત્રતા અને બંધુતાના તત્વો ધરાવનારા છે. આવા સુધારણાત્મક ઉપચારોનો વિરોધ કરવો એ તો જૂની પરંપરાને વળગી રહેવા

જેવું છે. બાપનો કૂવો જૂનો અને અવાવરૂ હોય તો કંઇ એમાં ડૂબી ઓછું મરાય છે? ''

આવા કટાક્ષોને કારણે જૂનવાણી સભ્યોએ સંસદમાં દેકારા-પડકારા શરૂ કરી દીધા. એટલે ગાડગીલે પોતાના જીવનની એક ઘટના રજૂ કરતાં કહ્યું, ''હું સોમનાથ મહાદેવના દર્શને ગયો હતો, એ વખતે મારા મનમાં વિચાર આવ્યો કે હું બ્રાહ્મણ તરીકે જન્મ્યો છું પણ બ્રાહ્મણ તરીકે ના કર્તવ્યો તો હું નિભાવતો જ નથી. તો શું મારે મારી બ્રાહ્મણજાતિનું અભિમાન લઇ હઠીલા બનવું જોઇએ? મેં એવું વિચારી મારી જનોઇ ત્યાં જ તોડીને ફેંકી દીધી....એ પછી મેં કયારેય જનોઇ પહેરી નથી.''

સંસદમાં જૂનવાણી સભ્યોમાં સોપો પડી ગયો.. ગાડગીલ એટલેથી જ અટકયા નહીં પણ એમણે કહ્યું,

'હું જૂઠું બોલતો નથી', એમ કહીને એમણે પોતાનો ઝભ્ભો ઉંચો કર્યો અને સભાગૃહને બતાવીને કહ્યું કે, 'તમારે જોવું હોય તો જોઇ લો, હું સાચું જ બોલું છું. હું જનોઇ પહેરતો નથી' (પૃ. ૨૭૫૪-૨૭૬૬) આખું સભાગૃહ માન. મંત્રીશ્રીની મજાક અને વ્યંગમાં સરાબોર થઇ ગયું અને તાળીઓ અને હાસ્યના ફૂવારા વચ્ચે શ્રી ગાડગીલને વધાવી લીધા.

આજ-કાલ સંસદમાં જે શોરબકોર અને મારા મારીના અને ગૃહને મુલત્વી રાખવાના જે ધાંધિયા જોવા મળે છે એવું તે સમયે નહોતું થતું. વિરોધની ભૂમિકા પણ બૌદ્ધિક ઉંચા સ્તરની થતી અને એના પ્રત્યુત્તરો પણ એટલાજ વ્યાપક અસર કરનારા અપાતા. હિંદુકોડબિલ અંગે સતત ટીકાટીપ્પણીઓ અને ઉશ્કેરાટ થતો પણ એમાં સદ્‌ગૃહસ્થની છાપ જોવા મળતી. આખરે લોકશાહીની એક વ્યાખ્યા તો એવી પણ છે કે 'તે ચર્ચા દ્વારા ચાલતી શાસન પધ્ધતિ છે. સામુહિક વિચાર વિમર્શ અને સૌનું સહિયારું કલ્યાણ એ લોકશાહી...' જો કે આ ઉદાત્ત આદર્શથી વ્યવહાર જોજનો દૂર થઇ ગયો છે. આજે તો જેને આપણે લોકશાહી કહીએ છીએ તે તો મૂડીવાદીઓની દાસી બની ગઇ છે.

શ્રી ગાડગીલના પ્રવચન પછી અનેક સભ્યોએ પોતાના વિચારો સંસદ સમક્ષ રજૂ કર્યા. બિલની બીજી કલમ ઉપર સાત દિવસ સુધી સતત ચર્ચા ચાલતી રહી અને આખરે એ કલમને મંજૂર કરવામાં આવી. પોતાના પ્રવચનમાં ડૉ. આંબેડકરે કંઇક વ્યથા અને નિરાશામાં સાથે સભ્યોના વાંધાઓ અને સૂચનો અંગે ખુલાસા કરતાં કહ્યું,

**........I think it is an extraordinary event in the history of this Parliament, and, I believe, in the history of the past legislative Assemblies that we should have been engrossed in the discussion of a single clause for not less than sevendays (page 2937)**

(એક જ કલમ અંગે લોકસભામાં આટલી બધી લાંબી ૭ દિવસ ચાલેલી ચર્ચા આજ સુધી તો થઇ જ નથી. આ લોકસભાના અને પૂર્વેના કાયદામંડળના ઇતિહાસમાં આ એક અભૂતપૂર્વ અને આશ્ચર્યજનક ઘટના છે.)

છૂટાછેડાના કાયદાની જોગવાઇ અંગે કોંગ્રેસના સભ્યોમાં જ તીવ્ર અસંતોષ પ્રવર્તતો હતો. એમનું કહેવું એવું હતું કે પૂર્વ પરંપરા મુજબ ચાલતી આવેલી છૂટાછેડા અંગેની જે રીત હતી એને તો આ બિલમાં સ્થાન જ આપવામાં આવ્યું નથી. આ મુદ્દા અંગે સભ્યોએ ડૉ. આંબેડકર સાથે ઉગ્રતાથી ચર્ચા કરી, પણ ડૉ. આંબેડકર પોતાનો મત બદલવા તૈયાર જ ન થાય. ખ્રિસ્તી સભ્યોએ પણ પોતાની રજૂઆત કરતાં કહ્યું, 'હિંદુ અને ખ્રિસ્તીનાં લગ્ન થાય, અને છૂટાછેડાની નોબત આવે તો, સાંપ્રત જોગવાઇ પ્રમાણે ભારે ગુંચવણ પેદા થશે, એટલે એવી સ્થિતિ પેદા ન થાય તે માટેની વ્યવસ્થા કરવી જોઇએ' આમ તમામ પ્રકારના વિરોધીઓને એક થતા જોઇ ડૉ. આંબેડકરે બિલમાં કેટલીક અન્ય જોગવાઇઓ ઉમેરીને બિલને દુરસ્ત કરવાનું સ્વીકાર્યું.

**(ઝ) લગ્ન અને છૂટાછેડાનો અલગ કાયદો.**

૧૮મી સપ્ટેમ્બરની સવારની બેઠકમાં ડૉ. આંબેડકરે સભાગૃહ સમક્ષ નિવેદન કર્યું કે, તમામ ચર્ચા વિચારણાના મુદ્દાઓને લક્ષમાં લેતાં એમને લાગ્યું છે કે, બિલનો મૂળભાગ ચાલુ અધિવેશનમાં મંજૂર થાય એવું શકય લાગતું નથી અને સંસદ સત્ર તો પુરૂં થવામાં છે. એટલે બિલના ત્રીજા ભાગમાં થોડી ઘણી દુરસ્તી કરીને સાથે પરિશિષ્ટ જોડીને એક તદ્દન નવો કાયદો લગ્ન અને છૂટાછેડાનો કાયદો (**Mirrage and Divorce Act**) લોકસભામાં રજૂ કરવાનું હું વિચારૂં છું.

ડૉ. આંબેડકરના નિવેદનને પંડિત જવાહરલાલ નહેરૂએ સમર્થન આપતાં કહ્યું કે આ સત્રમાં બિલ મંજૂર થઇ શકે તેમ લાગતું નથી એટલે જેના અંગે મંજૂરી મળી શકે તેમ છે તે બિલ સંસદમાં મંજૂર કરાવી લેવું જરૂરી છે. જવાહરલાલના ભાષણનું જોરદાર સમર્થન ડૉ. આંબેડકરે કર્યું.

એ પછી પણ બિલના વિરોધમાં અને સમર્થનમાં સભ્યોના પ્રવચનો સતત ચાલતા રહ્યા. સંસદગૃહની બહાર સ્વામી કરપાત્રજી અને એમના જેવા મહંતો વિરોધને ઉગ્ર કરતા રહ્યા. સ્વામીજીએ તો એટલે સુધી કહી નાંખ્યું કે,

*''હિન્દુકોડબિલ હિંદુ ધર્મના શાસ્ત્રોનું અપમાન કરનારું છે. તેનો તમામ હિંદુઓ વિરોધ કરે છે. પંડિત નહેરૂ અને ડૉ. આંબેડકરને તો હિન્દુ ધર્મ શાસ્ત્રોનું જ્ઞાન જ નથી. એટલે એમણે તૈયાર કરેલું બિલ ફેંકી દેવું જોઇએ.''*

72

એક 'અખિલ ભારતીય મહિલા સંઘ' નામની સંસ્થા તાત્કાલિક આ બિલનો વિરોધ કરવા માટે બનાવવામાં આવી. અને એના મંત્રી-શાંતિદેવી નામની મહિલાએ આમરણાંત ઉપવાસ જાહેર કર્યા અને ચાર જ દિવસમાં એમને હોસ્પિટલમાં તબિયત બગડવાનો લીધે દાખલ કરવા પડયા. એવી જ રીતે 'અખિલ ભારતવર્ષીય હિન્દુકોડબિલ વિરોધી સમિતિ' બનાવી રામાવતાર પાંડેને મંત્રી બનાવી ઠેરઠેર સંમેલનો કરવા માંડ્યા.

રોજે રોજ ભાડુતી સ્ત્રીઓના ટોળાં સંસદ સમક્ષ લાવી નારાબાજી કરાવવાનું ચાલુ કર્યું. 'અખિલ ભારતીય વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘ'ના અધ્યક્ષ પંડિત દેવનાયકાચાર્યે એક નાનકડી પુસ્તીકા લખીને હિન્દુકોડબિલનો વિરોધ કરવા અપીલ કરી.

ડૉ. આંબેડકરને અસંખ્ય ધમકીપત્રો મળવા માંડ્યા. અને એમને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી. જો કે આંબેડકર પર એની કોઇ અસર થઇ નહોતી. એ કોઇની ધમકીઓથી ડરી જાય એવા નહોતા.

હિન્દુકોડબિલનો વિરોધ કરવા તાબડતોબ 'સન્માર્ગ' નામનું દૈનિક સમાચાર પત્ર શરૂ કરવામાં આવ્યું અન્ય સમાચારપત્રોનો સહારો પણ લેવામાં આવ્યો. બિલ અંગે ઘણી જુઠી અફવાઓ હિત ધરાવતા તત્વોએ ફેલાવી હતી એટલે સંસદ બહાર ભારે ઉશ્કેરાટ પેદા થયો હતો.

સંકેશ્વર પીઠના જગદ્‌ગુરૂ શંકરાચાર્યે પંઢરપુરના રૂક્ષ્મણી મંદિરના પટાંગણમાં (તા. ૮-૧૦-૧૯૫૦) યોજાયેલી ધર્મસભામાં કહ્યું કે, 'ડૉ. આંબેડકર ગમે તેટલા વિદ્વાન હોય પરંતુ તેઓ અછૂત (મહાર) છે. તે અમારા કાયદામાં ચંચુપાત કરે તે અમને રજમાત્ર મંજૂર નથી. તે ગટરમાં પડેલા દૂધ-ગંદવાડ સમાન છે. વળી તેમણે અમારી સારસ્વત બ્રાહ્મણની છોકરી પણ છીનવી લીધી છે. (ખૈરમોડે : ખંડ ૮ પૃ. ૩૪૮)

આમ ચારે બાજુ 'હિન્દુકોડબિલ' ના વિરોધમાં અને સમર્થનમાં લોકમત વિભાજિત થઇ ગયો. સંસદગૃહમાં કલમ-૨ પર જે ૫૦ સુધારા માટેના સૂચનો આવેલા તે અંગે વિચાર કરીને ફગાવી દઇ બહુમતીથી સંસદે કલમ-૨ને મંજૂર કરી.

૨૫ સપ્ટેમ્બર ૧૯૫૧ના દિવસે હિન્દુકોડબિલની ચાર ચાર ધારાઓ પસાર થઇ પોતાની તંદુરસ્તીનો વિચાર કર્યા વિના બે વર્ષ સુધી રાત દિવસ મહેનત કરીને ડૉ. આંબેડકરે તૈયાર કરેલા બિલને મંજૂરી ન મળે તે માટેના તમામ પ્રયાસો વિવિધ હિત ધરાવતા તત્વો દ્વારા થયા હતા. તેથી ડૉ. આંબેડકર ભારે વ્યથિત થયા હતા અને લગભગ એકલા અટૂલા પડી ગયા હતા. રાજકારણના પડદા આગળ અને પડદા પાછળ ખેલ ખેલાવા માંડ્યા હતા.

**(ટ) રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદનો વિરોધ : અંતિમ ઘા.**

શ્રી સોહનલાલ શાસ્ત્રીએ હિન્દુકોડબિલના અંગ્રેજી મુસદ્દાનું હિન્દી ભાષાંતર કર્યું હતું અને મહિલાઓની સભાઓ કરીને હિન્દુકોડબિલ સ્ત્રીઓ માટે કેવી રીતે મહત્વનું છે તે સમજવામાં અગ્રણી રહ્યા હતા એમણે નોંધ્યું છે કે,

"જેમ તેમ કરીને હિન્દુકોડબિલની ચાર ધારાઓ તો મંજૂર થઇ ગઇ એટલે વિરોધ કરનારાઓ અત્યંત ક્રોધે ભરાયા, તેઓ પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદને જઇ મળ્યા અને અને એમને હિન્દુકોડબિલના વિરોધમાં રાજીનામું આપવા સમજાવ્યા. વડાપ્રધાન પંડિત જવાહલાલ નહેરૂજીને ડૉ. રાજેન્દ્ર પ્રસાદે શિમલાથી પત્ર લખી જણાવ્યું કે, 'હિન્દુકોડબિલના વિરોધમાં હું રાષ્ટ્રપતિપદેથી રાજીનામું આપવા ઇચ્છું છું. કાં તો મારૂં રાજીનામું સ્વીકારવાની તૈયારી કરો કાં તો હિન્દુકોડબિલ પર વિચાર કરવાનું માંડી વાળી એને સ્થગિત કરી દો.' જવાહરલાલ પોતાનો પક્ષ તૂટે એવું ઇચ્છતા નહોતા એટલે અગાઉ જે મક્કમતા એમનામાં બિલને પાસ કરાવવામાં હતી, તેમાં નરમાશ આવી એમણે બિલને સ્થગિત કરવાનો નિર્ણય લીધો. ચૂંટણીઓ પછી રચાતી નવી સંસદના સાંસદો હિન્દુકોડબિલ ઉપર વિચાર કરશે એવો નિર્ણય લેવાયો."

જે લોકોએ સંવિધાન સભાના રૂપમાં સહિયારું અને સમજદારીથી કામ કર્યું હતું તથા સમાન અધિકારોની ધારાઓને કોઇપણ પ્રકારની ચર્ચા કર્યા વિના જ બંધારણના ભાગ રૂપે સ્વીકારી લીધું હતું એજ લોકોએ કેન્દ્રીય વિધાનસભાના રૂપમાં હિન્દુકોડબિલનો વિરોધ કર્યો હતો. સ્ત્રીઓને આંશિક સમાનતા પણ ન મળે એવી રોગીષ્ટ માનસિકતા છતી થઇ હતી.

હિન્દુકોડબિલની કેવી દુર્દશા સંબધકર્તા લોકોએ કરી હતી. એનો વિગતવાર અહેવાલ **(The Hindu Law : Past and Present by I. Duncan, M. Derrtt (1957))** ના ગ્રંથમાં તથા મહારાષ્ટ્ર સરકારે પ્રસિદ્ધ કરેલ **Dr. Babasahab Ambedkar : Writings and Speeches Vol-14** ના બે ભાગોમાં મળી શકે તેમ છે.

**The Voice of Asia** માં જેમ્સ એ. મિચનેરે લખ્યું કે,

**"Our legal system has sometimes been called the every of world"\ Dr. Ambedkar grounds as he lectures you over his desk in Parliament, "I Have dedicated my life to it" our penal system could hardly be improved upon. But where we lag has been in social legislation. Now we have taken that up. In one joint bill (Hindu Code bill) we will revolutionise life. Hindu**

Code bill will be 100 times more beneficial to India than constitution. We are building a new society here and we are doing it with justice and Law.'

When friends were suggesting to surrender of minor points to gain major ones, Dr. Ambedkar shouted, "I will have this code applied to all India or none of it. There will be no compromise."

Dr. Ambedkar says, "what annoys one is the intolerence of the Brahman scholars towards an attempt to expose this brahmanic literature. when any non-Brahmin makes an attempt to tell truth, Brahmin scholars engaged in conspiracy to silence, take no notice of him, condemns him outright on some flimsy ground. I have been the victim of much mean tricks."

પંડિત જવાહરલાલજી ડૉ. આંબેડકરને મળ્યા. નવા પેદા થયેલા સંજોગોથી એમને વાકેફ કર્યા. ડૉ. આંબેડકર પોતાની અગાઉની ભૂમિકા પર અડગ રહ્યા. હિંદુકોડબિલ દ્વારા હિંદુ સમાજને એક સંહિતામાં સાંકળવાનું એમનું સ્વપ્નું રોળાઇ જતું લાગતાં તે ભારે ખિન્ન અને વ્યથિત થયા એમને ભારતીય સંવિધાનની રચના કરતાંય હિંદુકોડબિલ માટે ભારે મમત્વ હતું. તા. ૨૭-૯-૧૯૫૧ના દિવસે (તા. ૧૧-૧૦-૫૧ના દિવસે અમલમાં આવે તે રીતે) એમણે કાયદા પ્રધાન તરીકે રાજીનામું આપી દીધું.

ટાઇમ્સ ઓફ ઈંડિયાએ પોતાના તંત્રી લેખમાં ડૉ. આંબેડકરના રાજીનામા અંગે લખ્યું કે,

"ભારતીય પ્રધાનમંડળમાં પ્રજ્ઞાની જ્યોતિ જગાવનારી વ્યકિતઓ જુજ છે. આવી પરિસ્થિતિમાં ડૉ. આંબેડકર જેવો પ્રજ્ઞાપુરૂષ પ્રધાનમંડળમાંથી બહાર નીકળી જાય એનાથી સાંપ્રત પ્રધાનમંડળને ઝાંખપ લાગી છે."

ખુદ ડૉ. આંબેડકરનો રાજીનામું આપ્યા પછીનો પ્રત્યાઘાત પણ અત્યંત દુઃખદ છે. એમણે કહ્યું હતું કે,

"હિન્દુ કોડબિલની ચારધારાઓ પસાર કર્યા બાદ તેને માટે આંસુ સાર્યા સિવાય - મરશિયા ગાયા વગર તેને દફનાવી દેવામાં આવ્યું. મને લાગતું હતું કે વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ મક્કમ રહેશે પણ હિંદુકોડબિલ પાસ કરાવવા માટે તેમનામાં તેવી તત્પરતા કે દઢ સંકલ્પનો અભાવ દેખાયો."

ડૉ. આંબેડકરની આ ટીપ્પણી જરી વધારે પડતી કડવી લાગે છે પણ એની પાછળનું મૂળ કારણ તો એ છે કે હિન્દુકોડબિલનું મહત્વ એમની દષ્ટિએ સંવિધાન કરતાં પણ વિશેષ હતું. પોતાના શરીરની અને સ્વાસ્થ્યની ચિંતા કર્યા વિના એમણે જીવ રેડીને હિન્દુકોડબિલ તૈયાર કર્યું હતું. એમની માન્યતા હતી કે હિન્દુકોડબિલ દ્વારા સામાજિક અને સાંસ્કૃતિક અવરોધાયેલી ક્રાન્તિનું ઝરણું પુનઃ વહેતું થશે. એક માતાને પોતાના બાળક પ્રત્યે જેટલું મમત્વ હોય છે એટલું જ મમત્વ ડૉ. આંબેડકરને હિંદુકોડબિલ અંગે હતું અને તેથી જ્યારે બિલને ભાવિ સંસદને હવાલે કરવાનો નિર્ણય લેવાયો ત્યારે તે માનસિક રીતે ખૂબજ વ્યથિત થયા હતા. જે કંઇ નિર્ણયો લેવાના હતા તે કોંગ્રેસ પક્ષે અને કોંગ્રેસના આગેવાનોએ લેવાના હતા. ડૉ. આંબેડકર ખુદ તો કોંગ્રેસના સભ્ય નહોતા અને કોંગ્રેસ પક્ષમાં એમની તરફેણ કરે એવા લોકો કરતાં એમનો દ્વેષ કરે એવા લોકોની સંખ્યા વિશેષ હતી. નિર્ણય લેવાની કે લેવડાવવાની સત્તા એમના હાથમાં નહોતી. નિર્ણયો તો બીજા લોકો લેતા હતા, ડૉ. આંબેડકરને તો સમભાવ કેળવીને હાથમાં લીધેલું કામ વધારેમાં વધારે ગૌરવપૂર્ણ રીતે પુરું થાય એટલું જ જોવાનું હતું. એમણે આપેલા રાજીનામા પછીના નિવેદનમાં એમણે આ બધી વિગતો વિસ્તારથી કહી જ છે. ખુદ નહેરૂજી ઢીલા પડ્યા એનાં પણ આંતરિક કારણો હતા. હિન્દુકોડબિલની જે ચર્ચા થઇ એનો વિગતવાર અભ્યાસ કરીએ તો આપણે હિંદુકોડબિલનો વિરોધ કરનારા તત્વોને ત્રણ વિભાગમાં મૂકી શકીએ.

**(૧) સનાતની - પરંપરાવાદીઓનો વર્ગ :**

ધર્મએ ઈશ્વરની આજ્ઞા પ્રમાણે રચાયો છે એટલે પ્રત્યેક મનુષ્યે એનું પાલન કરવું જ જોઇએ. અને જો એનું પાલન કરે તો મનુષ્યને (મોક્ષ) સદ્ગતિ મળે છે. એટલે કે સ્વર્ગ મળે. અને ન કરે તો દુર્ગતિ (નર્ક) મળે. આવી પરંપરા વર્ણાશ્રમધર્મમાં રૂઢ થયેલી છે. આ શ્રધ્ધા અને માન્યતાને લીધે સનાતનની વર્ગ એવું માને છે કે,

અમારો ધર્મ દુનિયાના અન્ય ધર્મો કરતાં અલગ અને વિશિષ્ટ છે. અમારા નૈતિક વિચારો અદ્ભૂત અને અજોડ છે. અમારા ધર્મગ્રંથો ઉત્પત્તિથી માંડીને આજ દિન સુધી અબાધિત રહ્યા છે. એમાં કોઇ ફેરફાર થઇ શકે નહીં. ફેરફાર કરવાનો મોટા ચમરબંધીને પણ અધિકાર નથી એવું માનનારો આ વર્ગ કોઇપણ પ્રકારની સામાજિક કે ધાર્મિક સુધારાણાનો વિરોધ કરતો રહ્યો છે.

સંકેશ્વર પીઠના જગદ્ગુરૂ શંકરાચાર્ય, સ્વામી કરપાત્રજી, માધવાચાર્ય, દેવનાયકાચાર્ય, નિરંજન દેવ તીર્થ અને એવા જ સંતો, મહંતો, ગાદીપતિઓને આ વર્ગમાં મૂકી શકાય.

બીજો વર્ગ રાજકીય આગેવાનો અને નેતાઓનો હતો. આ વર્ગને સત્તા સાથે સીધો સંબંધ છે. રાજકીય સત્તા હશે તો જ વ્યકિતગત અને સામુહિક કલ્યાણ થશે એવું માનનારો આ વર્ગ પોતાના મતદારોના વિચારોથી વિમુખ જવા કયારેય તૈયાર થતો નથી. સત્તાની સાઠમારીમાં સોગઠાબાજી રમી લેવા તૈયાર રહેનારો આ વર્ગ આદર્શવાદને બદલે વ્યવહારવાદમાં માને છે. એમને માટે આખરી સત્ય જેવું કશું જ હોતું નથી. બદલાયેલા સંજોગોમાં વ્યવહારિક ઉકેલ શોધવાની તત્પરતા આ વર્ગ ધરાવે છે પણ પોતાનો સ્વાર્થ આગળ રાખે છે.

કોંગ્રેસ પક્ષ દેશમાં સૌથી મોટો રાજકીય પક્ષ હતો. પંડિત જવાહરલાલ નહેરૂ એના સ્વીકૃત નેતા

હતા. વડાપ્રધાન પદ પ્રાપ્ત કરવામાં મહાત્મા ગાંધીજીનું તપોબળ એમની તરફેણમાં રહ્યું હતું. તે આદર્શવાદી અને ભાવુક નેતા હતા. પાર્લામેન્ટમાં સત્તા કેન્દ્રમાં તે હતા. કોંગ્રેસ પક્ષમાં એમનો આંતરિક રીતે વિરોધ કરનારો એક વર્ગ હતો. સરદાર પટેલ પણ સત્તાના કેન્દ્રમાં હતા. તે ગૃહપ્રધાન હતા અને સાથે સાથે સંગઠન પર એમની પકડ હતી. ડૉ. રાજેન્દ્રપ્રસાદ ભારતના પહેલા રાષ્ટ્રપતિ હતા. જવાહરલાલજી સાથે એમને અણ બનાવ હતો. આ ઉપરાંત પટ્ટાભી સીતારામૈયા, સ્પીકર કનૈયાલાલ મુન્શી, તથા અનંત શયનમ્ આયંગર અને સત્યનારાયણ સિંહા પણ સત્તા કેન્દ્રમાં હતા અને હિંદુકોડબિલના વિરોધી હતા. કોંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષની બેઠકમાં શિસ્તના નામે જે લોકો સંમતિ દર્શાવતા હતા એ જ લોકો પડદા પાછળ વિરોધને તીવ્ર કરવામાં સહકાર આપતા હતા. કેટલાક ૧૯૫૨ની લોકસભાની ચૂંટણીને લક્ષમાં રાખીને બિલનો વિરોધ કરતા હતા.

નહેરૂ પ્રધાનમંડળમાં જનસંઘના સ્થાપક સભ્ય અને હિંદુ મહાસભાના આગેવાન ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી જ્યાં સુધી પ્રધાનમંડળમાં રહ્યા ત્યાં સુધી એમણે ક્યારેય હિંદુકોડબિલનો વિરોધ કર્યો નહોતો, પણ જ્યારે પ્રધાનમંડળમાંથી છૂટા થયા ત્યારથી કરપાત્રજી સાથે વિરોધજુથમાં જોડાઈ ગયા હતા અને બિલના વિરોધી બન્યા હતા. એમનાં તોલમાપના કાટલાં સમય સંજોગો અનુસાર બદલાતા રહેતા હતા. પોતે હિંદુ સમાજના જાતે જ બનેલા પ્રવકતા હતા અને પોતાને હિંદુ હિતોના રખેવાળ માની બેઠા હતા.

એક મુસ્લીમ સદ્‌ગૃહસ્થ એડવોકેટ નઝીરુદ્દીન હતા. તે મુસ્લીમોના રખેવાળ હોય એમ વર્તી રહ્યા હતા. જ્યારે જ્યારે હિંદુકોડબિલની ચર્ચા માટેનો સમય ફાળવવામાં આવતો ત્યારે ઉભા થઈ જઈને લાંબુ ભાષણ કરતા. સ્પીકર એમને ક્યારેય રોકતા કે ટોકતા નહીં અને લોકસભામાં ફાળવેલ સમય મહદ્‌અંશે તે બરબાદ કરી દેતા. એક પત્રકારે જ્યારે એમને પુછ્યું કે, 'તમે તો મુસલમાન છો. હિંદુકોડબિલ પાસ થાય એમાં તમને ક્યાં વાંધો આવે છે? તમે શા માટે લોકસભાનો સમય વેડફી નાખો છો ? નઝરૂદીનને જવાબ આપેલો.'

"હું હિંદુકોડબિલનો વિરોધ એટલા માટે કરૂં છું કે આજે હિન્દુઓની ધાર્મિક બાબતોમાં સરકાર હસ્તક્ષેપ કરી રહી છે. એટલે સરકારને જો અત્યારથી જ અટકાવવામાં નહીં આવે તો કાલે અમારા ધર્મમાં પણ હસ્તક્ષેપ કરતાં અચકાશે નહીં. ખ્રિસ્તી, પારસી અને મુસ્લીમ રાજકારણીઓ ભાવિભયની આશંકાને કારણે જ હિંદુકોડબિલનો વિરોધ કરતા હતા."

એક ત્રીજો વર્ગ હતો મૂડીવાદઓનો. વિદેશી અંગ્રેજો સામે આઝાદીની ચળવળમાં દેશી મૂડીવાદી વર્ગે ભરપેટ મદદ અને સહકાર આપી ચળવળના આગેવાનોને પોષ્યા હતા. આ વર્ગની કાયમી ધારણા એવી છે કે દુનિયાના બધા ગૂંચવાલેયા કોયડા પૈસાની મદદથી ઉકેલી શકાય છે. હિંદુકોડબિલના વિરોધમાં શ્રી પોદ્દાર અને એમના જેવા ઉદ્યોગપતિઓની આગેવાની હેઠળ કલકત્તાના મારવાડી મૂડીવાદીઓ હિંદુકોડબિલના વિરોધમાં ઉભા થઈ ગયા હતા. એમણે સંસદમાં પોતાના પ્રતિનિધિઓ દ્વારા અને સંસદ બહાર વિરોધનું નેતૃત્વ પુરૂં પાડ્યું હતું. આ ત્રણેય અસરકારક વર્ગોની એકતા થઈ ગઈ હતી અને તેમણે વાતાવરણને ઉગ્ર બનાવી દીધું હતું.

**કરૂણ ઘટનાઓનો સીલસીલો.**

ડૉ. આંબેડકરને ભારતના પહેલા કાયદા પ્રધાન તરીકે રાજીનામું આપવાની ઘટના દુઃખદ અને કરૂણ ગણી શકાય. રાજીનામું આપતાં પહેલાં વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ અને ડૉ. આંબેડકર વચ્ચે પત્ર વ્યવહાર થયેલો. પોતે કેવા સંજોગોમાં પ્રધાનપદ છોડવા માગે છે એનો ઉલ્લેખ એમણે કર્યો હતો. હિન્દુકોડબિલની જેવી દુર્દશા કરવામાં આવી તેનાથી તે ખૂબજ વ્યથિત થયા હતા. ડૉ. આંબેડકર અગાઉ બિન કોંગ્રેસી આગેવાનો ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી, જહોન મથાઈ અને એન. કે. નેગીએ રાજીનામાં આપેલા. સામાન્ય રીતે લોકસભાની કાર્યપ્રણાલી અનુસાર જો કોઈ પ્રધાન રાજીનામું આપે તો તેને કેવા સંજોગોમાં, શા માટે રાજીનામું આપવું પડયું છે એના અંગેનું નિવેદન સભાગૃહમાં (હાઉસ)માં કરવાનો અધિકાર હોય છે. અગાઉ જે કોઈ પ્રધાનોએ રાજીનામાં આપ્યાં હતા. તેમાંના કેટલાક નિવેદન કર્યા વિના જ છૂટા થઈ ગયા હતા તો કેટલાકે ટૂંકા નિવેદનો કરીને ચલાવી લીધું હતું.

ડૉ. આંબેડકર ભારતીય જાહેર જીવનમાં સૌથી અનોખા અને સંઘર્ષશીલ આગેવાન હતા. ચીલાચાલુ રીતે વિચારવું અને એ પ્રમાણે આચરણ કરવાનું એમના સ્વભાવમાં નહોતું. દરેકે દરેક બાબત અંગે એ પોતાનું વૈચારિક મંતવ્ય ધરાવતા એટલે કાયમી ધોરણે એ વિવાદાસ્પદ છતાં મહત્વના આગેવાન ગણાતા હતા. એકવાર ભારતના પ્રચાર માધ્યમો અંગે એમણે ટીપ્પણી કરી હતી કે,

> *"છેલ્લા ૪૦ વર્ષથી ભારતના અખબારો સારી પાછળ પડ્યા છે. મારી ટીકાટીપ્પણી કરતી વખતે તે અર્ધસત્ય, અસત્ય અને ક્યારેય સત્યથી તદ્દન વિપરીત નોંધ છાપતા રહ્યા છે. હું આલોચનાને આવકારૂં છું પણ આજના સંજોગોમાં વર્તમાન પત્રો મહાપુરૂષો અને ખલનાયકો પેદા કરે છે.*
>
> *વર્તમાનપત્રો તો જનતાનો લોકમત ઘડનારૂં માધ્યમ છે. સાચી અને જવાબદારીપૂર્ણ સલાહ અને ટીકાટીપ્પણી કરવાની વર્તમાનપત્રોની ફરજ છે પણ હવે એવું બનતું નથી...ભારતમાં એક જમાનામાં પત્રકારત્વ એક વ્યવસાય **(Profession)** હતો હવે એક વ્યાપાર **(Trade)** બન્યો છે. એને નૈતિક ધોરણોનું અનુસરણ રહ્યું નથી."*

માધ્યમોની આવી સ્થિતિ પ્રવર્તતી હતી એટલે ડૉ. આંબેડકર પોતાનું લેખિત નિવેદન લોકસભાગૃહસમક્ષ કરવા માગતા હતા. પાર્લામેન્ટરી પ્રથમ મુજબ તા. ૧૧-૧૦-૧૯૫૧ના દિવસે પોતાનું નિવેદન સભાગૃહ સમક્ષ રજૂ કરવા ઉભા થાય ત્યારે જે સ્પીકરે હિન્દુકોડબિલ મંજૂર ન થાય તે માટે ફાળવેલો સમય બરબાદ થાય એવું વલણ અપનાવ્યું હતું. તે જ શ્રી અનંત શયનમ્ આયંગરે એમને બોલતા અટકાવ્યા. ડૉ. આંબેડકરે ખુલાસો કર્યો, ત્યાં તો સ્પીકર મહાશયે સંબોધન કર્યું.... "માનનીય મંત્રીશ્રી.... ડૉ. આંબેડકરે તરત જ કહ્યું, 'હવે હું મંત્રી રહ્યો નથી' પોતાનું ગૌરવ કઇ રીતે જાળવવું તે આંબેડકર સારી રીતે જાણતા હતા. ટેબલ પરનાં કાગળો એમણે એકઠા કર્યા અને 'વોક આઉટ' કરી સભાગૃહ બહાર નીકળી ગયા. સભાગૃહ આ અપ્રિય ઘટનાથી સ્તબ્ધ થઇ ગઇ. કેટલાકે સ્પીકર સામે સવાલો ઉભા કર્યા. અને સ્પીકરશ્રીએ અપનાવેલી રીત અને પ્રણાલી અંગે ટીકા કરી."

સભા ત્યાગ કર્યા પછી ડૉ. આંબેડકરે પોતાના લેખિત નિવેદનની નકલો પત્રકારોને આપી. સભાગૃહમાં જે અપ્રિય ઘટના બની. એના અંગે વર્તમાનપત્રોએ ઘણી ટીકા ટીપ્પણીઓ કરી. બીજા દિવસે જ્યારે તે સભાગૃહમાં આવ્યા ત્યારે વિરોધપક્ષોએ પાટલીઓ થપથપાવી એમને આવકાર્યો. તે ખૂદ વિરોધપક્ષની પાટલી પર બેઠા અને ચિરપરિચિત સ્થાપિત હિતો સામે લડાયક મુદ્રામાં પુનઃ એકવાર આવી ગયા હતા.

ડૉ. આંબેડકરના રાજીનામાના ઘેરા પ્રત્યાઘાતો પડયા. સરકારે તેમને પાર્લામેન્ટ સમક્ષ નિવેદન કરવા ન દીધું એના અંગે કડક આલોચના કરી અનેક સમાચારપત્રોએ નોંધ લખી. ભારતના જ નહીં પણ લંડન- (ઈંગ્લેંડ)ના માનચેસ્ટર ગાર્ડિયને તેના તા. ૧૨-૧૦-૧૯૫૧ના અંકમાં અગ્રલેખ લખી ભારતના અને મહિલાઓના સંદર્ભમાં ડૉ. આંબેડકરની સેવાઓને બિરદાવી અને તેમને થયેલ અન્યાયની ઝાટકણી કાઢી હતી. જો કે સમતોલ પ્રત્યાઘાત વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂનો હતો. એમણે ડૉ. આંબેડકરને આશ્વાસન આપતાં જણાવ્યું હતું કે 'સામાજિક પ્રગતિ માટે હિન્દુકોડબિલ સાથે સૌ કોઇએ સંમત થવું જોઇએ. અને સૌ સંમત થશે એવી મને ખાત્રી છે. એટલે હિન્દુકોડબિલ પસાર થાય તે માટેની લડાઇ ચાલુ રાખવામાં આવશે.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર હિન્દુકોડબિલ દ્વારા હિન્દુ સમાજને એક સંહિતા વડે સાંકળવા માગતા હતા. ૧૯૫૨ની લોકસભાની ચૂંટણીઓ નજીક આવતી હોવાથી કોંગ્રેસપક્ષ હિન્દુ મતદારોને નારાજ કરવા માગતો નહતો, પરિણામે હિન્દુકોડબિલની ચાર ધારાઓ પસાર કર્યા પછી એને સ્થગિત કરી દેવામાં આવ્યું હતું.

૧૯૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં કાજરોલકરની સામે ડૉ. આંબેડકરની હાર થઇ. નવી સંસદ રચાઇ. પંડિત જવાહરલાલજી ફરી એકવાર વડાપ્રધાનપદે ચૂંટાઇ આવ્યા. એમના નવા પ્રધાનમંડળમાં બ્રાહ્મણ જાતિના શ્રી પાટસ્કરને કાયદાખાતાનો હવાલો સોંપવામાં આવ્યો. હિન્દુકોડબિલનું અધરૂં કામ પાર પાડવાની જવાબદારી એમને માથે આવી. સૌથી પહેલો ફેરફાર એ કરવામાં આવ્યો કે હિન્દુકોડબિલની ડૉ. આંબેડકરે તૈયાર કરેલા મુસદ્દામાંથી મહત્તમ બાબતો લઇ બિલને ચાર ભાગમાં વહેંચી નાખવામાં આવ્યું.

(૧) હિન્દુ લગ્નનો કાયદો (મે, ૧૯૫૫)
(૨) હિન્દુ વારસાનો ચુકાદો (જૂન, ૧૯૫૬)
(૩) હિન્દુ સગીર અને વાલીપણાનો કાયદો. (ઓગસ્ટ, ૧૯૫૬)
(૪) હિન્દુ દત્તક અને ભરણપોષણનો કાયદો. (ડિસેમ્બર ૧૯૫૬)

ડૉ. આંબેડકરે શ્રી પાટસ્કરને ભરપૂર મદદ કરી. સંસદમાં પ્રસ્તુતિ વખતે અને સભ્યો જે પ્રશ્નો પૂછીને ખુલાસો માગે તે માટે ચર્ચા વિચારણા માટે ડૉ. આંબેડકરના નિવાસ સ્થાને મંત્રીશ્રી નિયમિત રીતે આવતા અને માર્ગદર્શન મેળવતા. બન્ને જણ સાથે બેસીને કામ કરતા. આમ વિરોધપક્ષમાં બેસવા છતાં ડૉ આંબેડકરે હિન્દુકોડબિલ પસાર થઇ જાય તે માટે પોતાનાથી બનતું બધું જ કરી છૂટ્યા કારણ કે એમની એવી માન્યતા હતી કે આ બિલ પસાર થશે તો સમાજમાં સામાજિક નવજાગરણ પેદા થશે અને અવરૂદ્ધ ક્રાન્તિના ધારાને વહેવાની મોકળાશ મળશે. આજે હિન્દુ સમાજમાં સ્ત્રીઓને પ્રગતિ માટે જે અવકાશ મળ્યો છે તે હિન્દુકોડબિલને કારણે જ મળેલો છે. પણ આપણે નોંધવું જોઇએ કે માત્ર કાયદો કરવાથી સમાજ બદલાતો નથી. કાયદો માર્ગ ચિંધે છે અને કાયદાનો અમલ થાય તે માટેની લોકપેરવી કરવી આવશ્યક છે. કાયદાએ આપેલા અધિકારો સમાજમાં સ્વીકૃતિ પામે તે માટે લોકમત જાગૃત કરવો આવશ્યક છે અને આ કાર્ય કરવામાં ન્યાયતંત્ર અને વહીવટીતંત્ર ઉપયોગી ભૂમિકા ભજવી શકે.

### ૫.૫ સમાપન : હિન્દુ લગ્નનો કાયદો. (૧૯૫૫)

શ્રીમતિ સુધારાની શ્રીવાસ્તવ નોંધે છે કે, "આ કાયદો મહિલાઓને વિકાસની દિશા પ્રાપ્ત થાય તે આશયથી ઘડવામાં આવ્યો છે. અગાઉ હિન્દુ વિવાહ વિધિમાં જે અનેક પ્રકારના વિરોધાભાસો હતા તેને દૂર કરીને હિન્દુવિધિમાં પરિવર્તનકારી સંશોધન કરવામાં આવ્યું છે અને અગાઉ પ્રચલિત હિન્દુવિધિને ૧ સંહિતાબદ્ધ કરવામાં આવી છે."

હિન્દુ વિવાહ અધિનિયમ ૧૯૫૫ (લગ્નનો કાયદો)માં સ્ત્રી અથવા પુરૂષ વચ્ચે કોઇ ભેદ કરવામાં આવ્યો નથી.

આ અધિનિયમ હેઠળ 'હિન્દુ' ની વ્યાખ્યામાં નીચે પ્રમાણેના લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૧) એવી કોઇ પણ વ્યકિત જે હિન્દુ ધર્મના કોઇપણ રૂપ કે વિકાસ અનુસાર જેના અંતર્ગત વીરશૈવ, લિંગાયત, બ્રહ્મસમાજ પ્રાર્થના સમાજ કે આર્ય સમાજના અનુયાયીઓ પણ આવે છે. તેઓ ધર્મતઃ હિન્દુ ગણાશે.

(૨) એવી કોઇ પણ વ્યકિત જે ધર્મની દૃષ્ટિએ જૈન, બૌદ્ધ કે શીખ હોય તે હિન્દુ ગણાશે તથા

(૩) એવી કોઇ પણ વ્યકિત જે એવા રાજ્ય ક્ષેત્રોમાં જેમના પર આ અધિનિયમનો વિસ્તાર છે, ત્યાંનો રહેવાસી હોય, ધર્મની દૃષ્ટિએ મુસ્લીમ, ખ્રિસ્તી, પારસી અથવા યહુદીન હોય અને જ્યાં સુધી એવું સાબિત ન કરવામાં આવે કે જો આ અધિનિયમ પાસ કરવામાં ન આવ્યો હોત તો એવી કોઇપણ વ્યકિત એમાં લખેલી કોઇપણ વિગત અંગે હિન્દુવિધિ અથવા એ વિધિના કોઇ એકભાગ રૂપે કોઇ રૂઢિ અથવા પ્રથા દ્વારા શાસિત ન હોત!

**સ્પષ્ટીકરણ :**

નીચે લખેલી વ્યકિતઓ ધર્મતઃ યથાસ્થિતિ હિન્દુ, બૌદ્ધ, જૈન અથવા શીખ ધર્મી છે.

(૧) કોઇપણ બાળક ધર્મજ કે અધર્મજ, જેના માતા પિતા બન્ને ધર્મની રીતે હિન્દુ, બૌદ્ધ, જૈન કે શીખ ધર્મી હોય.

(૨) કોઇપણ બાળક ધર્મજ કે અધર્મજ જેનાં માતા પિતામાંથી કોઇ એક ધર્મની રીતે હિન્દુ, બૌદ્ધ, જૈન કે શીખ ધર્મ હોય અને જે તે જન-જાતિ સમુદાય, સમૂહ કુટુંબના સભ્યના રૂપમાં પાળ્યો-પોષાયો હોય જેની માતા અથવા પિતા સભ્ય છે અથવા હતા તથા

(૩) એવી કોઇપણ વ્યકિત જે હિન્દુ બૌદ્ધ જૈન અથવા શીખધર્મમાં દાખલ થયેલ હોય અથવા પરિવર્તિત થયા હોય....

વાસ્તવિક રીતે જોતાં આ કાયદા હેઠળ હિન્દુઓના વિવાહ અને હિન્દુ વિવાહ વિચ્છેદના અધિકારોમાં એકરૂપતા પ્રદાન કરે છે. વળી એમાં હિન્દુની પરિભાષા પણ સમાયેલી છે. 'હિન્દુ' શબ્દની વ્યાખ્યા અત્યંત વ્યાપક કરવામાં આવી છે. જેથી કટ્ટર હિંદુ જ નહીં પણ જે કટ્ટર હિન્દુ નથી એને પણ આ કાયદાની સીમા હેઠળ આવરી લેવાયા છે.

**આ કાયદાની વિશેષતાઓ :-**

જમ્મુ અને કાશ્મિર ને છોડીને સમસ્ત ભારતમાં આ કાયદો લાગુ પાડવામાં આવ્યો છે. આમ એનું ક્ષેત્ર ખૂબજ વ્યાપક છે. જયાં જયાં ભારતદેશની સીમા બહાર પણ હિન્દુઓ છે ત્યાં ત્યાં એવા વૈવાહિક વિવાદોનો ઉકેલ લાવવા આ ધારો લાગુ પાડવામાં આવેલ છે.

વાસ્તવમાં આ કાયદા દ્વારા હિન્દુવિધિમાં વૈવાહિક વિવાદો અને લગ્ન અંગેનું કેટલુંક સાહસિક પરિવર્તન કરવામાં આવ્યું છે. વર્તમાન યુગને અનુરૂપ હિન્દુઓનો સમાંતર વિકાસ થાયએ ખૂબજ જરૂરી હતું. સંવિધાનની ધારા ૧૫માં જે 'નિરપેક્ષતા' શબ્દ આવેલો છે એની સાર્થકતાને માટે મહિલાઓને સામાજિક આર્થિક અને રાજનૈતિક અધિકારો અપાવવા માટે અને એમનામાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર થાય તે માટે આજે જરૂરીયાત ઉભી થઇ છે એટલે આ કાયદા દ્વારા મહિલાઓના પુનર્વિવાહ-વિવાહ વિચ્છેદ દાંપત્યસુખની પુનર્સ્થાપના, ન્યાયિક રીતે અલગ રહેવાની વ્યવસ્થાનો અધિકાર આપવામાં આવ્યો છે. શ્રીમતિ સુધારાની શ્રી વાસ્તવ લખે છે કે,

'લગ્ન' એક ધાર્મિક અનુષ્ઠાન છે આ માન્યતાનું આજના સંજોગોમાં ખંડન થઇ રહ્યું છે. પત્નિ પર અત્યાચાર થઇ રહ્યા છે, ક્રૂરતાનો વ્યવહાર સ્ત્રીઓ સામે થઇ રહ્યો છે ત્યારે હિન્દુલગ્નનો કાયદો-૧૯૫૫ આવતાં હિન્દુ સ્ત્રીઓ પણ છૂટાછેડાની માગણી કરી શકે છે અને સ્વતંત્રપણે પોતાનું જીવન શાંતિથી પસાર કરી શકે છે.

આ સિવાય લગ્નનું આવશ્યક તત્વ છે એક પત્નિત્વ. પહેલાં હિન્દુ પુરૂષો મન ફાવે તેટલા લગ્નો કરતા હતા અને તમામ પત્નિઓને પત્નિ તરીકેનો દરજ્જો મળતો હતો પણ બહુપત્નિ પ્રથાને ગેરકાનૂની ગણી કાઢવામાં આવેલ છે. પુરૂષ એક જ વિવાહ કરી શકે છે. જો પહેલી પત્નિના મૃત્યુ અથવા છૂટાછેડા લીધા વિના બીજી પત્નિ કરે તો બીજી પત્નિને વિવાહના અન્ય અધિકારો મળતા નથી.

એટલું જ નહીં આ કાયદા હેઠળ ધારા ૧૭માં દ્વિ-પત્નિ અર્થાત્ બીજા વિવાહને માટે દંડની જોગવાઇ કરવામાં આવી છે. આ કાયદો લાગૂ પડતાં પહેલાં જો કોઇને બે પત્નિઓ હોય તો તેના પર પણ કાયદો લાગુ પડે છે. આ કાયદો અમલમાં આવ્યા પછી એક પત્નિ હોય તો પુરૂષ કે સ્ત્રીને બીજો વિવાહ કરવાનો અધિકાર મળતો નથી.

આ અધિનિયમની ધારા ૧૮માં સગીરાવસ્થામાં વિવાહ થાય તો તે ફોક ગણાય એવી જોગવાઇ કરેલી છે.

ઇ.સ. ૧૯૭૮ના સંશોધન પછી વરની ઉંમર ૨૧ વર્ષ અને વધૂની ઉંમર ૧૮ વર્ષ નક્કી કરવામાં આવી છે. એના પહેલાં વિવાહની ઉંમર વરને માટે ૧૮ વર્ષ અને વધૂ માટે ૧૫ વર્ષની નિર્ધારિત હતી.

આ કાયદાની ધારા ૨૩ (અ) હેઠળ જો વિરોધી પક્ષકાર ઇચ્છે તો આવેદનપત્ર રજૂ કરી આ કાયદામાં વર્ણવેલ કોઇપણ પ્રકારની સહાયતા માટે પ્રતિકૂલ સહાયતાની માંગણી કરી શકે છે.

આ કાયદાની ધારા ૨૪માં તકરાર-ખર્ચ અને તકરારીગાળા દરમ્યાન ભરણ પોષણની જોગવાઇ

કરવામાં આવેલી છે.

આમ આ કાયદામાં ભરણ પોષણની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સહાયતા પક્ષકાર જો પુર્નલગ્ન કરી લે ત્યાં સુધી જ ચાલુ રહે છે. પુનર્વિવાહની સ્થિતિમાં ભરણપોષણનો આદેશ ખંડિત થઈ જાય છે.

ધારા ૨૬માં બાળકોના પાલનપોષણના અધિકારની મિમાંસા આપવામાં આવી છે.

બાળકો પ્રત્યે આ કાયદો નિર્દય નથી. બાળકોના લાલન-પાલન અને શિક્ષણ માટેના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. એટલું જ નહીં કોર્ટ સમય અને સંજોગો અનુસાર જે આવશ્યક હોય એ હિસાબે ભરણ પોષણની જોગવાઈમાં સુધારો-વધારો કરી શકે.

આ અધિનિયમન ધારા ૨૭માં સંપત્તિ અંગેનો હુકમ કરવાનો અધિકાર ન્યાયાલયને આપવામાં આવેલ છે. એટલું જ નહીં પણ ધારા-૨૮ (અ) માં ડીક્રીમાં અપાયેલા આદેશનું પાલન કરવા માટે પક્ષકારને વિવશ કરવાનો અધિકાર છે.

આ કાયદો અમલી બનતાં પૂર્વે જે વિવાહ - જો 'સગોત્ર' અથવા તો 'વર્જિત વિવાહ'ની શ્રેણીમાં આવતા હતા, તો એવા લગ્નો જો કોઈ રીતિ-રિવાજ અથવા રૂઢિપ્રથા દ્વારા માન્ય ન હોય તો એવા લગ્નને ફોકવિવાહ માનવામાં આવશે. પરંતુ જો જાતિગત પ્રથામાં આ પ્રકારની પ્રથા ચાલતી હોય ત્યાં લગ્ન ફોક ગણાશે નહીં. દક્ષિણ ભારતમાં મામા-ફૂઈના બાળકો વચ્ચે વિવાહને માન્યતા છે, એટલે એવા લગ્નોને શૂન્યવિવાહ ગણી શકાય નહીં.

**આમ સમગ્ર રીતે જોઈએ તો ઉપરોકત પ્રબંધોને કારણે હિન્દુ વિવાહ અધિનિયમમાં સ્ત્રીની સુરક્ષાનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. ડૉ. આંબેડકરને એટલે જ મહિલા મુકિતના મહારથી ગણવામાં આવે છે.**

### સાંપ્રત સ્થિતિ અને હિન્દુકોડબિલ :

આપણે ૨૧મી સદીમાં પ્રવેશી ગયા છીએ. આ નવી સદી રહસ્યોથી ભરેલી અને ડરામણી બનશે એવી આશંકા આ પહેલા દશકામાં જ થવા માંડી છે. દેશના નેતાઓએ ઝડપી વિકાસના નામે મૂડીવાદીઓ સામે ઘૂંટણે પડી જવાની વૈશ્વિરણ ખાનગીકરણ અને ઉદારીકરણની નીતિ અપનાવી છે. એનાં થોડાં થોડાં સંકેતો હવે મળવા શરૂ થઈ ગયા છે.

સમગ્ર ભારત સહિત આખા દક્ષિણ એશિયામાં પુરૂષોના પ્રમાણમાં સ્ત્રીઓની સંખ્યા સતત ઓછી થતી જાય છે. ઇ.સ. ૧૯૧૧માં ભારતમાં પ્રત્યેક હજાર પુરૂષે ૯૭૨ સ્ત્રીઓ હતી. ૧૯૯૧ની ગણતરી મુજબ સ્ત્રીઓની સંખ્યા ૯૨૭ થઈ છે. કેટલાક રાજ્યોમાં તો આ પ્રમાણ ચિંતાજનક સ્તરે પહોંચ્યું છે.

ટેકનોલોજી વિસ્ફોટની સાથે ઘેર-ઘેર ટી.વી. અને પ્રચારના માધ્યમો મૂડીવાદી વ્યૂહરચના અનુસાર પહોંચી ગયાં છે. અશ્લીલતાનું આક્રમણ ચોમેરથી થવા માંડ્યુ છે. બળાત્કારની ઘટનાઓ વધવા માંડી છે. સ્ત્રીઓ હાંસિયામાં ફેંકાવા માંડી છે. સમાજના દષ્ટિકોણમાં જો બદલાવ આવે નહીં તો શિક્ષણ અને વિજ્ઞાન પણ કાતિલ રૂઢિઓ અને નીચ સ્વાર્થોના જ કામમાં આવે છે. કાયદા પરિવર્તનનું સાધન બનવાને બદલે પગની બેડીઓ બની જાય છે.

આજકાલ પરિવર્તન એટલું તીવ્ર ગતિથી થઈ રહ્યું છે કે રૂઢિઓ રિવાજોને લઈ વિકાસ કરવો સંભવ જ રહ્યો નથી. લગ્ન સંસ્થા અને કુટુંબસંસ્થા પર ૨૧મી સદીની ભીંસ વધવા માંડી છે. કાયદો કારગત થાય એવી સ્થિતિ દિવસે દિવસે ઓછી થતી જાય છે. લોકતંત્ર જો મૂડીવાદીઓની દાસી બની જાય તો ન્યાયતંત્ર, વહીવટીતંત્ર અને સંસદ પ્રભાવહિન બની જાય. આજે લગભગ એવી સ્થિતિ પેદા થઈ છે.

સામાજિક પરિવર્તનને નજરમાં રાખીને હિન્દુકોડબિલની વિવિધ જોગવાઈઓમાં કેટલાક સંશોધનો કરવામાં આવ્યા છે.

(૧) હિન્દુ લગ્ન સંશોધન અધિનિયમ - ૧૯૫૬ (૧૯૫૬નો ૭૩મો સુધારો)
(૨) નિરસન અને સંશોધન અધિનિયમ - ૧૯૬૦ (૧૯૬૦નો ૫૮મો સુધારો)
(૩) હિન્દુ વિવાહ વિધિ (સંશોધન) અધિનિયમ - ૧૯૬૪ (૧૯૬૪નો ૪૪મો સુધારો)
(૪) હિન્દુ વિવાહ વિધિ (સંશોધન) અધિનિયમ - ૧૯૭૬ (૧૯૭૬નો ૬૮મો સુધારો)
(૫) બાલ વિવાહ અવરોધક (સંશોધન) અધિનિયમ - ૧૯૭૮

ટૂંકમાં ૨૧મી સદીમાં વધારે ઉદારતાથી સ્ત્રીઓના અધિકારોને બચાવવા માટે કાર્યવાહી સતત કરવાની આવશ્યકતા છે જ.

### ૫.૬. કેટલાક ઉપયોગી પુસ્તકો :

(૧) રાજકિશોર : સ્ત્રી કે લિયે જગહ / સ્ત્રી, પરંપરા ઔર આધુનિકતા, વાણી પ્રકાશન, ૨૧-એ દરિયાગંજ, નવી દિલ્હી, ૧૧૦૦૦૨ ૧૯૮૪. (હિન્દી)
(૨) ખૈર મોડે ચાંગદેવ ભવાનરાવ : ડૉ. આંબેડકર આણિ હિંદુકોડબિલ, સુગાવા પ્રકાશન, પૂણે-૩૦, ૨૦૦૨, (મરાઠી)
(૩) રાકેશનાથ : હિન્દુ સંસ્કૃતિ : હિન્દુઓંકા સામાજિક વિઘટન, વિશ્વ સાહિત્ય, બદરપુર, નઈ દિલ્હી, ૨૦૦૫ (હિન્દી)

78

(૪) પણિક્કર કે.એન. : સંસ્કૃતિ ચેતના, વિચારધારા : એક ઐતિહાસિક પરિપેક્ષ્ય.
સહમત, સફદર હાશમી મેમોરિયલ ટ્રસ્ટ,
વિઠ્ઠલભાઈ પટેલ હાઉસ,
નઈ દિલ્હી, ૧૯૯૫ (હિન્દી)

(૫) પરમાર (ડૉ.) રમેશચંદ્ર : 'યુગ પુરૂષ ડૉ. આંબેડકર ભાગ-૧-૪'
દલિત પેંથર પ્રકાશન, ગોમતીપુર,
અમદાવાદ-૨૧. (ગુજરાતી)

(૬) અમર્ત્યસેન/ ઈરફાન હબીબ : સાંપ્રદાયિકતા ઔર સંસ્કૃતિ કે સવાલ,
સહમત, સફદર હાશમી મેમોરિયલ ટ્રસ્ટ,
વિઠ્ઠલભાઈ પટેલ હાઉસ,
નઈ દિલ્હી, ૧૯૯૪ (હિન્દી)

(૭) ઠાકરે પ્રબોધનકાર : દેવળાં ચા ધર્મ આણિ ધર્માંચી દેવળે.
જિજાઈ પ્રકાશન, પૂણે, ૧૯૨૬ (મરાઠી)

(૮) દેસાઈ રમણલાલ વસંતલાલ : સમાજ અને ગણિકા / ૧૯૮૨ (ગુજરાતી)
અપ્સરા ભાગ-૩-૪, ૧૯૯૩ (ગુજરાતી)
આર.આર.શેઠની કંપની, મુંબઈ-૪૦૦૦૨,

(૯) ચટ્ટોપાધ્યાય દેવીપ્રસાદ : લોકાયત : એ સ્ટડી ઈન એન્સીએન્ટ ઈંડિયન મટિરિયા લિઝમ,
પીપલ્સ પબ્લીશીંગ હાઉસ,
નવી દિલ્હી, સાતમી આવૃત્તિ,
૧૯૯૨. (અંગ્રેજી)

(૧૦) મેરીલ્યાન કાર / માર્થાચેન રેનાના ઝાબવાલા : સ્પીકીંગ આઉટ, વિમેન્સ ઈકોનોમિક એમ્પાવરમેન્ટ,
ઈન સાઉથ એશિયા, વિસ્તાર પબ્લીકેશન,
ન્યુ દિલ્હી-૧૧૦૦૪૮
૧૯૯૬, (અંગ્રેજી)

(૧૧) મેઘવાલ (ડૉ.) કુસુમ : ભારતીય નારી કે ઉદ્ધારક : ડૉ.બી.આર. આંબેડકર,
રાજસ્થાન દલિત સાહિત્ય અકાદમી, ઉદેપુર-૩૧૩૦૦૧.
૧૯૯૪. (હિન્દી)

(૧૨) જ્યોર્તિકર (ડૉ.) પી.જી. : ડૉ. બાબાસાહેબ આંબેડકર જીવનચરિત્ર,
શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય,
બ્લોક ૫, સચિવાલય,
ગાંધીનગર, ૧૯૯૫ (ગુજરાતી)

(૧૩) શ્રી વાસ્તવ સુધારાની : ભારત મેં મહિલાઓં કી વૈધાનિક સ્થિતિ,
કોમનવેલ્થ પબ્લીશર્સ, નયી દિલ્હી-૧૧૦૦૦૨,
૨૦૦૨ (હિન્દી)

(૧૪) દેસાઈ બટુક : ન્યાયી સમાજના લડવૈયા અને ઈતિહાસ પુરૂષ :
ભારત રત્ન ડૉ. બી.આર. આંબેડકર
ગુજરાત ખેત વિકાસ પરિષદ અમદાવાદ-૩૮૦૦૨૭.
૨૦૦૧. (ગુજરાતી)

(૧૫) જાટવ (ડૉ.) ડી.આર. : ભારતીય સમાજ એવં સંવિધાન, નયી દૃષ્ટિ : નયા દર્શન,
સમતા સાહિત્ય સદન, જયપુર-૩૦૩૦૦૫,
૧૯૮૯ (હિન્દી)

(૧૬) પટેલ અંબાલાલ વ. : ભારતીય પ્રાચીન સંસ્કૃતિ
ધી પોપ્યુલર બુક સ્ટોર, સુરત.
૧૯૬૨. (ગુજરાતી)

(૧૭) આંબેડકર (ડૉ.) બી.આર. : ડૉ. બાબાસાહેબ આંબેડકર : રાઈટીંગ્સ એન્ડ સ્પીચીઝ
વોલ્યુ. ૧૪, ભાગ-૧ અને ૨,
એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર સરકાર.
(અંગ્રેજી)

(૧૮) વિદ્યાવાચસ્પતિ સોહનલાલ શાસ્ત્રી : હિન્દુકોડબિલ ઔર ડૉ. બાબાસાહેબ
(ડૉ. આંબેડકર સ્મૃતિગ્રંથ : સંપાદક ડી.સી. જડીન્કર)
બોધિસત્વ પ્રકાશન, લખનૌ, ૧૯૯૪. (હિન્દી)

(૧૯) રાજવાડે વિશ્વનાથ કાશીનાથ : ભારતીય વિવાહ સંસ્થા કા ઈતિહાસ,
વાણી પ્રકાશન, નવી દિલ્હી, પ્રા. સ. ૨૦૦૪ (હિન્દી)

## ૫.૭. તમારી પ્રગતિ ચકાસો

પ્રશ્ન-૧ ગમે તે એક પર ચાર-પાંચ લીટીમાં ટૂંક નોંધ લખો.
(૧) મિતાક્ષર પધ્ધતિ. (૨) દાયભાગ પધ્ધતિ (૩) પંડિતોએ સતી પ્રથાનો કરેલો બચાવ.
(૪) રાવ સમિતિ સમક્ષ વિચારણાના મુદ્દા

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

પ્રશ્ન-૨ નીચે આપેલા પ્રશ્નોના બે કે ત્રણ લીટીમાં જવાબ આપો.
(૧) 'હિંદુ લૉ કમિટિ' સમક્ષ કયા મુખ્ય મુદ્દાઓનો વિચાર કરવાનો હતો ?

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

(૨) ડૉ. આંબેડકર મજદૂરોના કયા બે મુખ્ય દુશ્મનો ગણે છે ? શા માટે ?

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

(૩) 'હિંદુ કોડબિલ' કોને કોને લાગુ પાડવામાં આવ્યું છે ?

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

(૪) ૧૯મી સદીને પરિવર્તનની સદી શા માટે ગણવામાં આવે છે ?

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

(૫) વેદકાળમાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિ કેવી હતી ?

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

(૬) બ્રાહ્મણવર્ણની સર્વોચ્ચતાને કયા બે મહાપુરૂષોએ શા માટે શા માટે પડકારી ?

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

(૭) કહેવાતા નિમ્ન વર્ગોની સ્ત્રીઓના ઉત્થાન માટે કોણે-કોણે મહત્વનાં કાર્યો કર્યાં ?

.....................................................................................................................

.....................................................................................................................

.....................................................................................................................

પ્રશ્ન-૩ નીચે આપેલા પ્રશ્નોના એક લીટીમાં જવાબ આપો.

(૧) 'જાતિ વિચ્છેદ' નામનું પ્રવચન ડૉ. આંબેડકરે કઇ સંસ્થાના અધિવેશન માટે તૈયાર કર્યું હતું ?

..........................................................................................................

(૨) રાજકીય આઝાદી પછી કઇ બે આઝાદીની ઇચ્છા ડૉ. આંબેડકર રાખતા હતા ?

..........................................................................................................

(૩) હડપ્પા સંસ્કૃતિના અવશેષો ગુજરાતમાં કયાં કયાંથી પ્રાપ્ત થયા છે ?

..........................................................................................................

(૪) આર્યોના સમાજમાં લગ્નના કયા કયા પ્રકારો સમાજ માન્ય હતા ?

..........................................................................................................

(૫) પ્રાચીન સમયમાં હિન્દુ લગ્ન પ્રથાના મૂળ ઉદ્દેશો કયા કયા હતા ?

..........................................................................................................

પ્રશ્ન-૪ નીચે આપેલા વિધાનોમાં યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યા પૂરો.

(૧) સ્ત્રીનું ઉપરીપણું................કબીલા વ્યવસ્થામાં હતું. (માતૃસત્તાક, પિતૃસત્તાક)

(૨) ભગવાન તથાગત બુદ્ધે................નું જમણનું આમંત્રણ સ્વીકાર્યું. (આમ્રપાલી, વાસવદત્તા)

(૩) ચંદ્રગુપ્ત મોર્યની માતા મૂરા..............હતી. (રાજમાતા, દાસી)

(૪) ભારતના પહેલા કાયદા પ્રધાન..............હતા. (સરદાર પટેલ, ડૉ. આંબેડકર)

(૫) ડૉ. આંબેડકરે..............સમાજ રચવા જીવનભર પ્રયાસ કર્યો.
(વર્ણઆધારિત, સમતા આધારિત, જાતિ આધારિત)

પ્રશ્ન-૫. ખાલી જગ્યા પૂરો.

(૧) ખેતીની શોધ............એ કરી હતી.

(૨) મોહેંજો ડેરોનો અર્થ................થાય છે.

(૩) સ્ત્રીનું ઉપરીપણું............કાર્ય અને...........પાલન પુરૂષોના હાથમાં આવતાં તૂટ્યું.

(૪) હિન્દુ સમાજ અને હિંદુ ધર્મને દૃઢ બનાવવાનો પ્રયાસ.............સ્મૃતિ દ્વારા થયો.

(૫) ઔરંગઝેબના સમયમાં...................અને................એ કાવ્યરચનાઓ કરી હતી.

પ્રશ્ન-૫ "અ" અને "બ" વિભાગમાં આપેલાં શબ્દ સમૂહોના યોગ્ય જોડકાં ગોઠવો.

| "અ" | "બ" |
|---|---|
| (૧) આઇસીસ | (૧) હિન્દુકોડબિલનો મુસદ્દો |
| (૨) ધમ્મદિના | (૨) હડપ્પા-મોહેંજો ડેરોની લિપિ. |
| (૩) શ્વેતકેતુ | (૩) શ્રીલંકામાં બૌદ્ધ ધર્મનો પ્રચાર |
| (૪) મધર ગોડેસ | (૪) ફિલસુફીના કૂટ પ્રશ્નોના પ્રત્ત્યુતરો. |
| (૫) ફાધર હેરોસ | (૫) ઇજિપ્તવાસીઓની દેવી. |
| (૬) સંઘમિત્ર | (૫) લગ્નપ્રથાની સ્થાપના. |
| (૭) બેનેગલ નરસિંહરાવ | (૬) હડપ્પા અને મોહેંજો ડેરોની મૂર્તિઓ. |

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**